ऐं नमः

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત

# શ્રી વીતરાગ સ્તોત્ર

શ્રી વીતરાગ સ્તોત્ર
શ્રી વીતરાગ સ્તોત્ર
શ્રી વીતરાગ સ્તોત્ર
શ્રી વીતરાગ સ્તોત્ર
શ્રી વીતરાગ સ્તોત્ર

પૂ. આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

B

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય
ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચન્દ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ

શ્રી રાજશેખરસૂરિકૃત સાન્વય શબ્દાર્થથી સહિત,
શ્રી પ્રભાનંદસૂરિકૃત 'દુર્ગપદપ્રકાશ' વિવરણના શ્રી રાજશેખરસૂરિકૃત ગુર્જર ભાવાનુવાદથી સહિત, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત

# શ્રી વીતરાગસ્તોત્ર


## સાન્વય-શબ્દાર્થ-ભાવાનુવાદકાર

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર
પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મ.ના પટ્ટાલંકાર
પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ.ના શિષ્યરત્ન

**પૂજ્ય આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ**

**❋ સંપાદક ❋**
મુનિ ધર્મશેખર વિજયજી



**❋ પ્રકાશક ❋**
અરિહંત આરાધક ટ્રસ્ટ
C/o. હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧ ગની એપાર્ટમેન્ટ,
મુંબઇ-આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫. જી. થાણા

**મૂલ્ય- ૨૫.૦૦**

# સંપાદકીય

પ્રસ્તુત સ્તોત્રમાં વીતરાગદેવના ગુણોની સ્તવના હોવાથી એનું વીતરાગ સ્તોત્ર નામ યથાર્થ છે. કલિકાલ સર્વજ્ઞ પ.પૂ.આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ અરિહંતના પરમભક્ત ગુર્જર દેશાધિપતિ શ્રી કુમારપાળ મહારાજાની પ્રાર્થનાથી આ સ્તોત્રની રચના કરેલી છે. તેમાં કુલ ૨૦ પ્રકાશ છે. દેવાધિદેવ સમક્ષ ચૈત્યવંદન કે સ્તુતિરૂપે આ સ્તોત્ર ચતુર્વિધ સંઘમાં બોલાય છે. સંસ્કૃત ભાષાનો અજાણ વર્ગ આનો અર્થ સમજી શકે એ માટે પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબે સાન્વય શબ્દાર્થ સહિત શ્રી પ્રભાનંદસૂરિ કૃત 'દુર્ગપદ પ્રકાશ' વિવરણનો ભાવાનુવાદ પણ કર્યો છે. અનેક સ્થળે વિશેષ બોધ થાય એ માટે ટીપ્પણીઓ પણ કરી છે.

આઠમા પ્રકાશના વિવરણનો અનુવાદ વિસ્તારથી હોવાથી અહીં માત્ર ભાવાર્થ લેવામાં આવ્યો છે.

ઘણી પાઠશાળાઓના અભ્યાસક્રમમાં વીતરાગ સ્તોત્રનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠશાળાના વિદ્યાર્થીઓ વીતરાગ સ્તોત્રનો વ્યવસ્થિત અભ્યાસ કરી શકે એવું પુસ્તક તૈયાર થાય તો ઉપકારી બને એવી ભાવનાને લક્ષમાં રાખી આ પુસ્તકનું સંપાદન કરવામાં આવ્યું છે.

પ્રાંતે સૌ કોઇ અભ્યાસી આ પુસ્તકનું ચિંતન મનન કરવા પૂર્વક અભ્યાસ કરી આત્મકલ્યાણ સાધે એવી શુભાભિલાષા...

**મુનિ ધર્મશેખર વિજયજી**

પ્રથમ આવૃત્તિ નકલ ૧૦૦૦ + ૧૦૦૦ = ૨૦૦૦
વીર સંવત ૨૫૨૮ વિક્રમ સંવત-૨૦૫૮

**૧૦૦૦ નકલના**
**સંપૂર્ણ આર્થિક સહકાર દાતા**
શ્વેતાંબર મૂર્તિપૂજક
તપગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ
જી. આઇ.ડી.સી. વાપી,
(જ્ઞાનખાતાની રકમમાંથી)

**વિશેષ સૂચના**

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી
ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના
આ ગ્રંથની માલિકી કરવી નહીં.
વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો
યોગ્ય નકરો જ્ઞાન ભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

નોંધ : પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસ માટે
તેમજ જ્ઞાનભંડારોને ભેટ આપવામાં આવશે.

## પ્રકાશકીય

અરિહંત આરાધક ટ્રસ્ટ તરફથી આ પૂર્વે થોડા જ કાળમાં અનેક મૂલ્યવાન ગ્રંથોનું પ્રકાશન થયું છે. તેમાં વીતરાગ સ્તોત્રનું પણ પ્રકાશન થયું છે. તે આ પ્રમાણે પૂજ્ય આચાર્ય રાજશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબે તૈયાર કરેલ કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ વિરચિત વીતરાગ સ્તોત્રના સાન્વય-શબ્દાર્થ-ભાવાર્થવાળા પુસ્તકની ત્રીજી આવૃત્તિ ૨૦૫૫મા પ્રકાશન કરવામાં આવી. પછી શ્રી પ્રભાનંદસૂરિ કૃત 'દુર્ગપદ પ્રકાશ' વૃત્તિ-શ્રી સોમોદય ગણિ કૃત અવચૂર્ણિ-શ્રી રાજશેખરસૂરિ કૃત ગુર્જર ભાવાનુવાદ સહિત વીતરાગ સ્તોત્રનું પ્રકાશન ૨૦૫૭માં કરવામાં આવ્યું. આ બંને પુસ્તકો હાલ ઉપલબ્ધ છે. અને હવે સાન્વય-શબ્દાર્થ-ભાવાનુવાદ-ટીપ્પણીઓ સહિત આ વીતરાગ સ્તોત્રનું પ્રકાશન કરતાં અમો અનહદ આનંદ અનુભવીએ છીએ.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ. મ. ની પ્રેરણાથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ જી.આઇ.ડી.સી. વાપીએ આ પુસ્તકના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. તે બદલ અમે તેના ઋણી છીએ.

**લિ. અરિહંત આરાધક ટ્રસ્ટ.**

## અનુક્રમણિકા


| પ્રકાશ નં. | વિષય | પૃષ્ટ | પ્રકાશ નં. | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૧ | ૧૧ | માહાત્મ્ય સ્તવ | ૧૦૩ |
| ૨. | સહજ ચાર અતિશય | ૧૪ | ૧૨ | વૈરાગ્ય સ્તવ | ૧૧૧ |
| ૩. | કર્મક્ષયજન્ય ૧૧ અતિશય | ૨૧ | ૧૩ | હેતુનિરાસ સ્તવ | ૧૧૭ |
| ૪. | દેવકૃત ૧૯ અતિશય | ૩૫ | ૧૪ | યોગશુદ્ધિ સ્તવ | ૧૨૫ |
| ૫. | આઠ પ્રાતિહાર્ય | ૪૮ | ૧૫ | ભક્તિ સ્તવ | ૧૩૨ |
| ૬. | વિપક્ષ નિરાસ | ૫૭ | ૧૬ | આત્મગર્હા સ્તવ | ૧૩૯ |
| ૭. | જગત્કર્તૃત્વ નિરાસ | ૭૦ | ૧૭ | શરણ સ્તવ | ૧૪૫ |
| ૮. | એકાંત નિરાસ | ૭૯ | ૧૮ | કઠોરોક્તિ સ્તવ | ૧૫૨ |
| ૯. | કલિકાલ પ્રશંસા | ૮૯ | ૧૯ | આજ્ઞા સ્તવ | ૧૫૯ |
| ૧૦. | અદ્ભુત સ્તવ | ૯૬ | ૨૦ | આશીઃ સ્તવ | ૧૬૬ |

धरणेन्द्र-पद्मावतीसंपूजिताय ॐ ह्रीं श्रीं श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः

श्री दान-प्रेम-रामचंद्र-हीरसूरीश्वरेभ्यो नमः

# ऐं नमः

कलिकालसर्वज्ञ श्री हेमचन्द्रसूरिविरचित

# श्री वीतरागस्तोत्र

## ટીકાકારનું મંગલાચરણ

અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત વીર્ય અને અનંત આનંદ એ ચારથી યુક્ત તથા મિથ્યાદૃષ્ટિઓથી નહિ હણાયેલી અને તેજસ્વી એવી અષ્ટપ્રાતિહાર્યાદિરૂપ લક્ષ્મીવાળા પરમાત્માનું સ્મરણ કરીને (૧) હું મંદમતિવાળો હોવા છતાં તીવ્ર મતિવાળા પુરુષોથી સાધી શકાય એવું વીતરાગ સ્તોત્રનું અલ્પ વિવરણ ભક્તિથી કહું છું. (૨)

અહીં [1]તથાભવ્યત્વની વિચિત્રતાના કારણે જેમના દુરંત જ્ઞાનાવરણરૂપ અંધકાર પ્રશાંત થઇ જવાથી સમુલ્લસિત થયેલી અદ્ભુત પ્રતિભારૂપ અરિસામાં સમસ્ત શાસ્ત્રોનાં રહસ્યો સંક્રાંત (=પ્રતિબિંબિત) થયેલા છે, અતિશય રાજનીતિ અને પરાક્રમથી પ્રસિદ્ધ બનેલા સિદ્ધરાજ શ્રી જયસિંહદેવની પ્રાર્થનાથી જેમણે નવીન સંસ્કૃતવ્યાકરણ શાસ્ત્રની રચના કરી છે, વિકસિત થયેલા વિવેકથી જેમની મોહરૂપ નિદ્રા નાશ પામેલી છે, ચૌલુક્ય વંશમાં ચંદ્રસમાન એવા પરમાર્હત (=પરમ શ્રાવક) શ્રી કુમારપાળ રાજાના મુકુટમાં જેમના ચરણ નખોનાં કિરણો પ્રતિબિંબિત થયેલાં છે, પ્રવર્તાવેલી અદ્ભુત જિનશાસનની ઉન્નતિથી જેમણે અત્યંત કલુષિત

---

૧. અહીં પ્રશ્ન થાય કે અતિકલુષિત પાંચમા આરામાં અદ્ભુત પ્રતિભાની પ્રાપ્તિ કઠીન હોવા છતાં શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાને તેની પ્રાપ્તિ કેમ થઇ ? આના જવાબમાં અહીં જણાવ્યું કે તથાભવ્યત્વની વિચિત્રતાના કારણે શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાને અતિ કલુષિત પાંચમા આરામાં પણ અદ્ભુત પ્રતિભાની પ્રાપ્તિ થઇ. તથાભવ્યત્વ એટલે તે રીતે થવાપણું. દરેક જીવનું તથાભવ્યત્વ વિચિત્ર=ભિન્ન ભિન્ન હોય છે. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજાનું તથાભવ્યત્વ એવું હતું કે જેથી અતિ કલુષિત પાંચમા આરામાં પણ તેમને અદ્ભુત પ્રતિભાની પ્રાપ્તિ થઇ. (વશ શબ્દનો ''કારણ'' અર્થ પણ થાય છે.)

દુ:ષમા[1] કાળના વિલાસને ગળું પકડીને કાઢી મૂક્યો છે, જેમનો [2]અસાધારણ, અગણ્ય અને પુષ્કળ પ્રભાવ છે, એવા શ્રી હેમચન્દ્રસૂરિએ રચેલાં અને સર્વસ્તુતિરૂપ મધના સારને ટપકવાનાં પાત્રો એવાં શ્રી વીતરાગસ્તોત્રોમાં **પ્રસ્તાવનાસ્તવરૂપ** પ્રથમસ્તોત્રની માત્ર પદયોજનાને (=પદાન્વયને) શરૂ કરું છું.

## प्रथमप्रकाश:

**શાસ્ત્રકારોની શાસ્ત્રરચના [3]ઉદ્દેશ અને નિર્દેશના ક્રમથી જ થાય છે. આથી શાસ્ત્રકારોના આચારનું પાલન કરવા માટે માત્ર સ્વમુખથી સર્વસ્તોત્રોનાં અર્થનો ઉદ્દેશ કરવા પૂર્વક પરમાત્માની સ્તુતિ કરતા ગ્રંથકાર 'यः परात्मा' વગેરે કહે છે:–**

**यः परात्मा परंज्योतिः, परमः परमेष्ठिनाम् ।**
**आदित्यवर्णं तमसः, परस्तादामनन्ति यम् ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**यः**-જે, **परात्मा**-પરમાત્મા છે, **परंज्योतिः**-કેવળ જ્ઞાનમય છે, અને **परमेष्ठिनाम्**-પરમેષ્ઠિઓમાં, **परमः**-પ્રધાન છે, **यम्**-જેને (પંડિતો પણ), **तमसः**-અજ્ઞાનરૂપ અંધકારની, **परस्तात्**-આગળ, **आदित्यवर्णं**-સૂર્યસમ પ્રભાવવાળા, **आमनन्ति**-માને છે = ધ્યાન કરે છે, અર્થાત્ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર જેનું પંડિતપુરુષો પણ ધ્યાન કરે છે.

અહીં પ્રારંભના સાડા ત્રણ શ્લોકોના પ્રથમા વિભક્તિથી આરંભી સાતમી

૧. दुःषमा=પાંચમો આરો. દુ:ષમા કાળના વિલાસને ગળું પકડીને કાઢી મૂક્યો એ કથનનો ભાવ એ છે કે દુ:ષમા કાળનો પ્રભાવ દેખાતો ન હતો, જાણે કે ચોથો આરો પ્રવર્તી રહ્યો છે એવું જણાતું હતું. गलहस्तित=ગળું પકડીને કાઢેલ.

૨. अनन्यसामान्य=અસાધારણ, અર્થાત્ બીજા કોઇમાં ન હોય તેવું.

૩. પહેલાં ઉદ્દેશ થાય અને પછી નિર્દેશ થાય એ ક્રમ છે. ઉદ્દેશ એટલે સામાન્યથી કથન. નિર્દેશ એટલે વિશેષથી કથન. અહીં પહેલા સ્તોત્રમાં तत्र स्तोत्रेण कुर्यां च पवित्रां स्वां सरस्वतीम्="તે વીતરાગ સંબંધી સ્તુતિ કરવા દ્વારા હું મારી વાણીને પવિત્ર કરું છું."-એમ કહીને ઉદ્દેશ કર્યો છે. બીજા વગેરે સ્તોત્રોમાં તે તે વિશેષ ગુણોથી સ્તુતિ કરીને નિર્દેશ કર્યો છે.

વિભક્તિ સુધીના એક વચનાંત જ પદોની સાથે અને પછીના [1]બે શ્લોકોના પ્રથમા વિભક્તિથી આરંભી સાતમી વિભક્તિ સુધીના એકવચનાંત જ પદોની સાથે અનુક્રમે કર્તા અને કર્મ (વગેરે)ની વિવક્ષાથી યોજના કરવી. તે આ પ્રમાણે—

परात्मा એ વિશેષ્ય પદ છે. તેથી અર્થ આ પ્રમાણે થાય- જે પરાત્મા પરંજ્યોતિ છે તે શ્રદ્ધા કરવા યોગ્ય છે, અને જે પરાત્મા પરમેષ્ઠિઓમાં મુખ્ય છે તે ધ્યાન કરવા યોગ્ય છે. સૂર્યસમાન શોભાવાળા અને (નિકાચિત કર્મ રૂપ) અંધકારના પારને પામેલા જેનું મુનિઓ પણ ધ્યાન કરે છે તે પરમાત્માનું શરણ હું સ્વીકારું છું. જેના વડે સઘળાં રાગાદિ ક્લેશરૂપ વૃક્ષો મૂળથી ઉખેડી નંખાયાં છે તે પરમાત્માથી હું સનાથ છું. જેને સુર, [2]અસુર અને મનુષ્યોના સ્વામીઓ મસ્તકથી સહર્ષ નમે છે, પરમાત્મામાં તલ્લીન બનેલો હું તે પરમાત્માને ચાહું છું. જેનાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો ઉપાય બતાવનારી શબ્દાદિ વિદ્યાઓ પ્રવર્તી છે, તે પરમાત્માથી હું કૃતકૃત્ય છું. જેનું જ્ઞાન વર્તમાન, ભવિષ્ય અને ભૂત એ ત્રણે કાળના સમસ્ત ભાવોને પ્રકાશિત કરનારું છે, તે પરમાત્માનો હું દાસ છું. જેમાં કેવલજ્ઞાન, સ્વાભાવિક સુખ અને પરમપદ એ ત્રણે એકતાને પામ્યા છે, તે પરમાત્માની સ્તુતિ કરવા વડે મારી વાણીને પવિત્ર કરું છું. આ પ્રમાણે પદોનો પરસ્પર સંબંધ છે.

હવે આ જ સ્તોત્રની દરેકપદને આશ્રયીને વ્યાખ્યા કરવામાં આવે છે—પર આત્મા તે પરમાત્મા, અર્થાત્ શ્રેષ્ઠ આત્મા. પરમાત્માની શ્રેષ્ઠતા દેહાત્મા અને અંતરાત્માની અપેક્ષાએ છે. આત્માના દેહાત્મા, અંતરાત્મા અને પરાત્મા એમ ત્રણ ભેદ છે. આત્મા ઉપયોગ લક્ષણવાળો છે, અર્થાત્ ઉપયોગ એ આત્માનું લક્ષણ (=અસાધારણ ધર્મ) છે. (ઉપયોગ એટલે બોધ રૂપ વ્યાપાર.) આત્મા અનાદિ-અનંત છે. આત્મા પુદ્ગલથી બનેલો ન હોવાથી રૂપરહિત છે. આત્મા તેવા પ્રકારની સામગ્રીની સંપૂર્ણતાથી શુભાશુભ કર્મનો કર્તા છે, અને ઉદયને પ્રાપ્ત થયેલા શુભાશુભ કર્મનો જ ભોક્તા છે. આથી જ આત્મા આત્માના લક્ષણથી ભિન્ન લક્ષણવાળા દેહથી ભિન્ન સ્વરૂપવાળો છે. આવો આત્મા અવિસંવાદી પ્રમાણથી સિદ્ધ

૧. ચોથાનો ઉત્તરાર્ધ, પાંચમો સંપૂર્ણ અને છઠ્ઠાનો પૂર્વાર્ધ એમ બે શ્લોકો.

૨. અસુરો (ભવનપતિ) દેવવિશેષ હોવાથી સુર શબ્દથી તેમનો નિર્દેશ થઇ જાય છે. આમ છતાં, લોકમાં સુરના વિરોધી તરીકે અસુરોની=રાક્ષસોની પ્રસિદ્ધિ હોવાથી અહીં અસુર શબ્દનો જુદો ઉલ્લેખ કર્યો છે.

થયેલો હોવા છતાં કેટલાકોની મતિ મહામોહથી હણાઇ ગઇ હોવાથી કેટલાકો આત્મ તત્ત્વને માનતા નથી. જેવી રીતે લોટ વગેરે દ્રવ્યોના સંયોગથી મદશક્તિ ઉત્પન્ન થાય છે તેવી રીતે જડ મહાભૂતોના સંયોગથી ચૈતન્યની (=આત્મ તત્ત્વની) ઉત્પત્તિ થાય છે એવી કલ્પના કરીને દેહને જ આત્મા માને છે. આથી તે (=દેહને જ આત્મા માનનાર) દેહાત્મા છે. દેહથી ભિન્ન આત્મા જે રીતે સુપ્રમાણોથી સિદ્ધ થયેલો છે તે રીતે આગળ આઠમા પ્રકાશમાં બતાવવામાં આવશે.

જ્ઞાનાવરણીય વગેરે કર્મોથી જેનું માહાત્મ્ય (=પ્રભાવ) હણાઇ ગયું છે એવો શરીરયુક્ત સંસારી (એક ગતિમાંથી બીજી ગતિમાં પરિભ્રમણ કરનારો) જીવ અંતરાત્મા છે.

આ બે આત્મા હવે કહેવાશે તે વિશેષણસમૂહને સહન કરી શકતા ન હોવાથી પ્રસ્તુતમાં ઉપયોગી નથી, અર્થાત્ પ્રસ્તુતમાં આ બે આત્માની સ્તુતિ કરવાની નથી, આથી આ બે આત્માને અલગ કરવા માટે અહીં पर શબ્દનું ઉપાદાન કર્યું છે=पर શબ્દનો પ્રયોગ કર્યો છે.

જેનો સર્વ કર્મરૂપ મલસમૂહ દૂર થઇ ગયો છે એવો, જેને અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્યરૂપ અનંત ચતુષ્ટય સમ્યક્ સિદ્ધ થયેલ છે એવો, શિવ (=ઉપદ્રવ રહિત), અચલ (=શાશ્વત) અને અપુનર્ભવ (=જ્યાંથી ફરી જન્મ ન થાય) એવા પરમ પદે રહેલો અને જ્ઞાન-દર્શનના ઉપયોગવાળો કેવલ આત્મા જ પરમાત્મા છે.

હવે પરમાત્મા જ વિશેષણથી યુક્ત કરાય છે. પરમાત્મા કેવા છે એના જવાબમાં અહીં કહે છે કે—परंज्योतिः=પરમાત્મા પરંજ્યોતિ છે. પર એટલે સર્વોત્કૃષ્ટ. અહીં જ્યોતિ જ્ઞાનસ્વરૂપ જાણવી. જેમની જ્ઞાનસ્વરૂપ જ્યોતિ સર્વોત્કૃષ્ટ છે તે પરંજ્યોતિ. પરમાત્માની જ્ઞાનસ્વરૂપ જ્યોતિ ક્યારે પણ નાશ પામતી નથી, અને લોકાલોકને પ્રકાશિત કરે છે, માટે સર્વોત્કૃષ્ટ છે. જ્યોતિ અને જ્યોતિવાળાનો અભેદ હોવાથી પરમાત્મા જ પરંજ્યોતિ છે. અહીં પરત્વ=સર્વોત્કૃષ્ટતા મતિ-શ્રુત-અવધિ-મન:પર્યાયરૂપ જ્ઞાનાંશ ચતુષ્ટયની અપેક્ષાએ છે. (મતિ આદિ ચાર જ્ઞાન સંપૂર્ણ જ્ઞાન નથી, કિંતુ જ્ઞાનના અંશ રૂપ છે.) મતિ આદિ ચાર જ્ઞાન નાશ પામતાં હોવાથી અને અલ્પવિષયવાળાં હોવાથી એવાં (=સર્વોત્કૃષ્ટ) નથી. અથવા સૂર્ય, ચંદ્ર, વિજળી અને મણિ વગેરે સઘળાય જ્યોતિસમૂહમાં જે પર (=ઉત્કૃષ્ટ) જ્યોતિ (=પ્રકાશમય) છે તે પરંજ્યોતિ.

આવા પ્રકારના જે પરમાત્મા છે તે શ્રદ્ધા કરવા યોગ્ય છે, અર્થાત્ પરંજ્યોતિ સ્વરૂપ પરમાત્મા છે એવી શ્રદ્ધા કરવી જોઇએ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** જો કે જેમણે ઘાતી કર્મોનો નાશ કર્યો નથી તેવા સંસારમાં રહેલા જીવોને જ્યોતિસ્વરૂપ આત્માનો સાક્ષાત્કાર ઘટતો નથી, અર્થાત્ જ્યોતિ સ્વરૂપ આત્મા પ્રત્યક્ષ દેખાતો નથી, તો પણ જેમનાં ઘાતી કર્મો ક્ષીણ થઇ ગયા છે તે અરિહંત વગેરેને જ્યોતિ સ્વરૂપ આત્મા પ્રત્યક્ષ દેખાય છે, આથી અરિહંત વગેરે ઉપર શ્રદ્ધા રાખવા દ્વારા જ જ્યોતિસ્વરૂપ પરાત્મા છે એવી શ્રદ્ધા કરવી જ જોઇએ. જેણે પોતાના ઉપર ઉપકાર કર્યો નથી તેવા પણ અન્ય જીવો ઉપર અનુગ્રહ કરનારા અને જેમના રાગ-દ્વેષ-મોહ ક્ષીણ થઇ ગયા છે એવા અરિહંત વગેરે અસત્ય કહે જ નહિ. આથી પરમાત્માનું અશ્રદ્ધેય શું છે ? અર્થાત્ પરમાત્માનું કોઇ પણ કથન અશ્રદ્ધેય નથી. પરમાત્માનું સઘળું ય કથન શ્રદ્ધા કરવા યોગ્ય છે.

**ફરી પરમરહસ્યભૂત પરમાત્માને જ વિશેષણથી યુક્ત કરે છે—**પરમાત્મા પરમેષ્ઠિઓમાં મુખ્ય છે. પરમેષ્ઠી શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- પરમમાં જે રહે તે પરમેષ્ઠી. પરમ એટલે ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ. ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મમાં જે રહે તે પરમેષ્ઠી. અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ચાર પરમેષ્ઠી છે. સિદ્ધરૂપ જે પરમેષ્ઠી છે તે આ ચારમાં મુખ્ય છે=એ ચારથી અધિક પ્રકૃષ્ટ છે, અર્થાત્ પાંચ પરમેષ્ઠિઓમાં સિદ્ધરૂપ પરમેષ્ઠી મુખ્ય છે. અરિહંત આદિ ચાર પરમેષ્ઠીઓ હજી કર્મોથી સર્વથા મુક્ત થયા નથી. પાંચમા સિદ્ધ પરમેષ્ઠી કર્મોથી સર્વથા મુક્ત બની ગયા હોવાથી બધા પરમેષ્ઠિઓમાં મુખ્ય છે. સિદ્ધો બધાય એક સ્વરૂપ છે. આવા પ્રકારના સિદ્ધ પરમાત્મા ભગવાન, તેમના સ્વરૂપની પ્રાપ્તિ માટે, તેમાં જ એક ચિત્તવાળા બનીને ધ્યાન કરવા યોગ્ય છે=સતત સ્મરણ કરવા યોગ્ય છે.

**પ્રથમવિભક્ત્યન્તપદને કહીને હવે દ્વિતીયવિભક્ત્યન્તપદને કહે છે—**

અણિમાદિ આઠ મહાસિદ્ધિઓથી પ્રસિદ્ધ પ્રભાવવાળા મુનિઓ પણ, સૂર્યસમાન તેજવાળા અને નિર્મલ કેવલજ્ઞાન વડે નિકાચિત કર્મરૂપ અંધકારના પારને પામેલા, અર્થાત્ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણથી રહિત બનેલા, જે પરમાત્માનું પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે સતત ધ્યાન કરે છે, તે પરમાત્માનું, મુશ્કેલીથી વારી શકાય (=જીતી શકાય) તેવા આંતર શત્રુઓએ જેને આત્મશક્તિથી રહિત કરી નાખ્યો છે એવો હું શરણ સ્વીકારું છું.

**પૂર્વપક્ષ :** માત્ર પરિમિત ક્ષેત્રને જ પ્રકાશિત કરી શકે તેટલા જ તેજવાળા સૂર્યની સાથે લોકાલોકને પ્રકાશિત કરવામાં તત્પર એવા પરમ જ્યોતિસ્વરૂપ પરમાત્માની સમાનતા ઘટી શકતી નથી. આગમમાં (આ. નિ. ગા. ૧૧૦૨ आईच्चेसु अहियं पयासयरा ના અર્થમાં) કહ્યું છે કે-"ચંદ્ર, સૂર્ય અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. કેવલજ્ઞાનનો લાભ તો લોકાલોકને પ્રકાશિત કરે છે."

**ઉત્તરપક્ષ :** સારું, હે વિદ્વાન ! તું યુક્તિયુક્ત કહે છે, પણ વિચારણા કરતા અમારા વડે ચંદ્ર વગેરે સઘળાય તેજસ્વી વર્ગમાં પરમ જ્યોતિ સ્વરૂપ પરમાત્માના પ્રકાશની આંશિક સમાનતા પ્રાપ્ત થઇ શકે તેવી સંભાવનાની પાત્રતા માત્ર સૂર્યમાં જ કંઇક જોવામાં આવી છે. એથી અહીં "સૂર્ય સમાન તેજવાળા" એમ કહ્યું છે. પરમાર્થથી તો સુમેરુ અને પરમાણુની જેમ પરમાત્માના અને સૂર્યના તેજમાં મોટું અંતર છે.

સૂર્ય પણ અંધકારને દૂર કરવા વડે જ અંધકારના પારને પામે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—**જેમ પરમાત્મા નિકાચિત કર્મોને દૂર કરીને જ નિકાચિત કર્મોના પારને પામે છે, તેમ સૂર્ય પણ અંધકારને દૂર કરીને જ અંધકારના પારને પામે છે. (જેમ જંગલ વગેરેના પારને પામવા ગતિ કરવી પડે છે તેમ અહીં નિકાચિત કર્મોના પારને પામવા ગતિ કરવી પડતી નથી, કિંતુ નિકાચિત કર્મોના પારને પામવા નિકાચિત કર્મોને દૂર કરવા પડે છે.)

**सर्वे येनोदमूल्यन्त, समूलाः क्लेशपादपाः ।**
**मूर्ध्ना यस्मै नमस्यन्ति, सुरासुरनरेश्वराः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**येन**-જેના વડે, **सर्वे**-સઘળા, **क्लेशपादपाः**-રાગાદિ ક્લેશરૂપ વૃક્ષો, **समूलाः**-મૂળ સહિત, **उदमूल्यन्त**-ઉખેડી નંખાયા છે, **यस्मै**-જેને, **सुरासुरनरेश्वराः**-સુર, અસુર અને મનુષ્યોના સ્વામીઓ, **मूर्ध्ना**-મસ્તકથી, **नमस्यन्ति**-નમે છે.

**તૃતીયવિભક્ત્યન્તપદને કહે છે-** જે ભગવાન પરમાત્મા વડે સઘળાંય ક્લેશરૂપી વૃક્ષો ઉખેડી નંખાયાં છે. અહીં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ ક્લેશો છે. તેમાં જે વસ્તુઓ અનિત્ય છે, અશુચિ છે, દુ:ખસ્વરૂપ છે અને પોતાની નથી તે વસ્તુઓમાં મિથ્યાજ્ઞાન એ અવિદ્યા, અર્થાત્

અનિત્ય વસ્તુઓને નિત્ય માનવી, અશુચિ કાયાને શુચિ (=પવિત્ર) માનવી, દુ:ખ સ્વરૂપ સંસારને સુખ સ્વરૂપ માનવો, ભૌતિક વસ્તુઓ પોતાની ન હોવા છતાં પોતાની માનવી એ અવિદ્યા છે. દુર્જય (=મુશ્કેલીથી જીતી શકાય તેવા) અહંકારના કારણે બધા સ્થળે "હું કંઇક છું" એવો ભાવ તે અસ્મિતા. મનોહર શબ્દ વગેરે વિષયોમાં આત્માની ગાઢ આસક્તિ તે રાગ. અમનોહર શબ્દ વગેરે વિષયોમાં અતિશય અપ્રીતિ તે દ્વેષ. અતત્ત્વમાં (=જે સત્ય નથી તેમાં) પણ આ "આ પ્રમાણે જ છે" એમ અત્યંત આગ્રહરૂપ હઠ[1] તે અભિનિવેશ.

અહીં ક્લેશ શબ્દનો ઉલ્લેખ અન્ય પણ ઘાતી કર્મોની ઉત્તર પ્રકૃતિઓનું [2]ઉપલક્ષણ છે; અર્થાત્ ક્લેશ શબ્દથી અન્ય પણ ઘાતી કર્મોની ઉત્તર પ્રકૃતિઓ સમજી લેવી. ક્લેશ શબ્દથી મોહનીય કર્મની મિથ્યાત્વમોહનીય વગેરે ઉત્તર પ્રકૃતિઓનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો છે, અને તેના ઉપલક્ષણથી અન્ય ઘાતી કર્મની ઉત્તર પ્રકૃતિઓનો નિર્દેશ કર્યો છે. આથી ભાવાર્થ એ થયો કે પરમાત્માએ સઘળાં ય ઘાતી કર્મોનો ક્ષય કરી નાખ્યો છે.

આ ક્લેશરૂપી વૃક્ષો (સંસારમાં થઇ રહેલા) આત્માના પરિભ્રમણમાં અનાદિથી આત્માની સાથે સંબંધવાળાં હોવાથી (મિથ્યાત્વરૂપ) દૃઢ મૂળિયાવાળાં છે, જ્ઞાનીઓ વડે બતાવાયેલા તે તે (ક્રોધાદિ) વિકારોરૂપ અંકુરોના સમૂહવાળાં છે, સ્ફુરાયમાન થતા (=પ્રગટ થતા) આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રણ પ્રકારના [3]દુ:ખના ઉદયરૂપ ફૂલની પરંપરાવાળાં છે, જ્ઞાનીઓથી[4] પ્રગટ કરાયેલાં પરલોક-

---

૧. ग्रहिल એટલે હઠીલું. આથી ग्रहिलता એટલે હઠ.

૨. स्वज्ञापकत्वे सति स्वेतरज्ञापकत्वमुपलक्षणत्वम्=પોતાને જણાવવા સાથે પોતાનાથી અન્યને પણ જણાવે તે ઉપલક્ષણ કહેવાય. જેમકે काकेभ्यो दधि रक्ष्यताम्=કાગડાઓથી દહીંનું રક્ષણ કરવું. અહીં काक શબ્દનો પ્રયોગ ઉપલક્ષણ હોવાથી काक શબ્દ બિલાડી, કૂતરો વગેરેને પણ જણાવે છે. આથી काकेभ्यो दधि रक्ष्यताम् એ વાક્યનો અર્થ કાગડો, બિલાડી, કૂતરો વગેરે પ્રાણીઓથી દહીંનું રક્ષણ કરવું એવો થાય.

૩. દુ:ખના આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એમ ત્રણ પ્રકાર છે. આધ્યાત્મિક દુ:ખના શારીરિક અને માનસિક એમ બે પ્રકાર છે. તેમાં તાવ, અતિસાર વગેરે શારીરિક છે, અને ક્રોધ વગેરે માનસિક છે. આ દુ:ખો અંદરનાં કારણોથી ઉત્પન્ન થતાં હોવાથી આધ્યાત્મિક છે. શારીરિક દુ:ખો શરીરની અંદર થતી વાત-પિત્ત આદિની વિષમતાથી થાય છે, અને માનસિક દુ:ખો મનમાં કામ-ક્રોધાદિના વિકારોથી થાય છે.
મનુષ્ય, પશુ, પક્ષી, જંગલીપ્રાણી, સર્પ વગેરેથી થતાં દુ:ખો આધિભૌતિક છે. (ભૂત એટલે પ્રાણી). ભૂત, પિશાચ, રાક્ષસ, ગ્રહ વગેરે દેવોથી થતાં દુ:ખો આધિદૈવિક છે.

૪. જ્ઞાનીઓથી પ્રગટ કરાયેલાં પરલોકસંબંધી એ બે દુ:ખોનાં વિશેષણો છે.

સંબંધી [1]દુર્બોધ દુર્ગતિનાં દુ:ખો રૂપ ફળોના સમૂહવાળાં છે.

આ ક્લેશો વૃક્ષો જેવા હોવાથી વૃક્ષો છે.

કેવળજ્ઞાનની ઉત્પત્તિ સુધી (બાહ્ય) સંગનો ત્યાગ કરીને ત્રણ જગતમાં જેમનો પ્રતિપક્ષી યોદ્ધો નથી તેવા ઐરાવણહાથી સમાન જે ભગવાને દુષ્કરતપથી તે ક્લેશવૃક્ષોને વારંવાર હલાવવા દ્વારા અસ્થિર કરીને શુક્લધ્યાન રૂપ પ્રચંડ સૂંઢથી પકડમાં લઇને રમત પૂર્વક મૂળ સહિત ઉખેડી નાખ્યાં તે ત્રિભુવનપતિથી હું પણ સનાથ છું.[2] કારણ કે ભગવાન મને નહિ મળેલા ગુણો મેળવી આપીને અને મળેલા ગુણોનું રક્ષણ કરીને ગુણોને[3] અનુકૂલ કરે છે=મારામાં ગુણવૃદ્ધિ થાય તેમ કરે છે.

**ચતુર્થીવિભક્ત્યન્તપદને કહે છે—** ક્લેશરૂપ વૃક્ષોને મૂળ સહિત ઉખેડી નાખનારા જે ભગવાનને સુર, અસુર અને મનુષ્યના સ્વામીઓ સકલ ક્લેશજાળોનું ઉચ્છેદન કરવા માટે મસ્તકથી જલદી જલદી નમે છે, ત્રિભુવનના શાશ્વતગુરુ તે ભગવાનને પરમાત્મામાં તલ્લીન બનેલો હું પણ ચ્રાહું છું=પ્રણામ વગેરે કરવા માટે તેમની સ્પૃહા કરું છું.

**અહીં ભાવાર્થ આ છે—** ખરેખર ! જો કે જેવી રીતે સુર-અસુરના સ્વામીઓ ભગવાનને પ્રત્યક્ષ પ્રણામાદિ કરે છે, તે રીતે પ્રત્યક્ષ પ્રણામાદિ કરવાની સામગ્રી પાંચમા આરાના કાળમાં જન્મેલા મને મળે એ અસંભિત છે, તો પણ ‘‘મનોરથોને અગતિ નથી હોતી=મનોરથો ગમે ત્યાં જઇ શકે છે’’ એ ન્યાયથી હું માત્ર સ્પૃહા પણ ધારણ કરું છું. જેથી સારી રીતે અભ્યાસ કરેલી સ્પૃહાનો આ સંસ્કાર ભવાંતરમાં પણ આવે.

**प्रावर्त्तन्त यतो विद्याः, पुरुषार्थप्रसाधिकाः ।**
**यस्य ज्ञानं भवद्भावि-भूतभावावभासकृत् ।।३।।**

---

૧. અહીં દુર્ગ એટલે દુર્બોધ. દુર્બોધ શબ્દનો અન્વય દુર્ગતિની સાથે છે. દુર્ગતિ દુર્બોધ છે. મોટા ભાગના જીવો મિથ્યાત્વના કારણે કેવલ વર્તમાન જીવનને જ માનનારા હોવાથી દુર્ગતિ છે એમ જલદી સમજી શકતા નથી, માટે દુર્ગતિ દુર્બોધ છે.

૨. અવચૂરિમાં स्याम् વગેરે વિધ્યર્થ-પ્રયોગોમાં વર્તમાન કાળનો અર્થ કર્યો છે.

૩. अनु + ग्रह् ધાતુનો અનુકૂલ કરવું, કૃપા કરવી, એવો અર્થ છે. પ્રસ્તુતમાં ‘‘અનુકૂલ કરે છે’’ એ અર્થ બંધબેસતો થાય છે.

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**यत:**-જેનાથી, **पुरुषार्थप्रसाधिका:**-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો ઉપાય બતાવનારી, **विद्या:**-શબ્દાદિ વિદ્યાઓ **प्रावर्तन्त**-પ્રવર્તી છે. **यस्य**-જેનું, **ज्ञानं**-જ્ઞાન, **भवद्भाविभूतभावावभासकृत्**-વર્તમાન, ભવિષ્ય અને ભૂત એ ત્રણે કાળના સમસ્ત ભાવોને પ્રકાશિત કરનારું છે.

**પંચમીવિભક્ત્યન્તપદને કહે છે**— જે સર્વજ્ઞ પરમપુરુષથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોનો ઉપાય બતાવનારી શબ્દવિદ્યા વગેરે વિદ્યાઓ પ્રવર્તી=પ્રગટ થઇ તે પરમપુરુષના ધ્યાનથી પુરુષાર્થની પ્રાપ્તિ થવાથી હું પણ કૃતકૃત્ય છું. પુરુષાર્થના ઉપાયની પ્રાપ્તિથી કૃતકૃત્યતા યુક્ત જ છે.

પુરુષાર્થનો ઉપાય મળે તો પુરુષાર્થ થાય, પુરુષાર્થના ઉપાય વિના સાચો પુરુષાર્થ થાય નહિ. પુરુષાર્થનો ઉપાય મળે એટલે સાચો પુરુષાર્થ કરીને જીવ પોતાને ઇષ્ટ એવા શાશ્વત સુખને પ્રાપ્ત કરી શકે છે. માટે અહીં કહ્યું કે પુરુષાર્થના ઉપાયની પ્રાપ્તિથી કૃતકૃત્યતા યુક્ત જ છે.

પુરુષાર્થનો ઉપાય બતાવનારી શબ્દવિદ્યા વગેરે વિદ્યાઓ ભગવાનથી પ્રવર્તી છે. કારણ કે દ્વાદશાંગીનો મૂળ પાયો ઉત્પાદ વગેરે ત્રિપદી છે. ત્રિપદીને યોગ્ય ગણધરોને ભગવાન સ્વયં ત્રિપદી કહે છે. દ્વાદશાંગી સિવાય બીજું કોઇ પણ વિદ્યાનું સાધન (=ઉપાય) નથી. આથી સમસ્ત વિદ્યાઓનું ભગવાન જ મૂળ ઉત્પત્તિસ્થાન છે.

**ષષ્ઠીવિભક્ત્યન્ત પદને કહે છે**— જે પરમાત્મા ભગવાનનું ઘાતીકર્મના અત્યંત ક્ષયથી ઉત્પન્ન થયેલું જ્ઞાન વર્તમાન, ભવિષ્ય અને ભૂત એ ત્રણે કાળના પદાર્થસમૂહને પ્રગટ કરવામાં પ્રવીણ છે, આવા તે ભગવાનનો હું કિંકર છું.

**અહીં આશય આ પ્રમાણે છે**— આ જગતમાં જેને માત્ર અષ્ટાંગનિમિત્તનું અલ્પ જ્ઞાન છે, અને તે જ્ઞાન પણ વિસંવાદી થવાથી અનેકાંતિક છે=દરેક વખતે સાચું જ હોય એવા નિયમથી રહિત છે, તે પુરુષની પણ તેના અર્થીઓ જાણે નોકર હોય તેમ પ્રતિક્ષણ ઉપાસના કરે છે. તથા જે ભગવાનને પૂર્વે વર્ણવેલ સ્વરૂપવાળું જ્ઞાન થયું છે, તે ભગવાનનું કિંકરપણું અનુત્તર દેવો પણ કરે છે. તો પછી મારા જેવો જીવ તે ભગવાનનું કિંકરપણું કરે તેમાં શું નવાઇ ?

પરમાત્માનું જ્ઞાન દેશ, કાલ અને સ્વભાવના (=પર્યાયોના) દૂરપણાના અંતરથી રહિત હોવાથી વર્તમાન, ભવિષ્ય અને ભૂત એ ત્રણ કાળના પદાર્થોને પ્રકાશિત કરે છે. **દેશ**-કેવલી જે ક્ષેત્રમાં હોય તે ક્ષેત્રથી ગમે તેટલા દૂર રહેલા પદાર્થોને પ્રકાશિત કરે છે. **કાલ**-ભૂતકાળમાં અનંતકાળ પહેલાં પણ થઇ ગયેલા અને ભવિષ્યમાં અનંતકાળ પછી પણ થનારા પદાર્થોને પ્રકાશિત કરે છે. **સ્વભાવ**-અમુક જ પર્યાયોને પ્રકાશિત કરે છે એવું નથી, સર્વ પર્યાયોને પ્રકાશિત કરે છે.

**यस्मिन्विज्ञानमानन्दं, ब्रह्म चैकाङ्ग(त्म)तां गतं ।**
**स श्रद्धेयः स च ध्येयः, प्रपद्ये शरणं च तम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**यस्मिन्**-જેમાં, **विज्ञानम्**-કેવળજ્ઞાન, **आनन्दं**-સ્વાભાવિક સુખ, **च**-અને, **ब्रह्म**-પરમપદ એ ત્રણે, **एकात्मतां**-એકતાને, **गतम्**-પામ્યા છે, **सः**-તે પરમાત્મા, **श्रद्धेयः**-શ્રદ્ધા કરવા યોગ્ય છે, **च**-અને, **सः**-તે પરમાત્મા, **ध्येयः**-ધ્યાન કરવા યોગ્ય છે, **च**-તથા, **तं**-તે પરમાત્માનું, **शरणं**-શરણું, **प्रपद्ये**-હું સ્વીકારું છું.

**तेन स्यां नाथवाँस्तस्मै, स्पृहयेयं समाहितः ।**
**ततः कृतार्थो भूयासं, भवेयं तस्य किङ्करः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**तेन**-તે પરમાત્માથી, **नाथवान् स्यां**-હું સનાથ છું, **समाहितः**-પરમાત્મામાં તલ્લીન બનેલો હું, **तस्मै**-તે પરમાત્માને, **स्पृहयेयं**-ચાહું છું, **ततः**-તે પરમાત્માથી, **कृतार्थो भूयासं**-હું કૃતકૃત્ય છું, **तस्य**-તે પરમાત્માનો, **किङ्करः भवेयं**-હું દાસ છું.

**तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् ।**
**इदं हि भवकान्तारे, जन्मिनां जन्मनः फलम् ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**च**-અને, **तत्र**-તે પરમાત્માની, **स्तोत्रेण**-સ્તુતિથી, **स्वां**-મારી, **सरस्वतीम्**-વાણીને, **पवित्रां**-પવિત્ર, **कुर्यां**-કરું છું, **हि**-કારણ કે, **भवकान्तारे**-સંસાર રૂપ અરણ્યમાં, **जन्मिनां**-પ્રાણીઓના, **जन्मनः**-જન્મનું, **इदं हि**-આ જ, **फलं**-ફળ છે.

**સપ્તમીવિભક્ત્યન્તપદને કહે છે—** જે પરમેષ્ઠી ભગવાનમાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એ ત્રણે એકતાને પામ્યા છે, પૂર્વે વર્ણવેલા સ્વરૂપવાળા તે પરમાત્માની યથાર્થગુણોને કહેનારી સ્તુતિ કરવા વડે હું મારી વાણીને પવિત્ર કરું છું.

**વિજ્ઞાન—** વિશિષ્ટજ્ઞાન તે વિજ્ઞાન, કેવલજ્ઞાન મતિ આદિ ચાર જ્ઞાનોની અપેક્ષાએ વિશિષ્ટજ્ઞાન છે. કારણ કે કેવલજ્ઞાન ક્ષાયિક છે, અપ્રતિપાતી છે, અને અનંત દ્રવ્ય-પર્યાયના વિષયવાળું છે. મતિ આદિ ચાર જ્ઞાનો ક્ષાયોપશમિક છે, પ્રતિપાતી છે, અને અનંતમા ભાગના દ્રવ્ય-પર્યાયોને જાણી શકે છે.

**આનંદ—** આત્માનું (આત્યંતિક=) સંપૂર્ણ અને અક્ષય (=શાશ્વત) સુખ જ આનંદ છે. આ આનંદ પૂર્વે ક્યારે પણ નહિ મેળવેલા આત્મસ્વરૂપનો લાભ થવાથી પ્રગટ થાય છે, આત્મા સિવાય બીજા કારણસમૂહની અપેક્ષાથી રહિત છે, અન્ય વસ્તુના સંબંધ વિના જ મધુર છે, અર્થાત્ દૂધ વગેરેમાં મધુરતા લાવવા દૂધની સાથે સાકરનો સંબંધ કરવો પડે છે, તેમ કોઇ વસ્તુના સંબંધ વિના જ મધુર છે.

**બ્રહ્મ—** બ્રહ્મ એટલે પરમપદ=મોક્ષ.

ભવોપગ્રાહી કર્મોની પરાધીનતાથી કેવલી જ્યારે ભવસ્થ હોય છે ત્યારે તે કેવલી ભગવાનમાં વિજ્ઞાંન અને આંનંદ હોય છે. (પણ બ્રહ્મ ન હોય.) આ કેવલી ભવિષ્યમાં મોક્ષમાં જશે. આથી આત્મા, વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મની પરસ્પર ભિન્નતા છે જ. શૈલેષી પછી તરત સકલ કર્મોની સઘળી ઉત્તર પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થવાથી મુક્તિ પદને પામેલા આત્મામાં વિજ્ઞાન, આનંદ અને બ્રહ્મ એકતાને પામે છે, અર્થાત્ તે જ પરમાત્મા છે, તે જ વિજ્ઞાન છે, તે જ આનંદ છે, અને તે જ પરમબ્રહ્મ છે, એમ અભેદભાવને પામે છે.

**પ્રશ્ન—** હું મારી વાણીને પવિત્ર કરું છું એમ કહ્યું, તો શું સ્તુતિની પૂર્વે વાણીમાં કાંઇ પણ અપવિત્રતા છે ?

**ઉત્તર—** સ્વકર્મના પરિણામથી સંસારમાં વારંવાર રખડવા દ્વારા અતિશય પરિભ્રમણ કરતા અને પ્રબળ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી વિશિષ્ટ ચિત્તના ચૈતન્યથી રહિત એવા જીવોને કવિત્વ અને વક્તૃત્વથી સરસ વાણી દુર્લભ જ છે. આમ છતાં તથાભવ્યત્વની વિચિત્રતાથી જ્યારે તેવી વાણી મળી ગઇ તો પણ તે વાણી જ્યારે ભવાભિનંદી દેવોના અને મનુષ્યોના અસદ્ભૂત ગુણોને પ્રગટ કરવા વડે (=અસદ્-

ભૂતગુણોની સ્તુતિ કરવા વડે) પોતાને મલિન બનાવે છે ત્યારે પરમાત્મા વગેરે સ્તુત્ય વર્ગની સ્તુતિ કર્યા વિના વાણીના પાપની ક્ષમા કરનાર બીજું કંઇ છે ? અર્થાત્ પરમાત્મા વગેરે સ્તુત્ય વર્ગની સ્તુતિ સિવાય બીજા કોઇ ઉપાયથી વાણીનું પાપ માફ થઇ શકે તેમ નથી. આથી અહીં કહ્યું કે પરમાત્માની સ્તુતિ કરવા વડે હું મારી વાણીને પવિત્ર કરું છું.

**(છટ્ઠી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ—)** વળી સંસારરૂપ અરણ્યમાં જીવોના સુક્ષેત્ર વગેરે અગિયાર અંગોથી યુક્ત જન્મનું પણ ફલ વસ્તુના સત્ય સ્વરૂપનું પ્રકાશન કરવું એ જ છે.

**અગિયાર અંગો—** મનુષ્યભવ, આર્યક્ષેત્ર, આર્યજાતિ, આર્યકુલ, રૂપ (=પાંચ ઇંદ્રિયોની પરિપૂર્ણતા), આરોગ્ય, દીર્ઘાયુ, બુદ્ધિ, ધર્મશ્રવણ, શ્રદ્ધા, ચારિત્ર. (અહીં ૧ થી ૬ ગાથા પૂર્ણ થઇ.) (૧-૨-૩-૪-૫-૬)

**હવે વીતરાગ સ્તોત્રની રચના કરવામાં અશક્તિ પ્રગટ કરવા દ્વારા પોતાની નમ્રતાને પ્રગટ કરતા સ્તોત્રકાર કહે છે—**

**क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ।**
**उत्तितीर्षुररण्यानीं, पद्भ्यां पङ्गुरिवास्म्यतः ।।७।।**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**पशोरपि पशुः**-પશુથી પણ પશુ = પશુથી પણ અધિક અજ્ઞાન, **क्व अहं**-હું ક્યાં ?, **च**-અને, **वीतरागस्तवः**-વીતરાગની સ્તુતિ, **क्व**-ક્યાં ?, **अतः**-આથી (વીતરાગ સ્તોત્રની રચના કરવાની ઇચ્છાવાળો હું ખરેખર), **पङ्गुः इव**-લંગડા માણસની જેમ, **पद्भ्यां**-બે પગોથી, **अरन्यानीं**-મહાન જંગલને, **उत्तितीर्षुः**-ઓળંગવાની ઇચ્છાવાળો, **अस्मि**-છું.

શ્લોકમાં क्व શબ્દ મોટું અંતર બતાવવા માટે છે. પશુથી પણ પશુ એવો હું ક્યાં ? ખરેખર ! વીતરાગનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ પ્રગટ કરનારી શ્રેષ્ઠ સ્તુતિઓને રચવામાં સકલ શાસ્ત્રોરૂપ સમુદ્રના પારને જોનારા પણ છદ્મસ્થો પશુ જેવા પશુ છે. હું તો આ યુગના કેટલાક ગ્રંથોના માત્ર અર્થોમાં પ્રયત્ન કરનારી મતિવાળો છું. આથી અતિહીન હોવાથી પશુથી પણ પશુ છું. ભગવાનનું ચરિત્ર

કાયા, વચન-અને મનનો વિષય ન થઇ શકે તેવું છે, અર્થાત્ મન-વચન-કાયાથી ન જાણી શકાય તેવું છે. આથી જ ઇંદ્રોના સમૂહથી પણ યથાવત્ સ્તુતિ કરવા માટે અશક્ય છે. આથી ક્યાં આવું વીતરાગ સ્તોત્ર ? અને પશુથી પણ પશુ એવો હું ક્યાં ?

આથી પશુથી પણ પશુ હું વીતરાગસ્તોત્ર કરવાની ઇચ્છાવાળો જે થયો છું તે બે પગોથી ચાલીને મોટા જંગલને ઉતરવાની ઇચ્છાવાળા પંગુ જેવો છું. અહીં ભાવાર્થ આ છે—જેમ પંગુ માટે પગોથી ચાલીને મોટા જંગલના દૂર રહેલા સામે પાર જવું સુકર નથી, તેમ મારા માટે પણ પરમાત્માની સ્તુતિની રચના કરવી સુકર નથી. (૭)

**જો આ પ્રમાણે છે તો પોતાની શક્તિને અનુરૂપ નથી તેવા આ સ્તુતિ રચવાના જ પ્રારંભથી શું ? અર્થાત્ સ્તુતિ રચવાનો પ્રારંભ ન કરવો જોઇએ, આ પ્રશ્નનો ઉત્તર આપવા કહે છે—**

**तथापि श्रद्धामुग्धोऽहं, नोपालभ्यः स्खलन्नपि ।**
**विशृङ्खलापि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**तथापि**-તો પણ (હું અજ્ઞાન હોવાથી વીતરાગસ્તુતિ કરવા અસમર્થ હોવા છતાં), **स्खलन्नपि**-વીતરાગસ્તુતિ કરવામાં સ્ખલના પામતો હોવા છતાં, **श्रद्धामुग्धो**-પરમાત્માની સ્તુતિ કરવાની અતિશય શ્રદ્ધાથી (=ઉત્કંઠાથી) મુગ્ધ=શક્યાશક્યનો વિચાર કરવા અસમર્થ, **अहं**-હું, **उपालभ्यः**-ઠપકાને પાત્ર, **न**-બનતો નથી. (કારણ કે), **श्रद्दधानस्य**-પરમાત્માની સ્તુતિ કરવા અતિશય ઉત્કંઠની, **वाग्वृत्तिः**-વચન રચના **विश्रृङ्खला अपि**-અસંબદ્ધ હોય તો પણ, **शोभते**-શોભે છે.

આમ હોવા છતાં સંપૂર્ણ સામર્થ્યથી રહિત અને વીતરાગની સ્તુતિરૂપ માર્ગમાં મુસાફરી કરતો હું સ્થાને સ્થાને સ્ખલના પામતો હોવા છતાં વિમલમતિવાળા પુરુષોથી ઠપકો આપવાને યોગ્ય નથી. કારણ કે (श्रद्धामुग्ध:=) પરમાત્મા સંબંધી સ્તુતિ કરવાની શ્રદ્ધાથી (=પ્રબળ ઇચ્છાથી) શક્યાશક્ય કાર્યનો વિચાર કરવામાં ચતુરાઇ રહિત છું. (श्रद्दधानस्य=) કોઇ સ્વાર્થ વિના શ્રદ્ધાના બંધનથી મનોહર અંતઃકરણવાળાની (वाग्वृत्ति:=) આગળ-પાછળ વિસંવાદવાળી હોવાથી અવ્યવસ્થિત

પણ વચનશ્રેણિ ભક્તિને પ્રગટ કરવાની તલ્લીનતાના કારણે બાળકના આલાપની ચપળતાની જેમ શોભે છે, અને કૌતુકને ઉત્પન્ન કરે છે. માટે સ્તુતિ રચવાનો પ્રારંભ સમુચિત છે. (૮)

**श्रीहेमचन्द्रप्रभवाद्, वीतरागस्तवादितः ।**
**कुमारपालभूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**श्रीहेमचन्द्रप्रभवाद्**-શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા, **इतः**-આ, **वीतरागस्तवाद्**-વીતરાગ સ્તવનથી, **कुमारपालभूपालः**-કુમારપાળ મહારાજ, **ईप्सितम्**-(કર્મક્ષય રૂપ) ઇચ્છિત, **फलं**-ફળને, **प्राप्नोतु**-પામો.

શ્રી હેમચંદ્રસૂરિએ રચેલા આ વીતરાગ પરમાત્માના સ્તવનથી કુમારપાળ મહારાજા ઇચ્છિત ફળને પામો. (૯)

## द्वितीयप्रकाशः

**હવે (પહેલા) પ્રસ્તાવનાસ્તવમાં વર્ણવેલા પરમાત્માની ભાવ અરિહંત સ્વરૂપ પૂર્વાવસ્થાને આશ્રયીને ચાર પ્રકાશોથી ચોત્રીશ અતિશયોને કહેવાની ઇચ્છાવાળા સ્તુતિકાર ચાર સહજ અતિશયોની શરૂઆત કરતાં પ્રારંભમાં ભગવાનના સર્વ મનુષ્યોના શરીરથી વિલક્ષણ એવા શરીર અતિશયને ચાર શ્લોકોથી કહે છે—**

**प्रियङ्गुस्फटिकस्वर्ण-पद्मरागाञ्जनप्रभः ।**
**प्रभो ! तवाधौतशुचिः, कायः कमिव नाक्षिपेत् ? ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**प्रभो !**-હે પ્રભુ !, **प्रियङ्गु**-નીલવર્ણી વૃક્ષ, **स्फटिक**-સ્ફટિકમણિ, **स्वर्ण**-સુવર્ણ, **पद्मराग**-રક્તમણિ અને, **अञ्जनप्रभः**-કાજળ જેવા વર્ણવાળી તથા, **अधौतशुचिः**-સ્નાન વિના પણ પવિત્ર, **तव**-આપની, **कायः**-કાયા, **कं**-કોને, **न आक्षिपेत्**-ન આકર્ષે ? બધાને જ આકર્ષે.

હે વિશ્વસ્વામી ! આપના શરદ ઋતુના ચંદ્રકિરણોના સમૂહ જેવા ગુણો દૂર રહો, ત્રણ જગતથી વિલક્ષણ એવા અરિહંતોના (એક હજાર આઠ) લક્ષણોવાળું અને સર્વદોષોથી રહિત આપનું શરીર પણ કોને ન આકર્ષે ? પહેલી વાર શરીર ઉપર દૃષ્ટિ પડતાં જ જેને તત્ત્વનું વિશિષ્ટ જ્ઞાન નથી એવા પણ કોના અંત:કરણને આશ્ચર્યરસથી વાસિત ન કરે ? અર્થાત્ બધાયનાં અંત:કરણને આશ્ચર્યરસથી વાસિત કરે જ.

**ભગવાનનું શરીર કેવું છે તે કહે છે**—પ્રિયંગુ અને ફલિનીલતા એ બંને નીલવર્ણવાળા વૃક્ષના પર્યાયવાચી શબ્દો છે. સ્ફટિક એટલે સૂર્યકાંતમણિ કે ચંદ્રકાંતમણિ. એ બંનેનો વર્ણ સફેદ હોય છે. સ્વર્ણ અને ચામીકર એ બંને સુવર્ણના પર્યાયવાચી શબ્દો છે. પદ્મરાગમણિ અને શોણમણિ એ બંને લાલવર્ણવાળા રત્નના પર્યાયવાચી શબ્દો છે. અંજન એટલે કાજળ. ભગવાનનું શરીર પ્રિયંગુ, સ્ફટિક, સુવર્ણ, પદ્મરાગમણિ અને અંજન જેવા વર્ણવાળું હોય છે. તેવા પ્રકારના નામકર્મની વિચિત્રતાથી અરિહંત ભગવાનનાં શરીરોમાં [1]પાંચેય વર્ણો હોય છે. આથી અહીં બધાય વર્ણોનું ગ્રહણ કર્યું છે.

**ફરી ભગવાનનું શરીર કેવું છે તે કહે છે**— ભગવાનનું શરીર સ્નાન કર્યા વિના પણ પવિત્ર હોય છે. ખરેખર ! અશુચિ પણ શરીર પાણી આદિના સ્નાનથી ક્ષણવાર પવિત્રતાને ધારણ કરે છે. ભગવાનના શરીરમાં તો નિર્મલતા સ્વાભાવિક સિદ્ધ છે=રહેલી છે. આવું શરીર કોની આંખનું આકર્ષણ ન કરે ? અર્થાત્ બધાની [2]જ આંખોને આકર્ષે (૧)

**मन्दारदामवन्नित्य-मवासितसुगन्धिनि ।**
**तवाङ्गे भृङ्गतां यान्ति, नेत्राणि सुरयोषिताम् ।।२।।**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે પ્રભુ !, **मन्दारदामवत्**-કલ્પવૃક્ષની માળાઓની જેમ, **नित्यं**-સદા, **अवासितसुगन्धिनि**-સુગંધી દ્રવ્યોથી વાસિત કર્યા વિના પણ સુગંધી, **तव**-આપના, **अङ्गे**-દેહ ઉપર, **सुरयोषिताम्**-દેવાંગનાઓનાં, **नेत्राणि**-નેત્રો, **भृङ्गतां**-ભ્રમરપણાને,

૧. પદ્મપ્રભ અને વાસુપૂજ્ય લાલ, ચંદ્રપ્રભ અને સુવિધિ શ્વેત, નેમિ અને મુનિસુવ્રત કૃષ્ણ, મલ્લિ અને પાર્શ્વ લીલા અને શેષ ૧૬ તીર્થંકરો પીળા વર્ણવાળા હતા.

૨. અવચૂરિમાં इव અવ્યયનો इवोऽवधारणे એમ જકાર અર્થ કર્યો છે.

**यान्ति**-પામે છે.

હે ભુવનભૂષણ પ્રભુ ! આપના શરીરમાં મૃગના જેવા નેત્રોવાળી દેવાંગનાઓનાં નેત્રો ભ્રમરપણાને પામે છે=ભ્રમરના વિલાસને ધારણ કરે છે.

**ભગવાનનું શરીર કેવું છે તે કહે છે**—કપૂર, અગરુચંદન, કસ્તૂરી અને મલયપર્વતમાં થનાર ચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી વાસિત કર્યા વિના પણ ભગવાનનું શરીર સ્વભાવથી જ સુગંધી હોય છે. સ્વભાવથી જ સુગંધી હોવાના કારણે સદા સુગંધી હોય છે, ઉપાધિથી (=કપૂર વગેરે સુગંધી પદાર્થના સંબંધથી) થયેલ સુગંધ કાળની કેટલીક [1]કળાઓના અંતે નાશ પામે છે, ભગવાનનું શરીર તો સ્વાભાવિક સુગંધથી જ સુંદર હોય છે.

**અહીં ઉપમા કહે છે**— કલ્પવૃક્ષની માળાની જેમ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જેવી રીતે કલ્પવૃક્ષની ફૂલની માળામાં ભ્રમર શ્રેણિઓ લાગેલી હોય છે, તેમ ભગવાનના શરીરમાં દેવીઓની આંખો લાગેલી હોય છે. ભગવાનના શરીરમાં (=શરીરને જોવા માટે) દેવીઓની આંખો વ્યાકુળ બને છે, એમ કહેવાથી મનુષ્યલોકની અને પાતાલ લોકની સ્ત્રીઓની આંખો વ્યાકુળ બને છે એ બીના સામર્થ્યથી જણાઇ જ જાય છે. (૨)

**વળી—**

**दिव्यामृतरसास्वाद-पोषप्रतिहता इव ।**
**समाविशन्ति ते नाथ !, नाङ्गे रोगोरगव्रजाः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **इव**-જાણે કે, **दिव्यामृतरसास्वादपोषप्रतिहता इव**-દિવ્યઅમૃતરસના પાનથી થયેલી પુષ્ટિથી પરાજિત થઇ ગયા હોય તેમ, **रोगोरगव्रजाः**-રોગ રૂપ સર્પનાં જૂથો, **अङ्गे**-આપના શરીરમાં, **न समाविशन्ति**-પ્રવેશ કરતા નથી.

દુ:ખેથી દમી શકાય એવા કામદેવનો નાશ કરનારા હે નાથ ! આપના

૧. (कला પૂર્વકાળના સમયનું એક માપ છે. દશ ગુરુ અક્ષરના ઉચ્ચારણ જેટલા કાળનો એક પ્રાણ થાય છે. છ પ્રાણનો એક પલ થાય છે. બે પળની એક કળા થાય છે. અથવા कला એટલે અંશ. કાળના કેટલાક અંશોના અંતે બહુ અલ્પકાળમાં નાશ પામે છે એ જણાવવા कला શબ્દનો પ્રયોગ કર્યો છે.

શરીરમાં રોગરૂપી સર્પોના સમૂહો પ્રવેશ કરતા નથી. ક્ષય વગેરે રોગો જ અતિશયભયના હેતુ હોવાથી અને દુઃખે કરીને દૂર કરી શકાય તેવી દારુણ વેદનાને ઉત્પન્ન કરનારા હોવાથી સર્પના જેવા છે. આથી અહીં રોગોને સર્પની ઉપમા આપી છે. રોગો ૧૦૮ છે. આ વિષયને કલ્પનાથી જણાવે છે- રોગ રૂપી સર્પસમૂહો જાણે કે દિવ્ય અમૃતરસના પાનથી થયેલી પુષ્ટિથી પરાજિત થઇ ગયા છે=ગળું પકડીને કાઢી નંખાયા છે. એથી આપના શરીરમાં પ્રવેશ કરતા નથી.

**અહીં હાર્દ આ પ્રમાણે છે**—તેવા પ્રકારના સ્વભાવથી જ અરિહંત ભગવાનનાં શરીરો સર્વ વ્યાધિઓની વિહ્વલતાથી રહિત જ હોય છે. આવી વસ્તુસ્થિતિ નિશ્ચિત થયે છતે સ્તુતિકાર કલ્પના કરે છે કે બાલ્યકાળમાં માતાના સ્તનપાનનો અધિકાર ન હોવાથી તેમના હાથના અંગુઠામાં ઇંદ્રો જે અમૃતરસનો સંચાર કરે છે, તે અમૃતરસના પાનથી પરાજિત થઇ ગયેલા હોય તેમ તેમનાં અંગોમાં રોગ રૂપી સર્પો પ્રવેશ કરતા નથી. અમૃતપાનથી રોગસર્પોના વિકારનો વિયોગ થાય તે સમુચિત છે. (૩)

**તથા—**

## त्वय्यादर्शतलालीन-प्रतिमाप्रतिरूपके ।
## क्षरत्स्वेदविलीनत्व-कथाऽपि वपुषः कुतः ? ॥४॥

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે ભગવાન ! **आदर्श**-દર્પણના, **तल**-મધ્ય ભાગમાં, **आलीन**-પ્રતિબિંબિત, **प्रतिमा**-દેહ પ્રતિમા, **प्रतिरूपके**-સમાન, **त्वयि**-આપનામાં, **वपुषः**-શરીરની, **क्षरत्**-ટપકતા, **स्वेद**-પસીનાથી, **विलीनत्व**-આર્દ્રતાની, **कथा**-વાત, **अपि**-પણ. **कुतः**-ક્યાંથી હોય ? જેમ દર્પણમાં પ્રતિબિંબિત વસ્તુમાં પસીનો ન થાય તેમ ભગવાનના શરીરમાં પસીનો થતો નથી. ઉપલક્ષણથી મેલ પણ ન હોય એ સૂચિત કર્યું છે.

હે ભગવન્ ! દર્પણના મધ્યભાગમાં પ્રતિબિંબિત દેહપ્રતિમા સમાન આપનામાં અતુલકલ્યાણનું ઘર એવા આપના [1]શરીરની તેવા પ્રકારના સૂર્યતાપ આદિના સંપર્કથી ટપકતા પસીનાથી થયેલી આર્દ્રતાનો અનુભવ તો દૂર રહો, કિંતુ આર્દ્રતાની

૧. 'શરીરની' એ પદનો અન્વય 'આર્દ્રતાનો' પદની સાથે છે.

વાત પણ ક્યાંથી હોય ? અર્થાત્ આર્દ્રતાની વાત પણ સર્વથા જ અસંભવિત છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જેમ દર્પણમાં સંક્રાંત થયેલા આકારમાં ભયંકર ગ્રીષ્મઋતુ આદિની વિદ્યમાનતામાં પણ પસીનાથી થયેલી આર્દ્રતા ન હોય, એમ સ્વભાવથી જ ભગવાનના શરીરમાં પસીનાથી થયેલી આર્દ્રતા ન હોય. (૪)

**આ પ્રમાણે प्रियङ्गु-स्फटिक० ઇત્યાદિથી સ્વાભાવિક અદ્ભુતરૂપનું मन्दारदाम० એ શ્લોકથી સ્વાભાવિક સુગંધનું, दिव्यामृत० એ શ્લોકથી સ્વાભાવિક રોગાભાવનું, त्वय्यादर्श० એ શ્લોકથી સ્વાભાવિક સ્વેદ-મલના અભાવનું કથન કરતાં સ્તુતિકારે ચાર શ્લોકોથી ભગવાનના સહજ અતિશયોમાં પહેલો દેહાતિશય કહ્યો. હવે બે શ્લોકોથી બીજા સહજ અતિશયને કહે છે—**

**न केवलं रागमुक्तं, वीतराग ! मनस्तव ।**
**वपु:स्थितं रक्तमपि, क्षीरधारासहोदरम् ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**वीतराग !** -હે વીતરાગ !, **केवलं**-કેવળ, **तव**-આપનું, **मन:**-મન જ, **रागमुक्तं**-રાગથી મુક્ત, **न**-નથી, **वपु:स्थितं**-શરીરમાં રહેલું, **रक्तं**-લોહી, **अपि**-પણ, **क्षीरधारासहोदरम्**-દૂધની ધારા સમાન (સફેદ) છે. જેમ મન રાગથી રહિત છે, તેમ લોહી પણ રાગથી-રંગથી રહિત છે.

હે વીતરાગ ! ભગવન્ ! "વીતરાગ" એવા અન્વર્થ નામથી જ અને સર્વસ્થળે નિરંકુશપણે ફરતા યશને જણાવનાર પટહઘોષથી આપના મનમાં રાગનો અભાવ સુપ્રસિદ્ધ જ છે. આપનું કેવળ મન જ વિષયોના રાગથી રહિત છે એવું નથી, કિંતુ આપના શરીરમાં રહેલું લોહી પણ રાગથી (=લાલ રંગથી) રહિત છે, એથી જ સારા[1] દૂધની ધારા સમાન (સફેદ) છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—સહજ અતિશયના મહિમાથી જ ભગવાનના શરીરમાં લોહી દૂધધારા જેવું સફેદ હોય છે. પણ જાણે કે ભગવાનને રાગનો નિગ્રહ કરવાના આગ્રહવાળા જાણીને મનમાં ભય પામેલા લોહીએ રાગને=રંગને છોડી દીધો. (૫).

૧. मुग्ध=સારું.

વળી—

**जगद्विलक्षणं किंवा, तवान्यद्वक्तुमीश्महे ।**
**यदविस्त्रमबीभत्सं, शुभ्रं मांसमपि प्रभो ! ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**प्रभो**-હે પ્રભુ !, **वा**-અથવા, **तव**-આપની, **जगद्विलक्षणं**-જગતના જીવોમાં ન હોય તેવી અસાધારણ,-**अन्यद्** -બીજી વિશેષતાઓ, **वक्तुं**-કહેવાને, **किं**-શું, **ईश्महे ?**-અમે સમર્થ છીએ ? નથી., **यद्**-કારણ કે, **मांसमपि**-આપના શરીરનું માંસ પણ, **अबीभत्सं**-અજુગુપ્સનીય અને, **अविस्त्रम्**-સુગંધી, **शुभ्रं**-સફેદ હોય છે.

હે પ્રભુ ! હે ભુવનાધિનાથ ભગવન્ ! અથવા સ્તુતિ કરનારા અમે ભેગા થઇને પણ જગતથી વિલક્ષણ એવા (=જગતમાં બીજા કોઇમાં ન હોય તેવા) આપના રૂપ, લાવણ્ય, બલ, કલાકૌશલ્ય, દાન, ધ્યાન વગેરે બીજા કેટલા ગુણગણનું વર્ણન કરવા સમર્થ થઇએ ?

કારણ કે આપની દેહધાતુઓમાં જે માંસ છે તે પણ જગતથી વિલક્ષણ છે. તે આ પ્રમાણે-માંસ દુર્ગંધી, જુગુપ્સનીય અને લાલ હોય છે. પણ આપનું તો માંસ પણ દુર્ગન્ધરહિત=શ્રેષ્ઠસુગંધથી યુક્ત, અજુગુપ્સનીય અને સમુદ્રના ફીણના પિંડ જેવું સફેદ હોય છે. આથી આપની દેહધાતુઓ પણ જગતથી વિલક્ષણ છે. તો બીજું શું લોકોત્તર નહિ હોય ? (૬)

**जलस्थलसमुद्भूताः, सन्त्यज्य सुमनःस्त्रजः ।**
**तव निःश्वाससौरभ्य-मनुयान्ति मधुव्रताः ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **मधुव्रताः**-ભમરાઓ, **जलस्थलसमुद्भूताः**-જળમાં અને જમીન ઉપર ઉત્પન્ન થયેલી, **सुमनः स्त्रजः**-પુષ્પમાળાઓને, **सन्त्यज्य**-છોડીને, **तव**-આપના, **निःश्वाससौरभ्यम्**-શ્વાસની સુગંધ તરફ, **अनुयान्ति**-આવે છે.

જગતમાં અપરિમિત મહિમાવાળા હે સ્વામી ! ભમરાઓ આપના શ્વાસની (=મુખના વાયુની) સુગંધ તરફ ઉત્સુકતાપૂર્વક ચારે બાજુથી આવે છે.

કદાચ ત્યાં ફેલાતી સુગંધથી સુંદર બીજો કોઇ વસ્તુ સમૂહ હશે એથી ભમરાઓ આવતા હશે એવી આશંકાને દૂર કરવા કહે છે-જળમાં અને સ્થળમાં ઉત્પન્ન થયેલાં પુષ્પોની માળાઓને છોડીને ભમરાઓ શ્વાસની સુગંધ તરફ આવે છે. તેમાં પુંડરીક (ધોળું કમળ), કમલ, કુવલય (=નીલ કમલ), કુમુદ (=ચંદ્રવિકાસી કમળ) વગેરે જલમાં થનારાં પુષ્પો છે. તિલક (=મરવો), ચંપક, અશોક, કેતક (=કેવડો), બકુલ, માલતી, પાટલ (=ગુલાબ) વગેરે પુષ્પો સ્થળમાં થનારાં છે. સુગંધનો વિશેષ વિચાર કરવામાં (=સુગંધની પરીક્ષા કરવામાં) ભમરાઓથી બીજાઓ ચતુર નથી. તે ભમરાઓ પણ પુષ્પમાળાઓને છોડીને આપના મુખની સુગંધ તરફ આવે છે તેથી આપનું મુખ જ સુગંધયુક્ત વસ્તુઓમાં શ્રેષ્ઠ છે.

જો કે અહીં ગૂંથેલાં પુષ્પો જ માળા શબ્દથી કહી શકાય, તો પણ પુષ્પો અત્યંત ભેગા હોવાથી પુષ્પોની માળા જેવી માળા હોવાથી "પુષ્પોની માળા" એમ કહેવામાં દોષ નથી. (૭)

**ચોથા સહજ અતિશયને કહે છે-**

**लोकोत्तरचमत्कार-करी तव भवस्थितिः ।**
**यतो नाहारनीहारौ, गोचरश्चर्मचक्षुषाम् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિભુ ! **तव**-આપની, **भवस्थितिः**-તીર્થંકર ભવની મર્યાદા, **लोकोत्तरचमत्कारकरी**-અલૌકિક આશ્ચર્ય કરનારી છે, **यतः**-કારણ કે, **आहारनीहारौ**-આપના આહાર અને નીહાર (ઝાડો-પેશાબ), **चर्मचक्षुषाम्**-ચર્મની ચક્ષુવાળાઓના, **गोचरः**-વિષય, **न**-બનતા નથી.

હે સર્વ આશ્ચર્યોના નિધાન ભગવન્ ! સર્વ કર્મરૂપ ક્લેશની જાળને મૂળ સહિત ઉખેડી નાખવાથી (=કાપી નાખવાથી) આપની ફરી નહિ થનારી ભવસ્થિતિ તો આશ્ચર્ય કરનારી છે જ, કિંતુ સકલ લોકમાં સાધારણ એવી ભવસ્થિતિ (=તીર્થંકરભવની મર્યાદા) પણ અલૌકિક આશ્ચર્ય કરનારી છે. કારણ કે જન્મથી આરંભી મોક્ષપદની પ્રાપ્તિ સુધી આપના આહાર અને નીહાર (=ઝાડો-પેશાબ) વિશિષ્ટજ્ઞાનરૂપ લોચનથી રહિત એવા ચર્મચક્ષુવાળાઓના વિષય બનતા નથી,

અર્થાત્ ચર્મચક્ષુવાળા કોઇ જીવને આપના આહાર-નીહાર [1]દેખાતા નથી.

**પ્રશ્ન :-** અહીં શ્લોકમાં नाहारनीहारौ गोचरौ चर्मचक्षुषाम् એમ પ્રયોગ કરવો જોઇએ, તેના બદલે "नाहारनीहारौ गोचरश्चर्मचक्षुषाम्" એમ પ્રયોગ કરવામાં દોષ નથી ?

**ઉત્તર :-** गोचर શબ્દ ગૂંથાયેલા (=નિત્ય થયેલા) લિંગવાળો હોવાથી, અર્થાત્ गोचर શબ્દનો પુલિંગમાં જ પ્રયોગ થતો હોવાથી, વચનભેદ વિશિષ્ટ શ્લોકરચનાની સુંદરતાનું કારણ છે. नाहारनीहारौ गोचरौ चर्मचक्षुषाम् એવી રચના કરતાં नाहारनीहारौ गोचरश्चर्मचक्षुषाम् એ રચના વધારે સુંદર છે. આથી આમાં કોઇ દોષ નથી.

અહીં કહેલા ચાર અતિશયની સાથે નીચેના ઋષિવચનનો સંવાદ થાય છે=ઋષિવચન સંગત થાય છે. "ભગવાનનું શરીર નિર્મલ, સુગંધવાળું, રોગ અને પસીનાથી રહિત, રૂપાળું હોય છે. લોહી ગાયના દૂધની ધારા જેવું સફેદ હોય છે. માંસ દુર્ગંધ રહિત શ્વેત હોય છે. આહાર-નીહાર માંસમયનેત્રોવાળાને અદશ્ય હોય છે. શ્વાસ સદા સુગંધી હોય છે. આ ગુણો જન્મથી હોય છે." (૮)

## तृतीयप्रकाशः

**સ્તુતિકાર આ પ્રમાણે સ્વામીના સહજ અતિશયોને કહીને હવે સર્વ વિરતિના સ્વીકાર પછી અતિશય તીવ્રતપરૂપી પવનથી અતિશય વૃદ્ધિ પામેલ પ્રબલ શુક્લધ્યાનરૂપ અગ્નિથી જેણે સર્વઘાતી કર્મરૂપ કાષ્ઠોને ભસ્મ કરી નાખ્યા છે એવા સ્વામીના જ તરત (=ઘાતીકર્મના ક્ષય પછી તરત) ઉત્પન્ન થયેલા અગિયાર અતિશયોને ત્રીજા પ્રકાશથી કહે છે—**

**सर्वाभिमुख्यतो नाथ, तीर्थकृन्नामकर्मजात् ।**
**सर्वथा सम्मुखीनस्त्वमानन्दयसि यत्प्रजाः ॥१॥**

---

૧. અવચૂરિમાં आहारनीहारौ भोजनोत्सर्गौविधी તથા અભિ. ચિંતા. કોશમાં "आहारनीहारविधिस्त्वदृश्यः" એમ આહાર-નીહારની ક્રિયા અદશ્ય કહી છે. આથી આહાર-નીહાર દેખાય, પણ આહાર-નીહારની ક્રિયા ન દેખાય એમ જણાય છે.

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**સર્વાભિમુખ્યતા—**

**नाथ**-હે નાથ ! (કેવળજ્ઞાનરૂપ પ્રકાશથી), **सर्वथा**-સર્વ દિશાઓમાં, **सम्मुखीनः**-સન્મુખ રહેલા, **त्वम्**-આપ, **तीर्थकृन्नामकर्मजात्**-તીર્થંકર નામ કર્મથી થયેલા, **सर्वाभिमुख्यतो**-સર્વાભિમુખ્યતા (સર્વ દિશાઓમાં સન્મુખ રૂપ) અતિશયથી, **प्रजाः**-મનુષ્ય, દેવ વગેરે લોકોને, **आनन्दयसि**-આનંદ પમાડો છો.

જેમને ઇંદ્રો પણ પ્રેમથી પ્રણામ કરે છે એવા હે નાથ ! [1]તીર્થંકર નામ કર્મથી થયેલા અને એથી જ પરમ અરિહંત પદની સાથે રહેનારા સર્વાભિમુખ્યતા (=સર્વ દિશાઓની સન્મુખ થવું તે) અતિશયથી ચારે બાજુ ફેલાતા કેવલજ્ઞાનના પ્રકાશ વડે સર્વ દિશાઓમાં સન્મુખ રહેલા આપ તિર્યંચ, મનુષ્ય, દેવ વગેરે લોકોને પ્રતિક્ષણ પરમ આનંદથી પૂર્ણ અંત:કરણવાળા કરો છો.[2]

**અહીં તાત્પર્ય આ પ્રમાણે છે**—સારા સ્વામીઓને સુ-આભિમુખ્ય (=બીજાઓને અનુકૂળ બનીને આનંદ પમાડવો તે) અગણ્ય પુણ્યથી પ્રાપ્ત થાય છે. તે (=સુઆભિમુખ્ય) તેવા પ્રકારના શુભકર્મના સમૂહથી ઉત્પન્ન થાય તો પણ બે-ત્રણને કે પાંચ-છને થાય છે, અર્થાત્ બે-ત્રણને કે પાંચ-છને અનુકૂળ બનીને આનંદ પમાડે છે. પણ આપ તો પિતાની જેમ પોતાની પ્રજા ઉપર સમદૃષ્ટિ રાખીને એકી સાથે ક્રોડો પણ તિર્યંચ, મનુષ્ય, દેવ વગેરેને સદા આનંદ પમાડો છો. આથી અહો ! આપના યોગસામ્રાજ્યનો મહિમા !

---

૧. અન્ય ગ્રંથોમાં (પ્રસ્તુત ગ્રંથકાર પ્રણીત અ. ચિં. કોશમાં પણ) આ અતિશયનો ઉલ્લેખ નથી. અન્ય ગ્રંથોમાં કર્મક્ષયજન્ય અગિયાર અતિશયોની સંખ્યામાં અતિવૃષ્ટિ અને અવૃષ્ટિ એ બે અતિશયો જુદા ગણ્યા છે. જ્યારે અહીં એ બે અતિશયોને એક જ ગણીને સર્વાભિમુખ્યતા અતિશય સહિત અગિયાર અતિશયો જણાવ્યાં છે. અહીં પ્રથમ શ્લોકથી અગિયારમા શ્લોક સુધી દરેક શ્લોકમાં એક એક અતિશયનું વર્ણન છે.

૨. પ્રથમ શ્લોકથી અગિયારમા શ્લોક સુધી દરેક શ્લોકમાં "यद्" શબ્દનો પ્રયોગ છે. તેનો સંબંધ બારમા શ્લોકમાં "स एष" સાથે છે. પ્રસ્તુત અનુવાદમાં यद् શબ્દનો અનુવાદ કર્યો નથી. આથી દરેક શ્લોકમાં यद् નો 'જે' અર્થ સ્વયં સમજી લેવો. જે આ કહેવાનું શરૂ કર્યું છે તે આ સઘળાય આપના જ જ્ઞાનાદિ ત્રણ યોગ રૂપ સામ્રાજ્યનો મહિમા છે એમ કુલકના અંત્ય (બારમા) શ્લોકની સાથે સંબંધ છે. એક સાથે સંબંધવાળા પાંચ વગેરે શ્લોકના સમુદાયને કુલક કહેવામાં આવે છે. कलापकं चतुर्भिश्च तदूर्ध्वं कुलकं मतम् ।

અહીં કેટલાકો ભગવાનની દેશના સમયે થતી ચતુર્મુખતાને સર્વાભિમુખ્યતા કહે છે. પણ તે સર્વાભિમુખ્યતા દેવકૃત હોવાથી દેવકૃત અતિશયોમાં આગળ કહેવાની હોવાથી કર્મક્ષયજન્ય આ અતિશયોમાં તેનું કથન સંગત બનતું નથી. (૧)

**તથા—**

**यद्योजनप्रमाणेऽपि, धर्मदेशनसद्मनि ।**
**सम्मान्ति कोटिशस्तिर्यग्-नृदेवाः सपरिच्छदाः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**યોજનમાં ક્રોડોનો સમાવેશ—**

હે વીતરાગ !, **योजनप्रमाणे** એક યોજન પ્રમાણ, **अपि**-પણ, **धर्मदेशनसद्मनि**-સમવસરણમાં, **सपरिच्छदाः**-(પોત પોતાના) પરિવાર સહિત, **कोटिशस्तिर्यग्नृदेवाः**-ક્રોડો તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓ, **सम्मान्ति**-સમાય છે.

એક યોજન પ્રમાણ ધર્મદેશનામંદિરમાં પરિવાર સહિત ક્રોડો તિર્યંચો, મનુષ્યો, અને દેવતાઓ સમાય છે=એક બીજાને પીડા ન થાય તેમ સુખપૂર્વક બેસે છે.

**ધર્મદેશનામંદિર—** ધર્મના સર્વ સંયમ અને દેશ સંયમ એમ બે પ્રકાર છે. તેમાં સર્વ સંયમ (ક્ષમા વગેરે) દશ પ્રકારનો છે. અને દેશસંયમ (સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વગેરે) બાર પ્રકારનો છે. આ ધર્મ જ્યાં સારી રીતે કહેવાય તે ધર્મદેશનામંદિર. તે ધર્મદેશનામંદિર સુર-અસુરોએ બનાવેલું અને ત્રણલોકનું આભૂષણ રૂપ સમવસરણ જ છે. કદાચ તે થોડા જ હશે એમ કોઇને વિચાર આવે. માટે અહીં 'ક્રોડો' એમ કહ્યું. ક્રોડો પણ કદાચ એકલા જ હોય એમ કોઇને વિચાર આવે. માટે અહીં "પરિવાર સહિત" =પોત-પોતાના પરિવાર સહિત એમ કહ્યું. તો પછી દેશનાનું મંદિર સો યોજન વગેરે ઘણા વિસ્તારવાળું હશે એમ કોઇને વિચાર આવે. માટે અહીં "એક[1] યોજન પ્રમાણ" એમ કહ્યું. આટલા પણ ક્ષેત્રમાં ક્રોડો સપરિવાર તિર્યંચ, મનુષ્ય અને દેવો એકી સાથે પીડા વિના સમાઇ જાય તે સઘળો ય આપની જ યોગસમૃદ્ધિનો અતિશય ઉત્કર્ષ છે. (૨)

---

૧. गव्यूतिद्वयमात्रविस्तारे અહીં गव्यूति એટલે બે ગાઉ. આથી બે ગવ્યૂતિ એટલે ચાર ગાઉ થાય. એક યોજન કે બે ગવ્યૂતિ એ બંનેનો એક જ અર્થ થાય છે. गव्यूति શબ્દના એક ગાઉ અને બે ગાઉ એમ બે અર્થો છે. તેમાં અહીં બે ગાઉ અર્થ વિવક્ષિત છે.

વળી—

**तेषामेव स्वस्वभाषा-परिणाममनोहरं ।**
**अप्येकरूपं वचनं, यत्ते धर्मावबोधकृत् ।।३।।**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**સ્વસ્વભાષામાં બોધ—**

હે જિનેશ્વર !, **ते**-આપની, **एकरूपं**-એક જ પ્રકારની=એક જ (અર્ધમાગધી) ભાષામાં કહેલી, **अपि**-પણ, **वचनं**-વાણી, **तेषामेव**-તિર્યંચો, મનુષ્યો અને દેવોને તેમની જ, **स्वस्वभाषापरिणाममनोहरम्**-પોતપોતાની ભાષામાં પરિણમવાથી રમ્ય લાગે છે અને, **धर्मावबोधकृत्**-ધર્મનો બોધ કરનારી બને છે.

હે વિશ્વજનહિતકર ! આપની એક જ પ્રકારની ભાષામાં કહેલી પણ વાણી સમવસરણમાં રહેલા તિર્યંચો, મનુષ્યો અને દેવોને પોતપોતાની જાતિને અનુરૂપ જે ભાષા તે ભાષામાં પરિણમવાથી મનોહર લાગે છે અને ધર્મનો બોધ કરાવનારી=ધર્મના સમ્યગ્ બોધનું કારણ બને છે.

ભગવાનની વાણી પાંત્રીશ ગુણોથી યુક્ત અને અર્ધમાગધી હોય છે. એકજ પ્રકારની ભાષા તિર્યંચો વગેરેને પોતપોતાની ભાષામાં પરિણમે એ અંગે કહ્યું છે કે **"ભગવાનની વાણીને દેવો દેવની ભાષા છે, મનુષ્યો મનુષ્યની ભાષા છે, ભિલ્લો ભિલ્લની ભાષા છે, તિર્યંચો પણ તિર્યંચની ભાષા છે, એમ જાણે છે."**

સર્વ જીવોને પોતપોતાની ભાષામાં સમજાય છે એમ કહેવાથી કદાચ કોઇ એમ માની લે કે ભગવાન જુદી જુદી ભાષામાં કહેતા હશે, આથી અહીં "એક જ પ્રકારની ભાષામાં કહેલી પણ વાણી" એમ કહ્યું.

એક યોજન સુધી ફેલાનારી અને સર્વભાષામાં પરિણમેલી એક પ્રકારની પણ વાણીથી એકી સાથે સર્વ તિર્યંચો, મનુષ્યો અને દેવોને આપ ધર્મનો સમ્યગ્ બોધ કરો છો તે આપની જ યોગસમૃદ્ધિનો વિલાસ છે. (૩)

વળી—

**साग्रेऽपि योजनशते, पूर्वोत्पन्ना गदाम्बुदाः ।**
**यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ।।४।।**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**રોગનાશ—**

હે સર્વજ્ઞ ! **त्वद्विहारानिलोर्मिभि:**-આપના વિહારરૂપ પવનની લહરીઓથી, **साग्रेऽपि**-સવાસો યોજન સુધીમાં પણ, **पूर्वोत्पन्ना:**-છ મહિના પહેલાં ઉત્પન્ન થયેલા, **गदाम्बुदा:**-રોગરૂપ વાદળો, **अञ्जसा**-તુરત, **विलीयन्ते**-વિનાશ પામે છે.

આપના વિહારરૂપ પવનની લહરીઓથી સવાસો[1] યોજન સુધીમાં પણ છ મહિના પહેલાં ઉત્પન્ન થયેલા રોગરૂપ વાદળો તરત સંપૂર્ણપણે નાશ પામે છે.[2]

વાદળો પહેલાં નાના હોય છે, પછી તેવી સામગ્રીના સંયોગથી ફેલાય છે=મોટા થાય છે, તેમ રોગો પણ પહેલાં નાના હોય છે, પછી તેવી સામગ્રીના સંયોગથી ફેલાય છે=મોટા થાય છે. માટે રોગો વાદળ જેવા વાદળ છે.

જેમ વાયુ અપ્રતિબદ્ધ હોય છે=ક્યાંય સ્થિર રહેતો નથી, તેમ ભગવાનનો વિહાર પણ (દ્રવ્યાદિથી) અપ્રતિબદ્ધ હોય છે. માટે વિહાર વાયુ જેવો વાયુ છે.

પવનની લહરીઓથી વાદળોનો વિનાશ થાય છે એ સમુચિત=ઘટે તેવું છે. આપના વિહારથી આ પ્રમાણે રોગોનો નાશ થાય છે તે આપની જ યોગ સમૃદ્ધિનો વિલાસ છે. (૪)

**વળી—**

**नाविर्भवन्ति यद् भूमौ, मूषका: शलभा: शुका: ।**
**क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतय: ।।५।।**

---

૧. साग्रे=અગ્ર સહિત. અગ્ર એટલે ચોથો ભાગ. સો યોજનનો ચોથો ભાગ પચીસ યોજન. આમ સવાસો યોજન થાય. તેમાં પૂર્વ આદિ દરેક દિશામાં ૨૫-૨૫ યોજન અને ઉપર નીચે સાડાબાર-સાડાબાર યોજન. એ રીતે સવાસો યોજન ગણાય. "साग्रेऽपि योजनशते" એ પદોનો ૧૦મા શ્લોક સુધી સંબંધ છે કારણ કે રોગનાશથી પ્રારંભીને દુષ્કાળનો અભાવ સુધીના બધા અતિશયોની મર્યાદા ૧૨૫ યોજન છે.

૨. ઉપલક્ષણથી છ મહિના સુધી નવા રોગો ઉત્પન્ન થતા નથી. એ પ્રમાણે ઇતિ, મારિ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, સ્વ-પરચક્રભય અને દુર્ભિક્ષ એ સાત ઉપદ્રવો પણ ભગવાનના આગમનથી છ મહિના પહેલાં થયા હોય તો નાશ પામે અને છ મહિના સુધી ન થાય. ભગવાન બિરાજમાન હોય ત્યાં સુધી જાતિવેર કે પૂર્વભવનું વેર પણ નાશ પામે છે અને નવું વેર થતું નથી.

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**ઇતિનો અભાવ—**

હે જગત્પ્રભુ ! **इव**-જેમ, **क्षणेन क्षितिपक्षिप्ता**:-રાજાએ ક્ષણમાં = ઉત્પન્ન થતાંની સાથે જ દૂર કરેલા, **अनीतय**:-અન્યાયો, **न आविर्भवन्ति**-ફરી થતા નથી, તેમ (આપના વિહારથી), **भूमौ**-વિહારભૂમિમાં, **मूषका**:-ઉંદરો, **शलभा**:-તીડો, અને, **शुका**:-પોપટો-સૂડા એ ત્રણ, **इतय**:-ઉપદ્રવો પ્રગટ થતા નથી.

જેવી રીતે ધર્મથી વિજય મેળવનારા રાજા વડે ક્ષણમાં (=ઉત્પન્ન થતાંની સાથે જ) દૂર કરાયેલા અધર્માચરણો ફરી થતાં નથી, તેમ ભુવનબાંધવ એવા આપના વિહારથી ભૂમિમાં સર્વ ધાન્યરૂપ સંપત્તિનો નાશ કરવામાં તત્પર એવા ઉંદરો, તીડો અને પોપટો (=સુડા) એ ત્રણ ઉપદ્રવો પ્રગટ થતા નથી. અહો ! આપના યોગની મહત્તા ! (૫)

**स्त्रीक्षेत्रपद्रादिभवो, यद्वैराग्निः प्रशाम्यति ।**

**त्वत्कृपापुष्करावर्त्त-वर्षादिव भुवस्तले ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**વૈરનો અભાવ—**

હે દેવાધિદેવ ! **इव**-જાણે, **त्वत्कृपापुष्करावर्त्तवर्षात्**-આપની કરુણારૂપ પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી ન હોય તેમ, (આપના વિહારથી), **भुव**:-ભૂમિ, **तले**-ઉપર, **स्त्रीक्षेत्रपद्रादिभवो**-સ્ત્રી, ભૂમિ, નગર આદિના કારણે ઉત્પન્ન થયેલ, **वैराग्नि**:-વેરરૂપ અગ્નિ, **प्रशाम्यति**-પ્રશાંત થાય છે.

જાણે આપની સર્વ જીવો વિષે સાધારણ અને (એથી જ) કારણ રહિત કરુણા રૂપ પુષ્કરાવર્ત મેઘની વૃષ્ટિથી ન હોય તેમ આપના વિહારથી આ પૃથ્વી ઉપર સ્ત્રી, ધાન્યની ઉત્પત્તિ થાય તેવા ક્ષેત્રો, ગામ-નગર આદિની સન્નિવેશભૂમિઓ=ગામ-નગરની બહાર લોકો વસતા હોય તેવી ભૂમિઓ અને કુટુંબ આદિના કારણે ઉત્પન્ન થયેલ વૈરરૂપ અગ્નિ પ્રશાંત થાય છે.

જેમ અગ્નિ સંતાપ ઉત્પન્ન કરે છે, તેમ વૈર સ્વ-પરને સંતાપ ઉત્પન્ન કરે છે. માટે વૈર અગ્નિ જેવો અગ્નિ છે.

સ્ત્રી વગેરેથી રામ-રાવણ અને પાંડવ-કૌરવોની જેમ કુલનાશનું કારણ વૈરાનુબંધ થાય જ છે. પુષ્કરાવર્તમેઘની જેમ કરુણા જગતના જીવસમૂહનું જીવન હોવાથી કરુણા પુષ્કરાવર્ત જેવી છે.

કાષ્ઠ વગેરેના સંઘર્ષથી થયેલો અગ્નિ સામાન્ય વર્ષાદની માત્ર ધારાના સારથી (=પાણીથી) જ શાંત થઇ જાય છે. આ પ્રબલ વૈરાનુબંધ રૂપ અગ્નિને શાંત કરવાનો આપની કૃપા રૂપ પુષ્કરાવર્ત સિવાય બીજો કયો ઉપાય છે ?

જે આ પ્રમાણે વૈરાગ્નિ શાંત થાય છે તે આપની જ યોગસંપત્તિનો ઉત્કર્ષ છે. (૬)

**त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेदडिण्डिमे ।**
**सम्भवन्ति न यन्नाथ, मारयो भुवनारयः ।।७।।**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**મારિનો અભાવ—**

**नाथ**-હે નાથ !, **अशिवोच्छेदडिण्डिमे**-ઉપદ્રવોના નાશ માટે પટહની ઉદ્‌ઘોષણા સમાન, **त्वत्प्रभावे**-આપનો પ્રભાવ, **भुवि**-પૃથ્વી ઉપર, **भ्राम्यति**-પ્રસરતાં, **भुवनारयः**-જગતના શત્રુરૂપ, **मारयः**-ક્રૂરગ્રહ, દુષ્ટભૂત, ડાકણ, પ્લેગરોગ આદિના કારણે અકાળ મરણો; **न सम्भवन्ति**-થતાં નથી.

હે કૃપાસાગર નાથ ! અકલ્યાણનો નાશ કરવા માટે[1] પટહની ઉદ્‌ઘોષણા સમાન આપનો પ્રભાવ પૃથ્વી ઉપર નિરંકુશ પ્રસરતાં વિશ્વજનના નિષ્કારણ શત્રુરૂપ ક્રૂરગ્રહ, દુષ્ટભૂત, મુદ્‌ગલ (=મ્લેચ્છની જાતિ વિશેષ), ડાકણ અને પ્લેગ વગેરે રોગ આદિના કારણે અકાળ મરણો થતાં નથી, તેમની સંભાવના માત્ર પણ ઘટતી નથી. અકાલ મરણો અકલ્યાણ રૂપ છે.

આ પ્રમાણે આ અતિશય પણ આપની જ યોગ સમૃદ્ધિની [2]પ્રતિબંધરહિત મહત્તા છે. जगद्विलक्षणाक्षीणशुभलक्षणखने:=ભગવાન જગતથી વિલક્ષણ અને

---

૧. પહેલાં પકડાયેલા શત્રુ વગેરેનો નાશ પટહની ઉદ્‌ઘોષણા કરાવીને લોકસમક્ષ થતો હતો. પ્રસ્તુતમાં મારિરૂપ શત્રુનો નાશ થાય છે. આથી अशिवो० એમ કહ્યું છે.

૨. अवग्रह=પ્રતિબંધ. निरवग्रह=પ્રતિબંધ રહિત.

અવિનાશી એવાં શુભલક્ષણોની ખાણ છે. (૭)

**कामवर्षिणि लोकानां, त्वयि विश्वैकवत्सले ।**
**अतिवृष्टिरवृष्टिर्वा, भवेद् यन्नोपतापकृत् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**અવૃષ્ટિ-અનાવૃષ્ટિનો અભાવ—**

હે કરુણાસિંધુ ! **लोकानां**-જીવોના, **कामवर्षिणि**-વાંછિતોને વર્ષાવનાર અને, **विश्वैकवत्सले**-વિશ્વના સઘળા ય જીવો ઉપર અદ્વિતીય વાત્સલ્યભાવવાળા, **त्वयि**-આપની પધરામણી થતાં, **उपतापकृत्**-સંતાપ કરનારી, **अतिवृष्टिः**-અતિવૃષ્ટિ (જરૂરિયાતથી અતિશય વધારે વર્ષાદ કે અકાળે વર્ષાદ), **वा**-કે, **अवृष्टिः**-અવૃષ્ટિ (જરૂરિયાતથી અતિશય ઓછો વર્ષાદ કે બિલકુલ વર્ષાદનો અભાવ) **न भवेद्**-ન થાય.

[1]લોકોના વાંછિતોને વર્ષાવનારા (=સ્નેહીજનના મનઃસંકલ્પિત પદાર્થોને વિસ્તારવામાં ચતુર) અને વિશ્વના સઘળાય જીવો ઉપર અસાધારણ વાત્સલ્યભાવવાળા (=ઉપકાર ન કરનાર ઉપર પણ ઉપકાર કરનારા) આપ સ્વચરણોના પ્રચારથી પૃથ્વીતલને પવિત્ર કરી રહ્યા હો ત્યારે વિશ્વને સંતાપ કરનારી અતિવૃષ્ટિ (=જરૂરિયાતથી વધારે વર્ષાદ), અકાલવૃષ્ટિ, વર્ષાદનો સમય થવા છતાં વર્ષાદનો અભાવ અને અશુભ સૂચક ધૂલવૃષ્ટિ વગેરે અશુભવૃષ્ટિ થતી નથી. અતિવૃષ્ટિ વગેરે ધાન્યનો અને ઔષધિના પાકનો નાશ કરનાર હોવાથી વિશ્વને સંતાપ કરે છે.

ભગવાન ઉપકાર ન કરનારાઓ ઉપર પણ ઉપકાર કરનારા હોવાથી લોકોના વાંછિતોને વર્ષાવનારા છે.

અતિવૃષ્ટિ આદિનું અટકવું એ પણ આપની યોગ સમૃદ્ધિનો જ વિલાસ છે. (૮)

---

૧. विमलाकेवला० અને त्रिजगद्गुरौ એ બે પદોનો અર્થ વાક્યની ક્લિષ્ટતાના કારણે અનુવાદમાં કર્યો નથી.

તથા—

**स्वराष्ट्रपरराष्ट्रेभ्यो, यत् क्षुद्रोपद्रवा द्रुतम् ।**
**विद्रवन्ति त्वत्प्रभावात्, सिंहनादादिव द्विपाः ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**સ્વ-પર ચક્રના ભયનો અભાવ—**

હે પુરુષોત્તમ ! **इव**-જેમ, **सिंहनादात्**-સિંહ ગર્જનાથી, **द्विपाः**-હાથીઓ, **विद्रवन्ति**-ત્રાસ પામે છે તેમ, **त्वत्प्रभावात्**-આપના પ્રભાવથી, **स्वराष्ट्र-परराष्ट्रेभ्यो**-સ્વરાજ્ય-પરરાજ્યથી ઉત્પન્ન થતા, **क्षुद्रोपद्रवाः**-રહેવાનું સ્થાન ન રહે, ધન લૂંટાઇ જાય, મિત્રાદિનો વિયોગ થાય, પ્રાણ ચાલ્યા જાય વગેરે ક્ષુદ્ર ઉપદ્રવો, **द्रुतम्**-તુરત, **विद्रवन्ति**-નાશ પામે છે.

જેમ સિંહગર્જનાથી (=જાગેલા સિંહના રૌદ્ર અવાજથી) મદયુક્તહાથીઓ ક્ષણવારમાં જુદી જુદી દિશાઓમાં જતા રહે છે તેવી રીતે સ્વરાજ્ય-પરરાજ્યથી ઉત્પન્ન થતા "રહેવાનું સ્થાન ન રહે, ધન લૂંટાઇ જાય, મિત્રાદિનો વિયોગ થાય, પ્રાણ ચાલ્યા જાય વગેરે" ક્ષુદ્ર ઉપદ્રવો સકલ મંગલના મૂલઘર એવા આપ ભવ્ય જીવોના અનુગ્રહ માટે પૃથ્વી ઉપર વિહાર કરી રહ્યા હો ત્યારે આપના અચિંત્ય પ્રભાવથી તુરત નાશ પામે છે.

અયોગ્ય લોભની વ્યાકુળતાથી જેમણે મર્યાદાનો લોપ કરી નાખ્યો છે તેવા સ્વદેશના રાજાઓથી અને બળના અભિમાનથી (સ્વમર્યાદાથી) ચલિત થયેલા શત્રુ રાજાઓથી જીવોને ક્ષુદ્ર ઉપદ્રવો ડગલેને પગલે સુલભ જ છે.

આ ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ પણ આપની યોગ સમૃદ્ધિ સિવાય બીજા કોઇનું કાર્ય નથી. (૯)

**यत्क्षीयते च दुर्भिक्षं, क्षितौ विहरति त्वयि ।**
**सर्वाद्भुतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ॥१०॥**

૧૦) અન્વય સહિત શબ્દાર્થ—

**દુર્ભિક્ષનો અભાવ—**

**सर्वाद्भुतप्रभावाढ्ये**-આશ્ચર્યકારી સઘળા પ્રભાવોથી સમૃદ્ધ અને, **जङ्गमे**-જંગમ, **कल्पपादपे**-કલ્પવૃક્ષ સમાન, **त्वयि**-આપનો, **विहरति**-વિહાર થતાં, **क्षितौ**-પૃથ્વી ઉપર, **दुर्भिक्षं**-દુકાળ, **क्षीयते**-ક્ષય પામે છે.

હે જગત્પૂજ્ય ! સર્વથી અધિક આશ્ચર્યકારી પ્રભાવથી સમૃદ્ધ અને જંગમ કલ્પવૃક્ષ સમાન આપ વિહારયોગથી પૃથ્વીતલને અલંકૃત કરી રહ્યા હો ત્યારે પૃથ્વીમંડલમાં પરિગ્રહને ભેગો કરવો=વધારવો વગેરે દોષોની સાથે દુર્ભિક્ષ નાશ પામે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—સ્થાવર પણ કલ્પવૃક્ષ તેવા પ્રકારના દેવતા આદિના સંનિધાનથી અર્થિજનસમૂહના મનોરથોને વિસ્તારવા વડે પ્રભાવથી સમૃદ્ધ હોય છે, જ્યારે ભગવાન તો આ લોક અને પરલોકના સર્વ પ્રકારનાં લાખો સુખોનો સંયોગ કરાવનાર જંગમ કલ્પવૃક્ષ છે. આથી તેમનું સર્વથી અધિક આશ્ચર્યકારી પ્રભાવથી સમૃદ્ધપણું સમુચિત છે.

દુર્ભિક્ષ સઘળા દરિદ્રગણને ગળી જવા માટે રાક્ષસ સમાન છે. જ્યાં ભિક્ષા પણ દુર્લભ છે તે દુર્ભિક્ષ. આવી વ્યુત્પત્તિથી દુર્ભિક્ષ એવું નામ સાન્વર્થ છે=બંધ બેસતા અર્થવાળું છે. જંગમ એટલે ગમનાગમન કરનાર. સ્થાવર એટલે ગમનાગમન ન કરનાર=એક જ સ્થળે રહેનાર.

કલ્પવૃક્ષના પ્રચારને આગળ કર્યે છતે પૃથ્વીમાં દુર્ભિક્ષનો ક્ષય થાય એ સમુચિત (=સંગત) છે. અહો ! આપના યોગરહસ્યનું લીલાપૂર્વક આચરણ[1] ! (૧૦).

**यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम् ।**
**मा भूद्वपुर्दुरालोक-मितीवोत्पिण्डितं महः ॥११॥**

૧૧) અન્વય સહિત શબ્દાર્થ—

**ભામંડલ**—

હે વિશ્વેશ ! **मूर्ध्नः**-મસ્તકના, **पश्चिमे**-પાછળના, **भागे**-ભાગમાં, **जितमार्त्तण्ड-मण्डलम्**-સૂર્યબિંબને જીતનાર=સૂર્યથી અધિક તેજસ્વી, **महः**-તેજ (ભામંડલ) રહેલું છે.

---

૧. लीलायितं એ लीलया आचरतीति लीलायति એમ નામધાતુનો કર્મણિ ભૂતકૃદંતનો પ્રયોગ છે.

અહીં કવિ કલ્પના કરે છે કે—**इव**-જાણે કે, **वपुः**-ભગવાનનું શરીર, **दुरालोकं**-કષ્ટથી જોઇ શકાય તેવું, **मा भूत्**-ન થાય, **इति**-એટલા માટે, **महः**-ભગવાનના શરીરનું તેજ, **उत्पिण्डितं**-દેવોએ એકઠું કરીને મૂક્યું ન હોય ?

હે અતિશયયુક્ત સર્વમુનિલોકમાં અગ્રેસર ! સ્વતેજથી સૂર્યમંડલને જેણે તૃણ (=ઝાંખુ) કરી નાખ્યું છે એવું ભામંડલ આપના મસ્તકના પાછળના ભાગમાં પ્રકાશે છે. ભામંડલ સ્વામીના ઘાતીકર્મના ક્ષયની સાથે થનારું હોવા છતાં સ્તુતિકાર કલ્પના કરે છે કે-પરિમિત કિરણોની માળાવાળા સૂર્યનું મંડલ જેવી રીતે મુશ્કેલીથી જોઇ શકાય છે તેવી રીતે અનંત વિમલ કેવલજ્ઞાનનું ઘર અને સકલ લોકના નેત્રોને સ્પૃહણીય એવા સ્વામીનું પણ શરીર આંખોથી ન જોઇ શકાય તેવું ન થાય એમ વિચારીને દેવો અને અસુરોએ દેહના જ તેજમંડલને એકઠું કરીને આ ભામંડલ સ્વામીના મસ્તકની પાછળ મૂક્યું છે.

અહો ! આપની યોગસમૃદ્ધિનો અતિશય ! (૧૧)

**આ પ્રમાણે અતિશયોને કહીને પ્રસ્તુતમાં તેની યોજના કરે છે—**

**स एष योगसाम्राज्य-महिमा विश्वविश्रुतः ।**
**कर्मक्षयोत्थो भगवन् !, कस्य नाश्चर्यकारणम् ॥१२॥**

૧૨) અન્વય સહિત શબ્દાર્થ—

**भगवन्**-હે ભગવંત !, **कर्मक्षयोत्थो**-ઘાતીકર્મોના ક્ષયથી પ્રગટેલો અને, **विश्वविश्रुतः**-ત્રણ લોકમાં પ્રસિદ્ધિ પામેલો, **सः**-તે, **एषः**-આ, **योगसाम्राज्यमहिमा**-જ્ઞાનાદિ ત્રણ યોગરૂપ સામ્રાજ્યનો મહિમા, **कस्य**-કોના, **आश्चर्यकारणम्**-આશ્ચર્યનું કારણ, **न**-થતો નથી ? બધાને આશ્ચર્ય પમાડે છે.

હે ભગવન્ ! જેનું પૂર્વે વર્ણન કર્યું છે[1] તે યોગસામ્રાજ્યમહિમા વિચારની કુશળતારૂપ ધુરાને વહન કરનારા અને વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારા કોના અલૌકિક આશ્ચર્યનું કારણ ન બને ?

યોગ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ત્રણ રત્નોનો સમૂહ. તે યોગ જ ત્રિભુવનની શાશ્વત સંપત્તિને ઉત્પન્ન કરનારો હોવાથી સામ્રાજ્ય જેવો છે. યોગ રૂપ

૧. આ પ્રકાશના પહેલા શ્લોકથી અગિયારમા શ્લોક સુધી જેનું વર્ણન કર્યું છે તે.

સામ્રાજ્યનો મહિમા (=ઉત્કર્ષ) તે યોગ સામ્રાજ્ય મહિમા.

આ યોગસામ્રાજ્યમહિમા માત્ર પોતાના ઘરના ખૂણામાં જ પ્રવર્તેલો છે એવું નથી, કિંતુ[1] જંગમ અને સ્થાવર રૂપ પણ જગતમાં પ્રસિદ્ધ થયેલો છે તથા ઘાતી કર્મોના અત્યંત અભાવથી થયેલો છે, નહિ કે બીજાઓએ સ્વીકારેલા "સદાશિવ" આદિ દેવની જેમ સાથે થયેલો=જન્મથી જ થયેલો છે. કારણ કે તે પ્રામાણિક નથી=પ્રમાણથી સિદ્ધ થતો નથી. (૧૨)

**આ કર્મક્ષય સહેલો છે એવું નથી એમ બતાવતાં ગ્રંથકાર કહે છે—**

## अनन्तकालप्रचित-मनन्तमपि सर्वथा ।
## त्वत्तो नान्यः कर्म्मकक्ष-मुन्मूलयति मूलतः ॥१३॥

૧૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ! **अनन्तकालप्रचितम्**-અનંત પુદ્ગલ પરાવર્તોથી ઉપાર્જન કરેલા, **अनन्तमपि**-અનંત પણ, **कर्मकक्षम्**-કર્મરૂપ વનને, **त्वत्तो**-આપનાથી, **अन्यः**-અન્ય કોઇ દેવ, **सर्वथा**-સર્વ રીતે, **मूलतः**-મૂળથી, **न उन्मूलयति**-છેદતો નથી છેદી શકતો નથી.

હે અનુપમશક્તિસંપન્ન સ્વામી ! અનંત પુદ્ગલપરાવર્તોથી વૃદ્ધિ પમાડેલા, એથી જ અપરિમિત અને મૂલોત્તર પ્રકૃતિના સમૂહથી ગાઢ એવા જ્ઞાનાવરણ આદિ કર્મોના વનને આપના જેવાથી અથવા આપનાથી અનુગૃહીત કરાયેલાથી બીજો કોણ મૂલથી સર્વથા ઉખેડે છે ? આવા પ્રકારના કર્મવનને આપની જેમ ઉન્મૂલનનો ઉપાય નહિ જાણનારો બીજો કોણ મૂળથી ઉખેડી નાખવા સમર્થ છે ? અર્થાત્ કોઇ પણ નથી.

સર્વથા ઉખેડી નાખવું એટલે ફરી ઉત્પન્ન ન થાય તે માટે બધી રીતે ઉખેડી નાખવું. (૧૩)

---

૧. બેઇંદ્રિય વગેરે જંગમ છે, અને એકેંદ્રિય સ્થાવર છે. એકેંદ્રિય વૃક્ષ પણ ભગવાનને નમે છે, આથી સ્થાવરમાં પણ યોગસામ્રાજ્યમહિમા પ્રસિદ્ધ છે. અથવા સ્થાવર એટલે જડ.

**तथोपाये प्रवृत्तस्त्वं, क्रियासमभिहारतः ।**
**यथानिच्छन्नुपेयस्य, परां श्रियमशिश्रियः ॥१४॥**

૧૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિભુ ! **त्वं**-આપ, **क्रियासमभिहारतः**-પુનઃ પુનઃ નિરંતર ચારિત્રનું સેવન કરવાથી, **उपाये**-કર્મક્ષયના ઉપાયમાં, **तथा**-તેવી રીતે = લોકોત્તર રીતે, **प्रवृत्तः**-પ્રવૃત્તિ કરી, **यथा**-જેથી (આપ), **उपेयः**-ઉપાયથી સાધ્યને=પરમપદને, **अनिच्छन्**-ઇચ્છતા નહિ હોવા છતાં, **परां**-સર્વોત્કૃષ્ટ, **श्रियं**-અરિહંતપદ રૂપ લક્ષ્મીને, **अशिश्रियः**-પામ્યા.

હે સર્વ સદુપાયના મંદિર ભગવન્ ! આપે પુનઃ પુનઃ નિરંતર કર્મ ક્ષયના સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રાચરણ રૂપ ઉપાયમાં લોકોત્તર રીતે પ્રવૃત્તિ કરી, જેથી આપ ઉપેયને=પરમપદને નહીં ઇચ્છતા હોવા છતાં અનુત્તર દેવો પણ જેને ઇચ્છે છે તેવી સર્વોત્કૃષ્ટ અરિહંત પદરૂપ લક્ષ્મીને વિલંબ વિના જ પામ્યા.

લઇને મૂકી દીધેલા જ્ઞાનાદિ પોતાના સાધ્યને સાધવા માટે સમર્થ થતા નથી. માટે અહીં "પુનઃ પુનઃ નિરંતર" એમ કહ્યું.

**પ્રશ્ન :** જો સમ્યગ્જ્ઞાનાદિ જ કર્મ ક્ષયનું અવંધ્ય (=નિષ્ફળ ન જાય તેવું) સાધન છે તો એકવાર જ આચરેલા સ્વકાર્ય કેમ ન કરે ? જેથી પુનઃ પુનઃ=વારંવાર એમ કહ્યું ?

**ઉત્તર :** જ્ઞાનાદિ પરિણામની પ્રકર્ષતાના આધારે કર્મક્ષયનું કારણ બને છે. પરિણામ મંદ, મધ્યમ અને તીવ્ર એમ ત્રણ પ્રકારે છે. આથી જ્ઞાનાદિના આરાધકોની પરિણામાનુસાર સાધ્યની સિદ્ધિ થાય છે.

આ વિષે વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ (પ્રશમરતિમાં) કહ્યું છે કે—**"આરાધકોની આરાધના જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એમ ત્રણ છે. આ આરાધના કરનારાઓ અનુક્રમે આઠ ત્રણ એક ભવથી સિદ્ધ થાય છે."**

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—મંદ પરિણામથી જ્ઞાનાદિની આરાધના કરનારા જીવો આઠ ભવોથી સિદ્ધ થાય છે, મધ્યમ પરિણામથી આરાધના કરનારા ત્રણ ભવોથી અને તીવ્ર પરિણામથી આરાધના કરનારા તે જ ભવથી સિદ્ધ થાય છે. માટે અહીં "પુનઃ પુનઃ નિરંતર" એમ કહ્યું.

ભગવાને તીવ્ર શુભાધ્યવસાયથી સમ્યગ્જ્ઞાનાદિનું આસેવન કર્યું હતું. અહીં સમ્યગ્જ્ઞાનાદિનું આસેવન ઉપાય છે અને પરમપદનો લાભ ઉપેય (=ફળ) છે.

समे मुक्खे भवे तहा=મોક્ષ અને સંસાર પ્રત્યે સમાન ભાવવાળા ઇત્યાદિ શાસ્ત્રથી નિશ્ચિત થાય છે કે આપ મોક્ષને ઇચ્છતા ન હતા. આપ પરમપદને ઇચ્છતા ન હોવા છતાં કૃતકૃત્ય થઇ ગયા. અહો ! આપનો ફલનો અભ્યુદય માટે ઉદ્યમ ! (૧૪)

**આ પ્રમાણે કર્મક્ષયથી કૃતકૃત્ય થયેલા પરમાત્માને પ્રણામ કરવાની ઇચ્છાવાળા સ્તુતિકાર કહે છે—**

**मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।**
**कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥१५॥**

૧૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વબંધુ ! **मैत्रीपवित्रपात्राय**-મૈત્રીભાવનાના પવિત્ર આશ્રય, **मुदितामोदशालिने**-પ્રમોદભાવનાના આનંદથી શોભતા, **कृपोपेक्षाप्रतीक्षाय**-કરુણા અને માધ્યસ્થ્યભાવનાથી પૂજ્ય અને, **योगात्मने**-યોગ સ્વરૂપ, **तुभ्यं**-આપને, **नमः**-નમસ્કાર થાઓ.

હે વીતરાગ ! મૈત્રી (ભાવના)ના પવિત્ર પાત્ર, [1]પ્રમોદ (ભાવના)થી સદા આનંદમાં રહેલા, કરુણા અને માધ્યસ્થ્ય (ભાવના)થી જગત્પૂજ્ય અને જેમને અદ્‌ભુતયોગની સંપત્તિ સિદ્ધ થઇ ગઇ છે એવા આપને નમસ્કાર હો.

આવા પ્રકારના આપને આપના સ્વરૂપની પ્રાપ્તિ માટે હું નમેલો છું.

**મૈત્રી—** કોઇ જીવ પાપ ન કરો, કોઇ જીવ દુ:ખી ન થાઓ, સંપૂર્ણ જગત દુષ્કર્મોથી મુક્ત થાઓ, આવી મતિ એ મૈત્રી ભાવના છે. (અહીં કોઇ જીવ દુ:ખી ન થાઓ એ મુખ્ય મૈત્રી છે. દુ:ખથી મુક્ત બનવા દુષ્કર્મોથી મુક્ત બનવું પડે. માટે દુષ્કર્મથી મુક્ત થાઓ એમ કહ્યું. દુષ્કર્મોથી મુક્ત બનવા પાપનો ત્યાગ કરવો પડે. માટે કોઇ જીવ પાપ ન કરો એમ કહ્યું.)

---

૧. આ ભાવનાઓ કૈવલ્ય અવસ્થામાં પ્રવૃત્તિરૂપે હોય, પણ વૃત્તિરૂપે ન હોય, કારણ કે કેવલજ્ઞાન પછી કોઇ પણ પ્રકારની ભાવના=માનસિક લાગણી હોતી નથી.

**પ્રમોદ**— જેમના સર્વ દોષો નાશ પામી ગયા છે અને જેઓ વસ્તુ તત્ત્વને જોવામાં તત્પર છે, એવા ગુણી જીવોના ગુણમાં હર્ષ તે પ્રમોદ ભાવના.

**કરુણા**— દીન, દુ:ખી અને ભય પામેલા વગેરે જીવસમૂહનાં દુ:ખોને દૂર કરવા માટે જે ચિંતન કરવામાં આવે તે કરુણા ભાવના.

**માધ્યસ્થ્ય**— નાસ્તિક અને નિર્દય વગેરે ગુણહીન જનો વિષે માધ્યસ્થ્ય (=રાગ-દ્વેષનો અભાવ) રાખવું તે માધ્યસ્થ્ય ભાવના. (૧૫)

# चतुर्थप्रकाश:

**આ પ્રમાણે કર્મક્ષયથી થનારા અતિશયોને કહીને ચોથા પ્રકાશમાં દેવકૃત અતિશયોનો પ્રારંભ કરતા સ્તુતિકાર કહે છે—**

**मिथ्यादृशां युगान्तार्क:, सुदृशाममृताञ्जनम् ।**
**तिलकं तीर्थकृल्लक्ष्म्या:, पुरश्चक्रं तवैधते ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**ધર્મચક્ર**—

હે કરુણાસિંધુ ! **तव**-આપના, **पुर:**-આગળના ભાગમાં, **मिथ्यादृशां**-મિથ્યાદૃષ્ટિઓને માટે, **युगान्तार्क:**-પ્રલયકાળના સૂર્ય સમાન, **सुदृशाम्**-સમ્યગ્દૃષ્ટિઓને માટે, **अमृताञ्जनम्**-અમૃતના અંજન તુલ્ય અને, **तीर्थकृल्लक्ष्म्या:**-તીર્થંકરોની પરમ અરિહંતપણું આદિ લક્ષ્મીના, **तिलकं**-તિલક સમાન, **चक्रं**-ધર્મચક્ર, **एधते**-શોભે છે[1]

હે ધર્મચક્રી ! સમવસરણમાં બેઠેલા અને ભવ્યલોકના અનુગ્રહ માટે પૃથ્વી પર વિચરતા એવા આપની આગળ ધર્મચક્ર શોભે છે. આ ધર્મચક્ર વિચિત્ર આરાઓની શ્રેણિથી શોભે છે. તેણે ફેલાતા પ્રબળ તેજસમૂહથી આકાશના મધ્યભાગરૂપ

૧. ધર્મચક્ર, ધર્મધ્વજ (ઇન્દ્રધ્વજ), બે ચામર, પાદપીઠ સહિત સિંહાસન અને ત્રણ છત્ર આ પાંચ અતિશયો ભગવાન જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં આકાશમાં સાથે ચાલ્યા કરે છે, અને જ્યાં જ્યાં ભગવાન બેસે છે ત્યાં ત્યાં નીચે મુજબ ઉપયોગમાં આવે છે. ધર્મચક્ર અને ધર્મધ્વજ આગળના ભાગમાં રહે છે, ચામરો વીંઝાય છે, પાદપીઠ પર ચરણોનું સ્થાપન થાય છે. સિંહાસન ઉપર ભગવાન બિરાજે છે. છત્રો મસ્તક ઉપર રહે છે.

ગુફાને જટાવાળી કરી નાખી છે. પરમતના બળવાન સર્વચક્રોને દૂર કરી નાખ્યા છે. મિથ્યાદષ્ટિઓ માટે અત્યંત મુશ્કેલીથી જોઇ શકાય તેવું હોવાથી પ્રલયકાળના ભયંકર સૂર્યમંડલ જેવું છે. સમ્યગ્દષ્ટિઓ માટે શ્રદ્ધારૂપી નેત્રોને વિશેષ નિર્મળ કરવાથી અમૃતના અંજન જેવું છે. સદ્આચરણ આદિથી યુક્ત હોવાથી તીર્થંકરની લક્ષ્મીનું તિલક=ભાલનું ભૂષણ છે.

**મિથ્યાદષ્ટિ**—તત્ત્વભૂતપદાર્થોના દર્શન પ્રત્યે મિથ્યા=વિપરીતદષ્ટિ (=વિચાર) છે જેમની તે મિથ્યાદષ્ટિ. પહેલા ગુણસ્થાને રહેલા જીવો મિથ્યાદષ્ટિ છે.

[1]**સમ્યગ્દષ્ટિ**—સમ્યગ્=તત્ત્વભૂત પદાર્થોને જોનારી દષ્ટિ (=વિચાર) છે જેમની તે સમ્યગ્દષ્ટિ.

**તીર્થંકર લક્ષ્મી**— ચાર પ્રકારનો સંઘ તે તીર્થ. તીર્થને કરે તે તીર્થંકર. પરમઅરિહંત પદ રૂપ સંપત્તિ એ તીર્થંકરોની લક્ષ્મી છે.

તીર્થંકરોના હવે કહેવાશે તે ધર્મચક્ર વગેરે અતિશયો જન્મથી થનારા નથી, અને કર્મક્ષયથી પણ થનારા નથી, કિંતુ તેમના પ્રભાવથી પ્રેરાયેલા દેવોથી જ કરાય છે. (૧)

**તથા—**

**एकोऽयमेव जगति, स्वामीत्याख्यातुमुच्छ्रिता ।**
**उच्चैरिन्द्रध्वजव्याजात्, तर्जनी जम्भविद्विषा ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**ઇન્દ્રધ્વજ—**

આ શ્લોકમાં કવિ કલ્પના કરે છે કે - ભગવાનની સાથે રહેતો ઇંદ્રધ્વજ એ ઇંદ્રધ્વજ નથી, કિંતુ, **जगति**-ત્રણ લોકમાં, **अयमेव**-આ જ, **एकः**-એક, **स्वामी**-સ્વામી છે, **इति**-એમ, **आख्यातुं**-કહેવા માટે, **उच्चैः**-ઉંચા, **इन्द्रध्वजव्याजात्**-ઇંદ્રધ્વજના બહાને, **जम्भविद्विषा**-ઇન્દ્રે, **तर्जनी**-તર્જની (અંગૂઠા પાસેની) આંગળી, **उच्छ्रिता**-ઉંચી કરી છે.

---

૧. સમ્યગ્દષ્ટિ શબ્દ પ્રસિદ્ધ હોવાથી અહીં सुदृश् શબ્દના સ્થાને सम्यग्दृष्टि શબ્દનો પ્રયોગ કર્યો છે. सुदृश् અને સમ્યગ્દષ્ટિ એ બંનેનો અર્થ એકજ છે.

અરિહંત ભગવાનના વિહાર વગેરેમાં સદા જ દેવો અને અસુરો વડે ચલાવાતો ઇંદ્રધ્વજ ભગવાનની આગળ ચાલે છે. આ ઇંદ્રધ્વજ હજાર યોજન ઊંચો હોય છે. એનો દંડ સુંદર સુવર્ણનો હોય છે. આકાશમાંથી અવતરતા દેવો રૂપ નદીપ્રવાહથી મનોહર હોય છે. [1]ચારે બાજુ ફેલાતી, ફરકતી અને દિવ્યવસ્ત્રોથી બનાવેલી અનેક નાની ધજાઓથી યુક્ત હોય છે. તેમાં મણિની અનેક ઘંટડીઓ હોય છે. મધુર ધ્વનિ કરતી ઘંટડીઓના અવાજથી સર્વ દિશાઓના મુખોને કોલાહલમય કરી દે છે.

તે ઇંદ્રધ્વજની જ સ્તુતિકાર કલ્પના કરે છે—આ ઇંદ્રધ્વજ નથી, કિંતુ આ જગતમાં સ્નેહથી પ્રણામ કરતા દેવો અને મનુષ્યોના શ્રેષ્ઠ મસ્તકમુકુટોથી જેમની આજ્ઞા પ્રસિદ્ધ છે તે આ અરિહંત ભગવાન જ સ્વામી છે, બીજો કોઇ સ્વામી નથી, એમ કહેવા માટે ઇંદ્રધ્વજના બહાને ઇંદ્રે જગત્ સમક્ષ તર્જની આંગળી [2]ઊંચેથી ઊંચી કરી છે. ભગવાન અદ્વિતીય હોવાથી આ કલ્પના પણ સ્વાભાવિક કથન જ છે. (૨)

**તીર્થંકરો કેવલજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી ચરણોથી પૃથ્વીને સ્પર્શતા નથી. દેવોના સમૂહે મૂકેલા [3]નવ સુવર્ણ કમલો ઉપર જ ચરણોને સ્થાપે છે. આ જ વિષયને સ્તુતિકાર બીજી રીતે કહે છે—**

**यत्र पादौ पदं धत्तस्तव तत्र सुरासुराः ।**
**किरन्ति पङ्कजव्याजाच्छ्रियं पङ्कजवासिनीम् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**કમલ—**

ભગવાનના ચરણ સ્થાપવાના સ્થાને દેવો વડે મૂકાતાં કમળો અંગે ગ્રંથકાર કલ્પના

---

૧. परिसरतीति परिसरं=ચારે બાજુ ફેલાનાર.

૨. પ્રસ્તુતમાં उच्चैः પદ उच्छ्रिता પદનું વિશેષણ છે. એટલે ઊંચેથી ઊંચે કરેલી એવો અર્થ છે. હાથ ઊંચો કરીને આંગળીને ઊંચી કરવી એ ઊંચેથી ઊંચી કરેલી ગણાય. હાથ ઊંચો કર્યા વિના આંગળી ઊંચી કરવી એ ઊંચેથી ઊંચી કરેલી ન ગણાય, કેવલ ઊંચી કરેલી ગણાય.

૩. કમળો સુવર્ણના અને માખણ જેવા કોમળ હોય છે. કુલ નવ કમળો હોય છે. તેમાં બે કમળો ઉપર ભગવાન બે પગ મૂકીને ચાલે છે. સાત કમળ ભગવાનની પાછળ રહે છે. તેમાંથી બે બે ક્રમશઃ ભગવાનની આગળ આવ્યા કરે છે, અને આગળના બે કમળ ક્રમશઃ પાછળ આવ્યા કરે છે.

કરે છે કે- હે વીતરાગ ! **तव**-આપના, **पादौ**-ચરણ, **यत्र**-જ્યાં, **पदं**-પગલું, **धत्त**:-મૂકે છે, **तत्र**-ત્યાં, **सुरासुरा**:-દેવો અને દાનવો, **पङ्कजव्याजात्**-કમલ મૂકવાના બહાને, **पङ्कजवासिनीम्**-કમલમાં રહેતી, **श्रियं**-લક્ષ્મીને, **किरन्ति**-મૂકે છે.

હે ભગવન્ ! જે પ્રદેશમાં આપના ચરણો પગલું મૂકે છે ત્યાં દેવો અને અસુરો સુવર્ણકમલ મૂકવાના બહાને કમલમાં રહેતી લક્ષ્મીને મૂકે છે. ત્રિભુવનની લક્ષ્મીના નિવાસ એવા ભગવાનના ચરણોનું પૃથ્વી ઉપર સ્થાપન થવાથી પૃથ્વી લક્ષ્મીવાળી થાય છે. (૩)

**વળી બીજું—**

**दानशीलतपोभाव-भेदाद्धर्म्मं चतुर्विधम् ।**
**मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद्भवान् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**ચતુર્મુખ—**

ધર્મદેશના સમયે ભગવાન ચતુર્મુખ કેમ હોય છે એ અંગે કવિ કલ્પના કરે છે કે- હે સ્વામી ! **दानशीलतपोभावभेदात्**-દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદોથી, **चतुर्विधम्**-ચાર પ્રકારના, **धर्मं**-ધર્મને, **युगपदाख्यातुं**-એકી સાથે = એક જ સમયે કહેવા, **भवान्**-આપ, **चतुर्वक्त्र**:-ચારમુખવાળા, **अभवत्**-થયા, **मन्ये**-એમ હું માનું છું.

ભુવનબાંધવ ધર્મોપદેશ માટે સમવસરણમાં દેવવિરચિત સિંહાસનને અલંકૃત કરીને સિંહાસન ઉપર પૂર્વાભિમુખ બેસે છે ત્યારે દક્ષિણ-પશ્ચિમ-ઉત્તર એ ત્રણ દિશાઓમાં પણ તેવો આચાર હોવાથી જ વ્યંતર દેવો સ્વામીના પ્રતિબિંબોની રચના કરે છે. આ જ વિગતની સ્તુતિકાર કલ્પના કરે છે—હે ભુવનસ્વામી ! હું માનુ છું કે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદોથી ચાર પ્રકારવાળા અને પ્રથમ પુરુષાર્થરૂપ ધર્મને એકી સાથે=એકજ સમયે કહેવા માટે આપ ચાર મુખવાળા થયા.

એકસ્વરૂપવાળા પણ ભગવાન ક્રમશ: ચારે પ્રકારના ધર્મને ક્રમથી કહેશે, આથી ચારમુખવાળા થવાની જરૂર નથી, આવી શંકાને દૂર કરવા અહીં "એકી સાથે=એકજ સમયે" એમ કહ્યું. ચાર મુખવાળા થયા વિના એક જ સમયે ચાર

પ્રકારના ધર્મને ન કહી શકાય. (૪)

**હવે ભગવાનના પરમ અરિહંતપદના પ્રભાવથી પ્રેરાયેલા દેવો-દાનવો ભક્તિથી જે ત્રણ ગઢની રચના કરે છે, તે ત્રણ ગઢની રચના કરવામાં જ અન્ય કારણને પ્રગટ કરતા સ્તુતિકાર કહે છે—**

**त्वयि दोषत्रयात् त्रातुं, प्रवृत्ते भुवनत्रयीम् ।**
**प्राकारत्रितयं चक्रुस्त्रयोऽपि त्रिदिवौकसः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**ત્રણ ગઢ—**

હે વિશ્વબંધુ ! **भुवनत्रयीम्**-ત્રણે લોકના જીવોનું, **दोषत्रयात्**-રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણ દોષોથી, **त्रातुं**-રક્ષણ કરવા, **त्वयि**-આપે, **प्रवृत्ते**-પ્રારંભ કર્યો ત્યારે, **त्रयोऽपि**-વૈમાનિક, ભવનપતિ અને જ્યોતિષ્ક એ ત્રણે પ્રકારના, **त्रिदिवौकसः**-દેવોએ, **प्राकारत्रितयं**-ત્રણ કોટ-ગઢ, **चक्रुः**-કર્યા.

હે શરણે આવેલા જગતના જીવોનું રક્ષણ કરવામાં સમર્થ ! સ્વર્ગ-મનુષ્ય-પાતાલ એ ત્રણ ભુવનમાં રહેલા ભવ્ય જીવોનું આપના જેવા સિવાય બીજાથી જીતી ન શકાય તેવા રાગ-દ્વેષ-મોહરૂપ ત્રણ દોષોથી રક્ષણ કરવા આપે પ્રારંભ કર્યો ત્યારે વૈમાનિક-ભવનપતિ-જ્યોતિષ્ક એ ત્રણ પ્રકારના દેવોએ આપને અનુરૂપ રત્ન-સુવર્ણ-રજતના ત્રણ કોટ (=ગઢ) કર્યા.

(પ્રથમ (=અંદરનો) ગઢ વૈમાનિકદેવો રત્નનો બનાવે છે. બીજો (=વચલો) ગઢ જ્યોતિષ્ક દેવો સુવર્ણનો બનાવે છે. ત્રીજો (=બહારનો) ગઢ ભવનપતિ દેવો ચાંદીનો બનાવે છે. એ ત્રણે કિલ્લાઓની કાંગરી અનુક્રમે મણિ-રત્ન અને સુવર્ણની હોય છે.)

બલવાન ત્રણ શત્રુઓથી ઘેરાયેલા ત્રણ જગતના જીવોનું એકી સાથે એક ગઢથી રક્ષણ ન કરી શકાય, તેથી ત્રણ જગતના જીવોનું એકી સાથે રક્ષણ કરવા માટે ત્રણ ગઢનું નિર્માણ કરે છે. (૫)

**તથા—**

**अधोमुखाः कण्टकाः स्युर्धात्र्यां विहरतस्तव ।**
**भवेयुः सम्मुखीनाः किं, तामसास्तिग्मरोचिषः ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**કાંટા અધોમુખ—**

હે નિરંજન નાથ ! **धात्र्यां**-પૃથ્વી ઉપર, **विहरत**:-વિહાર કરતાં, **तव**-આપની આગળ, **कण्टका**:-કાંટાઓ, **अधोमुखा**:-અધોમુખ, **स्यु**:-થાય છે, **तिग्मरोचिष**:-સૂર્ય આગળ, **तामसा**:-અંધકારના સમૂહો (અથવા ઘુવડો), **किं**-શું, **सम्मुखीना**:-સન્મુખ, **भवेयु**: ?-થાય ? અર્થાત્ જેમ સૂર્યનો તેવો પ્રભાવ હોવાથી અંધકારના સમૂહો (અથવા ઘુવડો) સૂર્ય સામે જોઇ શકતા નથી, તેમ કંટકો આપના પ્રભાવથી આપની સામે જોઇ શકતાં નથી. એથી અધોમુખ થઇ જાય છે.

કષાયરૂપ કાંટાઓનું મર્દન કરી નાખનારા હે ભગવન્ ! સકલ મંગલોથી આલિંગન કરાયેલી પૃથ્વી ઉપર સંસાર રૂપ જેલમાં પડેલા ભવ્ય જીવોને છોડાવવા માટે વિહાર કરતા આપની આગળ ગામમાં કે દેશમાં થનારા કાષ્ઠના, હાડકાંના કે લોઢાના કાંટા સંપૂર્ણ જગત્ સાથે નિષ્કારણ જેનાથી વૈર થયું છે તેવા [1]મર્મવેધી પોતાના દુષ્કૃતને યાદ કરીને વિશ્વના લોકોનું હિત કરનારા આપને જાણે પોતાનું મોઢું બતાવવા અસમર્થ હોય અને એથી જ જાણે પાતાલમાં પ્રવેશવા માટે હોય તેમ અધોમુખ થાય છે.

અહીં જ સ્તુતિકાર અન્ય અર્થવાળી રચનાને કહે છે-આ યુક્ત જ છે. શું અંધકારના સમૂહો કોઇ દેશમાં કે કોઇ કાળમાં સૂર્યની સામે થાય છે ? અર્થાત્ નથી જ થતા. (૬)

**વળી—**

**केशरोमनखश्मश्रु, तवावस्थितमित्ययम् ।**
**बाह्योऽपि योगमहिमा, नाप्तस्तीर्थकरैः परैः ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**કેશાદિની અવસ્થિતતા—**

૧. કાંટાઓ લોકોના શરીરમાં ભોંકાઇને પીડા ઉત્પન્ન કરે છે. માટે કાંટાઓનું આ મર્મવેધી દુષ્કૃત છે. આ મર્મવેધી દુષ્કૃતના કારણે કાંટાઓને સંપૂર્ણ જગત સાથે વૈર થયું છે. આ વૈર નિષ્કારણ છે. કારણ કે લોકોએ કાંટાઓનું કશું બગાડ્યું નથી.

હે કરુણાસાગર ! **तव**-આપના, **केशरोमनखश्मश्रु**-મસ્તકના વાળ, રોમ, નખ અને દાઢી-મૂછ, **अवस्थितं**-અવસ્થિત રહે છે = વધતા નથી, **इति**-આ પ્રમાણે, **तव**-આપનો, **अयं**-આ, **बाह्योऽपि**-બાહ્ય પણ, **योगमहिमा**-યોગ મહિમા, **परैः**-અન્ય, **तीर्थकरैः**-બ્રહ્મા આદિ દેવોએ, **न आप्तः**-પ્રાપ્ત કર્યો નથી. (ત્યારે અંતરંગ યોગની વાત તો દૂર જ રહી.)

હે અપરિમિતમહિમાવાળા ભગવન્ ! આપના મસ્તકના વાળ, શરીરના રોમ, હાથ-પગની આંગળીઓના નખો અને દાઢી-મૂછના વાળ અવસ્થિત રહે છે. સર્વવિરતિના સ્વીકાર વખતે જેટલા પ્રમાણવાળા રાખ્યા હોય તેટલા પ્રમાણવાળા જ રહે છે, વધારે ઓછા થતા નથી. આપનો આ બાહ્ય પણ યોગમહિમા બીજાઓએ પ્રાપ્ત કર્યો નથી. આ યોગમહિમા અધ્યાત્મના માત્ર એક દેશથી સાધી શકાતો હોવાથી બાહ્ય જ છે. આ યોગમહિમા પ્રતિક્ષણ વધતા-ઘટતા કેશ વગેરેથી કદર્થિત થયેલા બીજાઓએ પ્રાપ્ત કર્યો નથી. તો પછી આપનો અભ્યંતર યોગમહિમા તેમને પ્રાપ્ત થાય એની સંભાવના જ ક્યાંથી હોય ?

બીજાઓ=અરિહંત સિવાય (બ્રહ્મા વગેરે) કુતીર્થંકરો.

**પ્રશ્ન :** બીજાઓ કુતીર્થંકર કેમ છે ?

**ઉત્તર :** સર્વજ્ઞ ન હોવાથી કુતીર્થંકરો છે.

**અભ્યંતર યોગમહિમા**—પૂર્વે વર્ણવેલ "સર્વાભિમુખ્યતા" થી આરંભી "ભામંડલ" સુધીનો યોગમહિમા અભ્યંતર યોગમહિમા છે.

**પ્રશ્ન :** જો ભગવાનના યોગના મહિમાથી કેશ વગેરે અવસ્થિત રહે છે તો આ અતિશયને દેવકૃત અતિશયોમાં કેમ કહ્યો ? કર્મક્ષયથી થનારા અતિશયોમાં કેમ ન કહ્યો ?

**ઉત્તર :** તમારો પ્રશ્ન સાચો છે. કેશ વગેરે અવસ્થિત રહે છે તે યોગમહિમાથી નહિ, કિંતુ સર્વવિરતિના સ્વીકાર વખતે ઇંદ્રથી પ્રેરાયેલ વજ્ર કેશ વગેરેની ઉગવાની શક્તિ નષ્ટ કરી દે છે. તેથી કેશ વગેરે ઉગતા નથી. આથી આ અતિશય દેવકૃત જ છે.

**પ્રશ્ન :** જો એમ છે તો સ્તુતિકારે "આ પણ યોગમહિમા બીજાઓએ પ્રાપ્ત કર્યો નથી" એમ આને ભગવાનનો યોગમહિમા શા માટે કહ્યો ?

**ઉત્તર :** ભગવાનના નોકર સમાન ઇંદ્ર જે કેશાદિનું વ્યવસ્થાપન કરે છે (=કેશાદિ વધે નહિ તેવું કરે છે તે ભગવાનના પ્રભાવથી જ કરે છે માટે) તે ભગવાનનો યોગમહિમા છે. આથી આ કથન યુક્ત જ છે. (૭)

**વળી બીજું—**

**शब्दरूपरसस्पर्श-गन्धाख्याः पञ्च गोचराः ।**
**भजन्ति प्रातिकूल्यं न, त्वदग्रे तार्किका इव ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**વિષયોની અનુકૂળતા—**

હે કૃપાસિંધુ ! **त्वदग्रे**-આપની પાસે, **तार्किकाः**-બૌદ્ધ, સાંખ્ય, શૈવ, મીમાંસક, નૈયાયિક એ પાંચ તાર્કિકોની, **इव**-જેમ, **शब्दरूपरसस्पर्शगन्धाख्याः**-શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ નામના, **पञ्च**-પાંચ, **गोचराः**-વિષયો, **प्रातिकूल्यं**-પ્રતિકૂળ ભાવ, **न भजन्ति**-રાખતાં નથી = અનુકૂળ રહે છે.

વાણીથી ન વર્ણવી શકાય તેવા ચારિત્રથી પવિત્ર હે સ્વામી ! આપની પાસે બૌદ્ધ, સાંખ્ય, શૈવ, મીમાંસક, નૈયાયિક એ પાંચ તાર્કિકોની જેમ શબ્દ-રૂપ-રસ સ્પર્શ-ગંધ નામના પાંચ વિષયો પ્રતિકૂલ ભાવ રાખતા નથી. બલ્કે અનુકૂલભાવ રાખે છે.

તાર્કિકો=તર્કશાસ્ત્રને જાણનારા.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—ત્રિભુવનગુરુ જ્યાં વિહાર કરે છે ત્યાં વાંસળી, તંબુરો, નગારું, મધુરગીતધ્વનિ, જય પામો, (દીર્ઘકાળ સુધી) જીવો, આનંદ પામો વગેરે સુખ આપનારા જ શબ્દો સંભળાય છે. ગધેડો, ઊંટ, કાગડો વગેરેનો અવાજ, કરુણ આક્રંદન વગેરે (અશુભ) શબ્દો સંભળાતા નથી. રૂપો પણ રમણીય નર-નારી, રાજવિભૂતિ, દિવ્યવિમાન, મહેલ, ફલવાળું ઉદ્યાન, જલથી પૂર્ણ સરોવર, જલથી પૂર્ણ વાવડી, વગેરે (સુંદર) જ દેખાય છે. મળ, જેના અંગો ગળી ગયા છે તેવો પુરુષ, રોગી, મૃતક વગેરે (અશુભ) રૂપો દેખાતાં નથી. રસો પણ દ્રાક્ષ, સાકર, ખજૂર, નાળિયેર, શેરડી, કેરી, મોસંબી, કેળું, દાડમફળ વગેરેના (મધુર) રસરૂપે પરિણમે છે. કડવો લીમડો, અઘેડો વનસ્પતિ વગેરેના (અશુભ) રસરૂપે પરિણમતા નથી. સ્પર્શો પણ કોમળ વસ્ત્રથી આચ્છાદિત સ્વચ્છ ગાદલો અને સુંદર સ્ત્રીશરીરનાં અંગો વગેરે (કોમળ) સ્પર્શો થાય છે. કઠિન

કાંકરા, કઠિન-પથ્થરા, કાંટા વગેરેના સ્પર્શો થતા નથી. ગંધો પણ કપૂર, અગરુ, કસ્તૂરી, ચંદન, કલ્પવૃક્ષ, પારિજાત (=વૃક્ષવિશેષ), કમલ, કુવલય (=લીલુંકમળ), ચંપક, બકુલ, નાગકેશર, કેવડો, માલતી, ગુલાબ વગેરેના ગંધો ઘ્રાણપુટને (=નાકના નસકોરાને) સારી રીતે તર્પણ કરવામાં અત્યંત કુશળ હોય છે, અર્થાત્ નાકને સારી રીતે તૃપ્ત કરે છે. મૃત કલેવર, લસણ વગેરેની ગંધ આવતી નથી.

આ પ્રમાણે આ પાંચેય વિષયો સ્વામીની આગળ પ્રતિકૂળતાનો ત્યાગ કરે છે. કોની જેમ ? તેના જવાબમાં કહે છે કે-તાર્કિકોની જેમ. જેવી રીતે ભગવાનની પાસે આવેલા બૌદ્ધ, સાંખ્ય, શૈવ, મીમાંસક, નૈયાયિક એ પાંચેય પ્રામાણિકો=પ્રમાણ શાસ્ત્રને જાણનારાઓ (ભગવાનને જોઇને અને ભગવાનની પાંત્રીશ ગુણોથી યુક્ત વાણી સાંભળીને) પ્રતિભારહિત બની જવાથી તેમનો બધો જ મદ ઓગળી જાય છે. આથી તેઓ (ભગવાનની પાસે દલીલ કરવી વગેરે) પ્રતિકૂલતાને છોડી દે છે. તેવી રીતે આ વિષયો પણ પ્રતિકૂલતાને છોડી દે છે. (૮)

**તથા—**

**त्वत्पादावृतवः सर्वे, युगपत्पर्युपासते ।**
**आकालकृतकन्दर्प्प-साहाय्यकभयादिव ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**ઋતુની અનુકૂળતા—**

હે કૃપાસાગર ! **इव**-જાણે કે, **आकालकृतकन्दर्पसाहाय्यकभयात्**-સદા કામને (= વિષય વાસનાને) સહાય કરવાથી ભય ન લાગ્યો હોય તેમ, **सर्वे ऋतवः**-છએ ઋતુઓ, **युगपत्**-એકી સાથે, **त्वत्पादौ**-આપના ચરણોને, **पर्युपासते**-સેવે છે.

હે વિશ્વસેવ્ય ભગવન્ ! વસંત-ગ્રીષ્મ-વર્ષા-શરદ-હેમંત-શિશિર નામની છએ ઋતુઓ આપના ચરણકમળોની એકી સાથે સેવા કરે છે.

અવસરથી આવેલી ઋતુઓ જગતની પણ સેવા કરે છે જ, તેથી સ્વામીનું અધિક શું થયું ? એ પ્રશ્નના જવાબમાં "એકી સાથે" એમ કહ્યું છે.. ઋતુઓ જગતની સેવા (ક્રમશઃ બે બે માસ સુધી) જુદા જુદા સમયે કરે છે, જ્યારે

ભગવાનની સેવા એકી સાથે કરે છે.

હવે ઋતુઓ એકી સાથે પ્રભુની ઉપાસના કરે છે તેનું કારણ પ્રગટ કરતા સ્તુતિકાર કહે છે-જાણે કે સંસાર છે ત્યારથી સદા ભગવાનથી નિગ્રહ કરવા યોગ્ય કામને (=વિષયવાસનાને) સહાય કરવાથી ભય લાગ્યો હોય તેથી સેવા કરે છે. વસંત વગેરે ઋતુઓ કામ વિકારોને પ્રદીપ્ત કરવાના સ્વભાવવાળી છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—છએ ઋતુઓ ભગવાનને ભક્તિથી નહિ, કિંતુ ભયથી સેવે છે. મહામોહનો નાશ કરનારા ભગવાને જેવી રીતે કામને જલદીથી હણી નાખ્યો, તેવી રીતે કામને આશ્રય આપનાર અમારો પણ નિગ્રહ ન કરે એમ ભયભીત બનેલી છએ ઋતુઓ પોતપોતાને ઉચિત ફૂલો, પાંદડાંઓ અને ફલોના સમૂહનું ભેટણું હાથમાં લઇને સ્વામીની સેવા કરે છે.[1] (૯)

**તથા અરિહંતની જ્યાં સ્થિરતા થાય છે ત્યાં દેવો સુગંધી જળને અને પુષ્પ સમૂહને મૂકે છે=વર્ષાવે છે. આ જ વિષયને સ્તુતિકાર પ્રકારાંતરથી કહે છે—**

**सुगन्ध्युदकवर्षेण, दिव्यपुष्पोत्करेण च ।**
**भावित्वत्पादसंस्पर्शां, पूजयन्ति भुवं सुराः ॥१०॥**

૧૦) અન્વય સહિત શબ્દાર્થ—

**જળપુષ્પ-વૃષ્ટિ—**

હે જગદીશ ! **भावित्वत्पादसंस्पर्शां**-જ્યાં આપના ચરણોને સ્પર્શ થવાનો છે તે, **भुवं**-ભૂમિને, **सुराः**-દેવો, **सुगन्ध्युदकवर्षेण**-સુગંધી જળની વૃષ્ટિથી, **च**-અને, **दिव्यपुष्पोत्करेण**-દિવ્ય પુષ્પોના પૂંજથી, **पूजयन्ति**-પૂજે છે.

હે સ્વામી ! દેવો, ઇંદ્રથી પૂજિત એવા આપની સેવા કરે છે એ તો ઠીક, કિંતુ જ્યાં આપના ચરણોનો સ્પર્શ થવાનો છે તે ભૂમિને પણ સુગંધથી ઘ્રાણપુટને (=નાકના બે નસકોરાને) ભરી દેનારા પાણીની વૃષ્ટિથી=પાણીના સિંચનથી તથા

---

૧. આઠમી ગાથામાં જણાવેલ વિષયોની અનુકૂળતા અને આ ગાથામાં જણાવેલ ઋતુની અનુકૂળતા એ બંને મળીને એક જ અતિશય છે.

કલ્પવૃક્ષ અને પારિજાત (=પુષ્પ વિશેષ) વગેરે દિવ્ય[1] પુષ્પોના પુંજથી પૂજે છે.[2]

**અહીં આશય આ પ્રમાણે છે**—"તીર્થંકરો જે ભૂમિમાં નિવાસ કરે તે ભૂમિને તમે તીર્થ કહો=માનો" એવો નિયમ હોવાથી ભગવાનથી નિવાસ કરાયેલી ભૂમિ તીર્થ છે. તેથી પૂજા કરવા યોગ્ય જ છે. અહો ! દેવોની ભગવાન પ્રત્યે અતિશય ભક્તિ ! (૧૦)

**તથા પૃથ્વી ઉપર વિહાર કરતા ભગવાનને પક્ષીઓ પ્રદક્ષિણા આપે છે. આ જ વિષયને સ્તુતિકાર યુક્તિથી કહે છે—**

**जगत्प्रतीक्ष्य ! त्वां यान्ति, पक्षिणोऽपि प्रदक्षिणम् ।**
**का गतिर्महतां तेषां, त्वयि ये वामवृत्तयः ॥११॥**

૧૧) અન્વય સહિત શબ્દાર્થ—

**પક્ષી-પ્રદક્ષિણા—**

**जगत्प्रतीक्ष्य !**-હે જગત્ત પૂજ્ય !, **पक्षिणो**-પક્ષીઓ, **अपि**-પણ, **त्वां**-આપની, **प्रदक्षिणं**-જમણી તરફ, **यान्ति**-જાય છે=આપને પ્રદક્ષિણા આપે છે. (આથી), **त्वयि**-આપના ઉપર, **ये**-જેઓ, **वामवृत्तयः**-પ્રતિકૂળ વર્તન કરનારા છે, **तेषां**-તે, **महतां**-મોટાઓની (મનુષ્ય જન્મ, જ્ઞાન, શાસ્ત્રાભ્યાસ આદિની અપેક્ષાએ પક્ષીઓથી મોટાઓની), **का गतिः?**-કઇ ગતિ થશે ?

હે જગત્પૂજ્ય ! દેવો, દાનવો અને મનુષ્યો તો દૂર રહો, કિંતુ પક્ષીઓ પણ આપને જમણી તરફ કરીને જાય છે=આપને પ્રદક્ષિણા આપે છે. તો પછી જેઓ મનુષ્ય જન્મ, સ્પષ્ટ ઇંદ્રિયો અને જ્ઞાન-વિજ્ઞાનથી શોભતા હોવાથી પક્ષીઓથી મોટા હોવા છતાં જગત્વત્સલ આપના પ્રત્યે પણ પ્રતિકૂળ વર્તન કરનારા છે તેમની કઇ ગતિ થશે ?

---

૧. કલ્પવૃક્ષો, દેવલોકનાં વૃક્ષો વગેરેનાં પુષ્પો દેવોએ વિકુર્વેલાં હોવાથી દિવ્ય છે, અથવા દેવોએ વૃષ્ટિ=રચના કરી હોવાથી દિવ્ય છે.

૨. જળવૃષ્ટિ અને પુષ્પવૃષ્ટિ એ બંને જુદા અતિશયો છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** નરકગતિ સર્વગતિઓથી જઘન્ય છે. પણ ત્યાં પણ ગયેલા આપના પ્રત્યે પ્રતિકૂલ આચરણ કરનારાઓની એ પાપથી મુક્તિ અસંભવિત છે. અને નરકગતિથી અધિક અન્ય દુર્ગતિ નથી. આથી અહો ! તેમની અધમતા ! (૧૧)

**તથા પવન વિહાર કરતા ભગવાનની પાછળ રહેલો જ વાય છે. આ જ વિષયને પ્રકારથી (=પ્રકારાંતરથી) કહે છે—**

**पञ्चेन्द्रियाणां दौःशील्यं, क्व भवेद्भवदन्तिके ।**
**एकेन्द्रियोऽपि यन्मुञ्चत्यनिलः प्रतिकूलताम् ॥१२॥**

૧૨) અન્વય સહિત શબ્દાર્થ—

**વાયુની અનુકૂળતા—**

હે ત્રિભુવનપતિ ! **भवदन्तिके**-આપની પાસે, **पञ्चेन्द्रियाणां**-પંચેંદ્રિયોની, **दौःशील्यं**-પ્રતિકૂળતા, **क्व**-ક્યાંથી, **भवेद्**-હોય ?, **यद्**-કારણ કે, **एकेन्द्रियो**-એકેંદ્રિય, **अपि**-પણ, **अनिलः**-પવન, **प्रतिकूलताम्**-પ્રતિકૂળતાને, **मुञ्चति**-છોડી દે છે.

નિર્મળન્યાયના મંદિર હે ભગવન્ ! આપની પાસે હેય-ઉપાદેય, અને કૃત્ય-અકૃત્યનો વિચાર કરવામાં જેમની ઇંદ્રિયોની પટુતા વિશેષ પુષ્ટ બની રહી છે, એવા પંચેંદ્રિય તિર્યંચ, મનુષ્યો અને દેવોની પ્રતિકૂળતા ક્યાંથી હોય ? કારણ કે એકેંદ્રિય હોવાથી વિશિષ્ટ વિચારથી રહિત પવન પણ પ્રતિકૂલતાને (સામે પડવાનું) છોડી દે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—** ભગવાનનો જે પ્રભાવ એકેંદ્રિયોને પણ વિનય ગ્રહણ કરાવે છે, તે પંચેંદ્રિયની પ્રતિકૂલતાનો ત્યાગ કરાવે એ સંગત જ છે.

(પવન સદા સામેથી વાતો નથી, પાછળથી જ વાય છે. એ પવન શીતલ, સુખ સ્પર્શ અને સુગંધી હોય છે. તે એક યોજન સુધી ભૂમિ પ્રમાર્જન કરે છે. આવો પવન દેવતાઓ વિકુર્વતા હોવાથી આ અતિશય દેવકૃત છે.) (૧૨)

**તથા ભગવાન વિહાર કરે છે ત્યારે દિવ્ય પ્રભાવથી વૃક્ષો મસ્તક નમાવે છે. આ જ વિષયને યુક્તિથી પ્રગટ કરે છે—**

**मूर्ध्ना नमन्ति तरवस्त्वन्माहात्म्यचमत्कृता: ।**
**तत्कृतार्थं शिरस्तेषां, व्यर्थं मिथ्यादृशां पुन: ॥१३॥**

૧૩) અન્વય સહિત શબ્દાર્થ—

**વૃક્ષનમન—**

હે કરુણાનિધિ ! **त्वन्माहात्म्यचमत्कृता**:-આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલા, **तरव**:-વૃક્ષો (આપને), **मूर्ध्ना**-મસ્તકથી, **नमन्ति**-નમે છે, **तत्**-તેથી, **तेषां**-તેમનું, **शिर**:-મસ્તક, **कृतार्थं**-કૃતકૃત્ય છે, **पुन**:-પણ, **मिथ्यादृशां**-(આપને નમસ્કાર નહિ કરનાર)-મિથ્યાદૃષ્ટિઓનું, **शिर**:-મસ્તક, **व्यर्थं**-નિરર્થક છે.

ત્રિભુવનમાં સર્વોત્તમ હે ભગવન્ ! જેમનો વિવેક વિકાસ પામ્યો છે તેવા દેવો અને મનુષ્યો વગેરે દૂર રહો, કિંતુ જેમનું વિશિષ્ટ ચૈતન્ય બિડાઇ ગયું છે તેવાં વૃક્ષો પણ આપના પરમ અરિહંતપદરૂપ લોકોત્તર માહાત્મ્યથી જાણે વિશેષથી વિકસતા આશ્ચર્યવાળાં થયાં હોય તેમ આપને મસ્તકથી પ્રણામ કરે છે. તેથી અલ્પવિવેકવાળા પણ તેમનું જેમને ત્રણ ભુવન નમ્યું છે તેવા આપને નમવામાં તત્પર તે મસ્તક નમસ્કાર યોગ્યને નમસ્કાર કરવાથી કૃતકૃત્ય છે. પણ આપની આગળ ઊંચુ મસ્તક રાખનારા અને મિથ્યાત્વમોહનીયથી હણાયેલ મતિવાળા મિથ્યાદૃષ્ટિઓનું મસ્તક નિરર્થક જ છે. વનનાં વૃક્ષોથી પણ વિવેકહીન મિથ્યાદૃષ્ટિઓ નકામા જ મસ્તકશૂન્ય બનીને પૃથ્વી ઉપર ફરે છે. (૧૩)

**जघन्यत: कोटिसङ्ख्यास्त्वां सेवन्ते सुरासुरा: ।**
**भाग्यसम्भारलभ्येऽर्थे, न मन्दा अप्युदासते ॥१४॥**

૧૪) અન્વય સહિત શબ્દાર્થ—

**કોટિદેવ સંનિધાન—**

હે વિશ્વપૂજ્ય ! **जघन्यत**:-જઘન્યથી પણ (ઓછામાં ઓછા), **कोटिसङ्ख्या**:-એક ક્રોડ, **सुरासुरा**:-દેવ-દાનવો, **त्वां**-આપની, **सेवन्ते**-સેવા કરે છે. (કારણ કે), **भाग्यसम्भारलभ्ये**-પુણ્યનાં પૂંજથી મળી શકે તેવા, **अर्थे**-કાર્યમાં, **मन्दा**:-ઓછી બુદ્ધિવાળા, **अपि**-પણ, **न उदासते**-આળસ કરતા નથી. (તો પછી નિપુણ દેવો મહાપુણ્યોદયથી મળેલી ભગવદ્-ભક્તિમાં આળસ કેમ કરે ?)

હે ભુવનપૂજ્ય ! આપનું પવનની અનુકૂળતા અને વૃક્ષનમસ્કાર વગેરે આ કેટલું છે ? અર્થાત્ બહુ અલ્પ છે. કારણ કે જઘન્યથી (=સામાન્યથી) પણ ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં રહેનારા એકક્રોડ દેવ-દાનવો આપની સેવા કરે છે. વિશેષથી તો કોટાકોટિ પ્રમાણ દેવો આપની સેવા કરે છે.

**અહીં જ અન્ય અર્થને કહે છે**—અગણ્ય પુણ્યસમૂહથી પ્રાપ્ત કરી શકાય તેવા કાર્યમાં, અતિનિપુણમતિવાળા તો ઠીક, કિંતુ ઓછી બુદ્ધિવાળા પણ જીવો ઉપેક્ષા (=આળસ) કરતા નથી. જેણે ઘણું સુકૃત કર્યું હોય તેને જ ભગવાનની સેવા મળે છે. આથી જેનું ભવિષ્યમાં ઘણું કલ્યાણ થવાનું છે તેવો કયો જીવ ભગવાનની સેવામાં ઉપેક્ષા કરે ? અર્થાત્ કોઇ જ ન કરે.[1] (૧૪)

## पञ्चमप्रकाशः

**આ પ્રમાણે કેટલાક દેવકૃત અતિશયોને કહીને[2] ફરીથી પ્રાતિહાર્યરૂપ અતિશયોને જ કહેવાની ઇચ્છાવાળા સ્તુતિકાર પાંચમા પ્રકાશનો પ્રારંભ કરતા કહે છે-**

**गायन्निवालिविरुतै, र्नृत्यन्निव चलैर्दलैः ।**
**त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदतेचैत्यपादपः ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**અશોકવૃક્ષ—**

હે સમતાસિંધુ ! **असौ**-આ, **चैत्यपादपः**-અશોકવૃક્ષ, **मोदते**-જાણે કે હર્ષ પામે છે (આથી), **अलिविरुतै**:-ભમરાઓના (મધુર) ગણગણ ધ્વનિથી, **गायन् इव**-જાણે કે ગાઇ રહ્યો છે અને, **चलैर्दलै**:-પવનથી હાલતાં પાંદડાંઓથી, **नृत्यन् इव**-જાણે નૃત્ય કરી રહ્યો છે, **त्वद्गुणै**:-આપના ગુણોથી = ગુણોના રાગથી, **रक्तः इव**-જાણે રક્ત છે.

૧. આ પ્રકાશમાં દેવકૃત ૧૯ અતિશયોમાંથી ૧૪ અતિશયોનું વર્ણન કર્યું છે. બાકીના અશોકવૃક્ષ, ચામર, સિંહાસન, દુંદુભિ અને છત્ર એ પાંચ અતિશયો પ્રાતિહાર્યમાં આવતા હોવાથી તેમનો પાંચમા પ્રકાશમાં ઉલ્લેખ કર્યો છે.

૨. अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भाण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥ આ આઠ પ્રતિહાર્યોનું આ પ્રકાશમાં ક્રમશઃ વર્ણન છે.

[1]દેવો [2]ત્રિભુવનપતિની પૂજા માટે આઠ પ્રાતિહાર્યો રચે છે. તેમાં અશોક વૃક્ષ મુખ્ય છે. જેવી રીતે જંબૂવૃક્ષ જંબૂદ્વીપની મધ્યમા રહેલો છે, તેવી રીતે અશોકવૃક્ષ ભવભયથી દુ:ખી બનેલા જીવોના શરણરૂપ સમવસરણના મધ્યમાં રહેલો છે. ભગવાનના શરીરથી બારગણું લાંબુ (ઊંચું) અને ગોળાકારે ચારે બાજુ યોજન સુધી પહોળું હોય છે. સમવસરણરૂપ લક્ષ્મીદેવીની લીલા માટે જાણે શ્યામ છત્ર હોય તેવું દેખાય છે. આની રચના વ્યંતર દેવો કરે છે. અશોકવૃક્ષને જ સ્તુતિકાર કહે છે—આશ્રયે રહેલા જીવોના ઘણા શોકને દૂર કરનારા હે સ્વામી ! આપની ઉપર રહેલ દેવરચિત આ અશોકવૃક્ષ હર્ષ પામે છે.

**પ્રશ્ન** : અશોકવૃક્ષ હર્ષ કેમ પાંમે છે ?

**ઉત્તર** : આ ભગવાન જ કષાયતાપથી તપેલા અને દુરંત સંસારજંગલના પરિભ્રમણથી થાકેલા ભવ્ય જીવોને વિશ્રામ કરવાનું વૃક્ષ છે, અને હું ક્ષણવાર ભગવાનને પણ વિશ્રામ કરવાનું વૃક્ષ બનું છું. તેથી જગતમાં આનાથી અધિક શું ઇચ્છવા યોગ્ય છે ? આવા ઉત્કર્ષથી અતિશય હર્ષને ધારણ કરે છે.

**પ્રશ્ન** : શું તમને વૃક્ષમાં પ્રમોદનાં લક્ષણો દેખાયાં છે ?

**ઉત્તર** : હા, ગાયંન, નૃત્ય અને અનુરાગનું પ્રગટવું એ પ્રમોદનાં ચિહ્નો છે. આ ચિહ્નો અશોકવૃક્ષમાં સ્પષ્ટ દેખાય છે. તે આ પ્રમાણે— સુગંધના લોભથી ચોતરફ ભમતા ભ્રમરાઓના મધુર ગુંજારવથી જાણે કે આપના ગુણોને ગાઇ રહ્યો છે, મૃદુ પવનરૂપ પંખાથી હાલતાં પાંદડાંઓથી જાણે કે નૃત્ય કરી રહ્યો છે, ત્રણ જગતના લોકોની માનસિક પ્રીતિ માટે ઔષધ સમાન આપના ગુણોથી જાણે કે રક્ત=અનુરાગવાળો થયો છે.

જો કે અશોકવૃક્ષ સ્વભાવથી જ રક્ત=લાલરંગવાળો છે, તો પણ અહીં સ્તુતિકારે કલ્પના કરી છે કે આપના ગુણોથી રક્ત=અનુરાગવાળો થયો છે. ત્રણ જગતથી ઉપર રહેનારા આપની પણ ઉપર રહેનારું અશોકવૃક્ષ હર્ષથી પૂર્ણ બને એ સંગત છે. (૧)

---

૧. त्रिविष्टसद् = દેવ.

૨. विष्टप = વિશ્વ.

બીજા પ્રાતિહાર્યને કહે છે—

**आयोजनं सुमनसोऽधस्तान्निक्षिप्तबन्धनाः ।**
**जानुदघ्नीः सुमनसो, देशनोर्व्यां किरन्ति ते ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**પુષ્પ વૃષ્ટિ—**

હે વીતરાગ ! **ते**-આપના, **देशनोर्व्यां**-સમવસરણમાં, **सुमनसो**-દેવો, **अधस्तान्निक्षिप्तबन्धनाः**-જેમનાં ડીટાં નીચે કર્યાં છે એવાં, **जानुदघ्नीः**-જાનુ પ્રમાણ, **सुमनसो**-પુષ્પો, **आयोजनं**-યોજન સુધી, **किरन्ति**-વર્ષાવે છે.

હે ત્રિભુવનપૂજ્ય ! આપના સમવસરણમાં દેવો પુષ્પો વર્ષાવે છે. કદાચ ભગવાનના આગળના ભાગમાં પુષ્પો વર્ષાવતા હશે એમ કોઇને વિચાર આવે. માટે અહીં કહે છે કે-યોજનસુધી=સમવસરણની સંપૂર્ણ ભૂમિમાં પુષ્પો વર્ષાવે છે. તો પછી થોડા થોડા જ પુષ્પો પાથરતા હશે, આથી કહે છે—જાનુ પ્રમાણ (=ઘૂંટણ જેટલી ઊંચાઇ થાય તેટલાં) પુષ્પો વર્ષાવે છે. આ પ્રમાણે પણ કઠીન ડીંટાઓથી પગના તળિયાં ઘસાતા હોય તે પ્રમાણે વર્ષાવતા હશે, આથી કહે છે-ડોલતી પાંખડીઓનો સમૂહ ઉપર રહે અને ડીટાં નીચે કર્યાં હોય તે પ્રમાણે પુષ્પો વર્ષાવે છે.

તેટલા પ્રમાણવાળાં પણ પુષ્પોને સ્વેચ્છાથી ફરતા કોટાકોટિ દેવો અને મનુષ્યોના પગથી કચડાવા છતાં જરા પણ વેદના થતી નથી. આ પ્રમાણે અહો ! પ્રભુનો અતિશય પ્રભાવ !

(સમવસરણની ભૂમિમાં ધૂળ શમાવવા માટે દેવો ઘનસારાદિથી મિશ્રિત સુગંધી જળની વૃષ્ટિ કરે છે. ત્યાર પછી વિવિધ રંગનાં પુષ્પોની જાનુપ્રમાણ વૃષ્ટિ કરે છે. આ પુષ્પો સચિત્ત (જળ-સ્થળમાં ઉત્પન્ન થયેલાં) અને અચિત્ત (વિકુર્વેલાં) એમ બંને પ્રકારનાં હોય છે. ગૃહસ્થો, સાધુઓ, મનુષ્યો, તિર્યંચો વગેરેનું પુષ્પો ઉપર ગમનાગમન થવા છતાં પુષ્પોને કિલામણા થતી નથી, બલ્કે તીર્થંકરના પ્રભાવથી અધિક ઉલ્લાસ થાય છે.) (૨)

તથા ધર્મોપદેશ આપવાના સમયે ભગવાન સ્વભાવથી જ પ્રિય થનારા, શ્રોતાજનોના કર્ણસંપુટમાં પ્રવેશતા અમૃતની નીક સમાન, અને કષ્ટ વિના જ પ્રવૃત્ત થતા સ્વરથી દેશના આપે છે. આમ છતાં જેવી રીતે ટીકાકારો સૂત્રને વિસ્તારે છે તેવી રીતે દેવો તે જ સ્વરને ચારે બાજુ યોજન સુધી વિસ્તારે છે. આથી તે સ્વર દેવકૃત હોવાથી દિવ્યધ્વનિ છે. તેને જ સ્તુતિકાર કહે છે—

**मालवकैशिकीमुख्य-ग्रामरागपवित्रितः ।**
**तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैर्मृगैरपि ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**દિવ્ય ધ્વનિ—**

હે વિશ્વવત્સલ ! **तव**-આપનો, **मालवकैशिकीमुख्यग्रामरागपवित्रित**:-માલકોશથી આરંભી ગ્રામરાગ સુધીના રાગોથી પવિત્ર થયેલો, **दिव्यो ध्वनि**:-દિવ્ય ધ્વનિ, **हर्षोद्ग्रीवै**:-હર્ષથી ઊંચી ડોકવાળા, **मृगैरपि**-હરણાઓએ પણ, **पीत**:-પીધો છે = ઉત્કંઠાપૂર્વક સાંભળ્યો છે.

મધુરતાને ઝરાવનારા મુનિઓમાં અગ્રેસર હે ભગવન્ ! આપનો દિવ્ય અને મંથાચલ પર્વતથી મંથન કરાતા ક્ષીરસમુદ્રના ધ્વનિ જેવો [1]મનોહર ધર્મદેશનાનો ધ્વનિ, અતિશય આનંદરૂપ [2]અંકુરાઓથી યુક્ત મનવાળા દેવ-મનુષ્યગણોએ તો ઠીક, કિંતુ [3]નિર્મલસુખના ઉત્કર્ષથી નેત્રનો ત્રીજો ભાગ જેમણે બંધ કરી દીધો છે એવાં અને હર્ષથી ઊંચી ડોકવાળા મૃગલાઓએ પણ પીધો છે=સ્પૃહાપૂર્વક સાંભળ્યો છે.

આ રીતે સાંભળવામાં હેતુ કહે છે—તે ધ્વનિ માલવકૈશિકી વગેરે ગ્રામરાગોથી પવિત્ર છે. આથી જ ભગવાનનો ધ્વનિ બધા જ જીવો સ્પૃહાસહિત સાંભળતા હોવા છતાં મૃગજાતિ વિશેષથી ગીતપ્રિય હોવાથી "મૃગલાઓએ સાંભળ્યો છે" એમ કહ્યું.

(ભગવાન માલકોશ રાગમાં દેશના આપે છે. ભગવાનના ધ્વનિને દેવો વીણા વગેરે વાજિંત્રોમાં પૂરે છે. વીણા વગેરે માલકોશ રાગમાં વગાડે છે. આથી ભગવાનનો ધ્વનિ દિવ્ય છે. તે દિવ્ય ધ્વનિ યોજન સુધી પહોંચે છે.) (૩)

---

૧. धीर=મનોહર.

૨. कन्दलित=અંકુરો પામેલ, અંકુરિત.

૩. निस्तुष=નિર્મલ.

**તથા સમવસરણમાં બિરાજમાન અને પૃથ્વીતલ ઉપર વિહાર કરતા ભગવાનને દેવ-દાનવો નિરંતર ચામરોથી વીંજે છે. આથી આ વિષયને જ સ્તુતિકાર કહે છે—**

**तवेन्दुधामधवला, चकास्ति चमरावली ।**
**हंसालिरिव वक्त्राब्ज-परिचर्यापरायणा ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**ચામર—**

હે દયાસાગર ! **इव**-જાણે, **वक्त्राब्जपरिचर्यापरायणा**-આપના મુખરૂપ કમલની સેવામાં તત્પર, **हंसालिः इव**-હંસોની શ્રેણિ ન હોય એવી, **तव**-આપની સમક્ષ વીંજાતી, **इन्दुधामधवला**-ચંદ્રકિરણ સમાન શ્વેત, **चमरावली**-ચામરોની શ્રેણિ, **चकास्ति**-શોભે છે.

જગત્સામ્રાજ્યના ત્યાગી હે સ્વામી ! આપની આગળ જાણે આપના મુખરૂપ કમલની સેવામાં તત્પર હંસોની શ્રેણિ હોય તેવી દેવ-દાનવોથી સહર્ષ વીંઝાતી શરદઋતુના ચંદ્રકિરણોના સમૂહ જેવી શ્વેત ચામરશ્રેણિ[1] શોભે છે.

ભગવાનનું મુખ કોમળકંઠરૂપ નાળથી યુક્ત હોવાથી, મનોહર હોઠરૂપ પાંદડાંઓથી યુક્ત હોવાથી, દાંતોના કિરણરૂપ પરાગની શ્રેણિથી સુશોભિત હોવાથી, [2]અંકરૂપ ભ્રમરોથી ચુંબન કરાયેલું હોવાથી, સ્વભાવથી સુગંધી હોવાથી, લક્ષ્મીનો (=સૌંદર્યરૂપી સંપત્તિનો) નિવાસ હોવાથી ભગવાનનું મુખ કમળ જેવું છે. હંસની કમળસેવા સમુચિત છે. (૪)

**વળી—**

**मृगेन्द्रासनमारूढे, त्वयि तन्वति देशनाम् ।**
**श्रोतुं मृगाः समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ॥५॥**

---

૧. સમવાયાંગ સૂત્રમાં બે ચામરો વીંઝાય છે એવો ઉલ્લેખ છે.

૨. અંક એટલે અંકુશ. પ્રભુના શરીરમાં ૧૦૦૮ લક્ષણો રહેલાં હોય છે. એ લક્ષણોમાં અંકુશ પણ એક લક્ષણ છે. આ લક્ષણ મુખના ભાગમાં હોવાથી ભગવાનનું મુખ એનાથી ચુંબિત છે.

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**સિંહાસન—**

હે વિશ્વોપકારી ! **त्वयि**-આપ, **मृगेन्द्रासनम्**-સિંહાસન ઉપર, **आरूढे**-આરૂઢ થઇને, **देशनाम्**-ધર્મ દેશના, **तन्वति**-કરો છો ત્યારે, **मृगाः**-હરણો (પણ), **श्रोतुं**-આપની વાણી સાંભળવા માટે (તથા), **मृगेन्द्रमिव**-સિંહની જેમ આપની, **सेवितुम्**-સેવા કરવા માટે, **समायान्ति**-આવે છે.

અભિમાની કુવાદીરૂપ હાથી માટે સિંહ સમાન હે સ્વામી ! આપ સિંહાસન[1] ઉપર આરૂઢ થઇને ભવના વિરાગને અને પરમપદના અનુરાગને ઉત્પન્ન કરનારી ધર્મકથાને કરો છો ત્યારે વિશુદ્ધ તત્ત્વજ્ઞાનથી સમૃદ્ધ બુદ્ધિવાળા દેવો અને મનુષ્યો સાંભળવા માટે આવે છે, તે આશ્ચર્ય નથી, કિંતુ તેનાથી વિલક્ષણ (=વિશિષ્ટ બુદ્ધિથી રહિત) પશુઓ પણ ધર્મકથા સાંભળવા માટે આવે છે.

આપ સિંહાસન ઉપર બિરાજમાન હોવાથી પશુઓ જાણે પોતાના સ્વામી સિંહની સેવા કરવા માટે આવતા હોય તેમ આપની સેવા કરવા માટે આવે છે. તે આપના જ જગતમાં આશ્ચર્યકારી પ્રભાવની સુગંધ છે.

(સિંહ જંગલનો રાજા ગણાય છે. આથી હરણોનો સ્વામી ગણાય છે. આપ સિંહાસન (સિંહના ચિહ્નવાળાં આસન) ઉપર બિરાજેલા હોવાથી હરણો જેમ પોતાના સ્વામી ગણાતા સિંહની સેવા કરવા આવે તેમ આપની સેવા કરવા આવે છે.) (૫)

**વળી બીજું—**

**भासां चयैः परिवृतो, ज्योत्स्नाभिरिव चन्द्रमाः ।**
**चकोराणामिव दृशां, ददासि परमां मुदम् ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**ભામંડલ—**

હે વિભુ ! **ज्योत्स्नाभिः**-ચાંદનીથી, **चन्द्रमाः**-ચંદ્ર, **इव**-જેમ, **चकोराणां**-ચકોરોને આનંદ આપે છે તેમ, **भासां चयैः**-કાંતિના સમૂહથી (-ભામંડલથી), **परिवृतो**-

૧. સિંહાસન આકાશ જેવા સ્વચ્છ સ્ફટિકરત્નનું હોય છે.

યુક્ત આપ, **દૃશાં**-સજ્જનોની દૃષ્ટિને, **પરમાં મુદમ્**-પરમ આનંદ, **દદાસિ**-આપો છો.

અનુપમ લાવણ્યરૂપ જળના સાગર હે સ્વામી ! જ્યોત્સ્નાથી પરિવરેલો ચંદ્ર જેમ ચકોરના આનંદને વધારે છે તેમ કાંતિના સમૂહથી (=ભામંડલથી) યુક્ત આપ જોવા માત્રથી જ ત્રિભુવનલોકની દૃષ્ટિને વાણીથી ન વર્ણવી શકાય=માત્ર અનુભવથી સમજી શકાય તેવી પ્રીતિ આપો છો. (૬)

**તથા ભગવાનના સમવસરણમાં અને વિહારના અવસરે દેવો સદાય દેવ દુંદુભિ વગાડે છે. આ જ વાતને પ્રકારાંતરથી સ્તુતિકાર કહે છે—**

**दुन्दुभिर्विश्वविश्वेश!, पुरो व्योम्नि प्रतिध्वनन् ।**
**जगत्याप्तेषु ते प्राज्यं, साम्राज्यमिव शंसति ।।७।।**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**દુંદુભિ—**

**विश्वविश्वेश!**-હે સમગ્રભુવનેશ્વર !, **व्योम्नि**-આકાશમાં, **पुर**:-આપની આગળ, **प्रतिध्वनन्**-વાગી રહેલ, **दुन्दुभि**:-દુંદુભિ, **इव**-જાણે, **जगति**-જગતમાં, **आप्तेषु**-(સઘળા) દેવોમાં, **ते**-આપના, **प्राज्यं**-પ્રકૃષ્ટ, **साम्राज्यं**-ઐશ્વર્યને, **शंसति**-કહે છે.

હે સમગ્ર વિશ્વના સ્વામી ! આકાશમાં આપની આગળ દેવોના કરતલથી સહર્ષ વગાડાયેલી અને આકાશ-પૃથ્વીના અંતરાલ ભાગને વાચાલ કરી દેનારા નાદને પ્રગટ કરતી દુંદુભિ જાણે કે વિશ્વમાં મોક્ષરૂપ નગરમાં નજીકના કાળમાં પ્રવેશ હોવાના કારણે આપના શાસનને ધારણ કરનારા આપ્તોને આપના પરિપૂર્ણ ધર્મચક્રવર્તીપદને કહે છે. કારણ કે તેવું સાંભળવાથી તેમને આનંદ થાય છે. દુંદુભિનાદ વિના જગતના લોકોને એકી સાથે અભીષ્ટ વિષયનું કથન શક્ય નથી.

(અરિહંત સંપૂર્ણ ધર્મચક્રવર્તી છે એમ દુંદુભિ કહે છે. કોને કહે છે ? એના જવાબમાં કહ્યું કે આપ્તોને કહે છે. આપ્ત કોને કહેવા ? એના જવાબમાં કહ્યું કે આપના શાસનને ધારણ કરનારાઓ આપ્ત છે. આપ્તો આપના શાસનને ધારણ કેમ કરે છે ? એના જવાબમાં કહ્યું કે મોક્ષ નગરમાં નજીકના કાળમાં પ્રવેશ હોવાના કારણે. આપ્તોને જ કેમ કહે છે ? એના જવાબમાં કહ્યું કે તેવું સાંભળવાથી

તેમને આનંદ થાય છે, અર્થાત્ અરિહંત સંપૂર્ણ ચક્રવર્તી છે એવું સાંભળવાથી આપ્તોને આનંદ થાય છે. દુંદુભિનાદ વિના જ કહી દો ને ? એના જવાબમાં કહ્યું કે દુંદુભિના નાદ વિના જગતના લોકોને એકી સાથે અભીષ્ટ વિષયનું કથન શક્ય નથી) (૭).

**તથા અરિહંતપદે રહેલા સ્વામીના મસ્તક ઉપર દેવો શ્વેત ત્રણ છત્રોને ધારણ કરે છે. આથી આ જ પ્રાતિહાર્યને સ્તુતિકાર યુક્તિથી પ્રગટ કરે છે—**

**तवोर्ध्वमूर्ध्वं पुण्यर्द्धि-क्रमसब्रह्मचारिणी ।**
**छत्रत्रयी त्रिभुवन-प्रभुत्वप्रौढिशंसिनी ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**છત્ર—**

હે જગત્ પ્રભુ ! **तव**-આપના મસ્તકે, **पुण्यर्द्धिक्रमसब्रह्मचारिणी**-પુણ્ય સંપત્તિના ક્રમ સમાન, **उर्ध्वमूर्ध्वं**-ઉપર ઉપર રહેલાં, **छत्रत्रयी**-ત્રણ છત્રો, **त्रिभुवन-प्रभुत्वप्रौढिशंसिनी**-આપના ત્રિભુવન પ્રભુત્વના ઉત્કર્ષને જણાવે છે.

ત્રણ ભુવનના મુકુટમણિ સમાન હે પ્રભુ ! આપના મસ્તક ઉપર ત્રણ છત્રો શોભે છે. એ ત્રણ છત્રો ઉપર ઉપર રહેલાં છે અને એથી જ આપના જ (ક્રમશ: થતા) પુણ્યસંપત્તિના પ્રકર્ષ સમાન છે. તે આ પ્રમાણે—પહેલાં સમ્યક્ત્વનો સ્વીકાર, પછી દેશવિરતિ, પછી સર્વવિરતિ, પછી અરિહંત આદિ સ્થાનોનું સેવન, પછી અરિહંતઆદિ રૂપે ઉત્પત્તિ, પછી સમય થતાં સર્વવિરતિ, ક્રમે કરીને અપૂર્વ કરણના પ્રારંભથી ક્ષપકશ્રેણિ, તેનાથી શુક્લધ્યાન, તેનાથી ઘાતીકર્મ ક્ષય, તેનાથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ, પછી તરત અરિહંતપદની સંપત્તિનો ઉપભોગ, ત્યારબાદ શાશ્વતપદની પ્રાપ્તિ. આ પ્રમાણે ઉત્તરોત્તર આપની પુણ્ય સમૃદ્ધિનો ક્રમ છે. તે પ્રમાણે ત્રણ છત્રો પછી પછીનું છત્ર મોટું હોય તેમ ઉપર ઉપર રહેલાં છે.

આ ત્રણ છત્રો આપના સ્વર્ગ-પાતાલ-મનુષ્યલોક એ ત્રિભુવનના ઉત્કૃષ્ટ પ્રભુત્વને કહે છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે— જે એક ભુવનનો સ્વામી હોય તેને એક છત્ર અને જે બે ભુવનનો સ્વામી હોય તેને બે છત્રો હોય. ભગવાન તો ત્રિભુવનના સ્વામીઓથી સહર્ષ સેવાતા હોવાથી ત્રિભુવન સ્વામી છે. માટે તેમના

મસ્તક ઉપર શ્વેત ત્રણ છત્રો હોય એ ઉચિત જ છે. (૮)

**આ પ્રમાણે પ્રાતિહાર્યોને કહીને તેની વક્તવ્યતાનો ઉપસંહાર કરતા સ્તુતિકાર કહે છે—**

**एतां चमत्कारकरीं, प्रातिहार्यश्रियं तव ।**
**चित्रीयन्ते न के दृष्ट्वा, नाथ ! मिथ्यादृशोऽपि हि ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**हि**-ખરેખર, **नाथ**-હે નાથ !, **तव**-આપની, **चमत्कारकरीं**-ચમત્કાર કરનારી, **एतां**-આ, **प्रातिहार्यश्रियं**-પ્રાતિહાર્ય રૂપ સંપત્તિને, **दृष्ट्वा**-જોઇને, **मिथ्यादृशो**-મિથ્યાદૃષ્ટિઓ, **अपि**-પણ, **के**-કોણ, **न चित्रीयन्ते**-આશ્ચર્ય પામતા નથી ? મિથ્યાદૃષ્ટિઓ પણ બધા આશ્ચર્ય પામે છે.

કેવલજ્ઞાનરૂપ લક્ષ્મીથી સનાથ હે નાથ !. ખરેખર ! પૂર્વે જેના સ્વરૂપનું વર્ણન કર્યું છે તે અશોકવૃક્ષ આદિ પ્રાતિહાર્યલક્ષ્મી અલૌકિક આશ્ચર્યનું આચરણ કરે છે. આ પ્રાતિહાર્યલક્ષ્મીને જોઇને સમ્યગ્દૃષ્ટિઓ તો ઠીક, કિંતુ મિથ્યાદૃષ્ટિઓ (=તત્ત્વદર્શન પ્રત્યે વિપરીત દૃષ્ટિવાળા) પણ કોણ આશ્ચર્ય પામતા નથી ?

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જોકે મિથ્યાદૃષ્ટિઓ અજ્ઞાનતાથી દૂષિત હોવાથી તેમને ભગવાનના વીતરાગતા આદિ (ગુણો)નો યથાર્થ બોધ હોતો નથી. તો પણ વિશ્વમાં આશ્ચર્યકારી પ્રાતિહાર્યોને જોવાથી તેમનામાં આશ્ચર્યની વૃદ્ધિ થાય છે, અને અતિશય આનંદરૂપ અમૃતના પાનથી મિથ્યાત્વરૂપ વિષ કંઇક ઉપશાંત થાય છે. આથી તેઓ સમ્યક્ત્વની અભિમુખ થાય છે. અહો ! ભગવાનનો સર્વ જીવો ઉપર ઉપકાર !

પ્રાતિહાર્યો પણ અતિશયવિશેષ જ છે.

**પ્રશ્ન :** પ્રાતિહાર્યો પણ અતિશય છે તો અતિશયની સંખ્યા ૩૪ થી વધારે થાય. જ્યારે શાસ્ત્રમાં તો અતિશયોની સંખ્યા ૩૪ છે.

**ઉત્તર :** બાલજીવોના બોધ માટે સ્થૂલ દૃષ્ટિએ શાસ્ત્રમાં ૩૪ અતિશયોનું વર્ણન છે. ભગવાનના અતિશયો તો અનંતા છે.

(અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ અને દિવ્યધ્વનિ સિવાય પાંચ પ્રાતિહાર્યો તથા

ધર્મચક્ર અને ઇંદ્રધ્વજ એ બે અતિશયો વિહારમાં પણ ભગવાનની સાથે ચાલે છે.) (૯)

# षष्ठप्रकाश:

**આ પ્રમાણે ભાવઅરિહંતરૂપ પરમાત્માના સર્વાધિક ઉત્કર્ષનું કારણ એવા અતિશયોને કહીને હવે પરમાત્માના અતિશયોના લેશથી પણ રહિત અને અજ્ઞાની એવા દેવાભાસોમાં પરમાત્માની સમાનતાનું આરોપણ કરીને જેઓ તેમને પરમાત્માના વિપક્ષી (=પ્રતિસ્પર્ધી) તરીકે મૂકે છે, તેમનું નિરાકરણ કરવાની ઇચ્છાવાળા સ્તુતિકાર "વિપક્ષનિરાસ" સ્તવને કહે છે—**

**लावण्यपुण्यवपुषि, त्वयि नेत्रामृताञ्जने ।**
**माध्यस्थ्यमपि दौःस्थ्याय, किम्पुनर्द्वेषविप्लवः ? ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **लावण्यपुण्यवपुषि**-લાવણ્યથી પવિત્ર કાયાવાળા અને, **नेत्रामृताञ्जने**-નેત્રમાં અમૃતના અંજન સમાન, **त्वयि**-આપના ઉપર, **माध्यस्थ्यं**-(ભદ્રિક જીવોની) મધ્યસ્થતા-ઉદાસીનતા, **अपि**-પણ, **दौःस्थ्याय**-(આપના ગુણોના જાણકારને) દુઃખ માટે થાય છે, **किं पुनः**-તો પછી, **द्वेषविप्लवः**-દ્વેષથી-ઇર્ષ્યાથી, અસત્ય દોષોની ઉદ્‌ઘોષણા દુઃખ માટે થાય એમાં પૂછવું જ શું ? દ્વેષવિપ્લવ (=દ્વેષરૂપ ઉપદ્રવ)-તો મહાદુઃખ માટે થાય છે.

જગત માટે આનંદના કંદ હે ભગવન્ ! ઉપાધિ (=લાવણ્ય વધે તેવી વસ્તુના ઉપયોગ) વિના સ્વાભાવિક પ્રિય લાવણ્યગુણથી પવિત્ર કાયાવાળા, એથી જ સકલ લોકના નેત્રો માટે અમૃતાંજન સમાન આપના ઉપર જેમના વિશેષ વિચારો અનભિગૃહીત મિથ્યાત્વથી બંધ થઇ ગયા છે એવા કેટલાક લોકો જે ઇતર દેવથી સાધારણ દેવબુદ્ધિ ધારણ કરે છે તે પણ આપના ગુણોને જાણનારાઓએ જોયું કે સાંભળ્યું હોય તો તેમના અતિશય માનસિક ખેદ માટે થાય છે, તો પછી તેમનાથી પણ અતિમૂઢ કેટલાક લોકો વિશ્વલોકોનું હિત કરનારા આપના ઉપર પણ જે દ્વેષરૂપ ઉપદ્રવ ફેલાવે છે તે આપની સઘળી વિશેષતાઓને જાણનારાઓના મનને

સુતરાં પીડે એમાં શું કહેવું ?

અથવા આ શ્લોકના ઉત્તરાર્ધનો અર્થ આ પ્રમાણે છે—પૂર્વે વર્ણવેલા સ્વરૂપવાળા આપના ઉપર અનભિગૃહીત મિથ્યાત્વથી હણાઇ ગયેલા સદ્-અસદ્‌ના વિવેકવાળા જેઓ મધ્યસ્થભાવને રાખે છે, તેમને આપના વિષે રહેલો મધ્યસ્થ ભાવ જ મહા અનર્થ માટે થાય છે, તો પછી દ્વેષરૂપ ઉપદ્રવથી યુક્ત બનવું એ તો અનંતભવભ્રમણનું કારણ હોવાથી સુતરાં મહા અનર્થનું કારણ થાય.

(ભદ્રિક જીવો અરિહંત પણ બીજા લૌકિક દેવો જેવા દેવ છે એવી મધ્યસ્થ બુદ્ધિ રાખે છે. આથી તેઓ બીજા દેવોનો ત્યાગ કરીને અરિહંત પરમાત્માનો સ્વીકાર કરતા નથી. તેમની આવી સ્થિતિથી અરિહંત પરમાત્માના ગુણોના જાણકારને દુ:ખ થાય છે. જેમ ચિંતામણી જોયા પછી તેની ઉપેક્ષા કરનારા=તેનો સ્વીકાર ન કરનારા મૂઢને જોઇને ચિંતામણીના ગુણોના જાણકારને "આ બિચારો નિર્ભાગ્ય શિરોમણી છે, હાથમાં આવેલા ચિંતામણીને લેતો નથી." આવું દુ:ખ થાય છે, તેમ આ પ્રમાણે મધ્યસ્થ બુદ્ધિથી પણ દુ:ખ થાય છે, તો અત્યંત મૂઢ જીવો દ્વેષ-ઇર્ષ્યા આદિથી ભગવાનના ગુણોમાં પણ દોષોનું આરોપણ કરે તે જોઇને કે સાંભળીને અરિહંત પરમાત્માના ગુણોના જાણકારને અતિશય દુ:ખ થાય તે સહજ છે.) (૧)

**આ પ્રમાણે આપના વિષે દ્વેષરૂપ ઉપદ્રવ પણ જઘન્ય છે. કેટલાક તો દ્વેષ રૂપ ઉપદ્રવના કારણે જ સર્વજન સામાન્ય વ્યવહાર કરનારા પણ દેવોની આપના પ્રતિપક્ષ (=પ્રતિસ્પર્ધી) તરીકે તુલના કરે છે. આથી તેના અનુસંધાનમાં સ્તુતિકાર આક્ષેપ સહિત કહે છે—**

**तवापि प्रतिपक्षोऽस्ति, सोऽपि कोपादिविप्लुतः ।**
**अनया किंवदन्त्याऽपि, किं जीवन्ति विवेकिनः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે નાથ ! **तव**-આપનો, **अपि**-પણ, **प्रतिपक्षो अस्ति**-પ્રતિપક્ષ=સ્પર્ધા કરનાર છે, અને, **सोऽपि**-તે (પ્રતિપક્ષ) પણ, **कोपादिविप्लुतः**-(સામાન્ય મનુષ્યોની જેમ)

ક્રોધાદિથી હેરાન થયેલો છે, **अनया**-આવી, **किंवदन्त्या**-લોકોક્તિથી, **अपि**-પણ, **विवेकिन**:-વિવેકીઓ=આપના અને ઇતર દેવોના ભેદને જાણનારા, **किं जीवन्ति**-શું જીવે છે ? અર્થાત્ જીવી શકતા નથી.

આપ પરમકારુણિક, વીતરાગ, સર્વજ્ઞ અને પરમ અરિહંતપદ રૂપ સંપત્તિની શોભા પામેલા છો. આથી આપ જગતથી વિલક્ષણ છો. જગતથી વિલક્ષણ એવા આપનો પણ શું કોઇ પ્રતિપક્ષી (=સ્પર્ધા કરનાર) છે ? આ સર્વથા જ ઘટી શકતો નથી. કદાચ કોઇક આપના જેવો જ હોય એવી શંકાના નિવારણ માટે કહે છે—આપના પ્રતિપક્ષી તરીકે રહેલો પણ ક્રોધ, કામ અને લોભ આદિના કારણે સાધારણ લોકોથી પણ અધિક અસ્વસ્થતાને પામેલો છે. આ વિષયના સાક્ષાત્કારની (=આપનો પ્રતિપક્ષી છે અને વળી ક્રોધાદિથી અસ્વસ્થ છે એને સાક્ષાત્ જોવાની) વાત તો દૂર રહી, કિંતુ વિમૂઢ લોકોની તેવી ઉક્તિથી પણ આપના અને આપનાથી અન્ય દેવોના ભેદને જાણનારાઓ શું ક્યારે પણ જીવે છે ?

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—આ પ્રમાણે અસંગત બોલનારાઓનો તેવા પ્રકારની સામગ્રીની ખામીથી નિગ્રહ કરવા અશક્ત હોય તો શું સ્વાધીન પ્રાણોને પણ છોડવા માટે સમર્થ નથી ? નહિ સાંભળવા યોગ્ય વિષયને સાંભળવા કરતાં પ્રાણત્યાગ શ્રેયસ્કર જ છે.

અથવા किं जीवन्ति પદનો અર્થ આ પ્રમાણે છે—ખરાબ રીતે જીવે છે. જોકે અનુચિત રીતે પ્રાણનો ત્યાગ કરવાથી આપઘાત કર્યો ગણાય એવી શંકાવાળા સહસા જ જીવનનો ત્યાગ કરવા સમર્થ ન બને, તો પણ શલ્યસહિત પ્રાણધારણ કરવાથી નિંદિત રીતે જીવે છે, એવો ભાવ છે. (૨)

**પૂર્વોક્ત વિષયને ફરી દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતા સ્તુતિકાર કહે છે—**

**विपक्षस्ते विरक्तश्चेत्, स त्वमेवाथ रागवान् ।**
**न विपक्षो विपक्षः किं, खद्योतो द्युतिमालिनः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વબંધુ ! **तव**-આપનો, **विपक्ष**:-પ્રતિસ્પર્ધી, **चेत्**-જો, **विरक्त**:-રાગરહિત

છે તો, **सः**-તે, **त्वमेव**-આપ જ છો. (કારણ કે બધા વીતરાગ વીતરાગરૂપે એક જ હોય છે.), **अथ**-હવે જો તે પ્રતિસ્પર્ધી, **रागवान्**-રાગવાળો છે તો, **न विपक्षो**-પ્રતિસ્પર્ધી જ નથી. (વીતરાગનો પ્રતિસ્પર્ધી રાગી શી રીતે હોઇ શકે ?), **किं**-શું, **खद्योतो**-પતંગ(=આગિયો), **द्युतिमालिनः**-સૂર્યનો, **विपक्षः**-પ્રતિસ્પર્ધી બને છે ? અર્થાત્ નથી બનતો.

આંતર શત્રુઓનો અત્યંત ક્ષય કરનારા હે ભગવન્ ! બુદ્ધિશાળીઓએ સૂક્ષ્મ રીતે જોવા છતાં આપનો પ્રતિસ્પર્ધી ક્યાંય જોયો નથી. તે આ પ્રમાણે— આપનો પ્રતિસ્પર્ધી જો રાગરહિત છે, તો ખરેખર પ્રતિસ્પર્ધી જ નથી, કિંતુ વીતરાગ હોવાથી આપ જ છો. (કારણકે બધા વીતરાગ વીતરાગ રૂપે એક જ હોય છે.) હવે જો તે રાગવાળો છે, તો પણ વીતરાગ ન હોવાથી જ આપનાથી અત્યંત અસમાન હોવાથી પ્રતિસ્પર્ધી જ નથી. કારણ કે સમાન શીલ-પરાક્રમવાળાઓની જ પ્રાયઃ પ્રતિસ્પર્ધા ઘટી શકે છે. આ વિષે દૃષ્ટાંત કહે છે. શું પતંગ (=આગીયો) કોઇ દેશમાં અને કોઇ કાળમાં સૂર્યનો પ્રતિસ્પર્ધી બને છે ? જેમ પતંગની સૂર્યની સાથે તુલના દુર્લભ છે=અશક્ય છે, તેમ રાગસહિતની વીતરાગની સાથે તુલના અશક્ય છે. (૩)

**યોગના રહસ્યોનું આસેવન કરવાથી ભગવાનનો આવો મહિમા છે, તેથી બીજાઓ પણ તેનો અભ્યાસ કરવાથી તેવા હશે એવી શંકા કરીને કહે છે—**

**स्पृहयन्ति त्वद्योगाय, यत्तेऽपि लवसत्तमाः ।**
**योगमुद्रादरिद्राणां, परेषां तत्कथैव का ? ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગદીશ ! **ते**-તે, **लवसत्तमाः**-લવસપ્તમ દેવો, **अपि**-પણ, **त्वद्योगाय**-આપના યોગને (કેવલજ્ઞાનાદિ મોક્ષમાર્ગને), **स्पृहयन्ति**-ઇચ્છે છે, **योगमुद्रादरिद्राणां**-યોગની મુદ્રાથી દરિદ્ર=રહિત, **परेषां**-પરદર્શનીઓને, **तत्कथैव का**-આપના તે યોગની વાત પણ ક્યાંથી હોય ? અર્થાત્ પરતીર્થિક દેવો આપની બાહ્ય યોગમુદ્રા પણ પામ્યા નથી. તો આપના કેવલજ્ઞાનાદિ યોગને તો શેં પામે ? અને તેથી આપના પ્રતિપક્ષ પણ કેવી રીતે હોઇ શકે ?

સિદ્ધ અદ્ભુતયોગવાળા હે ભગવન્ ! [1]જેમને અણિમા વગેરે મહર્દ્ધિઓ પ્રાપ્ત થઇ છે તેવા જીવો તો ઠીક, કિંતુ મોક્ષની [2]નજીક રહેલા અનુત્તરદેવો પણ આપના યોગરહસ્યોને ઇચ્છે છે. અહો ! મંદભાગ્યવાળા અમને પૂર્વભવમાં સાતલવ (=લગભગ ૩।। મીનિટ) જેટલું આયુષ્ય ઘટવાથી વીતરાગને પ્રાપ્ત થાય તેવી યોગસમૃદ્ધિ પ્રાપ્ત ન થઇ, ફરી ક્યારે આ યોગસમૃદ્ધિને પામીશું એમ રોજ ઇચ્છે છે. યોગમુદ્રાથી નિર્ધન (=રહિત) પરદર્શનીઓને આપના આવા પ્રકારના યોગની વાત પણ ક્યાંથી હોય ? આ જ સ્તુતિકાર બીજી (અયોગવ્યવચ્છેદિકા) સ્તુતિમાં કહે છે કે—**"હે જિનેન્દ્ર ! આપના અન્ય ગુણોને ધારણ કરવાનું તો દૂર રહ્યું, કિંતુ પરદર્શનીનાં દેવોએ પર્યંક આસનથી યુક્ત શિથિલ શરીર અને નાશિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિવાળી આપની મુદ્રા પણ શીખી નથી."** (૨૦) આ પ્રમાણે યોગમુદ્રાથી દરિદ્ર તે તપસ્વીઓને આપનું પ્રતિસ્પર્ધીપણું ક્યાંથી હોય ? (૪)

**આ પ્રમાણે નિર્ણય થતાં જે કરવું જોઇએ તે કહે છે—**

**त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।**
**त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः किमु कुर्महे ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વનાથ ! અમે **त्वां**-આપને, **नाथं**-યોગ-ક્ષેમ કરનારા નાથ તરીકે, **प्रपद्यामहे**-સ્વીકારીએ છીએ, **त्वां**-આપની, **स्तुमः**-સ્તુતિ કરીએ છીએ, **त्वां**-આપની, **उपास्महे**-ઉપાસના કરીએ છીએ, **हि**-કારણ કે, **त्वत्तो**-આપનાથી, **परः**-અન્ય કોઇ, **न त्राता**-રક્ષણ કરનાર નથી. (અમે આપની સ્તુતિ અને સેવા કેમ કરીએ છીએ એ ભગવાનને જણાવતાં સ્તુતિકાર કહે છે કે-), **किं ब्रूमः**-આપની સ્તુતિ સિવાય બીજું શું બોલીએ ? **किमु कुर्महे**-આપની સેવા સિવાય બીજું શું કરીએ ? (કારણ કે આપની સ્તુતિ જ વચનનું ફળ છે. આપની સેવા જ મનુષ્ય જન્મનું ફળ છે.

---

૧. મૂળ શ્લોકમાં રહેલ यद् પદનો અર્થ બંને ટીકાકારોએ કર્યો નથી. પરતીર્થિકો ભગવાનના પ્રતિપક્ષ કેમ નથી તે આ શ્લોકમાં જણાવ્યું છે. આથી અહીં यद् પદનો यद्=यस्मात् એમ હેતુ અર્થ કરવો ઠીક લાગે છે.

૨. उपकण्ठ=પાસે.

આપની સ્તુતિ સિવાય બીજું કોઇ વચનનું ફળ નથી અને આપની સેવા સિવાય બીજું કોઇ આ જીવનનું ફળ નથી. આથી આપની સ્તુતિ અને સેવા સિવાય બીજું કશું જ કરવા લાયક નથી.)

હે વિશ્વવત્સલ ! પરદર્શનીઓ આપની યોગમુદ્રાથી પણ રહિત છે, તેથી આંતર શત્રુઓથી ત્રાસ પામેલા અમે [1]યથાર્થનાથ એવા આપનું જ શરણ સ્વીકારીએ છીએ. કારણ કે આ જગતમાં આ ભયથી આપના સિવાય બીજો કોઇ જ રક્ષણ કરનાર નથી. તથા સમસ્ત સ્તુત્યગણમાં મુખ્ય એવા આપની જ સાન્વર્થ સ્તુતિઓથી સ્તુતિ કરીએ છીએ. આથી જ આપની સ્તુતિથી અધિક બીજું શું બોલીએ ? કારણ કે બોલવામાં કુશળતાનું ફળ આપની સ્તુતિ કરવી એ જ છે. તથા જે જીવો સર્વ જીવોથી સેવવા યોગ્ય છે તે જીવોથી પણ સહર્ષ સેવા કરવા લાયક આપની અમે ઉપાસના કરીએ છીએ. આથી જ સઘળાં સત્કાર્યોમાં આપની ઉપાસના મુખ્ય હોવાથી અમે આપની ઉપાસના સિવાય બીજું શું કરીએ ? આપની ઉપાસના કર્યે છતે સઘળાંય સત્કાર્યો કર્યા જ છે.

અહીં શ્લોકમાં શરણાર્થી આપના ઉપાસકો ઘણા હોવાથી તેના કથનમાં प्रपद्यामहे વગેરે બહુવચનના પ્રયોગો છે. ભગવાન તો એક જ હોવાથી त्वाम् એ પ્રમાણે એક વચન છે. આથી આવા પ્રયોગથી સ્તુતિકારના ઔચિત્યનો ભંગ થતો નથી. આ પ્રમાણે અન્ય સ્થળે પણ જાણવું. (૫)

**આ પ્રમાણે સ્વામીના શરણે ગમન, સ્વામીની સ્તુતિ અને સ્વામીની ઉપાસનાથી કૃતકૃત્ય પણ સ્તુતિકાર જગતને કુતીર્થિકોથી કદર્થના પામતું જોઇને ખેદસહિત આ કહે છે—**

**स्वयं मलीमसाचारैः, प्रतारणपरैः परैः ।**
**वञ्च्यते जगदप्येतत्, कस्य पूत्कुर्महे पुरः ? ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

૧. યોગ-ક્ષેમ કરે તે નાથ. અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ કરાવવી તે યોગ, પ્રાપ્ત ગુણોની રક્ષા કરવી તે ક્ષેમ. આવા યોગ-ક્ષેમને જે કરે તે યથાર્થ નાથ કહેવાય. ભગવાન આવા યોગ-ક્ષેમને કરતા હોવાથી યથાર્થ નાથ છે.

હે કૃપાસિંધુ ! **स्वयं**-જાતે, **मलीमसाचारैः**-મલિન આચારવાળા અને, **प्रतारणपरैः**-લોકોને છેતરવામાં તત્પર, **परैः**-પરતીર્થિક બ્રહ્માદિ દેવોથી અને યજ્ઞાદિમાં રત ગુરુઓથી, **जगदपि**-જગતના લોકો પણ, **वञ्च्यते**-છેતરાય છે. આથી અમે આપના સિવાય બીજા, **कस्य**-કોની, **पुरः**-પાસે, **पूत्कुर्महे**-પોકાર કરીએ ?

હે કૃપાસાગર ! અસર્વજ્ઞોએ રચેલા કુશાસ્ત્રોથી પાપમતિવાળા બીજાઓએ કેવલ પોતાના આત્માને છેતર્યો છે એવું નથી, કિંતુ કુમાર્ગમાં પ્રવર્તાવવાથી જગતના લોકોને પણ છેતરે છે. કદાચ તેઓ જાતે સદાચારવાળા હશે એવી શંકા કરીને કહે છે—સ્વયં પાપપ્રવૃત્તિથી મલિન આચરણ કરનારા છે. આવા પણ કદાચ આશ્રિતોને સદાચારમાં જોડે એવી શંકા કરીને કહે છે—છેતરવાના વિવિધ પ્રપંચો ગોઠવીને છેતરવામાં તત્પર તેમનાથી આખું જગત છેતરાય છે.

અમે પરમકારુણિક અને સર્વજ્ઞ એવા આપના સિવાય બીજા કોની આગળ જગતના લોકોને છેતરવાની આ અનુચિત પ્રવૃત્તિનો પોકાર કરીએ ? આજે કે કાલે આપે જ આ ભવ્યજીવસમૂહને કુમતરૂપ કાદવમાંથી બહાર કાઢવાનો છે, તેથી આપ ઉપેક્ષા કેમ કરો છો ? આ પ્રમાણે ભાવ છે. (૬)

**नित्यमुक्तान् जगज्जन्म-स्थेमक्षयकृतोद्यमान् ।**
**वन्ध्यास्तनन्धयप्रायान्, को देवाँश्चेतनः श्रयेत् ? ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**चेतनः**-બુદ્ધિશાળી, **कः**-કોણ, **नित्यमुक्तान्**-સદા મુક્ત, (સ્વભાવથી જ મુક્ત સ્વરૂપવાળા), **जगत्** જગતની, **जन्म**-ઉત્પત્તિ, **स्थेम**-પાલન અને, **क्षय**-નાશ માટે, **कृतोद्यमान्**-પ્રયત્ન કરનારા અને, **वन्ध्यास्तनन्धयप्रायान्**-વંધ્યાના પુત્રની જેમ અસત્, **देवान्**-દેવોનો, **श्रयेत्**-આશ્રય કરે ?

જો આ જગતના લોકો અંતરમાં વિશિષ્ટજ્ઞાનવાળા થાય તો બીજાઓથી પરાભવ ન પામે એમ કહે છે—ચિત્તમાં થયેલા વિશિષ્ટ જ્ઞાનવાળો અને મોક્ષની ઇચ્છાવાળો કયો જીવ નિત્યમુક્ત, જગતની ઉત્પત્તિ, પાલન અને નાશ માટે પ્રયત્ન કરનારા અને વંધ્યાના સ્તન ધાવતા પુત્રની જેમ અસત્ દેવોનો આશ્રય કરે ?

**નિત્યમુક્ત—** વિશિષ્ટ યમ-નિયમ-પ્રાણાયામ-તપરૂપ કષ્ટ વગેરેથી દુષ્ટ કર્મસમૂહને ઉખેડ્યા વિના પણ સ્વભાવથી મુક્ત સ્વરૂપવાળા. [1]આ ઘટી શકે તેમ નથી.

આવા પણ જો જગત્સર્જન વગેરે ઉપાધિ (=વિશેષણ) વિના જ લોકોને પ્રિય હોય તો હજી કંઇક ઘટે. આથી અહીં જગતની ઉત્પત્તિ, પાલન અને નાશ માટે પ્રયત્ન કરનારા એમ કહ્યું. એક ચરાચર (ચેતન-જડ) જગતને સર્જે છે, બીજો પાળે છે અને ત્રીજો સંહરે છે, ઇત્યાદિ વિકૃતિ એ દેવોમાં પ્રગટ થઇ છે. આથી જો નિત્ય મુક્ત હોય તો જગત્સર્જન વગેરે ઉપદ્રવ (=તોફાન) કરવામાં તત્પર કેમ હોય ? હવે જો જગત્સર્જન વગેરે રૂપ [2]ખંજવાળથી યુક્ત મનવાળા છે તો નિત્યમુક્ત કેવી રીતે હોય ? મુક્ત જીવો એક સ્વભાવવાળા હોય છે. તે દેવો ભિન્ન સ્વભાવવાળા છે. તે દેવો ક્રમશઃ રજસ્, સત્ત્વ અને તમો ગુણના ઉત્કટ ઉદયવાળા છે. આથી જ ક્રમશઃ જગતનું સર્જન, પાલન અને સંહાર કરવામાં પ્રયત્નવાળા છે. આથી તેમનો ભિન્નસ્વભાવ અત્યંત વ્યક્ત જ છે. આમ આ અતાત્ત્વિક છે. જગત્સર્જન વગેરે જે રીતે અપ્રમાણિક છે તે રીતે બધું जगत्कर्तृत्वनिरास સ્તવમાં આગળ વિસ્તારથી કહેવાશે. સર્વથા જ યુક્તિથી ન ઘટવાથી તે દેવો વન્ધ્યાના સ્તન ધાવતા પુત્ર જેવા છે. અહીં स्तनन्धय (=સ્તન ધાવતા) પદનો ઇરાદાપૂર્વક ઉલ્લેખ કર્યો છે. કારણ કે વંધ્યાઓને પાલન પોષણાદિ કરવાથી પુત્ર હોય તો પણ સ્તન ધાવતો પુત્ર હોય એ ન ઘટે. આવા પ્રકારના દેવાભાસોને બુદ્ધિશાળી કોણ સેવે ? કોઇ જ ન સેવે, એવો ભાવ છે. (૭)

**જેઓ મોહથી હણાયેલી મતિવાળા હોવાથી તેવા પણ દેવોને સ્વીકારીને તેનાથી બીજા દેવોનો અપલાપ કર્યા વિના મૌન જ રહે તો તે પણ સારા છે. પણ દુર્બુદ્ધિવાળાઓ તે પણ કરતા નથી તેમ સ્તુતિકાર કહે છે—**

**कृतार्था जठरोपस्थ-दुःस्थितैरपि दैवतैः ।**
**भवादृशान्निह्नुवते, हा हा ! देवास्तिकाः परे ॥८॥**

---

૧. કર્મબદ્ધ જીવ વિશિષ્ટ પુરુષાર્થથી કર્મ મુક્ત બનીને ઇશ્વર થાય છે એમ જૈન દર્શન માને છે. કેટલાંક દર્શનો ઇશ્વર અનાદિકાળથી કર્મમુક્ત છે એમ માને છે.

૨. कण्डूल=જેને ખંજવાળ આવતી હોય તે.

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગન્નાથ ! **हाहा**-કેવી ખેદની બીના છે કે-, **देवास्तिकाः**-દેવને માનનારા, **परे**-બીજા મોહાંધ જીવો, **जठरोपस्थ-दुःस्थितैः**-પેટ અને ઉપસ્થ- ઇંદ્રિયોથી વિટંબણા પામેલા, **अपि**-પણ, **दैवतैः**-દેવતાઓથી (પોતાને), **कृतार्थाः**-કૃતકૃત્ય માનતા (માનીને), **भवादृशान्**-આપના જેવા (સર્વોત્કૃષ્ટ દેવો)નો, **निह्नुवते**-અપલાપ કરે છે.

અજ્ઞાન જીવો રાગી દેવોનો સ્વીકાર કરીને મૌન રહ્યા હોત તો હજી બહુ વાંધો ન હતો, પણ એ લોકો આગળ વધીને આપનામાં કોઇ વિશેષતા=મહત્તા નથી એમ કહીને આપનો અપલાપ કરે છે, એ બહુ ખેદની બીના છે.

હે ભગવન્ ! કેવી ખેદની બીના છે કે-કુમતથી જેમની તત્ત્વબુદ્ધિ ક્ષીણ થઇ ગઇ છે તેવા બીજા દેવાસ્તિકો (=દેવને માનનારાઓ) રસના અને સ્પર્શન આદિ ઇંદ્રિયોના નિર્મર્યાદ વિકારોથી વિડંબના પામેલા પણ દેવોથી પોતાને કૃતકૃત્ય માનીને સઘળી ઇંદ્રિયોના વિકારોનું મૂળ બીજ એવા મહામોહને જેમણે મૂળથી ઉખેડી નાખ્યો છે અને એથી જ ચિદાનંદ રૂપ પરમબ્રહ્મમાં વિલીન થયેલા પણ આપના જેવા (સર્વોત્કૃષ્ટ દેવો)નો અપલાપ કરે છે=મજાક પૂર્વક હસીને "એમનું કોઇ કામ નથી" એમ પ્રલાપ કરે છે. સમસ્ત દુષ્કૃતોને સ્વીકારનારા (=કોઇ પણ દુષ્કૃત કરવામાં વાંધો નથી એમ માનનારા) નાસ્તિકોને માટે આ પણ ઉચિત છે. પણ હતાશ થઇ ગયેલા અને તે જ દેવોથી દેવાસ્તિક (=દેવને માનનારા) આ લોકો તો આપના જેવાઓનો અપલાપ કરે છે. આ પ્રમાણે અહો મોહનો વિલાસ ! (૮)

**સઘળા પરમતો પ્રાયઃ અસત્કલ્પના કરવામાં તત્પર અને અપ્રમાણિક છે, કેવલ ધિટ્ઠાઇથી જ ગળાની ગર્જના કરે છે એમ સ્તુતિકાર કહે છે—**

**खपुष्पप्रायमुत्प्रेक्ष्य, किञ्चिन्मानं प्रकल्प्य च ।**
**सम्मान्ति देहे गेहे वा, न गेहेनर्दिनः परे ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **गेहेनर्दिनः**-ઘરમાં જ શૂર, **परे**-પરવાદીઓ, **खपुष्पप्रायं**-આકાશ-કુસુમ જેવું, **किञ्चित्**-કંઇક, **उत्प्रेक्ष्य**-સ્વમતિથી કલ્પીને, **च**-અને, **मानं**-પ્રમાણ, **प्रकल्प्य**-કલ્પીને (અમે જ તત્ત્વ મેળવ્યું છે એમ ફૂલાઇ જવાથી), **गेहे**-સ્વદર્શનમાં,

**वा**-કે, **देहे**-સ્વદેહમાં પણ, **न सम्मान्ति**-સમાતા નથી.

હે જગદીશ ! આપની આજ્ઞાની અવજ્ઞા કરવામાં તત્પર બીજાઓ પ્રત્યક્ષઅનુમાન-હેતુ-દૃષ્ટાંતોથી સિદ્ધ ન થાય તેવું અને એથી જ આકાશકુસુમ જેવું કંઇક સ્વચિત્તથી જ [1]વિચારીને તેનું જ સાધક તેવા પ્રકારનું જ બે-ત્રણ વગેરે અવયવવાળું પ્રમાણ કલ્પીને, સ્વમતિકલ્પિત તે જ જ્ઞાનથી ઊંચામસ્તકવાળા બનીને "અમારાથી જ આ સારું તત્ત્વ મેળવાયું છે" એમ માનીને હર્ષથી સ્વદેહમાં અને સ્વઘરમાં સમાતા નથી. અસર્વજ્ઞોએ રચેલા કુશાસ્ત્રોથી મૂઢ બનેલા તેઓ કેવલ ઘરમાં જ બડાઇ હાંકનારા છે, ચતુરંગવાદમાં વિજય મેળવીને ગાજતા યશવાળા નથી.

બીજાઓ સ્વચિત્તથી વિચારે છે તેનું એક દૃષ્ટાંત આ પ્રમાણે છે-"एक एव हि भूतात्मा देहे देहे व्यवस्थित"-इत्यादि "એક જ ભૂતાત્મા (=શરીરમાં રહેલો આત્મા) દરેક શરીરમાં રહેલો છે." આમાં પ્રમાણ (=યુક્તિ) આ પ્રમાણે છે- एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत्=જેમ ચંદ્ર એક જ હોવા છતાં જળમાં અનેક ચંદ્ર દેખાય છે, તેમ એક જ આત્મા એક રૂપે અને અનેકરૂપે દેખાય છે." (ષડ્ દર્શન સમુચ્ચય ગાથા ૭૮ની ટીકામાં આ શ્લોક છે.)

**ચતુરંગવાદ**— જે વાદમાં ચાર અંગો હોય તે ચતુરંગવાદ. વાદના વાદી, પ્રતિવાદી, સભ્ય અને સભાપતિ એમ ચાર અંગો છે. આ ચાર હોય તો જ વાદ થાય. વાદી=વાદ કરવા માટે ઉપસ્થિત થનાર. પ્રતિવાદી=વાદીને પ્રત્યુત્તર આપનાર. સભ્ય=વાદસભામાં પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહેનાર. સભાપતિ=સભાનો પ્રમુખ. (૯)

**અથવા—**

**कामरागस्नेहरागावीषत्करनिवारणौ ।**
**दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥१०॥**

---

૧. શબ્દરત્નમહોદધિ શબ્દકોશમાં संवदन શબ્દના આલોચન, વિચારવું વગેરે અર્થો લખ્યા છે. તેના આધારે અહીં संवाद्य એટલે વિચારીને એવો અર્થ કર્યો છે. તે અર્થ અહીં બંધ બેસતો થાય છે.

૧૦) અન્વય સહિત શબ્દાર્થ—

હે કૃપાળુ ! પરતીર્થિક દેવો, ગુરુઓ અને શાસ્ત્રો અનેક રીતે અપ્રામાણિક હોવા છતાં સારા માણસો પણ તેમાં વિશ્વાસ કેમ ધરાવે છે ? હા, હવે સમજાયું, તેઓ દૃષ્ટિરાગથી બંધાયેલા છે. **कामरागस्नेहरागौ**-કામરાગ અને સ્નેહરાગ, **इषत्करनिवारणौ**-સહેલાઇથી નિવારી શકાય છે, **तु**-પણ, **पापीयान्**-પાપી, **दृष्टिरागः**- દૃષ્ટિરાગ, **सतामपि**-સારા (તત્ત્વાતત્ત્વનો વિવેક કરવાની શક્તિ ધરાવનારા) માણસોથી પણ, **दुरुच्छेदः**-બહુ કષ્ટથી દૂર કરી શકાય છે.

હે સ્વામી ! આ પરદર્શનીઓને અમે નિરર્થક જ ઠપકો આપીએ છીએ. કારણ કે એમની અનુચિત પ્રવૃત્તિ સ્વાધીન નથી, કિંતુ રાગાધીન છે. રાગ કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એમ ત્રણ પ્રકારનો છે. તેમાં પતિ-પત્નીની પરસ્પર ભાવથી બંધાયેલી પ્રીતિ કામરાગ છે. પુત્ર વગેરે ઉપર માતા-પિતાનો અત્યંત વાત્સલ્ય સ્નેહરાગ છે. અનાદિ સંસારમાં વારંવાર અભ્યાસ કરાયેલા બૌદ્ધ વગેરે દર્શનોમાં ગાઢ રાગ તે દૃષ્ટિરાગ છે. જેવી રીતે શરીરમાં પરિણમેલા ધત્તૂરાના રસથી ઢેફા-કાષ્ઠ વગેરેમાં સુવર્ણબુદ્ધિ થાય છે, તેમ દૃષ્ટિરાગથી અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિ થાય છે. અનિત્યતા, એકત્વ, અન્યત્વ વગેરે શુભ ભાવનાઓના અભ્યાસથી અદ્‌ભુત જ્ઞાનગર્ભિત વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યના બળથી જેમની મમતા છેદાઇ ગઇ છે તે પુરુષોથી કામરાગ અને સ્નેહરાગ સહેલાઇથી દૂર કરી શકાય છે. પણ આ દૃષ્ટિરાગ તો જેમને યુક્તિસિદ્ધ અનેક હેતુ અને દૃષ્ટાંતોથી તત્ત્વ અને અતત્ત્વ અલગ કરાવ્યા હોય=તત્ત્વ અને અતત્ત્વનો ભેદ સમજાવવામાં આવ્યો હોય તેવા સત્પુરુષોના પણ મનમાંથી બહાર કાઢવો કઠીન છે. આથી જ દૃષ્ટિરાગ પાપપ્રવૃત્તિનું કારણ હોવાથી પાપી છે. જેમ લસણથી દુર્ગંધવાળી બનેલી વસ્તુમાં સુગંધ ન રહે તેમ દૃષ્ટિરાગથી દુષ્ટવાસનાવાળા થયેલા મનમાં અરિહંતના ઉપદેશ રૂપ સુગંધ કેવી રીતે રહે ? (૧૦)

**જે દૃષ્ટિરાગથી તેમની આંતરિક વિચારદૃષ્ટિ ભગવાનના ગુપ્ત વીતરાગતાદિ ગુણને જોતી નથી, તો શું સ્થૂલ પદાર્થોને જોનારી ચર્મચક્ષુ પણ ભગવાનના માત્ર બાહ્ય તત્ત્વને પણ જોતી નથી ? જેથી તેઓ ભગવાન વિષે ઉદાસીન રહે છે, આ જ વિષયને સ્તુતિકાર કહે છે—**

**प्रसन्नमास्यं मध्यस्थे, दृशौ लोकम्पृणं वचः ।**
**इति प्रीतिपदे बाढं, मूढास्त्वय्यप्युदासते ॥११॥**

૧૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **आस्यं**-આપનું મુખ, **प्रसन्नं**- પ્રસન્ન છે, **दृशौ**-આપની આંખો, **मध्यस्थे**-રાગદ્વેષથી રહિત છે, **वचः**-આપનું વચન, **लोकम्पृणं**-લોકપ્રિય છે, **इति**-આ પ્રમાણે, **प्रीतिपदे**-પ્રેમ પાત્ર, **त्वयि**-આપના ઉપર, **अपि**-પણ, **बाढं**-અતિશય, **मूढाः**-દૃષ્ટિરાગથી મૂંઝાયેલા પરતીર્થિકો, **उदासते**-ઉદાસીન રહે છે=અનાદર ભાવ રાખે છે.

હે સ્વામી ! સુકૃત કરનારાઓની આંખો માટે મુખ્ય પ્રિય અતિથિ સમાન આપનું મુખ પ્રસન્ન છે=ક્રોધાદિ ચિહ્નોથી રહિત છે, અર્થાત્ જેમ મુખ્ય પ્રિય અતિથિ જોઇને આનંદ થાય છે, તેમ આપને જોઇને સુકૃત કરનારાઓને આનંદ થાય છે. તથા આપની નીલકમળના પર્ણ સમાન દીર્ઘ આંખો મધ્યસ્થ છે=રાગ-દ્વેષથી રહિત છે. તથા પાંત્રીસ ગુણોથી યુક્ત, સર્વ ભાષામાં પરિણમનારું, સર્વ સંશયોને હરનારું આપનું વચન પણ ભવ્ય જીવોના અંતઃકરણને ખુશ કરવામાં અત્યંત કુશળ છે. ઉક્ત રીતે પ્રીતિપાત્ર અને વિશ્વને આનંદ આપનારા આપના વિષે પણ કેટલાકો સાધારણ લોકની જેમ ઉદાસીન રહે છે, અર્થાત્ જેમ સાધારણ માણસ વિષે ઉદાસીન રહે તેમ આપના વિષે પણ તેઓ ઉદાસીન રહે છે. કારણ કે તેઓ દૃષ્ટિરાગથી જ અત્યંત મૂઢ છે=મુગ્ધ કરેલા મનવાળા છે. આપના વિષે તેમની જે ઉદાસીનતા છે તે ઘુવડપક્ષીઓને સૂર્યના અદર્શનની જેમ તેમના સિવાય બીજા કોને હાનિ કરે છે ? અર્થાત્ જેમ સૂર્યનું અદર્શન ઘુવડપક્ષીઓને જ હાનિ કરે છે, તેમ આપના વિષે રહેલી ઉદાસીનતા ઉદાસીનતા રાખનારાઓને જ હાનિ કરે છે. (૧૧)

**અથવા—**

**तिष्ठेद्वायुर्द्रवेदद्रि-र्ज्वलेज्जलमपि क्वचित् ।**
**तथापि ग्रस्तो रागाद्यै-र्नाप्तो भवितुमर्हति ॥१२॥**

૧૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વવત્સલ ! **क्वचित्**-કદાચ, **वायु:**-વાયુ, **अपि**-પણ, **तिष्ठेद्**-સ્થિર બને, **अद्रि:**-પર્વત પણ, **द्रवेत्**-ઓગળે, **जलं**-પાણી પણ, **ज्वलेत्**-બળે, **तथाऽपि**-તો પણ, **रागाद्यै:**-રાગાદિ દોષોથી, **ग्रस्त:**-આક્રાંત બનેલ જીવ, **आप्त:**-આપ્ત, **भवितुं**-થવાને, **न अर्हति**-યોગ્ય નથી.

વિશ્વના અદ્વિતીય મિત્ર હે ભગવન્ ! અથવા પરમાં રહેલ અતત્ત્વની ચિંતારૂપચક્રના આરોપથી પોતાના અંત:કરણને નિર્દય પુરુષોની જેમ કેટલો ખેદ પમાડવો ? અર્થાત્ જેમ નિર્દય માણસો બીજાને ખૂબ ખેદ પમાડે તેમ અન્યના અતત્ત્વની ચિંતા કરીને પોતાના અંત:કરણને વધારે ખેદ પમાડવાની જરૂર નથી. કારણ કે આ નિર્ણય સારી રીતે પ્રાપ્ત કરાયો જ છે કે-કોઇ દેશમાં કે કોઇ કાળમાં અવિસંવાદી સદ્ગુરુના ઉપદેશથી શરીરમાં થઇ રહેલા પવન સંચારના ક્રમનો સારી રીતે અભ્યાસ કર્યો હોય અને એ અભ્યાસ બરોબર પરિપક્વ (=પાકો) બની ગયો હોય તેવા કોઇ યોગીને કુંભન (=શ્વાસને રોકવાની) શક્તિથી અથવા વિદ્યા વગેરેના બળથી સતત ગતિવાળો પણ વાયુ સ્થિર રહે. તથા તેવા પ્રકારના અત્યંત પ્રબલ શક્તિવાળા મહાન ઔષધ પ્રયોગથી કે પોતે આરાધેલા દેવની શક્તિથી પર્વત પણ ઓગળે. તથા અચિંત્યપ્રભાવવાળા મણિ અને મંત્ર વગેરેના માહાત્મ્યથી કે તીર્થમહિમાથી ક્યારેક પાણી પણ બળે=જ્વાળાઓની શ્રેણિથી પૂર્ણ દેખાય. દુર્ઘટ આ બધું ઘટે તો પણ રાગ-દ્વેષ-મોહથી આક્રાંત (=પોતાના સ્વરૂપથી છોડાવાયેલ) જીવ આપ્ત થવાને યોગ્ય નથી, સેંકડો ઉપાયોથી પણ આપ્તપણાને પામતો નથી.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—પવનને રોકવો, પર્વતને ઓગાળવો અને પાણીને બાળવું એ જેટલું દુષ્કર છે, રાગી, દ્વેષી, મૂઢ અને પૂર્વે વ્યુદ્ગ્રાહિત કરાયેલા જીવોને આપ્તવચન હોવા છતાં સમજાવવાનું તેનાથી પણ અધિક દુષ્કર છે. સંભળાય છે કે—"બુદ્ધ, જૈમિનિ (=પૂર્વમીમાંસાશાસ્ત્રના કર્તા), કણાદમુનિ (વૈશેષિકસૂત્રકાર), ગૌતમમુનિ (ન્યાયસૂત્રકાર), વેદાંતી (=ઉપનિષદ્ ગ્રંથોના કર્તા), કપિલ (સાંખ્યશાસ્ત્રના કર્તા), અને બૃહસ્પતિ જગતને એકમતવાળું કરવા સમર્થ નથી. આનાથી (રાગી, દ્વેષી, મૂઢ અને વ્યુદ્ગ્રાહિત જીવોને સમજાવવાના પ્રયત્નથી) શું પ્રાપ્ત કરે ? અર્થાત્ એનાથી કોઇ લાભ ન થાય." (૧૨)

# सप्तमप्रकाशः

**આ જગતમાં મહામોહથી હણાયેલી મતિવાળા કેટલાક લોકો પોતાના આપ્તને પુણ્ય-પાપથી નહિ સ્પર્શાયેલા, શરીરથી રહિત, સ્વયં જન્મ લેનારા, સ્વભાવથી મુક્ત સ્વરૂપવાળા સ્વયં કૃતકૃત્ય હોવા છતાં જગતના લોકોના અનુગ્રહ માટે હિતોપદેશ કરનારા માને છે. આ પ્રત્યક્ષ ન ઘટતું હોવાથી તેનો વિરોધ કરતા સ્તુતિકાર કહે છે—**

**धर्माधर्मौ विना नाङ्गं, विनाङ्गेन मुखं कुतः ।**
**मुखाद्विना न वक्तृत्वं, तच्छास्तारः परे कथम् ? ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**धर्माधर्मौ**-શુભાશુભ કર્મ, **विना**-વિના, **न अङ्गं**-શરીર ન હોય, **अङ्गेनं विना**-શરીર વિના, **मुखं**- મુખ **कुतः**-ક્યાંથી હોય ?, **मुखाद् विना**-મુખ વિના, **न वक्तृत्वं**-વચન=આગમ ન હોય, **तत्**-તેથી, **परे**-અન્ય દર્શનોમાં માન્ય દેવો, **शास्तारः**-ઉપદેશ દાતા કે શાસ્ત્ર પ્રણેતા, **कथं**-કેવી રીતે હોઇ શકે ?

સર્વ તત્ત્વોને જાણનારા હે ભગવન્ ! વિરોધીઓ સંબંધી ખેદ છોડીને પક્ષપાત વિના હું સ્વામીને વિનંતિ કરું છું કે-દુર્ગતિમાં પતનથી ભય પામેલા આ બધાય આસ્તિક દર્શનીઓ મુશ્કેલીથી છોડી શકાય તેવા ગૃહવાસના બંધનને છેદીને પોતપોતાના આગમને પ્રમાણ માનીને મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તે છે. આગમ આપ્તનું વચન છે. તેમણે જેમને આપ્ત તરીકે સ્વીકાર્યા છે તેઓ આગમની રચના કરે એ ઘટતું નથી. શાથી નથી ઘટતું ? આગમ વચનરૂપ છે. વચનો વક્તા વિના ન સંભવે. વક્તા મુખ વિના ન બોલી શકે. મુખ શરીરના સંબંધવાળું છે. શરીર શુભાશુભ કર્મ વિના ન ઘટે. તેથી જો તેઓ મૂળથી જ પુણ્ય-પાપરહિત છે, તો નક્કી શરીર વિનાના છે. શરીર વિનાના તેઓ નિયમા મુખ વિનાના છે. મુખરહિત દેવો સ્તંભ, ઘટ અને કમળ આદિની જેમ પરને ઉપદેશ કરનારા ન હોય. આથી આ અતાત્ત્વિક છે. (૧)

**કેટલાક વાદીઓ આ સંસારની સૃષ્ટિ અને સંહાર કોઇ વિશિષ્ટ પુરુષ કરે છે એમ માને છે. તેઓ કહે છે કે-બ્રહ્માના [1]વર્ષના પ્રમાણવાળા ૧૦૦ વર્ષ**

૧. બ્રહ્માના એક વર્ષના મનુષ્યોના ૩૧૧૦૪૦૦૦૦૦૦ વર્ષો થાય છે. આ માનથી બ્રહ્માનું સો વર્ષનું આયુષ્ય હોય છે.

વીતી ગયા પછી બ્રહ્માની [2]મુક્તિના સમયે (=બ્રહ્માના આયુષ્યની સમાપ્તિના સમયે) સંસારના દુઃખી પ્રાણીઓને રાત્રિમાં વિશ્રામ આપવા માટે સમસ્ત ભુવનના અધિપતિ મહેશ્વરને સૃષ્ટિનો સંહાર કરવાની ઇચ્છા થાય છે. આ વખતે શરીર, ઇંદ્રિય અને મહાભૂતને [3]ઉત્પન્ન કરનાર સમસ્ત આત્માઓના અદૃષ્ટની [4]પ્રવૃત્તિનો નિરોધ થાય છે. તથા મહેશ્વરની ઇચ્છા અને અણુઓના સંયોગથી ઉત્પન્ન કર્મોથી શરીર અને ઇંદ્રિયોનું કારણ એવા અણુઓના વિભાગો થાય છે. આના કારણે (=શરીર-ઇંદ્રિયોનું કારણ એવા અણુઓના વિભાગો થવાથી) શરીર-ઇંદ્રિયોના કારણ એવા અણુઓના સંયોગની [5]નિવૃત્તિ થાય છે. શરીર ઇંદ્રિયોના પરમાણુઓના સંયોગની નિવૃત્તિ થતાં શરીર-ઇંદ્રિયોનો પરમાણુ સુધી નાશ થાય છે, અર્થાત્ શરીર-ઇંદ્રિયો પરમાણુ સ્વરૂપ બની જાય છે.

તથા પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ સ્વરૂપ મહાભૂતોનો પણ આ જ ક્રમથી પછી પછીના રહ્યે છતે પૂર્વ પૂર્વનો નાશ થાય છે, અર્થાત્ પહેલાં પૃથ્વીનો નાશ થાય છે, પછી જલનો નાશ થાય છે, પછી અગ્નિનો નાશ થાય છે, પછી વાયુનો નાશ થાય છે, તેથી છૂટા છૂટા પરમાણુઓ જ રહે છે. પરમાણુઓ જેટલો કાળ છૂટા છૂટા રહે છે તેટલો જ કાળ જીવો ધર્મ અને અધર્મના સંસ્કારોથી યુક્ત રહે છે.

ત્યાર બાદ પ્રાણીઓ ભોગ ભોગવે એ માટે મહેશ્વરને સૃષ્ટિના સર્જનની ઇચ્છા થાય છે. ત્યાર બાદ તરત જ સર્વ જીવોમાં રહેલા અને પ્રવૃત્તિથી પ્રાપ્ત થયેલા (=ભૂતકાળમાં જીવોએ કરેલી પ્રવૃત્તિ પ્રમાણે પ્રાપ્ત થયેલા) અદૃષ્ટોની અપેક્ષા રાખનારા પરમાણુઓના સંયોગો થાય છે, અર્થાત્ જીવોના અદૃષ્ટોથી પરમાણુઓના સંયોગો થાય છે. પરમાણુઓના સંયોગોથી પવનના પરમાણુઓમાં કર્મોની ઉત્પત્તિ થાય છે. આ વખતે પવન પરમાણુઓના સંયોગોથી દ્વ્યણુક આદિના ક્રમે ઉત્પન્ન થયેલો મહાન વાયુ આકાશમાં અતિશય સંચરિત થતો રહે

---

૨. ब्रह्मणोऽपवर्गकाले=બ્રહ્માના આયુષ્યની સમાપ્તિના કાળે.

૩. उपनिबन्धक=રચનારા કે ઉત્પન્ન કરનારા.

૪. वृत्तिनिरोध=સઘળી પ્રવૃત્તિઓ બંધ થઇ જવી.

૫. तत्संयोगनिवृत्ति=શરીર-ઇંદ્રિયોના કારણ એવા પરમાણુઓના સંયોગની નિવૃત્તિ.

છે. ત્યાર બાદ એ જ મહાવાયુમાં જલના પરમાણુઓથી એ જ ક્રમથી મહાન જલનિધિ ઉત્પન્ન થાય છે. તે જલનિધિ અત્યંત તરંગિત થતો રહે છે. પછી તે જ જલનિધિમાં પૃથ્વીના પરમાણુઓથી દ્વ્યણુક આદિના ક્રમથી ઉત્પન્ન થયેલી મહાપૃથ્વી એકત્રિત થઇને રહે છે. ત્યારબાદ તે જ મહાસમુદ્રમાં તેજસ મહાપરમાણુઓથી દ્વ્યણુક આદિના ક્રમથી ઉત્પન્ન થયેલો મહાન તેજપુંજ અતિશય દીપતો રહે છે.

આ પ્રમાણે ચાર મહાભૂત ઉત્પન્ન થયે છતે મહેશ્વરની ઇચ્છામાત્રથી પાર્થિવ પરમાણુસહિત તેજસ પરમાણુઓમાંથી મોટું ઇંડું ઉત્પન્ન થાય છે. તેમાં ચારમુખવાળા અને સર્વ લોકોના પિતામહ એવા બ્રહ્માને સર્વ ભુવન સહિત ઉત્પન્ન કરે છે. પછી મહેશ્વર તે બ્રહ્માને પ્રજાનું સર્જન કરવામાં નિયુક્ત કરે છે. મહેશ્વર વડે નિયુક્ત કરાયેલ અને ઉત્કૃષ્ટ ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ઐશ્વર્યથી સંપન્ન તે બ્રહ્મા જીવોના કર્મવિપાકોને જાણીને કર્મને અનુરૂપ જ્ઞાન-ભોગ-આયુષ્યવાળા અને પ્રજારક્ષક એવા સ્વપુત્રોને, મનુષ્ય-દેવર્ષિ-પિતૃગણરૂપ માણસોને, મુખ-બાહુ-સાથળ-પગમાંથી અનુક્રમે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રરૂપ ચાર વર્ણોને, બીજા પણ ઉચ્ચ-નીચ પ્રાણીઓને ઉત્પન્ન કરીને પોતાના આશયને અનુરૂપ ધર્મ-વૈરાગ્ય-જ્ઞાન-ઐશ્વર્યથી સંયુક્ત કરે છે. આ બધું અસંગત છે. કેવી રીતે અસંગત છે તે કહે છે—

**अदेहस्य जगत्सर्गे, प्रवृत्तिरपि नोचिता ।**
**न च प्रयोजनं किञ्चित्, स्वातन्त्र्यान्न पराज्ञया ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**अदेहस्य**-શરીર રહિત ઇશ્વરની, **जगत्सर्गे**-વિશ્વના નિર્માણમાં, **प्रवृत्तिरपि**-પ્રવૃત્તિ પણ, **न उचिता**-ઘટતી નથી, **च**-બીજી વાત એ છે કે ઇશ્વરને વિશ્વ નિર્માણનું, **किञ्चित्**-કોઇ, **प्रयोजनं**-પ્રયોજન નથી.

**પૂર્વપક્ષ : (स्वातन्त्र्यात् न पराज्ञया-)** કૃતકૃત્ય હોવાથી ઇશ્વરને વિશ્વનિર્માણનું કોઇ પ્રયોજન=વિશિષ્ટ હેતુ નથી. ઇશ્વર સ્વતંત્ર છે. સ્વતંત્ર હોવાથી ઇશ્વર **न पराज्ञया**=પરની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતા નથી, કિંતુ **स्वातन्त्र्यात्**=સ્વતંત્રપણે-

સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરે છે. આથી વિશ્વનિર્માણ સ્વેચ્છાથી કરે છે. વિશ્વનિર્માણનું કોઇ પ્રયોજન ન હોવા છતાં ઇશ્વરને વિશ્વ નિર્માણની ઇચ્છા થઇ જાય છે એથી વિશ્વનિર્માણ કરે છે.

જે આ જગતનો નિર્માતા છે તેને બીજાઓએ અશરીરી તરીકે સ્વીકાર્યો છે. સ્વયં અશરીરી એવા તેની વિશ્વનિર્માણમાં પ્રવૃત્તિ જ સંગત નથી. જે સ્વયં અસિદ્ધ હોય તે બીજાઓને સાધવા માટે સમર્થ ન હોય.

**પૂર્વપક્ષ :** આ ભગવાનની સર્વત્ર અપ્રતિહત ઇચ્છા જ વિશ્વનિર્માણમાં સમર્થ છે. નિરર્થક દેહથી શું ?

**ઉત્તરપક્ષ :** ઇચ્છા અભિલાષારૂપ છે. અભિલાષા તો શરીરવાળા જ આત્મામાં ઘટે. સર્વ ઇચ્છાસમૂહનો નાશ થાય ત્યારે શરીરનો અભાવ થાય. તેથી શરીર રહિત ઇશ્વરનું વિશ્વનિર્માણ અસંગત છે.

**પૂર્વપક્ષ :** કંઇ પણ પ્રયોજનને આશ્રયીને=કંઇ પણ પ્રયોજન હોવાથી ઇશ્વર વિશ્વનિર્માણમાં પ્રવૃત્તિ કરે છે.

**ઉત્તરપક્ષ :** આ બરોબર નથી. વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો કોઇ પણ પ્રવૃત્તિ ઇષ્ટપ્રાપ્તિ માટે અને અનિષ્ટપરિહાર માટે કરે છે. જેની સમસ્ત ઇચ્છાઓ પૂર્ણ થઇ ગઇ છે તેવા ઇશ્વરમાં ઇષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટપરિહાર સંભવતા નથી. તેથી ઇશ્વરને શું પ્રયોજન હોય ?

**પૂર્વપક્ષ :** કૃતકૃત્ય ઇશ્વરને ભલે પ્રયોજન ન હોય, પણ ઇશ્વર ક્યારેય બીજાની આજ્ઞાથી પ્રવૃત્તિ કરતા નથી. જગતમાં એનું સામર્થ્ય અસ્ખલિત છે. તેથી સ્વતંત્રતાને પામેલા ઇશ્વર જે ઇચ્છે તે કરે છે. આથી સ્વતંત્રતાથી વિશ્વ-નિર્માણ અને વિશ્વસંહાર કરીને ક્રીડા કરે છે. (૨) આ પૂર્વપક્ષનો ઉત્તરપક્ષ ત્રીજી ગાથામાં છે.

**આચાર્ય જવાબ આપે છે—**

**क्रीडया चेत्प्रवर्त्तेत, रागवान् स्यात् कुमारवत् ।**
**कृपयाथ सृजेत्तर्हि, सुख्येव सकलं सृजेत् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**ઉત્તરપક્ષ**-જો ઇશ્વર સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે તો ક્રીડા કરવાની ઇચ્છારૂપ સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે કે જગતના જીવો ઉપર દયા કરવાની ઇચ્છારૂપ સ્વેચ્છાથી વિશ્વનિર્માણ કરે છે ?

ઇશ્વર **चेत्**-જો, **क्रीडया**-ક્રીડા કરવાની ઇચ્છાથી, **प्रवर्तेत**-વિશ્વનિર્માણની પ્રવૃત્તિ કરે તો, **कुमारवत्**-ભીની રેતીમાં મહેલ વગેરે બનાવીને ક્રીડા કરતાં નાનાં બાળકોની જેમ, **रागवान्**-રાગી, **स्यात्**-બને, ઇશ્વર અને રાગી એ કદી સંભવિત નથી. આથી ઇશ્વર ક્રીડાથી વિશ્વનિર્માણ કરે છે એમ માની શકાય નહિ, **अथ**-હવે જો, **कृपया**-દયાથી, **सृजेत्**-વિશ્વનિર્માણ કરે, **तर्हि**-તો, **सकलं**-સંપૂર્ણ લોકને=જગતના બધા જ જીવોને, **सुख्येव**-સુખી જ, **सृजेत्**-બનાવે.

અહો ! જો તે માત્ર વિનોદ કરવા માટે ક્રીડાથી વિશ્વનિર્માણ અને વિશ્વસંહારમાં પ્રવર્તે છે તો તે પોતે નિયમા રાગી હોય. કારણ કે ક્રીડા અને વિનોદ વગેરે રાગથી જ થાય છે. કોની જેમ ? બાળકની જેમ. જેમકે-બાળકો વર્ષાકાલ-આદિમાં નદી આદિના કિનારા વગેરેમાં પાણીથી ભીની રેતીથી ગઢ, મહેલ, મંદિર, ઉદ્યાન વગેરે બનાવીને ક્ષણવાર હર્ષિત મનવાળા બનેલા ક્રીડા કરે છે. થોડી વાર પછી જાતે જ બધાનો નાશ કરીને જેવા આવ્યા હતા તેવા જતા રહે છે. તેમની આ પ્રવૃત્તિ વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારાઓને ઇષ્ટ નથી. એ પ્રમાણે તમારા આપ્તની વિશ્વનિર્માણ પ્રવૃત્તિ ઇષ્ટ નથી.

**પૂર્વપક્ષ :** ઇશ્વર ક્રીડાથી વિશ્વનિર્માણ કરતો નથી, કિંતુ દયાથી કરે છે.

**ઉત્તરપક્ષ :** તારું કલ્પેલું આ પણ પ્રમાણના અધિકારને પામતું નથી, તેને તું જો, પરમકારુણિક ઇશ્વર જો દયાથી વિશ્વનિર્માણ કરે છે, તો ઘણી લક્ષ્મી હોય, ઘણો [1]પરિવાર હોય, સઘળા મનોરથો પૂર્ણ થઇ રહ્યા હોય, અને એથી સમસ્ત વિશ્વ શાંતિથી રહેલું હોય તેવા જ જગતનું સર્જન કરે. ઇશ્વર એવા જગતનું સર્જન કરતો નથી. (૩)

**તેથી—**

૧. परिस्पन्द=પરિવાર

**दु:खदौर्गत्यदुर्योनि-जन्मादिक्लेशविह्वलम् ।**
**जनं तु सृजतस्तस्य, कृपालोः का कृपालुता ? ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**दु:ख**-શારીરિક-માનસિક દુ:ખો, **दौर्गत्य**-દરિદ્રતા, **दुर्योनि**-નરકાદિ દુર્યોનિ અને **जन्मादिक्लेश**-જન્મ વગેરેથી થતા ક્લેશોથી **विह्वलम्**-ભયભીત, **जनं**-પ્રાણીઓનું, **सृजत**:-નિર્માણ કરતાં, **तस्य**- તે **कृपालो**:-કૃપાળુ (ઇશ્વર)ની, **का**- શી **कृपालुता**-દયા ? બલ્કે નિષ્કારણ નિર્દયતા જ છે. આથી કૃપાથી જગત નિર્માણ કરે છે એમ માની શકાય નહિ.

દુ:ખ, દૌર્ગત્ય, દુર્યોનિ, જન્મ-મરણસમયે દુરંત વેદનાસમુદ્ઘાત[1] વગેરે ક્લેશોથી વિહ્વળ વિશ્વલોકનું સર્જન કરતા તે દયાળુની કઇ દયા છે ? બલ્કે નિષ્કારણ નિર્દયતા જ છે. (૪)

**कर्मापेक्षः स चेत्तर्हि, न स्वतन्त्रोऽस्मदादिवत् ।**
**कर्मजन्ये च वैचित्र्ये, किमनेन शिखण्डिना ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**चेत्**-હવે જો તમે કહેશો કે, **स**:-ઇશ્વર, **कर्मापेक्ष**:-કર્મની અપેક્ષાવાળો છે, જીવોના શુભાશુભ કર્મ પ્રમાણે સુખદુ:ખ આપે છે, **तर्हि**-તો તે ઇશ્વર, **अस्मदादिवत्**-આપણી જેમ, **न स्वतन्त्र**:-સ્વતંત્ર ન રહ્યો. જે પરતંત્ર હોય તે ઇશ્વર કેમ કહેવાય ?, **च**-હવે બીજી વાત. તમારા જ કહેવા પ્રમાણે આ જગતમાં દેખાતી, **वैचित्र्ये**-વિચિત્રતા, **कर्मजन्ये**-કર્મજન્ય હોવાથી=કર્મથી થતી હોવાથી, **शिखण्डिना**-નપુંસક=નકામા, **अनेन**-આ ઇશ્વરનું, **किम्**-શું કામ છે ? દેખાતી વિચિત્રતા કર્મથી થાય છે. એમાં ઇશ્વરને વચ્ચે લાવવાની જરાય જરૂર નથી.

**પૂર્વપક્ષ**: ઇશ્વર પણ જીવોના ધર્મ-અધર્મને જોઇને કર્મને અનુરૂપ ફળ

---

૧. સમુદ્ઘાત=પ્રારંભ.

આપવા માટે સમર્થ છે, નહિ કે ઓછું-વધારે.

**ઉત્તરપક્ષ :** આચાર્ય કહે છે—

હે સરળસ્વભાવી ! અતિશય-જ્ઞાન-વૈરાગ્ય-ઐશ્વર્યથી યુક્ત તમારો આપ્ત જો શુભાશુભ ફલ આપવાના સમયે કર્મના મુખને જુએ છે, તો તે સદા કર્મને પરતંત્ર છે. આપણી જેમ સ્વતંત્ર નથી. જે પરાધીન હોય તે ઇશ્વર કેમ હોય ? આ પ્રમાણે આ જગતમાં તિર્યંચ-નારક-મનુષ્ય-દેવ, સુખી-દુઃખી, શ્રીમંત-ગરીબ, સૌભાગી-દુર્ભાગી, સ્વામી-સેવક વગેરે વિચિત્રતા કર્મજન્ય છે. આથી સર્વથા જ નકામો હોવાથી તમારાથી પૂજાયેલા નપુંસક ઇશ્વરથી શું ? અર્થાત્ તેનું કાંઇ કામ નથી. આ પ્રમાણે બીજું બીજું શોધવાથી શું ? બધા સ્થળે સ્વતંત્રપણે વ્યવહાર કરતા કર્મનું જ બિન રોક-ટોક સામર્થ્ય હો ! વિદ્વાનો કહે છે કે-"દેવોને નમસ્કાર કરીએ છીએ. દેવો પણ [1]નિરર્થક એવા જગત્સ્રષ્ટા બ્રહ્માને આધીન રહેનારા છે. (આથી) બ્રહ્મા વંદનીય છે. બ્રહ્મા પણ પ્રતિનિયત કર્મ પ્રમાણે જ ફલ આપે છે. જો ફલ કર્મને આધીન છે તો બીજા દેવોથી શું ? અને બ્રહ્માથી શું ? જે શુભકર્મોથી બ્રહ્મા પણ [2]સમર્થ થતો નથી તે શુભ કર્મોને નમસ્કાર થાઓ." (૫)

**अथ स्वभावतो वृत्ति-रवितर्क्या महेशितुः ।**
**परीक्षकाणां तर्ह्येष, परीक्षाक्षेपडिण्डिमः ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**પૂર્વપક્ષ—अथ**-હવે જો તમે કહેશો કે-, **महेशितुः**-ઇશ્વરની, **वृत्तिः**-વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ, **अवितर्क्या**-તર્ક કરવાને યોગ્ય નથી, **स्वभावतः**-ભગવાન સ્વભાવથી વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કરે છે.

**ઉત્તરપક્ષ—तर्हि**-તો તો, **एषः**-તમારું આ કથન, **परीक्षकाणां**-પરીક્ષકોને માટે,

૧. हत એટલે હણાયેલ અર્થ થાય. અહીં હણાયેલ એટલે નાશ પામેલ એ અર્થ બંધ બેસતો થતો નથી. આથી અહીં हत શબ્દનો પ્રસ્તુત વિષયને અનુરૂપ નિરર્થક એવો અર્થ કર્યો છે.

૨. જે જીવને શુભ કર્મનો ઉદય વર્તતો હોય તેને બ્રહ્મા પણ કંઇ કરી શકતો નથી. આથી અહીં "શુભ કર્મોથી બ્રહ્મા પણ સમર્થ થતો નથી" એમ કહ્યું.

**परीक्षाक्षेपडिण्डिमः**:-ઇશ્વરની પરીક્ષાના નિષેધ માટે પટહ છે. ઇશ્વરની કોઇએ પરીક્ષા કરવી નહીં એવું જણાવવા પટહની ઉદ્દ્ઘોષણા જેવું છે.

**પૂર્વપક્ષ**—સામાન્ય લોકને ઉચિત આ આલાપોથી સર્યું. તે ભગવાન મહા ઐશ્વર્યસંપન્ન છે. તેથી તેની વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ "આ કેવી રીતે વિશ્વનિર્માણ કરે છે ? શા માટે જગત્સર્જન કરે છે ?" એમ તર્ક (=પ્રશ્ન) કરવા યોગ્ય નથી. કેમકે જગતનું સર્જન કરવું અને સંહાર કરવો એ એનો સ્વભાવ જ છે. સ્વભાવ પ્રશ્નને યોગ્ય નથી, અર્થાત્ સ્વભાવ અંગે પ્રશ્ન કરવો અનુચિત છે. (શું અગ્નિ ઉષ્ણ કેમ છે એવો પ્રશ્ન થઇ શકે ? નહિ જ, કારણ કે અગ્નિનો ગરમ સ્વભાવ છે. તેમ ઇશ્વરનો વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ છે. આથી ઇશ્વર વિશ્વનિર્માણ આદિ પ્રવૃત્તિ કેમ કરે છે એવો તર્ક અસ્થાને છે.)

**ઉત્તરપક્ષ**—અહો ! સારું, તેં સમર્થ ઉત્તર આપ્યો છે. બીજાઓથી રુંધાઇ ગયેલાઓને (જવાબ આપવા અસમર્થ બની ગયેલાઓને) પલાયન થઇ જવા માટે સ્વભાવને કહેવા સિવાય બીજું કયું દ્વાર છે ? આ પ્રમાણે ઇશ્વરનો સ્વભાવ છે એવું તમારું કથન તમારા આપ્તના નિશ્ચિત થયેલા આપ્તત્વની પરીક્ષા કરનારાઓ માટે કોઇએ પણ આની પરીક્ષા ન કરવી એમ પરીક્ષાના નિષેધ માટે પટહઘોષ છે. ખરેખર તો તે અપકીર્તિનો પટહઘોષ છે. શા માટે ? એટલા માટે કે-જે માત્ર આ લોકનું જ અલ્પ કાર્ય સાધી આપનાર જે સુવર્ણ વગેરે લેવામાં આવે છે તે પણ તેના અર્થીઓથી કષ-તાપ-તાડન-છેદ વગેરે પરીક્ષાપૂર્વક જ લેવામાં આવે છે. જે આપ્તથી સર્વોત્તમ મોક્ષપદની પ્રાપ્તિ ઇચ્છાય છે તે વિચાર પૂર્વક પ્રવૃત્તિ કરનારાઓથી પરીક્ષા કર્યા વિના કેવી રીતે સ્વીકારાશે ? આ પ્રમાણે આ અતાત્ત્વિક છે. (૬)

**सर्वभावेषु कर्तृत्वं, ज्ञातृत्वं यदि सम्मतम् ।**
**मतं नः सन्ति सर्व्वज्ञा, मुक्ताः कायभृतोऽपि च ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**यदि**-જો, **सर्वभावेषु**-સર્વપદાર્થોમાં, **ज्ञातृत्वं**-જ્ઞાતાપણું (સર્વ પદાર્થોને જાણવું) એજ ઇશ્વરનું, **कर्तृत्वं**-કર્તાપણું છે એમ તમારું, **सम्मतम्**-માનવું હોય તો, **नः मतं**-એ

અમારે પણ સંમત છે. કારણ કે, **नः**:-અમારા, **सर्वज्ञाः**:-ઇશ્વર સર્વજ્ઞ **सन्ति** છે. અમારા સર્વજ્ઞ ઇશ્વરોમાં કેટલાક, **मुक्ताः**:-સર્વ કર્મોથી મુક્ત છે, કાયાથી રહિત છે, **च**-અને કેટલાક, **कायभृतोऽपि**-કાયાને ધારણ કરનારા પણ છે.

**પૂર્વપક્ષ**—આ પ્રમાણે યુક્તિસિદ્ધ વચનોથી નિરુત્તર થયેલો અન્ય જાણે સ્વીકાર કરવાની ઇચ્છાવાળો હોય તેમ આચાર્યને કહે છે કે—હે ભગવન્ ! સારું આપનું આ વચન વિસંવાદ વિના સુંદર છે. આ જ અર્થને અમારી જાતિના પણ કહે છે—**"આથી જ જગતનો જન્મ-વિનાશનો આડંબર ઘટી શકે તેવો નથી તેમ જોઇને નીતિ રહસ્યના જાણકારો વડે જગત ક્યારેય આવું કહેવાયું નથી."** આથી અહીં આ રહસ્ય છે કે-અમારા ભગવાન જગતનું સર્જન કરતા નથી, કિંતુ વિશિષ્ટ જ્ઞાનના બળથી સંપૂર્ણ વિશ્વના સ્વરૂપને જાણે છે.

**ઉત્તર પક્ષમાં આચાર્ય કહે છે—**

અહો ! સારું, તું સાચે જ બુદ્ધિમાન છે. તેથી જો પૃથ્વી અને પર્વત વગેરે સઘળાય ચર-અચર ભાવોમાં પોતાના આપ્તમાં જ્ઞાતાપણું (=સર્વ પદાર્થોને જાણવું) એ જ કર્તાપણું છે, એમ તને સંમત હોય તો અમને તો આ સુતરાં સંમત છે. કારણ કે અમારા આપ્ત પણ નિર્મલ કેવલજ્ઞાનરૂપ દર્પણમાં પ્રતિબિંબિત થયેલા વિશ્વના સઘળા સ્વરૂપને જોનારા હોવાથી સર્વજ્ઞ ભગવાન છે. ભવરૂપ બીજના અંકુર જનક રાગાદિનો અત્યંત અભાવ હોવાથી મુક્ત છે, અને તેવા પ્રકારના ભવોપગ્રાહી ચાર કર્મોની પરતંત્રતાથી કેટલાક કાળ સુધી કાયાને ધારણ કરનારા છે. આ પ્રમાણે કંઇ અસંગત નથી. (૭)

**આ પ્રમાણે બીજાઓને ભગવાનના અનુગ્રહથી ઉઘડતા નિર્મલ વિવેકવાળા અને સ્વીકારમાં તત્પર કરીને આ વિષયને પ્રસ્તુત વીતરાગસ્તવમાં યોજના કરતા સ્તુતિકાર કહે છે—**

**सृष्टिवादकुहेवाक-मुन्मुच्येत्यप्रमाणकम् ।**
**त्वच्छासने रमन्ते ते, येषां नाथ ! प्रसीदसि ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **येषां**-જેમના ઉપર, **प्रसीदसि**-આપ પ્રસન્ન બનો છો, **ते**-તે જીવો, **इति**-આવા, **अप्रमाणकम्**-અપ્રામાણિક, **सृष्टिवादकुहेवाकं**-સૃષ્ટિવાદના કદાગ્રહને, **उन्मुच्य**-છોડીને, **त्वद्**-આપના **शासने**-શાસનમાં, **रमन्ते**-રમે છે = આ જ તત્ત્વ છે એમ માનીને આનંદ પામે છે.

કુમતનો નાશ કરનારા હે નાથ ! આપની કૃપા સુકૃતોથી પ્રાપ્ત કરી શકાય છે. આવા આપ જેમના ઉપર પ્રસન્ન થાઓ છો=કૃપાથી મનોહર બનો છો તે જ જીવો પૂર્વોક્ત યુક્તિથી અપ્રામાણિક (=યુક્તિથી સિદ્ધ ન થતા) સૃષ્ટિવાદરૂપ કદાગ્રહને છોડીને આપના શાસનમાં રમે છે=આ જ તત્ત્વ છે એમ સ્વહૃદયથી વિચારીને આનંદ પામે છે. આનાથી (=આપ જેના ઉપર પ્રસન્ન બનો છો તેઓ કદાગ્રહને છોડીને આપના શાસનમાં રમે છે એમ કહેવાથી) ભવ્ય જીવોને આપની કૃપાથી જ બધી રીતે શુભ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે, એ અર્થાપત્તિથી સિદ્ધ થયું.

ચૌદ રજ્જુ પ્રમાણ પણ લોકનો પ્રમાણથી સિદ્ધ થયેલ આ જ વાદ છે કે— "લોકને કોઇએ બનાવ્યો નથી, તેમ તેને કોઇએ પકડી રાખ્યો નથી, પણ સ્વયંસિદ્ધ અને આધાર વિના આકાશમાં રહેલો છે." (યો. શા. પ્ર. ૪ -૧૦૬) (૮)

## अष्टमप्रकाशः

**सत्त्वस्यैकान्तनित्यत्वे, कृतनाशाकृतागमौ ।**
**स्यातामेकान्तनाशेऽपि, कृतनाशाकृतागमौ ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**सत्त्वस्य**-વસ્તુ તત્ત્વને, **एकान्तनित्यत्वे**-એકાંતે નિત્ય માનવામાં, **कृतनाशाकृतागमौ**-કૃત નાશ અને અકૃત-આગમ એ બે દોષો, **स्याताम्**-થાય છે. વસ્તુતત્ત્વને, **एकान्तनाशे**-એકાંતે અનિત્ય માનવામાં, **अपि**-પણ, **कृतनाशाकृतागमौ**-કૃત નાશ અને અકૃત-આગમ એ બે દોષો થાય છે. આ વિષયને આપણે ઘટના દ્રષ્ટાંતથી વિચારીએ.

**૧) કૃતનાશ**—જે વસ્તુ સર્વથા નિત્ય હોય તે જેમ નાશ ન પામે તેમ ઉત્પન્ન પણ ન થાય, સદા રહેલી જ હોય છે. આથી જો ઘટ એકાંતે નિત્ય હોય=ઉત્પન્ન થયેલો જ

હોય તો કુંભાર માટીના સ્થાસ, કોશ, કુશૂલ વગેરે આકારો તૈયાર કરીને ઘટ બનાવે છે, જે આપણે બધા પ્રત્યક્ષ જોઇએ છીએ. તેનો વિનાશ થાય=તે આકારો નકામા થાય. કારણ કે ઘટ તો પહેલેથી રહેલો જ છે. અર્થાત્ કુંભારે બનાવેલા ઘટના આકારો=પર્યાયો (ઘટ બનાવવામાં ઉપયોગી ન થવાથી) નકામા થાય. આ પ્રમાણે વસ્તુને એકાંતે નિત્ય માનવામાં કૃતનો=કરેલાનો નાશ=કૃતનાશ દોષ ઉત્પન્ન થાય.

**૨) અકૃતાગમ**—જો ઘટ સર્વથા નિત્ય છે તો ઘટના [1]આકારો=પર્યાયો પણ સર્વથા નિત્ય છે=કોઇએ બનાવ્યા નથી. આથી ઘટના સ્થાસ, કોશ, કુશૂલ વગેરે આકારો=પર્યાયો કર્યા વિના જ થયેલા છે. આ પ્રમાણે અકૃતનું=નહીં કરેલાનું આગમ=આવવું થાય છે.

**એકાંતે અનિત્ય માનવામાં પણ એ જ દોષો.**

**૧) કૃતનાશ-** વસ્તુને એકાંતે અનિત્ય માનનારા બૌદ્ધો દરેક વસ્તુને પ્રતિક્ષણ વિનાશશીલ માને છે. આથી પ્રથમ ક્ષણે વિદ્યમાન ઘટ બીજી ક્ષણે નાશ પામે છે. એટલે કુંભારે કરેલા ઘટનો નાશ થાય છે. આમ એકાંતે અનિત્ય માનવામાં પણ કૃતનો=કરેલાનો નાશ=કૃતનાશ દોષ આવે છે.

**૨) અકૃતાગમ-** પ્રથમ ક્ષણે વિદ્યમાન ઘટ બનાવવા લાયક માટી બીજી જ ક્ષણે સર્વથા નાશ પામે છે. માટી નાશ પામવાથી સ્થાસ-કોશ-કુશૂલ વગેરે આકારો બની શકે નહીં. માટીમાંથી તૈયાર થયેલા સ્થાસ-કોશ-કુશૂલ વગેરે પર્યાયો આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ. તો એ ક્યાંથી આવ્યા ? કર્યા વિના જ ટપકી પડ્યાં એમ જ માનવું પડે ને ? આમ એકાંતે અનિત્ય માનવામાં પણ અકૃતનું=નહિ કરેલાનું આગમન રૂપ દોષ ઉત્પન્ન થાય છે. (૧)

**आत्मन्येकान्तनित्ये स्यान्न भोगः सुखदुःखयोः ।**
**एकान्तानित्यरूपेऽपि, न भोगः सुखदुःखयोः ॥२॥**

---

૧ જેમ ઘટ વસ્તુ છે તેમ, ઘટના આકારો-પર્યાયો પણ વસ્તુ છે. વસ્તુને એકાંતે નિત્ય માનનારના મતે વસ્તુ માત્ર નિત્ય છે. આથી પર્યાયો પણ નિત્ય છે=કોઇએ કર્યા નથી.

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**आत्मनि**-આત્માને, **एकान्तनित्ये**-એકાંતે નિત્ય માનવામાં, **सुखदुःखयोः**-સુખ દુ:ખનો, **भोगः**-અનુભવ, **न स्यात्**-ન થાય, **एकान्तानित्यरूपे**-આત્માને એકાંતે અનિત્ય માનવામાં, **अपि**-પણ, **सुखदुःखयोः**-સુખ-દુ:ખનો, **भोगः**-અનુભવ, **न**-ન થાય.

**એકાંત નિત્ય પક્ષમાં સુખ-દુ:ખના અનુભવનો અભાવ-**

સુખ અને દુ:ખ વિરોધી પદાર્થો હોવાથી એકી સાથે અનુભવી શકાય જ નહિ, ક્રમથી જ અનુભવી શકાય. ક્રમથી સુખ-દુ:ખને અનુભવે તો આત્મા સર્વથા નિત્ય ન રહી શકે, કારણ કે સુખનો અનુભવ કર્યા પછી દુ:ખનો અનુભવ કરનાર આત્મા સુખીરૂપે નાશ પામીને દુ:ખી રૂપે ઉત્પન્ન થાય. એ પ્રમાણે દુ:ખનો અનુભવ કર્યા પછી સુખનો અનુભવ કરનાર આત્મા દુ:ખીરૂપે નાશ પામે અને સુખી રૂપે ઉત્પન્ન થાય. આથી એકાંત નિત્ય આત્મા સદા એકલું સુખ જ ભોગવી શકે કે સદા એકલું દુ:ખ જ ભોગવી શકે. આમ આત્માને એકાંત નિત્ય માનવામાં સુખ-દુ:ખ એ બેનો અનુભવ ન થઇ શકે.

**એકાંત અનિત્ય પક્ષમાં સુખ-દુ:ખના અનુભવનો અભાવ—**

પૂર્વે કહ્યું તેમ એકી સાથે સુખ દુ:ખ બંને અનુભવી શકાય નહિ. ક્રમથી પણ ત્યારે જ અનુભવી શકાય કે જો આત્મા બીજી (વગેરે) ક્ષણે રહેતો હોય. એકાંત અનિત્યવાદીના મતે તો બીજી જ ક્ષણે આત્મા નાશ પામે છે. બીજી ક્ષણે નાશ પામતો એક જ જીવ ક્રમથી સુખ-દુ:ખ બંનેનો અનુભવ કેવી રીતે કરી શકે ? (૨)

**पुण्यपापे बन्धमोक्षौ, न नित्यैकान्तदर्शने ।**
**पुण्यपापे बन्धमोक्षौ, नानित्यैकान्तदर्शने ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**नित्यैकान्तदर्शने**-આત્માને એકાંતે નિત્ય માનનાર દર્શનમાં=મતમાં, **पुण्यपापे**-પુણ્ય-પાપ અને, **बन्धमोक्षौ**-બંધ-મોક્ષ, **न**-ઘટતા નથી, **अनित्यैकान्तदर्शने**-આત્માને એકાંતે અનિત્ય માનનાર દર્શનમાં=મતમાં પણ, **पुण्यपापे**-પુણ્ય-પાપ અને, **बन्धमोक्षौ**-બંધ-મોક્ષ, **न**-ઘટતા નથી.

**એકાંતનિત્ય દર્શનમાં-પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની અસંગતિ—**

જે વસ્તુ એકાંતે નિત્ય હોય તે સદા એક સરખી રહે, આથી જો આત્મા એકાંતે નિત્ય હોય તો સદા પુણ્યવાન=પુણ્યના ઉદયવાળો જ રહે, અથવા સદા પાપી=પાપના ઉદયવાળો જ રહે. આત્મા થોડો સમય પુણ્યવાન અને થોડો સમય પાપી બને તો એકાંતે નિત્ય ક્યાં રહ્યો[1] ? એ જ પ્રમાણે એકાંતનિત્ય આત્મા સદા બંધાયેલો રહે કે સદા મુક્ત રહે. પ્રથમ બદ્ધ હોય અને પછી મુક્ત બને તો આત્માની એકાંતે નિત્યતા ક્યાં રહી[2] ? આમ એકાંત નિત્ય આત્મામાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષ ન ઘટે.

**એકાંતઅનિત્ય દર્શનમાં પુણ્ય-પાપ અને બંધ-મોક્ષની અસંગતિ—**

એકાંત અનિત્ય દર્શનમાં આત્મા એક જ ક્ષણ રહે છે. એક જ ક્ષણમાં પુણ્ય-પાપ એ બેનો ઉદય કેવી રીતે ઘટી શકે[3] ? એ પ્રમાણે એક જ ક્ષણમાં બંધ-મુક્તિ એ બંને ન ઘટે.[4] (૪)

**क्रमाक्रमाभ्यां नित्यानां, युज्यतेऽर्थक्रिया न हि ।**
**एकान्तक्षणिकत्वेऽपि, युज्यतेऽर्थक्रिया न हि ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**नित्यानां**-આત્મા વગેરે એકાંતનિત્ય વસ્તુમાં, **क्रमाक्रमाभ्यां**-ક્રમથી કે અક્રમથી (યુગપત્=એકી સાથે) **अर्थक्रिया**-અર્થક્રિયા, **युज्यते हि न**-ઘટતી જ નથી, **एकान्तक्षणिकत्वे**-આત્મા વગેરે એકાંત અનિત્ય વસ્તુમાં, **अपि**-પણ, **अर्थक्रिया**-અર્થક્રિયા, **युज्यते हि न**-ઘટતી જ નથી.

---

૧. અથવા પુણ્ય-પાપ શુભાશુભ ક્રિયાથી ઉત્પન્ન થાય છે. એકાન્ત નિત્ય આત્મામાં ક્રિયા (ચોથા શ્લોકમાં કહેવાશે તેમ) ઘટી શકતી ન હોવાથી પુણ્ય-પાપ પણ ઘટી શકતાં નથી.

૨. અથવા બંધ એટલે વિશિષ્ટ સંયોગ. સંયોગ એટલે અપ્રાપ્તિની પ્રાપ્તિ. આથી બંધ એટલે પૂર્વકાલીન અપ્રાપ્તિરૂપ અવસ્થાનો ત્યાગ અને પ્રાપ્તિરૂપ અવસ્થાનું થવું. એકાંત નિત્ય આત્મામાં આ ઘટે નહિ. આથી બંધ પણ ઘટે નહિ. બંધ વિના મોક્ષ પણ ન ઘટે.

૩. અથવા પ્રથમ ક્ષણે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર આત્મા બીજી જ ક્ષણે નાશ પામી જવાથી પુણ્ય-પાપના ફળરૂપ સુખ-દુઃખનો અનુભવ ન થવાથી પુણ્ય-પાપ નિરર્થક બને છે.

૪. અથવા આત્માનો બીજી ક્ષણે નિરન્વય (સર્વથા) નાશ થતો હોવાથી બંધ અને મોક્ષનો આધાર એક જ આત્મા રહેતો નથી. જે આત્મા બંધાયો હતો તેનો નિરન્વય નાશ થઇ જવાથી મોક્ષ કોનો ? જે બંધાય તે જ મુક્ત થાય.

અર્થક્રિયા એટલે તે-તે વસ્તુનું તે-તે કાર્ય. જેમકે-ઘટનું કાર્ય જલાહરણ હોવાથી ઘટની અર્થક્રિયા જલાહરણ છે. પટનું કાર્ય આચ્છાદન હોવાથી પટની અર્થક્રિયા આચ્છાદન છે. અર્થક્રિયાકારિત્વ=અર્થક્રિયાનું કરવું (=પોતાનું કાર્ય કરવું) એ વસ્તુનું લક્ષણ છે, અર્થાત્ જે અર્થક્રિયા (=પોતાનું કાર્ય) કરનાર હોય તે જ વસ્તુ કે પદાર્થ કહેવાય. જે વસ્તુમાં આ લક્ષણ ન ઘટે તે અસત્ હોય. એકાંત નિત્ય કે એકાંત અનિત્ય વસ્તુમાં આ લક્ષણ ઘટતું ન હોવાથી તે અસત્ સિદ્ધ થાય.

**એકાંત નિત્ય આત્મામાં અર્થક્રિયાની અસંગતિ—**

અર્થક્રિયા બે રીતે થાય, ક્રમથી કે અક્રમથી=યુગપત્. એકાંત નિત્ય પદાર્થમાં બંને રીતે અર્થક્રિયા ઘટતી નથી. દા. ત. સુખ-દુ:ખનો અનુભવ આત્માનું કાર્ય છે. આત્મા ક્રમથી સુખ-દુ:ખનો અનુભવ કરે તો નિત્ય ન રહે. કારણ કે પ્રથમ સુખનો અનુભવ કરે પછી દુ:ખનો અનુભવ કરે એટલે આત્માનો સ્વભાવ બદલાઇ જાય. પ્રથમ સુખાનુભવનો સ્વભાવ, પછી દુ:ખાનુભવનો સ્વભાવ. એકાંત નિત્ય આત્મા આ પ્રમાણે સ્વભાવ ભેદવાળો ન હોય કિંતુ સદા એક જ સ્વભાવવાળો હોય. આ પ્રમાણે ઘટાદિ દરેક પદાર્થમાં ક્રમથી (જલાહરણાદિ) કાર્ય કરવામાં સ્વભાવભેદ થાય છે. હવે જો ક્રમથી કાર્ય કરવામાં સ્વભાવભેદના યોગે નિત્યત્વની હાનિ થવાના ભયથી અક્રમથી=એકી સાથે કાર્ય કરે છે એમ માનવામાં આવે તો તે પણ ઘટી શકે નહિ. કારણ કે દરેક કાર્ય ક્રમથી થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. જેમ કે આત્મા પ્રથમ સુખ અનુભવે છે, પછી દુ:ખ અનુભવે છે. આત્મા સુખ-દુ:ખ બંને એકી સાથે અનુભવતો નથી. એ પ્રમાણે કુંભાર પ્રથમ ઘડો પછી ઘડી પછી કથરોટ એમ ક્રમશ: કાર્ય કરે છે. હવે બીજીવાત-જો એકી સાથે જ બધા કાર્યો કરી નાખે તો એક જ સમયમાં બધા કાર્યો થઇ જવાથી બીજા વગેરે સમયોમાં કોઇ કાર્ય કરવાનું રહેશે નહિ. એથી પદાર્થ અસત્ બની જશે.[1] આ પ્રમાણે એકાંત નિત્ય પદાર્થમાં ક્રમથી કે અક્રમથી અર્થ ક્રિયા (સ્વકાર્ય) ઘટતી નથી.

**એકાંત અનિત્ય પદાર્થમાં અર્થક્રિયાની અસંગતિ—**

એકાંત અનિત્ય મતે દરેક વસ્તુ એક જ ક્ષણ રહેતી હોવાથી ક્રમથી અર્થક્રિયા (સ્વકાર્ય) ઘટી શકે નહિ. કર્તા એકથી વધારે સમય રહેતો હોય તો જ

૧. જે કાર્ય કરે તે જ વસ્તુ સત્ છે. જે કાર્ય ન કરે તે વસ્તુ નથી=અસત્ છે. અર્થાત્ જેમાં અર્થક્રિયા=કાર્ય હોય તે જ વસ્તુ કહેવાય.

ક્રમથી અર્થક્રિયા ઘટે. અક્રમથી=એકી સાથે પણ અર્થક્રિયા ઘટી શકે નહિ. તેમાં પ્રત્યક્ષ વિરોધ છે. દરેક કાર્ય ક્રમથી થાય છે એ પ્રત્યક્ષ દેખાય છે. તથા એકી સાથે એક જ ક્ષણમાં બધાજ કાર્યો થઇ જાય તો બીજી ક્ષણે પદાર્થ અર્થક્રિયાથી રહિત થઇ જવાથી અવસ્તુ=અસત્ બની જશે. આમ, એકાંત નિત્ય અને એકાંત અનિત્ય પક્ષમાં ક્રમથી કે અક્રમથી નહિ ઘટવાથી પદાર્થ અસત્ બની જાય છે. આથી એ બંને પક્ષો અસંગત છે.[1] (૪)

**यदा तु नित्यानित्यत्व-रूपता वस्तुनो भवेत् ।**
**यथात्थ भगवन्नैव, तदा दोषोऽस्ति कश्चन ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**भगवन्**-હે ભગવંત, **तु**-પણ, **यदा**-જો, **यथा आत्थ**-આપે જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે, **वस्तुनः**-દરેક વસ્તુનું, **नित्यानित्यत्वरूपता**-કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય સ્વરૂપ, **भवेत्**-હોય, **तदा**-તો, **कश्चन**-કોઇપણ, **दोषः**-દોષ=વિરોધ, **न एव**-છે જ નહિ.

**પ્રશ્ન :** વસ્તુને નિત્યાનિત્ય માનવામાં દોષ કેમ ન રહે ? બલ્કે દોષો વધે ! કારણ કે પૂર્વે નિત્ય પક્ષમાં અને અનિત્ય પક્ષમાં જે દોષો બતાવ્યા છે તે બધા જ નિત્યાનિત્ય પક્ષમાં આવે. નિત્ય પક્ષમાં તો કેવળ નિત્યપક્ષના જ અને અનિત્ય પક્ષમાં કેવળ અનિત્ય પક્ષના જ દોષો આવે, જ્યારે નિત્યાનિત્ય પક્ષમાં તો બંને પક્ષના દોષો આવવાથી દોષો વધે.

**ઉત્તર :** નિત્યાનિત્યતા એટલે નિત્યતા અને અનિત્યતાનો સરવાળો નથી, કિંતુ તાણાવાણાની જેમ એકમેક થઇ ગયેલ એ બેનો વિલક્ષણ યોગ છે. કેટલીક એવી વસ્તુઓ હોય છે, કે જે એકલી હોય તો દોષ કરે. પણ બીજી વસ્તુની સાથે વિલક્ષણ યોગ થાય તો બંનેના દોષોનો નાશ થાય અને નવો ગુણ પ્રગટે. આ જ વિષયને છઠ્ઠી ગાથામાં જણાવે છે. (૫)

**गुडो हि कफहेतुः स्यान्नागरं पित्तकारणम् ।**
**द्वयात्मनि न दोषोऽस्ति, गुडनागरभेषजे ।।६।।**

૧. આ વિષયના વિશેષબોધ માટે આ શ્લોકનું સંસ્કૃત વિવરણ, સ્યાદ્વાદમંજરી, સન્મતિતર્કટીકા વગેરે ગ્રંથોનું અવલોકન કરવું.

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**हि**-[૧]કારણ કે, **गुड:**-એકલો ગોળ, **कफहेतु:**-કફનું કારણ, **स्यात्**-બને, **नागरं**-એકલી સૂંઠ, **पित्तकारणम्**-પિત્તનું કારણ બને પણ, **द्वयात्मनि गुडनागरभेषजे**-સૂંઠ-ગોળ બંને મેળવીને બનાવેલી ગોળીમાં (ઔષધિમાં), **दोष:**-દોષ, **न अस्ति**-નથી બલ્કે આમવાતનો નાશ વગેરે લાભ થાય છે. (૬)

(સૂંઠ-ગોળની ગોળી એ માત્ર સૂંઠ-ગોળનું મિશ્રણ નથી, કિંતુ સ્વતંત્ર વિલક્ષણ વસ્તુ છે. આથી જ સૂંઠ-ગોળના ગુણો છે, પણ દોષો નથી. એથી પિત્ત-કફની ઉત્પત્તિરૂપ દોષ ન થાય, અને વાયુનાશ-પિત્તશમન રૂપ ગુણ થાય.)

**द्वयं विरुद्धं नैकत्रा-ऽसत्प्रमाणप्रसिद्धित: ।**
**विरुद्धवर्णयोगो हि, दृष्टो मेचकवस्तुषु ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**असत्प्रमाणप्रसिद्धित:**-વિરોધની સિદ્ધિ થઇ શકે એવું કોઇ સત્ય પ્રમાણ નહિ હોવાથી, **एकत्र**-એક જ વસ્તુમાં, **द्वयं**-નિત્યત્વ અને અનિત્યત્વ એ બે, **विरुद्धं न**-વિરુદ્ધ નથી, **हि**-કારણ કે, **मेचकवस्तुषु**-વિવિધ રંગવાળી વસ્તુઓમાં, **विरुद्धवर्णयोगो**-કૃષ્ણ, શ્વેત વગેરે વિરુદ્ધ રંગોનો યોગ, **दृष्ट:**-પ્રત્યક્ષ જોવામાં આવ્યો છે. (૭)

**विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।**
**इच्छंस्तथागत: प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**विज्ञानस्य**-વિજ્ઞાનનો, **एकं**-એક જ, **आकारं**-આકાર (=સ્વરૂપ), **नानाकारकरम्बितं**-ઘટ-પટ આદિ જુદા-જુદા સ્વરૂપોથી મિશ્ર બને છે એમ, **इच्छन्**-ઇચ્છતો=માનતો, **प्राज्ञ:**-બુદ્ધિમાન, **तथागत:**-બૌદ્ધ, **अनेकान्तं**-અનેકાંતવાદનું, **प्रतिक्षिपेत्**-ખંડન કરે નહિ=ખંડન કરી શકે નહિ.

૧. પાંચમા શ્લોકમાં વસ્તુને નિત્યાનિત્ય માનવામાં દોષ નથી એમ જણાવ્યું છે. વસ્તુને નિત્યા-નિત્ય માનવામાં દોષ કેમ નથી એ પ્રશ્નના સમાધાન માટે આ શ્લોક છે. આથી અહીં 'કારણ કે' અર્થમાં **हि** શબ્દ છે. વસ્તુને નિત્યાનિત્ય માનવામાં કોઇ દોષ નથી. કારણ કે એકલો ગોળ...

જ્ઞાનાદ્વૈતવાદિઓના મતે એકજ ચિત્રજ્ઞાન (=ચિત્રપટનું જ્ઞાન) ગ્રાહક છે અને તેના અંશો ગ્રાહ્ય છે. આમ એક જ્ઞાનને જ ગ્રાહ્ય અને ગ્રાહક (=જ્ઞેય અને જ્ઞાન કરનાર) રૂપે માનતો બૌદ્ધ અનેકાંતવાદનું ખંડન કેવી રીતે કરે ? કારણ કે એક ચિત્રપટના જ્ઞાનમાં પરસ્પર વિરુદ્ધ એવા પણ નીલ-અનીલનો વિરોધ વિના સ્વીકાર કરે છે. તેથી બૌદ્ધોએ અનેકાંતવાદનો સ્વીકાર કર્યો જ છે.

**ભાવાર્થ** :- જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ દરેક પદાર્થને જ્ઞાન સ્વરૂપ માને છે. એનું કહેવું છે કે જેવી રીતે અરીસામાં વસ્તુનું પ્રતિબિંબ પડવાથી અરીસો તદાકાર ભાસે છે. એમ જ્ઞાનમાં જ્ઞેય પદાર્થના આકારનું પ્રતિબિંબ સંક્રમિત થવાથી જ્ઞાન જ જ્ઞેય સ્વરૂપ બને છે. આથી તેના મતે એક જ વસ્તુ જ્ઞાન પણ છે અને જ્ઞેય પણ છે, અર્થાત્ એક વસ્તુમાં વિરોધી એવા જ્ઞાન-જ્ઞેયત્વ ધર્મોનો સમાવેશ થયો. આ અનેકાંતવાદ જ છે. આથી તેણે આ રીતે અનેકાંતવાદનો સ્વીકાર કર્યો કહેવાય. અનેકાંતવાદનો સ્વીકાર કરનાર અનેકાંતવાદનું ખંડન કરી શકે નહિ. આથી આ ગાથામાં કહ્યું કે- બુદ્ધિમાન બૌદ્ધ અનેકાંતવાદનું ખંડન ન કરે. (૮)

**चित्रमेकमनेकं च, रूपं प्रामाणिकं वदन् ।**
**योगो वैशेषिको वापि, नानेकान्तं प्रतिक्षिपेत् ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**चित्रं**-જુદા-જુદા રંગોથી વિચિત્ર, **एकं रूपं**-એક જ રૂપને, **अनेकं**-અનેક સ્વરૂપે, **प्रामाणिकं**-પ્રમાણ સિદ્ધ, **वदन्**-કહેતો, **योग**:-નૈયાયિક, **वा**-કે, **वैशेषिकोऽपि**-વૈશેષિક પણ, **अनेकान्तं**-અનેકાંતવાદનું, **न प्रतिक्षिपेत्**-ખંડન ન કરે=ખંડન કરી શકે નહિ.

**ભાવાર્થ** :- નૈયાયિકો અને વૈશેષિકો જુદા-જુદા રંગોથી વિચિત્ર (રંગબેરંગી) પટ આદિનું એક જ જ્ઞાન અનેક સ્વરૂપે માને છે. એ પટમાં શ્વેત, કૃષ્ણ આદિ અનેક વિરુદ્ધ ધર્મોનું જ્ઞાન થાય છે. તેમાં તેઓ વિરોધ માનતા નથી. આ રીતે એક જ રૂપને (રંગબેરંગી) અનેક રૂપે માનવાથી અનેકાંતવાદનો સ્વીકાર કરનાર નૈયાયિકો અને વૈશેષિકો કયા મોઢે અનેકાંત વાદનો વિરોધ કરી શકે ? (૯)

**इच्छन् प्रधानं सत्त्वाद्यै-र्विरुद्धैर्गुम्फितं गुणैः ।**
**साङ्ख्यः सङ्ख्यावतां मुख्यो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥१०॥**

૧૦) અન્વય સહિત શબ્દાર્થ—

**प्रधानं**-પ્રકૃતિને, **सत्त्वाद्यै:**-સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ, **विरूद्धै:**-પરસ્પર વિરુદ્ધ, **गुणै:**-ગુણોથી, **गुम्फितं**-યુક્ત, **इच्छन्**-ઇચ્છતો=માનતો, **सङ्ख्यावतां मुख्य:**-વિદ્વાનોમાં મુખ્ય, **साङ्ख्य:**-સાંખ્ય, **अनेकान्तं**-અનેકાંતવાદનો, **न प्रतिक्षिपेत्**-વિરોધ કરે નહિ=વિરોધ કરી શકે નહિ.

**ભાવાર્થ**- સાંખ્યો આત્માને પુરુષ કહે છે. આ પુરુષ કશું જ કરતો નથી. આથી પુરુષ શુભાશુભ કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી, કિંતુ કમલપત્રની જેમ સર્વથા નિર્લેપ છે. તો પછી તે સંસારમાં પરિભ્રમણ કેમ કરે છે એ પ્રશ્નના સમાધાન માટે તેઓ કહે છે કે તેનું કારણ પ્રકૃતિ નામનું તત્ત્વ છે. પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરે છે, અને ભોગવે છે. પુરુષ ચેતન છે, પ્રકૃતિ જડ છે. આથી બંને તદ્દન જુદા છે. પ્રકૃતિ અને પુરુષ તદ્દન ભિન્ન હોવા છતાં ચેતન પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડવાથી પુરુષને એવો ભ્રમ થાય છે કે ''હું પ્રકૃતિ જ'' છું. આથી પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરનાર અને ભોગવનાર હોવા છતાં પુરુષને હું શુભાશુભ કર્મોનો કર્તા અને ભોક્તા છું એવો ભ્રમ થાય છે. પ્રકૃતિ સુખદુ:ખને અનુભવતી હોવા છતાં પુરુષને હું સુખી છું, હું દુ:ખી છું એમ ભાસે છે. અર્થાત્ પ્રકૃતિના સુખ-દુ:ખાદિ ધર્મો પુરુષને પોતાનામાં ભાસે છે. એ જ પ્રમાણે (પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડવાથી) પ્રકૃતિને હું પુરુષ છું એવો ભ્રમ થવાથી પુરુષનો ચૈતન્ય ધર્મ પ્રકૃતિમાં ભાસે છે. આ પ્રમાણે પુરુષ-પ્રકૃતિના ભેદની અજ્ઞાનતાના કારણે સંસાર છે. જ્યારે પુરુષને ભેદજ્ઞાન (-પ્રકૃતિથી હું ભિન્ન છું એવું જ્ઞાન) થઇ જાય છે ત્યારે પુરુષ અને પ્રકૃતિ જુદા પડી જાય છે. આથી પુરુષનો = આત્માનો સંસાર મટી જાય છે.

હવે આપણે પ્રસ્તુત વિષયની વાત કરીએ. સાંખ્યો પ્રકૃતિને સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ સ્વરૂપ માને છે. આ ત્રણે ગુણો પરસ્પર વિરોધી છે. એક જ વસ્તુમાં પરસ્પર વિરોધી ગુણોને સ્વીકારવાથી અનેકાંતવાદનો સ્વીકાર થઇ ગયો, આ રીતે અનેકાંતવાદનો સ્વીકાર કરનાર સાંખ્ય અનેકાંતવાદનો વિરોધ કેવી રીતે કરી શકે ? (૧૦)

**विमतिः सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।**
**परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥११॥**

૧૧. અન્વય સહિત શબ્દાર્થ—

**परलोकात्ममोक्षेषु**-પરલોક, આત્મા અને મોક્ષમાં, **यस्य**-જેની, **शेमुषी**-બુદ્ધિ, **मुह्यति**-મુંઝાય છે તે, **चार्वाकस्य**-ચાર્વકના=નાસ્તિકના, **विमतिः**-વિરોધને, **वाऽपि**-કે, **सम्मतिः**-સ્વીકારને, **न मृग्यते**-વિચારવાની જરૂર નથી.

ચાર્વાક અનેકાંતવાદનો સ્વીકાર કરે છે કે વિરોધ કરે છે એ વિચારવાની જરૂર નથી, કારણ કે ચાર્વાક આબાલ-ગોપાલ પ્રસિદ્ધ જીવાદિ પદાર્થોને પણ સમજી શકવાની બુદ્ધિથી રહિત છે. બુદ્ધિરહિત માણસની કિંમત કેટલી ? બુદ્ધિહીન માણસ અનેકાંતવાદનો સ્વીકાર કરે તો ય શું અને વિરોધ કરે તો ય શું ? (૧૧)

**तेनोत्पादव्ययस्थेम-सम्भिन्नं गोरसादिवत् ।**

**त्वदुपज्ञं कृतधियः, प्रपन्ना वस्तु वस्तुसत् ॥१२॥**

**१२)** અન્વય સહિત શબ્દાર્થ—

હે ભગવન્ ! **तेन**-તેથી, **कृतधियः**-વિદ્વાનોએ, **गोरसादिवत्**-ગોરસ આદિની જેમ, **त्वदुपज्ञं**-આપે પ્રરૂપેલ, **उत्पादव्ययस्थेम-सम्भिन्नं**-ઉત્પત્તિ-વિનાશ-સ્થિતિથી યુક્ત, **वस्तुसत्**-પારમાર્થિક, **वस्तु**-વસ્તુનો, **प्रपन्नाः**-સ્વીકાર કર્યો છે. (૧૨)

**શંકા**-વસ્તુમાં એક સમય રહેનાર અને પરસ્પર વિરુદ્ધ એવા ધર્મની કલ્પના કરવી એ યોગ્ય છે ?

**સમાધાન** : ગોસર વગેરેની જેમ યોગ્ય છે. જેમકે-સ્થિર રહેનારા ગોરસમાં પૂર્વના દૂધના પરિણામનો નાશ થાય છે અને પછીના દહીં પરિણામની ઉત્પત્તિ થાય છે. પ્રત્યક્ષાદિ પ્રમાણના બળથી જોવાયેલા આ બેનો (નાશ ઉત્પત્તિનો) અપલાપ કેવી રીતે કરી શકાય ? આથી વસ્તુ ઉત્પાદ-વિનાશ-સ્થિતિરૂપ છે. તથા સુવર્ણના ઘડાને તોડીને મુકુટ બનાવવામાં આવે ત્યારે સુવર્ણઘટનો અભિલાષી શોક પામે છે, સુવર્ણ મુકુટનો અભિલાષી આનંદ પામે છે અને સુવર્ણનો અભિલાષી શોક કે આનંદ પામતો નથી, કિંતુ મધ્યસ્થતાને પામે છે. આ પ્રમાણે એક જ વસ્તુને આશ્રયીને ત્રણ વ્યક્તિઓને જુદા જુદા હેતુઓથી ત્રણ પ્રકારના ભાવ થયા. એજ પ્રમાણે આંગળીને વાંકી કરવામાં આવે ત્યારે તેમાં પૂર્વે રહેલ સરળભાવનો અભાવ થાય છે. વક્રતાની ઉત્પત્તિ થાય છે, અને આંગળી રૂપે સ્થાયી રહે છે. બુદ્ધિમાન લોકો આ પ્રમાણે સઘળીય વસ્તુઓમાં ઉત્પાદ-વિનાશ-સ્થિતિ ભાવને જુએ છે. તેથી વસ્તુનું સ્વરૂપ ઉત્પત્તિ-વિનાશ-સ્થિતિ સ્વરૂપ સિદ્ધ થયું.

# नवमप्रकाश:

આ પ્રમાણે સર્વ આસ્તિકદર્શનીઓને એકાંત મતરૂપ અંધકારને દૂર કરવામાં તત્પર અનેકાંતરૂપ અમૃતના અંજનથી નિર્મલ દૃષ્ટિવાળા કરીને પ્રસ્તુત જ વીતરાગસ્તુતિનો કલિકાલની પ્રશંસા દ્વારા પ્રારંભ કરતા સ્તુતિકાર કહે છે–

**यत्राऽल्पेनाऽपि कालेन, त्वद्भक्ते: फलमाप्यते ।**
**कलिकाल: स एकोऽस्तु, कृतं कृतयुगादिभि: ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **यत्र**-જે કાલમાં, **त्वद्भक्ते**:-આપની ભક્તિનું, **फलं**-ફળ, **अल्पेन**-થોડા, **कालेन**-સમયમાં **अपि**-પણ, **आप्यते**-મળે છે, **स**:-તે, **एको**-એક, **कलिकाल**:-કલિકાલ=દુ:ષમાકાલ જ, **अस्तु**-હો, **कृतयुगादिभि**:-કૃતયુગ (=સુષમા) આદિ કાલથી, **कृतं**-સર્યું !

કલિકાલના ગર્વને તોડનારા હે સ્વામી ! જે કલિકાલમાં આપની ભક્તિનું ફલ અત્યંત થોડા સમયમાં પણ મળે છે, તે એક કલિકાલ (=દુ:ષમાકાલ) જ હો, કૃતયુગ (=સુષમા) વગેરે કાળથી સર્યું.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—આપની ભક્તિનું ફળ સુષમા (=ચોથો આરો) આદિ કાળમાં પૂર્વકોટિ વર્ષના આયુષ્યથી જેટલું મળે છે, તેટલું જ દુ:ષમા (=પાંચમો આરો) કાળમાં સો વર્ષના આયુષ્યથી મળે છે. આથી સુષમા આદિ કાળથી દુ:ષમા કાળ કેમ પ્રશંસનીય નહિ ?

અહીં પ્રભુભક્તિ એટલે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રનું આસેવન કરવું. તેનું અનંતર ફળ સ્વર્ગ વગેરે છે અને પરંપર ફળ મોક્ષ છે. (૧)

**તથા—**

**सुषमातो दु:षमायां, कृपा फलवती तव ।**
**मेरुतो मरुभूमौ हि, श्लाघ्या कल्पतरो: स्थिति: ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે જિનેશ્વર ! **सुषमात**:-સુષમા કાલથી (=ચોથા આરાથી), **दुषमायां**-દુ:ષમા

કાળમાં (=પાંચમા આરામાં), **तव**-આપની, **कृपा**-મહેરબાની, **फलवती**-વિશેષ ફળવાળી બને છે, **हि**-કારણ કે, **मेरूतः**-મેરુ પર્વત કરતાં, **मरुभूमौ**-મારવાડની ભૂમિમાં, **कल्पतरोः**-કલ્પવૃક્ષની, **स्थितिः**-વિદ્યમાનતા, **श्लाघ्या**-વધારે પ્રશંસનીય છે.

સર્વ દુઃખોથી રહિત હે ભગવન્ ! [1]ચોથા આરાથી પાંચમા આરામાં ભેદભાવ વિના સર્વ જીવો ઉપર રહેલી આપની કરુણા વિશેષ ફળવાળી બને છે. કારણ કે મેરુપર્વત કરતાં મારવાડની ભૂમિમાં કલ્પવૃક્ષની વિદ્યમાનતા વધારે પ્રશંસનીય છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જ્યાં સર્વ સ્થળે કલ્પવૃક્ષો સુલભ છે તેવા મેરુ પર્વત ઉપર કલ્પવૃક્ષની વિદ્યમાનતા તે પ્રમાણે આશ્ચર્ય ઉત્પન્ન કરતી નથી, જે રીતે કેરડા અને કણેર વગેરે વૃક્ષોથી પણ રહિત મારવાડની ભૂમિમાં કલ્પવૃક્ષની વિદ્યમાનતા આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે જ્યાં વિશિષ્ટ જ્ઞાનરૂપ પ્રકાશવાળા પુરુષો પગલે પગલે સુલભ છે તેવો ચોથો આરો વગેરે કાળમાં ધર્મતીર્થ પ્રવર્તાવવું વગેરે પ્રભુકૃપા તે પ્રમાણે ઉપયોગી બનતી નથી, જે પ્રમાણે સર્વ અતિશયોથી રહિત પાંચમા આરામાં બને છે. (૨)

**વળી—**

**श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।**
**त्वच्छासनस्य साम्राज्य-मेकच्छत्रं कलावपि ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**ईश**-હે નાથ !, **यदि**-જો, **श्राद्धः श्रोता**-પરમ શ્રદ્ધાળુ શ્રોતા અને, **सुधीर्वक्ता**-આગમના રહસ્યને જાણનાર વક્તા એ બેનો, **युज्येयातां**-સુયોગ થાય, **तत्**-તો, **कलौ अपि**-કલિકાલમાં પણ, **त्वच्छासनस्य**-આપના શાસનનું, **साम्राज्यं**-સામ્રાજ્ય, **एकच्छत्रं**-એક છત્ર બને=સર્વત્ર પ્રસરે.

હે જગદીશ ! જો શ્રદ્ધાળુ શ્રોતા અને સદ્બુદ્ધિ વક્તા એ બેનો યોગ પ્રાયઃ દુર્લભ છે. આમ છતાં ભાગ્યથી એ બેનો યોગ થઇ જાય તો ચોક્કસ

૧. સુષમા શબ્દનો અર્થ બીજો આરો થાય છે. પણ પ્રસ્તુત પ્રકરણાનુસાર ચોથો આરો અર્થ ઘટે છે. पदैकदेशे पदसमुदायोपचार એ ન્યાયે સુષમા શબ્દના સ્થાને દુષમસુષમા શબ્દ સમજીને ચોથો આરો શબ્દ ઘટી શકે છે.

કલિકાલમાં પણ અપરિમિત પ્રભાવવાળા આપના શાસનનું સામ્રાજ્ય એક છત્ર કરે=સર્વત્ર ફેલાવે.

શ્રદ્ધાળુ એટલે દંભરહિત વિશુદ્ધ શ્રદ્ધાથી મનોહર અંત:કરણવાળો.સઘળાં શાસ્ત્રોનાં રહસ્યોરૂપ ઝરણાઓમાં ડૂબકી મારવાથી જેની તત્ત્વાનુસારિણી બુદ્ધિ નિર્મળ બની છે તેવો વક્તા સદ્‌બુદ્ધિ કહેવાય.

સ્તુતિકારનું આ વચન સ્વાનુભવથી સુંદર છે. તે આ પ્રમાણે—અતિશય નીતિ અને પરાક્રમથી સર્વરાજાઓના સમૂહને વશ કરી લેનારા શ્રીકુમારપાળ મહારાજા શ્રદ્ધાળુ શ્રોતા હતા, અને તે કાળમાં વિદ્યમાન સર્વ શાસ્ત્રોરૂપ સમુદ્રના પારને પામનારી મતિવાળા શ્રી હેમચંદ્રસૂરિ મહારાજા સદ્‌બુદ્ધિવાળા વક્તા હતા. તેવા પ્રકારના ભાગ્યયોગથી આ બેનો સંયોગ થયો. એ બંનેએ કલિકાલમાં પણ શ્રી જિનશાસનનું સામ્રાજ્ય એક છત્ર કર્યું. એથી સ્વાનુભવથી સુંદર આ વચન સ્થાને છે, અર્થાત્ આ વચન સ્વાનુભવસિદ્ધ હોવાથી યોગ્ય જ છે. (૩)

**વળી—**

**युगान्तरेऽपि चेन्नाथ! भवन्त्युच्छृङ्खला: खला: ।**
**वृथैव तर्हि कुप्याम:, कलये वामकेलये ।।४।।**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે સ્વામી !, **चेद्**-જો, **युगान्तरे अपि**-સુષમાદિ ચોથા આરામાં પણ, **उच्छृङ्खला:**-ઉદ્ધત, **खला:**-દુર્જનો, **भवन्ति**-હોય છે, **तर्हि**-તો, **वामकेलये**-પ્રતિકૂળ આચરણવાળા, **कलये**-પાંચમા આરા ઉપર, **वृथैव**-નિરર્થક જ, **कुप्याम:**-અમે કોપ કરીએ છીએ.

ઇંદ્રો જેમને પ્રેમથી પ્રણામ કરી રહ્યા છે એવા હે ભગવન્ ! આટલા દિવસો સુધી કલિકાલની સાથે જાણે કે લડવાની ઇચ્છાવાળા હોઇએ તેમ દ્વેષવાળા રહ્યા. કેમકે કલિકાલના બળથી જેમણે સામર્થ્ય મેળવ્યું છે એવા કુતીર્થિકો તીર્થનાથ આદિના વિરહથી જાણે અમે અનાથ હોઇએ તેમ અમારી કદર્થના કરે છે. હમણાં આંતર દૃષ્ટિથી વિચાર કરતા અમારા હૃદયમાં આ સ્થિર થયું છે કે—જો સાક્ષાત્ તીર્થંકરના વિહારથી વિરોધીઓ ફેંકાઇ ગયા હોય તેવા ચોથો આરો વગેરે સારા

કાળમાં પણ જો ગોશાળો વગેરે ઉદ્ધત દુર્જનો થયા છે, તો અમે પ્રકૃતિથી જ પ્રતિકૂળ આચરણવાળા પાંચમા આરા ઉપર નિરર્થક જ કોપ કરીએ છીએ. કલિકાળનો કોઇ પણ રીતે કોઇ જ અપરાધ નથી. કેવળ પરગુણોને સહન ન કરવાના સ્વભાવવાળા અને સ્વભાવથી જ દુષ્ટ વર્તનવાળા દુર્જનોનો આ (=બીજાઓની કદર્થના કરવી એ) સ્વભાવ જ છે. (૪)

**વળી બીજું—**

**कल्याणसिद्ध्यै साधीयान्, कलिरेव कषोपलः ।**
**विनाग्निं गन्धमहिमा, काकतुण्डस्य नैधते ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગદીશ ! **कल्याणसिद्ध्यै**-કલ્યાણની સિદ્ધિ (=પરીક્ષા) માટે, **कषोपलः**-કસોટી સમાન, **कलिः-एव**-પાંચમો આરો જ, **साधीयान्**-વધારે સારો છે, **अग्निं विना**-અગ્નિ વિના, **काकतुण्डस्य**-અગરુના, **गन्धमहिमा**-ગંધનો પ્રભાવ, **न एधते**-વધતો નથી.

સારી સામગ્રી હોય, ઉચ્ચ આલંબનો હોય તો આરાધના સુકર બને છે. સામગ્રી પૂર્ણ ન હોય, આલંબનો પણ બહુ ઉચ્ચ ન હોય તો આરાધના દુષ્કર બને છે. પાંચમા આરામાં સામગ્રીની અપૂર્ણતા અને બહુ ઉચ્ચ આલંબનોનો અભાવ હોવાથી આરાધના દુષ્કર છે. આથી પાંચમા આરામાં સાધના સત્ત્વની ખરી પરીક્ષા થાય છે. વિશિષ્ટ સત્ત્વ હોય તો જ પાંચમા આરામાં=કલિકાલમાં આરાધના થઇ શકે છે. આથી કલિકાલમાં આરાધના કરનાર સત્ત્વશાળી છે એ સિદ્ધ થાય છે. માટે જ કલ્યાણની સિદ્ધિ માટે કલિકાલ વધારે સારો છે એમ અહીં કહ્યું.

અહીં **कल्याण** શબ્દનો સુવર્ણ અર્થ પણ થઇ શકે. જેમ સુવર્ણની પરીક્ષા માટે કસોટી જોઇએ, કસોટીમાંથી પસાર થયેલું સુવર્ણ શુદ્ધ નક્કી થાય છે. તેમ આત્મકલ્યાણની પરીક્ષા માટે કલિકાલ કસોટી સમાન છે. કલિકાલમાં આરાધના કરનાર આત્મા સત્ત્વવંત છે એમ નક્કી થાય છે.

અનુપમ કલ્યાણના મંદિર હે ભગવન્ ! આ કાળના ભવ્ય જીવોના શુભસમૂહની સારી વૃદ્ધિ માટે કલિકાલ જ અત્યંત શ્રેષ્ઠ કસોટી પથ્થર છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—સર્વ શુભ સામગ્રી સમૂહવાળા ચોથો

આરો આદિ [1]કાળમાં ભવ્ય જીવોને સુકૃતની સાધના સુકર જ છે. પણ જેઓ સામગ્રીના અભાવમાં પણ કલ્યાણકારી સાધના માટે પ્રારંભ કરે છે, તેમના સત્ત્વરૂપ સુવર્ણની પરીક્ષા માટે કલિકાલ જ કસોટી પથ્થર છે. સુવર્ણની પણ પરીક્ષા કસોટી પથ્થરને જ આધીન છે.

**અહીં અન્ય અર્થને કહે છે**-અગ્નિ વિના કૃષ્ણાગરુના સુગંધનો પ્રભાવ વધતો નથી. આથી જેવી રીતે અગ્નિ કૃષ્ણાગરુની સુગંધને વધારે છે. તેવી રીતે કલિકાલ સત્ત્વશાળી જીવોના સત્ત્વની ઉત્કૃષ્ટતાને વધારે છે, એવો ભાવ છે. (૫)

**વળી બીજું—**

**निशि दीपोऽम्बुधौ द्वीपं, मरौ शाखी हिमे शिखी ।**
**कलौ दुरापः प्राप्तोऽयं, त्वत्पादाब्जरजःकणः ।।६।।**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! જેમ કોઇને **निशि दीपं**-રાત્રે દીપક મળી જાય, **अम्बुधौ द्वीपं**-સમુદ્રમાં દ્વીપ મળી જાય, **मरौ शाखी**-મારવાડની ભૂમિમાં વૃક્ષ મળી જાય, અને, **हिमे शिखी**-ઠંડીમાં અગ્નિ મળી જાય તેમ, **कलौ दुरापः**-કલિકાલમાં દુર્લભ, **अयं**-આ, **त्वत्पादाब्जरजःकणः**-આપના ચરણકમળનો રજકણ **प्राप्तः** મેં પ્રાપ્ત કર્યો છે.

હે વિશ્વમાં અદ્વિતીય વત્સલ ! કલિયુગમાં આ આપના ચરણ કમલની નિષ્કપટ સેવાનો અંશ ઘણી ઘણી મુશ્કેલીથી મને પ્રાપ્ત થયો છે. કારણ કે તે અગણ્યપુણ્યના સમૂહ વિના દુર્લભ છે. આ જ અર્થની ચાર દૃષ્ટાંતોથી સ્પષ્ટતા કરે છે—જેવી રીતે કાર્ય કરવાની ઇચ્છાવાળા કોઇને રાત્રે દીપક પ્રાપ્ત થાય, જેવી રીતે અગાધ સમુદ્રના મધ્યભાગમાં પડેલા કોઇને દ્વીપનો યોગ થાય, જેવી રીતે અતિશય ગરમ સૂર્યના ભયંકર કિરણસમૂહથી તપેલા શરીરવાળાને સેંકડો શાખાઓથી વિસ્તારવાળું વૃક્ષ મળી જાય, જેવી રીતે અતિશય ઘણી ઠંડી પડતી હોય ત્યારે કોઇને અગ્નિ મળી જાય, તેવી રીતે મને કલિકાળમાં આપના ચરણ કમળનો રજકણ પ્રાપ્ત થયો છે.

---

૧. युग=કાળ

આ ચાર દૃષ્ટાંતો ભગવાન માટે બરોબર છે. તે આ પ્રમાણે—મિથ્યાત્વ રૂપ રાત્રિમાં અજ્ઞાનરૂપ અંધકારમાં જેમનું મન ગભરાઇ ગયું છે તેવા જીવો માટે ભગવાન કેવલજ્ઞાન રૂપ દીપક છે. ભવસમુદ્રમાં પડતા જીવોને સાંત્વન આપવાથી (=બચાવવાથી) ભગવાન દ્વીપ છે. આંતરશત્રુ રૂપ સૂર્યથી તપેલા જીવોને વિસામો લેવા માટે ભગવાન વૃક્ષ છે. અતિશય ગાઢ મોહરૂપ ઠંડીથી [1]ઠરી ગયેલા જીવો માટે ભગવાન અગ્નિ છે. (૬)

**તથા પોતાના કાર્ય માટે જ ચારે બાજુનો વિચાર કરીને નિશ્ચય કરનારને જ પ્રાયઃ શુભ-અશુભ [2]વિચાર આવે છે. તેથી જ (=વિચાર દ્વારા કલિકાલ ઉપકારી છે એમ નિશ્ચિત થવાથી) ઉપકાર ન કરનારા અન્યકાળનો ત્યાગ કરીને ઉપકારી કલિકાલની સ્તુતિ કરતા સ્તુતિકાર કહે છે-**

**युगान्तरेषु भ्रान्तोऽस्मि, त्वद्दर्शनविनाकृतः ।**
**नमोऽस्तु कलये यत्र, त्वद्दर्शनमजायत ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **त्वद्दर्शनविनाकृतः**-આપના દર્શનથી (=સમ્યગ્ દર્શનથી) વંચિત હું, **युगान्तरेषु**-કલિકાલથી અન્ય કૃતયુગાદિ કાળમાં, **भ्रान्तोऽस्मि**-સંસારમાં ભમ્યો છું. આથી મને, **यत्र**-જ્યાં, **त्वद्दर्शनं**-આપના દર્શન, **अजायत**-થયાં છે, **कलये**-તે કલિકાલને, **नमोऽस्तु**-નમસ્કાર હો !

સર્વલોકોનું હિત કરનારા હે ભગવન્ ! વિદ્વાનો ચોથો આરો વગેરે કાળના તે તે ગુણોની પ્રશંસા કરવા દ્વારા ચોથો આરો વગેરે કાળમાં ગૌરવનું આરોપણ ભલે કરો, પણ મારું મન કલિકાલ સિવાય બીજા કાળોમાં ઉદાસીન જ

---

૧. ग्लपित શબ્દનો શબ્દાર્થ થાકી ગયેલ એવો છે. પણ અહીં 'ઠરી ગયેલ' એવો ભાવાર્થ લખ્યો છે.

૨. तात्पर्य=હેતુ. ગુજરાતીમાં હેતુ અર્થ બતાવવા 'માટે' શબ્દ વપરાય છે. જેમકે जलहेतुना गच्छामि=પાણી માટે જાઉં છું. અહીં તાત્પર્ય એ છે કે સ્તુતિકારને કલિકાલની સ્તુતિ કરવાનો વિચાર આવ્યો એ શુભ વિચાર છે. આવો શુભ વિચાર કેમ આવ્યો ? કાલનો બધી બાજુનો વિચાર કર્યો તો કલિકાલ ઉપકારી જણાયો. આથી તેની સ્તુતિ કરવાનો વિચાર આવ્યો અને સ્તુતિ કરી.

છે. કારણ કે-આપના દર્શનથી વંચિત હું તે કાળોમાં અનંતકાળ સુધી ભમ્યો છું. આથી જેમ પરવિભૂતિની શોભા અતિશય મનોહર હોય તો પણ ઉપયોગી ન હોવાથી નકામી છે, તેમ ચોથો આરો વગેરે કાળથી મારે સર્યું. અથવા ચોથો આરો વગેરે કાળમાં આપની સેવાનું ફળ તો દૂર રહો, કિંતુ માત્ર આપનું દર્શન પણ મને ન થયું. સઘળા દોષોથી કલુષિત પણ આ કલિકાલને નમસ્કાર થાઓ, કે જેમાં લાખો ભવોમાં દુર્લભ અને સેંકડો સુકૃતોથી પ્રાપ્ત કરી શકાય તેવું આપનું દર્શન મને થયું.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જો અન્યકાળમાં મને આપનું દર્શન થયું હોત તો હું આટલો કાળ સંસારમાં પરિભ્રમણ ન કરત. હમણાં તો આપનું દર્શન પ્રાપ્ત થઇ જતાં મેં દીર્ઘ સંસારપરિભ્રમણને જલાંજલિ આપી છે, અર્થાત્ હવે હું દીર્ઘકાળ સુધી સંસારમાં નહિ ભમું. આપનું દર્શન એટલે આપે કહેલા તત્ત્વોની રુચિ. (૭)

**કલિકાલ કેવળ કૃતયુગ વગેરેથી જ અધિક ઇચ્છનીય છે એમ નથી, કિંતુ આપનાથી પણ અધિક ઇચ્છનીય છે એમ ઉપહાસ સહિત (=મજાકથી) કહે છે-**

**बहुदोषो दोषहीनात्, त्वत्तः कलिरशोभत ।**
**विषयुक्तो विषहरात्, फणीन्द्र इव रत्नतः ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**इव**-જેમ, **विषयुक्त**:-વિષધર, **फणीन्द्र**:-સર્પ, **विषहरात्**-વિષહર, **रत्नत**:-રત્નથી, **अशोभत**-શોભા પામેલો છે, તેમ, **बहुदोष**:-ઘણા દોષવાળો, **कलि**:-કલિકાળ, **दोषहीनात्**-દોષ રહિત, **त्वत्त**:-આપનાથી, **अशोभत**-શોભા પામેલો છે.

- વિશ્વભૂષણ હે ભગવન્ ! જેમ પ્રબળ વિષથી યુક્ત સર્પ પોતાના મસ્તકમાં રહેલા વિષ દોષનો નિગ્રહ કરનાર મણિથી શોભે છે, તેમ સર્વદોષોનું સ્થાન એવો આ કલિયુગ દોષના અંશથી પણ નહિ સ્પર્શાયેલા આપનાથી પણ અધિક શોભ્યો. સંપૂર્ણ જગતમાં સર્વોત્તમ હોવાથી આપ શોભો છો, પણ આ કલિકાળ તો સઘળા દોષોનું સ્થાન હોવા છતાં આપનાથી પણ અધિક શોભ્યો. દોષના ઉત્કર્ષથી જ તેનું આપનાથી ઉત્કર્ષ છે.

**પૂર્વપક્ષ :** અહીં ભગવાન સ્તુતિકારને કહે છે કે—આમ તો તેં કલિકાલને

મારાથી પણ ચઢિયાતો કરી દીધો.

**ઉત્તરપક્ષ :** જેમ સર્પમણિથી સર્પ ક્યારેય ચઢિયાતો નથી, તેમ કલિકાલ આપનાથી ચઢિયાતો નથી.

**પૂર્વપક્ષ :** તો પછી તેં કલિકાળની આટલી પ્રશંસા કેમ કરી ?

**ઉત્તરપક્ષ :** કલિકાળમાં આપના દર્શનનો મને લાભ મળ્યો, આથી તે મારો ઉપકારી છે, કલિકાળ નિર્ગુણ હોવા છતાં મારો ઉપકારી છે એટલા માટે જ મેં એની પ્રશંસા કરી. જો હું કલિકાળની પ્રશંસા ન કરું તો હું કૃતઘ્ન બનું.

જે કારણથી કલિકાળનો પક્ષપાત કર્યો તે કારણને વિચારવામાં આવે તો સ્તુતિકારને પરમાર્થથી ભગવાનના ગુણોનો જ પક્ષપાત છે. આથી આ યોગ્ય છે.

અથવા આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે—જેમ સર્પ વિષયુક્ત હોવા છતાં પોતાના મસ્તકે રહેલા વિષદોષનો નિગ્રહ કરનારા મણિથી જ શોભ્યો, તેમ કલિકાળ બહુદોષવાળો હોવા છતાં દોષરૂપ•મલિનતાથી તદ્દન મુક્ત આપનાથી જ=આપના કારણે જ શોભ્યો. (૮)

# दशमप्रकाशः

**કલિકાળ જગતને પ્રતિકૂળ છે, આમ છતાં પ્રભુનું દર્શન આપવાથી અનુકૂળ છે. આવા કલિકાળની પ્રશંસા કરીને "અદ્‌ભુતસ્તવ" નો પ્રારંભ કરતા સ્તુતિકાર કહે છે—**

**मत्प्रसत्तेस्त्वत्प्रसादस्त्वत्प्रसादादियं पुनः ।**
**इत्यन्योन्याश्रयं भिन्धि, प्रसीद भगवन्मयि ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**भगवन्**-હે ભગવાન !, **मत्प्रसत्ते**:-મારી પ્રસન્નતાથી, **त्वत्प्रसाद**:-આપનો પ્રસાદ=મહેરબાની થાય, **पुन**:-અને, **इयं**-આ (=મારી પ્રસન્નતા), **त्वत्प्रसादात्**-આપના પ્રસાદથી થાય, **इति**-આ પ્રમાણે, **अन्योन्याश्रयं**-અન્યોન્યાશ્રયને, **भिन्धि**-ભેદી નાંખો, **मयि**-મારા ઉપર, **प्रसीद**-પ્રસન્ન બનો.

પરમ ઐશ્વર્યથી યુક્ત હે ભગવન્ ! જેનાથી આલોકનું અલ્પમાત્ર પણ ફળ

ઇચ્છાય છે=જેની પાસેથી આ લોકનું અલ્પમાત્ર પણ ફળ મેળવવાની ઇચ્છા થાય છે, તેને પણ સન્મુખ લાવીને (=અનુકૂળ બનાવીને) પ્રસન્ન કરાય છે, તો પછી આપનાથી સર્વોત્તમ મોક્ષપદને ઇચ્છતા એવા મારા વડે આપ વિશેષપણે પ્રસન્ન કરવા યોગ્ય છો. આપની તે પ્રસન્નતા પહેલાં મારી પ્રસન્નતાની અપેક્ષા રાખે છે. જ્યારે હું રાગ-દ્વેષ રહિત અને પરમ સમતાથી ભાવિત મનથી આપની આજ્ઞાની સમ્યગ્ આરાધના કરું ત્યારે આપ પ્રસન્ન બનો, મારી પરમસમતારૂપ તે પ્રસન્નતા આપની પ્રસન્નતાથી થવાની છે, આપ પ્રસન્ન બનો ત્યારે જ થાય. આ પ્રમાણે અન્યોન્યાશ્રય (=સેવક પ્રસન્ન બને તો સ્વામી પ્રસન્ન બને, સ્વામી પ્રસન્ન બને તો સેવક પ્રસન્ન બને) દોષ આવે છે. અનુગ્રહ કરાયેલો અને નિરંકુશપણે ફેલાતો આ દોષ બંનેના અભાવ માટે થાય. તેથી હે વિશ્વવત્સલ ! આપ આ અન્યોન્યાશ્રય દોષને દૂર કરો.

**અન્યોન્યાશ્રયને દૂર કરવાનો ઉપાય કહે છે**—આપ મારા ઉપર પ્રસન્ન બનો. અહીં ભાવાર્થ આ પ્રમાણે છે—મોટા અને નાનાની વચ્ચે હાથી અને મચ્છરની જેમ ઘણું અંતર હોય છે. તેથી આપ મોટા હોવાથી અને સ્વભાવથી જ કરુણાવંત હોવાથી તુચ્છ મારી પ્રસન્નતાને અવગણીને પહેલાં જ આપ કૃપાની સન્મુખ બનો. આપ પ્રસન્ન બનશો એટલે મારી પ્રસન્નતા અવશ્ય થશે. અને આ પ્રમાણે અન્યોન્યાશ્રય દોષ પણ દૂરથી ફેંકાઇ ગયો છે. આથી કંઇ અનુચિત નથી. (૧)

**તથા**—

**निरीक्षितुं रूपलक्ष्मीं, सहस्राक्षोऽपि न क्षमः ।**
**स्वामिन् सहस्रजिह्वोऽपि, शक्तो वक्तुं न ते गुणान् ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

**स्वामिन्**-હે સ્વામી !, **ते**-આપની, **रूपलक्ष्मीं**-રૂપશોભાને, **निरीक्षितुं**-યથાર્થ રૂપે જોવા, **सहस्राक्षो अपि**-હજાર આંખવાળો પણ, **न क्षमः**-સમર્થ નથી, **ते**-આપના, **गुणान्**-ગુણોને, **वक्तुं**-કહેવા, **सहस्रजिह्वो अपि**-હજાર જીભવાળો પણ, **न शक्तः**-સમર્થ નથી.

સર્વ આશ્ચર્યોના નિધાન હે સ્વામી ! અમે આપના એક પણ આશ્ચર્યનું શું વર્ણન કરીએ ? અર્થાત્ આપના એક પણ આશ્ચર્યનું પૂર્ણપણે વર્ણન કરવા

અમે સમર્થ નથી. તે આ પ્રમાણે—અનુત્તર દેવોથી જેની ઇચ્છા કરાય તેવી સર્વોત્તમ અને કોઇ જાતના પ્રયત્ન વિના સ્વભાવથી જ મનોહર એવી આપની શોભાને જોવા માટે=યથાર્થ નિર્ણય કરવા માટે, બે જ આંખો હોવાથી ખરાબ સ્થિતિવાળા દેવો, અસુરો અને મનુષ્યો વગેરે દૂર રહો, કિંતુ હજાર આંખોવાળો ઇંદ્ર પણ સમર્થ નથી. કારણકે પ્રભુની રૂપશોભા અનુપમ છે. આપ્તવચનોમાં સંભળાય છે કે—**"બધા દેવો પોતાના દિવ્ય પ્રભાવથી બધા દેવોનું રૂપ ભેગું કરે, ભેગા કરેલા એ રૂપને પણ અંગુઠા જેટલું બનાવે, તો એ રૂપ પ્રભુના પગના અંગુઠાના રૂપ આગળ અંગારાની જેમ ન શોભે=ઝાંખુ લાગે."**

તથા આપના જ્ઞાન, દર્શન, વૈરાગ્ય, ઐશ્વર્ય વગેરે લોકોત્તર ગુણોનું એક જીભવાળો દૂર રહો, હજાર જીભવાળો પણ સંપૂર્ણપણે વર્ણન કરવા માટે સમર્થ નથી. કારણ કે ભગવાનના ગુણો અસીમ છે. વિદ્વાનો કહે છે કે—**"ત્રણે લોકના જીવો વર્ણન કરવા લાગે, તે બધાનું આયુષ્ય પૂર્ણ ન થાય, [1]પરાર્ધથી અધિક ગણિત હોય, વર્ણન કરવા માટે જરૂરી સઘળા ગુણોથી જે યુક્ત હોય, તે પણ પ્રભુના ગુણોનું પૂર્ણ વર્ણન ન કરી શકે."** (૨)

**તે ગુણોના જ માત્ર એક [2]નમુનાનો ઉલ્લેખ કરતા સ્તુતિકાર કહે છે—**

**संशयान्नाथ ! हरसेऽनुत्तरस्वर्गिणामपि ।**
**अतः परोऽपि किं कोऽपि, गुणः स्तुत्योऽस्ति वस्तुतः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **अनुत्तरस्वर्गिणां**-અનુત્તર દેવોના **अपि**-પણ, **संशयान्**-સંશયોને, **हरसे**-આપ દૂર કરો છો. **किं**-શું, **अतः**-આનાથી, **परः**-બીજો, **को अपि**-કોઇપણ, **गुणः**-ગુણ, **वस्तुतः**-પરમાર્થથી, **स्तुत्यः**-પ્રશંસાપાત્ર, **अस्ति**-છે ? અર્થાત્ આપના ગુણોમાં અનુત્તર દેવોના સંશયોને દૂર કરવાનો ગુણ સર્વોત્તમ છે.

સુર-અસુર-મનુષ્યોના સ્વામી હે નાથ ! અહીં રહેલા જ આપ અહીંથી

---

૧. परार्ध=ગણિતની છેલ્લી સંખ્યા.

૨. वर्णिका=નમુનો.

કંઇક ન્યૂન સાતરાજ દૂર ક્ષેત્રમાં રહેલા [1]પાંચ અનુત્તર દેવોના પણ જીવાદિ તત્ત્વસંબંધી સંશયોને દૂર કરો છો. સંભળાય છે કે-અનુત્તર દેવો સંશય ઉત્પન્ન થાય ત્યારે ત્યાં રહીને જ મનથી સ્વામીને પૂછે છે. ભગવાન વિમલ કેવલજ્ઞાનથી જાણીને અનુત્તર દેવોના અનુગ્રહ માટે પ્રશ્નોના ઉત્તરને પોતાના મનમાં ધારણ કરે છે. કંઇક ન્યૂન લોકનાળીને અપ્રતિબદ્ધ અવધિજ્ઞાનથી જોનારા અનુત્તર દેવો રૂપીમનમાં (મનોવર્ગણાના ગોઠવાયેલા પુદ્‌ગલોમાં) રહેલા ઉત્તરને જાણીને હર્ષપૂર્ણ [2]બની જાય છે.

આથી અનુત્તર દેવોના સંશયોને દૂર કરવાની જગતથી વિલક્ષણ આ શક્તિ આપના સિવાય બીજા કોની પાસે છે ? અને આપનો આનાથી બીજો પણ કોઇ ગુણ પરમાર્થથી પ્રશંસાપાત્ર છે ? અર્થાત્ નથી. કેમકે આપના ગુણોમાં અનુત્તર દેવોના સંશયોને દૂર કરવાનો ગુણ જ સર્વોત્તમ છે. (૩)

**વળી—**

**इदं विरुद्धं श्रद्धत्तां, कथमश्रद्दधानकः ।**
**आनन्दसुखसक्तिश्च, विरक्तिश्च समं त्वयि ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **आनन्दसुखसक्ति**:-આનંદરૂપ સુખમાં લીનતા, **च**-અને, **विरक्ति**:-વૈરાગ્ય એ બંને, **त्वयि**-આપનામાં, **समं**-એક કાળે રહેલા છે, **विरुद्धं**-વિરુદ્ધ (દેખાતી), **इदं**-આ બીના, **अश्रद्दधानक**:-અશ્રદ્ધાળુ માણસ, **कथं**-કેવી રીતે, **श्रद्धत्तां**-માને ?

જેમનું આશ્ચર્યકારી સંપૂર્ણચરિત્ર શ્રદ્ધા કરવા યોગ્ય છે એવા હે સ્વામી ! પરમાનંદરૂપ સુખમાં લીનતા અને વિરક્તિ એ બંને [3]ચંદ્ર-સૂર્યના તેજની જેમ પરસ્પર વિરુદ્ધ છે. સુખમાં લીનતા એ રાગરૂપ છે, અને વિરક્તિ ત્યાગના રાગરૂપ છે. એથી એ બંને એક સ્થળે કેવી રીતે રહી શકે ? આમ છતાં એ બંને આપનામાં એક જ કાળે રહેલા છે. યુક્તિરહિતની જેમ વિરુદ્ધ (દેખાતી) આ

૧. સિદ્ધિ (=લોકાંત) અને અનુત્તર વિમાનો વચ્ચે બાર યોજનનું અંતર છે.

૨. मेदुर=ભરપૂર કે વ્યાપ્ત.

૩. शीतभानु=ચંદ્ર

બીના શ્રદ્ધાથી રહિત હૃદયવાળો જીવ કેવી રીતે માને ? = તે પ્રમાણે છે એમ કેવી રીતે સ્વીકારે ? વીતરાગ ભગવાનમાં પરમાનંદરૂપ સુખમાં લીનતા અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યરૂપ વિરક્તિ એ બંને એક કાળે રહેલા જ છે, તેથી કોઇ વિરોધ નથી. આમ છતાં શ્રદ્ધા નહિ કરનારા અને પોતાની અજ્ઞાનતાથી હણાયેલા તે બિચારાઓને કોણ વિશ્વાસ કરાવે ? (૪)

**नाथेयं घट्यमानापि, दुर्घटा घटतां कथम् ।**
**उपेक्षा सर्वसत्त्वेषु, परमा चोपकारिता ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ ! આપ, **सर्वसत्त्वेषु**-સર્વ જીવો ઉપર, **उपेक्षा**-ઉપેક્ષા=માધ્યસ્થ ભાવ રાખો છો, **च**-અને, **परमा उपकारिता**-પરમ ઉપકાર કરો છો, **घट्यमाना अपि**-આપના વિશે ઘટતી હોવા છતાં, **दुर्घटा**-બીજાઓમાં નહીં દેખાવાથી દુર્ઘટ, **इयं**-આ બીના, **कथं**-કેવી રીતે, **घटतां**-ઘટે ?

ત્રણલોકના નાથ હે સ્વામી ! આપ સર્વ જીવો ઉપર ઉપેક્ષા રાખો છો અને પરમ ઉપકાર (પણ) કરો છો. આપના વિષે આ બીના વિવિધ પ્રકારોથી ઘટતી હોવા છતાં આપના સિવાય બીજાઓમાં કેવી રીતે ઘટે ? કારણ કે ટૂંકી નજરથી જોતાં આ બીના દુર્ઘટ (=વિસંવાદી) જણાય છે. તે આ પ્રમાણે—ઉપેક્ષા એટલે ઉદાસીનતા (=માધ્યસ્થ્યભાવ). ઉપકાર એટલે પ્રિય કરવું. જે ઉપેક્ષા કરનાર હોય તે કેવી રીતે ઉપકારી હોય ? (ઉપેક્ષા રાખનાર ઉપકાર કરતો નથી એમ લોકમાં દેખાય છે.) આમ આ બીના દુર્ઘટ છે. પ્રસ્તુતમાં તો શ્રી અરિહંત ભગવાનનો વીતરાગતા સ્વભાવ જ હોવાથી ઉપકારી કે અનુપકારી બધાય જીવો ઉપર રાગદ્વેષ ન હોવાના કારણે માધ્યસ્થ્યભાવરૂપ ઉપેક્ષા છે. ધર્મતીર્થને પ્રવર્તાવવાથી તે બધાય જીવો ઉપર ભાવઉપકારરૂપ સર્વોત્તમ ઉપકાર છે. અરિહંતો વિષે આ ન ઘટી શકે તેવું નથી. (૫)

**વળી બીજું—**

**द्वयं विरुद्धं भगवंस्तव नान्यस्य कस्यचित् ।**
**निर्ग्रन्थता परा या च, या चोच्चैश्चक्रवर्त्तिता ।।६।।**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

**भगवन्**-હે ભગવંત ! એક તરફ આપનું, **परा**-ઉત્કૃષ્ટ, **निर्ग्रन्थता**-નિર્ગ્રંથપણું=ત્યાગ છે, **च** અને બીજી તરફ આપનું, **उच्चैः**-ઉચ્ચ પ્રકારનું, **चक्रवर्त्तिता**-(ધર્મ) ચક્રવર્તીપણું=સામ્રાજ્ય છે, **विरुद्धं**-વિરુદ્ધ ભાસતા, **द्वयं**-આ બે ગુણો, **तव**-આપનામાં જ છે, **अन्यस्य**-બીજા, **कस्यचित्**-કોઇમાં, **न**-નથી.

અગણિત મહિમાવાળા હે ભગવન્ ! એક તરફ આપનું ઉત્કૃષ્ટ નિર્ગ્રંથ-પણું[1](=ત્યાગ) અને બીજી તરફ આપનું ઉચ્ચ પ્રકારનું ચક્રવર્તીપણું=સામ્રાજ્ય છે. સ્થૂલ દૃષ્ટિથી પરસ્પર વિરુદ્ધ ભાસતા આ બે ગુણો આપનામાં જ દેખાય છે. આપના જેવાંથી બીજા કોઇમાં ય દેખાતા નથી.

નિર્ગ્રંથતા એટલે સર્વ સંગના પરિત્યાગથી થયેલું આકિંચન્ય. ચક્રવર્તીપણું એટલે ધર્મ સામ્રાજ્યની પદવી. જેને જ જ્યારે જ નિર્ગ્રંથતા હોય તેને જ ત્યારે જ ચક્રવર્તીપણું કેવી રીતે હોય ? આમ આ બંને વિરુદ્ધ છે. આ વિરોધનો પરિહાર (=ત્યાગ) આ પ્રમાણે છે-સ્વામીએ વિરતિ સ્વીકારના પ્રસંગે વસ્ત્રના છેડામાં રહેલા તૃણની જેમ ધન, ધાન્ય, સ્ત્રી, પુત્ર, રાજ્ય, રાષ્ટ્ર, દેશ, ધનની તિજોરી વગેરે પરિગ્રહની અવગણના કરી=ત્યાગ કર્યો, એ ત્યાગના સામર્થ્યથી જ નિર્ગ્રંથતા પ્રગટ થઇ. તથા પ્રભુ વીતરાગ હોવાથી પ્રભુમાં પ્રભુતાઇની ઇચ્છાનો નાશ થઇ ગયો હોય છે. આમ છતાં તીર્થંકર પદના પ્રભાવથી[2]પ્રાપ્ત થયેલ શ્વેત ત્રણ છત્ર, ચામર, સિંહાસન, સુવર્ણ કમલ, ધર્મચક્ર, મહેન્દ્રધ્વજ, કોટાકોટિ પ્રમાણ દેવ-અસુર-મનુષ્યો દ્વારા કરાતી સેવાથી વ્યક્ત થતું ભગવાનનું ચક્રવર્તીપણું પણ સંગત જ છે. ખરેખર ! નિર્ગ્રંથપણું અરતિનું કારણ અને ચક્રવર્તીપણું રતિનું કારણ છે, આમ છતાં તે બંનેના સદ્ભાવમાં પણ સ્વામીની તે જ પરમ સામ્યની લીલા હોય છે, અર્થાત્ સ્વામી બંનેમાં સમભાવવાળા હોય છે. આ પ્રમાણે કાંઇજ અનુચિત નથી. (૬)

---

૧. નિર્ગ્રંથપણું સર્વ સંગના ત્યાગ રૂપ છે, જે જ્યારે નિર્ગ્રંથ હોય તે ત્યારે જ ચક્રવર્તી કેવી રીતે હોઇ શકે ? આથી નિર્ગ્રંથપણું અને ચક્રવર્તીપણું એ બે વિરુદ્ધ ભાસે છે.

૨. उपनत=પ્રાપ્ત થયેલ.

વળી બીજું—

**नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।**
**पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **यस्य**-જેના, **कल्याणपर्वसु**-ચ્યવન આદિ પાંચ કલ્યાણક પર્વોમાં, **नारका**:-નરકના જીવો, **अपि**-પણ, **मोदन्ते**-(એક મુહૂર્ત સુધી વેદના શાંત થવાથી) હર્ષ અનુભવે છે, **तस्य**-તેના, **पवित्रं चारित्रम्**-પવિત્ર ચારિત્રનું, **वर्णयितुं**-(યથાર્થ) વર્ણન કરવા, **कः क्षमः**-કોણ સમર્થ છે ?

સકલ આશ્ચર્યકારી આચરણના મંદિર હે ભગવન્ !. જેના. માતાના ગર્ભમાં આગમન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ એ પાંચ કલ્યાણક પર્વોમાં, સુખ અનુભવી રહેલા દેવ-મનુષ્યો દૂર રહો, કિંતુ દૂર ન કરી શકાય તેવી ભયંકર વેદનાના નિરંતર ઉદયથી પીડાયેલા નારકો પણ કંઇક સુખનો અનુભવ થવાથી હર્ષ પામે છે, તે વીતરાગના પવિત્ર અને વિશ્વને આશ્ચર્ય પમાડે તેવા અસાધારણ ચારિત્રનું વર્ણન કરવા કોણ સમર્થ છે ? સ્વાભાવિક પ્રાપ્ત થયેલી પોતાની બુદ્ધિથી બૃહસ્પતિના મતિવૈભવની અવજ્ઞા કરનારાઓ પણ સમર્થ છે ? અર્થાત્ કોઇ પણ સમર્થ નથી.

ભગવાન વિશ્વના અદ્વિતીય મિત્ર છે. તેમનું ચારિત્ર સ્મરણ કરવા માત્રથી જ પાવન કરે તેવું હોય છે. (૭)

**અને એ પ્રમાણે—**

**शमोऽद्भुतोऽद्भुतं रूपं, सर्वात्मसु कृपाद्भुता ।**
**सर्वाद्भुतनिधीशाय, तुभ्यं भगवते नमः ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે સમસ્ત આશ્ચર્યના ભવન ! **शमोद्भूतो**-આપની સમતા આશ્ચર્યકારક છે, **अद्भूतं रूपं**-આપનું રૂપ અદ્‌ભુત છે, **सर्वात्मसु**-સર્વ જીવો ઉપર, **कृपाऽद्भुता**-

આપની કરુણા અદ્ભુત છે, **सर्वाद्भुतनिधीशाय**-સર્વ આશ્ચર્યોના નિધાનના સ્વામી અને, **भगवते**-ઐશ્વર્યવાન્, **तुभ्यं**-આપને, **नमः**-નમસ્કાર હો !

સમસ્ત આશ્ચર્યોના ભવન હે ભગવન્ ! અમે આપનું આશ્ચર્યકારી કેટલું કહીએ ? કારણ કે આપની સમતા આશ્ચર્ય કરે તેવી સર્વાધિક છે. ત્રણ જગતમાં પણ જેની તોલે કોઇ ન આવે તેવું બળ હોવા છતાં અને ક્ષુદ્ર જીવો ઉપદ્રવ કરતા હોવા છતાં આપ સમભાવ રાખો છો. આપનો આ સમભાવ કષાયોનો પરાજય કરવાથી અને મિથ્યા અભિનિવેશના ઉપશમથી થયેલો છે. આપનું રૂપ=સ્વાભાવિક શરીર સૌંદર્ય પણ પૂર્વોક્ત યુક્તિથી જ આશ્ચર્ય કરે તેવું અનુપમ છે. તથા સ્થાવર અને જંગમ એવા સઘળા જીવો ઉપર કોઇ પણ જાતના પક્ષપાત વિના સર્વસાધારણ એવી આપની કરુણા પણ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી લોકોત્તર છે. આપ આવા પ્રકારના બીજા પણ કલ્યાણરૂપ સર્વ આશ્ચર્યોના નિધાનના સ્વામી છો, અને એથી જ પરમૈશ્વર્યના નિવાસ છો. આવા ત્રિભુવનોત્તમ આપને નમસ્કાર થાઓ. પ્રયત્નશીલ હું ત્રિકરણ શુદ્ધિથી આપને પ્રણામ કરું છું. (૮)

# एकादशप्रकाशः

**આ પ્રમાણે અદ્ભુતસ્તવને કહીને હવે જેના કારણે આ આશ્ચર્યો છે તે જ પરમાત્માના માહાત્મ્યનો મહિમસ્તવથી પ્રારંભ કરતા સ્તુતિકાર કહે છે—**

**निघ्नन् परीषहचमू-मुपसर्गान् प्रतिक्षिपन् ।**
**प्राप्तोऽसि शमसौहित्यं, महतां कापि वैदुषी ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગન્નાથ ! **परीषहचमूं**-પરિષહની શ્રેણિનો, **निघ्नन्**-વિનાશકર્તા અને, **उपसर्गान्**-ઉપસર્ગોને, **प्रतिक्षिपन्**-દૂર ફેંકતા આપ, **शमसौहित्यं**-સમતાની તૃપ્તિ, **प्राप्तः**-પામ્યા, **असि**-છો. ખરેખર !, **महतां**-મોટાઓની, **वैदुषी**-ચતુરાઇ, **काऽपि**-કોઇ અપૂર્વ હોય છે.

હે સ્વામી ! પરીષહની શ્રેણિનો વિનાશ કરતાં કરતાં અને ઉપસર્ગોને દૂર ફેકતાં ફેકતાં આપ સમતા રૂપ અમૃતની [1]તૃપ્તિને પામ્યા છો. ખરેખર ! મોટાઓની

૧. सौहित्य=तृप्ति.

ચતુરાઇ લોકોત્તર હોય છે.

તેવા પ્રકારના શત્રુઓનો વિનાશ ન કરવાનો હોય એથી જેમના કષાયોનો ઉદય ન થયો હોય તેમને સમતાની તૃપ્તિ સુલભ જ છે. આથી અહીં "પરીષહની શ્રેણિનો વિનાશ કરતાં કરતાં" એમ કહ્યું. પરીષહશ્રેણિનો વિનાશ કરતાં કરતાં પણ કષાયોનો ઉદય ન થાય એ કઠીન છે. પણ ભગવાને તો પરીષહશ્રેણિનો વિનાશ કરતાં કરતાં પણ કષાયોનો ઉદય ન થવા દીધો, અને તેથી ભગવાન સમતારૂપી અમૃતની તૃપ્તિને પામ્યા.

જે બીજાને હણી નાખે અને ફેંકી દે તેનામાં સમતાની તૃપ્તિ કેવી રીતે હોય ? પણ ભગવાનને તો પરીષહો અને ઉપસર્ગોના વિજયથી જ તેના ફલ સ્વરૂપ સમતા રૂપી અમૃતની તૃપ્તિ થઇ. તેથી મોટાઓની ચતુરાઇ લોકોત્તર હોય છે. ખરેખર ! આ ઘણી જ ચતુરાઇ (=ચાલાકી) છે કે શત્રુઓનો સંહાર કરવા છતાં "આ ક્રૂર છે" એવા પોતાના લોકાપવાદનું રક્ષણ કરાય છે. આથી પરીષહ-ઉપસર્ગ સમૂહના વિજયમાં પણ સમતાને પામેલા સ્વામીની ચતુરાઇ સ્થાને છે.

**પરીષહ** :- સંપૂર્ણપણે એટલે કે મન-વચન-કાયાની શુદ્ધિથી મુમુક્ષુઓ વડે સહન કરાય તે પરીષહ. આવા પરીષહો ક્ષુધા વગેરે બાવીસ છે. પરીષહોનો વિનાશ કરવો એટલે સર્વોત્કૃષ્ટ સહનશક્તિથી પરીષહના ઉદયને નિષ્ફળ કરવો, અર્થાત્ પરીષહોને સમતાપૂર્વક સહન કરવા.

**ઉપસર્ગ** :- કાયર જીવોના અંતઃકરણને સન્માર્ગથી ભ્રષ્ટ કરી દે તે ઉપસર્ગ. એ ઉપસર્ગોના અનુકૂલ અને પ્રતિકૂલ એમ બે પ્રકાર છે. ઉપસર્ગો દેવો, મનુષ્યો અને તિર્યંચો વગેરેથી થાય છે. ઉપસર્ગો દુઃખ વિશેષ છે, અર્થાત્ દુઃખના જ પ્રકારો છે. (૧)

**તથા—**

**अरक्तो भुक्तवान् मुक्ति-मद्विष्टो हतवान् द्विषः ।**
**अहो महात्मनां कोऽपि, महिमा लोकदुर्लभः ।।२।।**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વવંદ્ય ! **असक्तः**-રાગ રહિત આપે, **मुक्तिं**-મુક્તિ (રૂપી કન્યા)ને, **भुक्तवान्**-ભોગવી, **अद्विष्टः**-દ્વેષરહિત આપે, **द्विषः**-કષાયાદિ શત્રુઓને, **हतवान्**-મારી નાખ્યા, **अहो**-ખરેખર, **महात्मनां**-મહાત્માઓનો, **महिमा**-મહિમા, **कोऽपि**-કોઇ અપૂર્વ છે. આથી જ તે, **लोकदुर्लभः**-સામાન્ય લોકને દુર્લભ છે.

સામાન્યથી નિયમ છે કે રાગ વિના ભોગ ન થાય, અને દ્વેષ વિના શત્રુ વિનાશ ન થાય, પણ ભગવાને તો રાગ વિના મુક્તિ રૂપી કન્યાનો ભોગ અને દ્વેષ વિના કષાયરૂપ શત્રુઓનો વિનાશ કર્યો.

વિશ્વપૂજ્ય હે સ્વામી ! કામરાગ[1]અને સ્નેહરાગથી રહિત આપે મુક્તિરૂપી સ્ત્રીને સેવી તથા દ્વેષરૂપ મલિનતાથી રહિત આપે ભાવશત્રુઓને મારી નાખ્યા. જે રાગરહિત હોય તે સ્ત્રીને કેમ ઇચ્છે ? અને જે દ્વેષરહિત હોય તે શત્રુઓને કેમ હણે ? રાગ-દ્વેષ રહિત ભગવાને ભાવશત્રુગણનો નિગ્રહ કર્યો છે, તેથી જ મુક્તિરૂપ સ્ત્રીને ભોગવી. (અહીં મુક્તિરૂપ સ્ત્રીને ભોગવવામાં ભાવશત્રુગણનો નિગ્રહ હેતુ છે. ભાવશત્રુગણનો નિગ્રહ કર્યા વિના મુક્તિરૂપી સ્ત્રી ન ભોગવી શકાય.)

અહીં બીજા અર્થને કહે છે-ખરેખર ! વિશ્વપૂજ્ય તેજસ્વીઓનો પ્રભાવ વાણીથી ન કહી શકાય તેવો હોય છે, તેથી જ સામાન્ય લોક માટે દુર્લભ હોય છે. અન્યથા (=સ્વામીનો આવો પ્રભાવ ન હોય તો) રાગરહિત સ્વામી મુક્તિને કેવી રીતે ભોગવે અને દ્વેષરહિત સ્વામી આંતર શત્રુઓને કેવી રીતે હણે ? (૨)

**વળી—**

**सर्वथा निर्जिगीषेण, भीतभीतेन चागसः ।**
**त्वया जगत्त्रयं जिग्ये, महतां कापि चातुरी ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વોપકારક ! **सर्वथा**-મન-વચન-કાયાથી, **निर्जिगीषेण**-નિઃસ્પૃહ, **च**-અને,

---

૧. રાગ અને અભિષ્વંગ એ બંને શબ્દોનો અર્થ રાગ થાય છે. આમ છતાં અહીં બે શબ્દો મૂક્યા છે, તો વિવરણકારને તે બેનો ભિન્ન અર્થ અભિપ્રેત હોવો જોઇએ. આથી અનુવાદમાં કામરાગ અને સ્નેહરાગ એમ ભિન્ન અર્થ લખ્યો છે.

**अगस:**-પાપથી, **भीतभीतेन**-બહુ ભય પામેલા, **त्वया**-આપે, **जगत्त्रयं**-ત્રણે જગતના લોકોને, **जिग्ये**-જીતી લીધા=આજ્ઞા કરીને સેવા કરનારા બનાવ્યા, **महतां चातुरी**-મોટાઓની ચતુરાઇ, **काऽपि**-કોઇ અપૂર્વ હોય છે.

જે જે દેશના અધિપતિને જીતે છે તે તેના દેશને પણ જીતે છે, એમ પ્રસિદ્ધ જ છે. આથી હે સ્વામી ! મન-વચન-કાયાથી નિ:સ્પૃહ અને અપરાધથી અત્યંત ભય પામેલા આપે ત્રણ ભુવનમાં અદ્વિતીય મલ્લ એવા મોહમલ્લનો ઉચ્છેદ કરીને તેનાથી ભોગવાતા ત્રણ લોકને જીતી લીધા, ત્રણ લોકના મસ્તકે શાસન (=આજ્ઞા) મૂકીને સેવા કરાવી.

જે નિ:સ્પૃહ અને ભીરુ હોય તે જગતને કેવી રીતે જીતે ? પણ ભગવાન નિ:સ્પૃહ અને પાપભીરુ હતા તેથી જ જગતથી વિલક્ષણ સ્વગુણોથી જગતને જીતી લીધું. તેથી અહો ! ભુવનમાં શ્રેષ્ઠ પુરુષોની ચતુરાઇ લોકોત્તર હોય છે. નિ:સ્પૃહ અને ભીરુપુરુષો ચતુરાઇ વિના જગતને કેવી રીતે જીતે ? (૩)

**વળી બીજું—**

**दत्तं न किञ्चित्कस्मैचिन्नात्तं किञ्चित् कुतश्चन ।**
**प्रभुत्वं ते तथाप्येतत्, कला कापि विपश्चिताम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વેશ ! આપે **कस्मैचित्**-કોઇને, **किञ्चित्**-કંઇ, **दत्तं न**-આપ્યું નથી, **कुतश्चन**-કોઇ પાસેથી, **किञ्चित्**-કંઇ, **आत्तं न**-લીધું નથી, **तथापि**-તો પણ, **ते**-આપનું, **एतद्**-આ, **प्रभुत्वं**-ઐશ્વર્ય છે. ખરેખર !, **विपश्चिताम्**-વિદ્વાનોની, **कला**-કળા, **काऽपि**-કોઇ અપૂર્વ હોય છે.

જે બીજાને આશ્રયાદિ આપીને ઉપકાર કરે કે સ્વબળથી નિગ્રહ કરીને બીજાનું લઇ લે તે સ્વામી બને છે. ભગવાન તો (બાહ્ય) ઉપકાર અને નિગ્રહ કર્યા વિના સ્વામી બન્યા.

આ લોકમાં તેનું જ પ્રભુત્વ થાય કે જેની આશા કે આશંકા હોય. તેમાં આ પુરુષ ''આ (=અમુક વસ્તુ) મને આપશે'' એ આશા છે. આ પુરુષ મારી પાસેથી આ (=અમુક વસ્તુ) બલાત્કારથી લઇ લેશે'' એ આશંકા છે. હે જગદ્ગુરુ !

આપ નિર્ગ્રંથ હોવાથી આપે આશ્રિતને ધન-ધાન્ય વગેરે કંઇ આપ્યું નથી. તથા નિઃસ્પૃહ હોવાથી કોઇ પાસેથી કંઇ પણ લીધું નથી. આમ હોવા છતાં (=આપની કોઇને આશા કે આશંકા ન હોવા છતાં) આ જગતમાં આપનું અપ્રતિહત પ્રભુત્વ છે. આથી જ આપના જેવા ચતુર પુરુષોની કોઇમાં ન હોય તેવી કળા હોય છે. લોકોત્તર કલાકુશળતા વિના ઉપકાર અને નિગ્રહ નહિ કરનારાઓથી જગતમાં પ્રભુત્વ પ્રાપ્ત કરાતું નથી. (૪)

**વળી—**

**यद्देहस्यापि दानेन सुकृतं नार्जितं परैः ।**
**उदासीनस्य तन्नाथ ! पादपीठे तवालुठत् ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **परैः**-બીજાઓએ, **देहस्य**-પોતાના શરીરના, **दानेन**-અર્પણથી **अपि**-પણ, **यद्**-જે, **सुकृतं**-સુકૃત, **न अर्जितं**-પ્રાપ્ત ન કર્યું, **तद्**-તે સુકૃત, **उदासीनस्य**-મધ્યસ્થ, **तव**-આપના, **पादपीठे**-ચરણ આગળ, **अलुठत्**-આળોટ્યું.

આંતરશત્રુઓનો વિનાશ કરનારા હે નાથ ! સુકૃતના ઉપાયના સમ્યક્જ્ઞાનથી રહિત બુદ્ધ વગેરે બીજાઓએ વિવિધ તપરૂપ અધ્યાત્મ વગેરે કરવાથી તો દૂર રહો, કિંતુ શરીરના પણ દાનથી સકલ ક્લેશસમૂહને મૂળથી ઉખેડી નાખે તેવું જે સુકૃત સ્વાધીન ન કર્યું તે સુકૃત આપના ચરણકમળ આગળ આળોટ્યું.

કદાચ કોઇને એમ થાય કે એ માટે આપનો બૌદ્ધ આદિથી અધિક પ્રયત્ન થયો હશે, આથી અહીં કહે છે કે—આપ મોક્ષ અગર સંસાર પ્રત્યે તુલ્ય મનવાળા હતા તો પણ તે સુકૃત આપના ચરણકમળ આગળ આળોટ્યું.

સંભળાય છે કે બુદ્ધ પરમ દયાળુ હતા. એથી તેમણે ક્ષુધાથી વિહ્વલ શરીરવાળી સિંહણ આગળ કૃમિસમૂહથી ભરેલું પોતાનું શરીર (ખાવા માટે) મૂકી દીધું. પણ તે દયા તાત્ત્વિક ન હતી. (સિંહણ બુદ્ધના શરીરનું ભક્ષણ કરે એથી તેને મહાપાપનો બંધ થાય. તેથી ભવિષ્યમાં ઘણું દુઃખ ભોગવવું પડે. આમ જેના પરિણામે દુઃખ વધે તેવી દયા અતાત્ત્વિક છે. સિંહણ જાતે તરાપ મારીને બીજાનું

ભક્ષણ કરે તેમાં અને બુદ્ધ જાતે તેને પોતાનો દેહ ખાવા માટે આપે એ બેમાં ઘણો ભેદ છે.) આથી સ્વદેહને ભેટ આપવાના તેવા સાહસથી પણ બીજાઓને જે સુકૃત દુર્લભ છે, તે સુકૃત ઇચ્છ્યા વિના જ આપને પ્રાપ્ત થયું. આ પ્રમાણે અહો ! આપનો મહિમાતિશય ! (૫)

**તથા-**

**रागादिषु नृशंसेन, सर्वात्मसु कृपालुना ।**
**भीमकान्तगुणेनोच्चैः, साम्राज्यं साधितं त्वया ।।६।।**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે ત્રિભુવનપતિ ! **रागादिषु**-રાગાદિ શત્રુઓ ઉપર, **नृशंसेन**-નિર્દય, અને **सर्वात्मसु**-સર્વ જીવો ઉપર, **कृपालुना**-દયાળુ, એમ, **भीमकान्तगुणेन**-ભીમકાંત ગુણવાળા, **त्वया**-આપે, **उच्चैः**-ઉચ્ચ પ્રકારનું, **साम्राज्यं**-સામ્રાજ્ય, **साधितं**-મેળવ્યું.

હે ત્રિભુવનપતિ ! આપ રાગ-દ્વેષ-મોહ વગેરે ઉપર નિર્દયહૃદયવાળા બન્યા. કારણ કે રાગાદિ દોષો મુક્તિમાર્ગના વિરોધી હોવાથી દંડથી સાધી શકાય તેવા છે. તથા આપ સર્વ જીવો ઉપર અકૃત્રિમ કરુણારસથી કોમળ મનવાળા બન્યા. કારણકે સર્વ જીવો ભવભયથી પીડાયેલા હોવાથી દયા કરવા યોગ્ય છે. આ રીતે ભીમ-કાંત (રાગાદિ માટે ભીમ અને સર્વ જીવો ઉપર કાંત) ગુણવાળા આપે ઉચ્ચ પ્રકારનું (=સર્વને આશ્ચર્ય કરનારું) ધર્મસામ્રાજ્ય મેળવ્યું. જગતના સમ્રાટમાં પણ ભીમ-કાંત ગુણો હોય છે. જે ગુણોથી બીજાઓ પરાભવ ન કરી શકે તે પ્રતાપ અને પરાક્રમ વગેરે ભીમગુણો છે. જે ગુણોથી બીજાઓ પોતાની પાસે નિર્ભયપણે આવી શકે તે ક્ષમા વગેરે કાંતગુણો છે. (૬)

**વળી બીજું—**

**सर्वे सर्वात्मनाऽन्येषु, दोषास्त्वयि पुनर्गुणाः ।**
**स्तुतिस्तवेयं चेन्मिथ्या, तत्प्रमाणं सभासदः ।।७।।**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **सर्वे**-સર્વ ભાવો, **अन्येषु**-અન્ય દેવતાઓમાં, **दोषाः**-દોષરૂપ છે, **पुनः**-અને, **त्वयि**-આપનામાં, **सर्वात्मना**-બધી રીતે, **गुणाः**-ગુણરૂપ છે, **तव**-આપની, **इयं**-આ, **स्तुतिः**-સ્તુતિ, **चेद्**-જો, **मिथ्या**-અસત્ય હોય, **तत्**-તો, **सभासदः**-સભ્ય, **प्रमाणं**-પ્રમાણ છે.

વિશ્વને આશ્ચર્ય પમાડનારા ચારિત્રના પાત્ર હે ભગવન્ ! આવા પ્રકારના બધાય ભાવો આપના જેવા સિવાય બીજા કુતીર્થિકદેવોમાં દોષ રૂપ થયા, અને આપનામાં બધી રીતે ગુણરૂપ થયા. તે આ પ્રમાણે—૧) "ક્ષમા પરિભવનો હેતુ હોવાથી ક્ષમા રાખવી એ કાયર પુરુષોની ચેષ્ટા છે." એમ દોષરૂપ સમજીને જે ક્ષમાને બીજાઓએ દૂર કરી તે જ ક્ષમાનો જગતનો વિનાશ અને રક્ષણ કરવા માટે સમર્થ પરાક્રમવાળા પણ આપે "આ દુર્ધર ક્રોધરૂપ યોદ્ધાનો નાશ કરવા માટે અવંધ્ય શસ્ત્ર છે" એમ જાણીને વિશેષથી આદર કર્યો. (૨) જે નિષ્પરિગ્રહતાને "આ ભિખારીનો ધંધો છે એથી શરમનું કારણ છે" એમ સમજીને બીજાઓએ દૂર કરી, તે જ નિષ્પરિગ્રહતાને નિઃસ્પૃહ શિરોમણિ આપે "આ જ સંગત્યાગનું મૂલ કારણ છે" એમ જાણીને આદર પૂર્વક આગળ કરી. (૩) ઉપકારી ઉપર મહેરબાની ન કરવી અને અપકારી ઉપર નારાજ ન બનવું "એ ગુણો સંબંધી અજ્ઞાનતા છે" એમ સમજીને બીજાઓએ જે સમભાવને દૂરથી ફેંકી દીધો તેનો જ આપે "આ જ વીતરાગતાનું મૂલ બીજ છે" એમ જાણીને સારી રીતે સ્વીકાર કર્યો.

આ પ્રમાણે જે ભાવો બીજાઓમાં દોષ રૂપ બને છે, તે જ ભાવો આપનામાં ગુણરૂપે પરિણમે છે=બને છે. આ સ્તુતિ યથાર્થ વસ્તુતત્ત્વને પ્રગટ કરનારી હોવાથી જો કે યથાર્થ છે, તો પણ મહામોહથી હણાયેલી મતિવાળા કેટલાકોમાં "આ સ્તુતિ ખોટી છે" એવી મતિને ઉત્પન્ન કરે છે. આવી સ્થિતિમાં તેમના મતે અમે દૃષ્ટિરાગથી રંગાયેલા હોવાથી અપ્રમાણ છીએ, અને અમારા મતે તેઓ ઇર્ષ્યાળુ, પૂર્વ વ્યુદ્ગ્રાહિત અને દ્વેષી હોવાથી અપ્રમાણ છે. આથી આ વિષયમાં માત્ર સુકુલમાં ઉત્પન્ન થયેલા, ક્ષમાશીલ, ઉભયપક્ષને સમ્મત, વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા, સર્વ શાસ્ત્રાર્થોના રહસ્યોને ઝરાવનારી નિપુણમતિવાળા અને મધ્યસ્થ સભ્યો જ પ્રમાણ છે. મધ્યસ્થોની પરીક્ષા વડે નકલી સુવર્ણ ઉત્તમસુવર્ણથી જુદું થાય જ છે. (૭)

અને આ પ્રમાણે—

**महीयसामपि महान्महनीयो महात्मनाम् ।**
**अहो मे स्तुवतः स्वामी, स्तुतेर्गोचरमागमत् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**अहो**-કેવું આશ્ચર્ય !, **स्तुवत**:-સ્તુતિ કરતા એવા, **मे**-મને, **महीयसां**-દેવ વગેરે મોટાઓથી **अपि**-પણ, **महान्**-મોટા અને, **महात्मनां**-ગણધર વગેરે મહાત્માઓના, **अपि**-પણ, **महनीय**:-પૂજ્ય એવા, **स्वामी**-પરમાત્મા, **स्तुते**:-સ્તુતિના, **गोचरं**-વિષયમાં, **आगमत्**-આવ્યા, અર્થાત્ મારું કેવું ઉત્તમ ભાગ્ય કે જેથી મેં આવા પરમાત્માની સ્તુતિ કરી.

આ કેવું આશ્ચર્ય ! મોટાઓથી પણ મોટા અને મહાત્માઓને પણ પૂજનીય એવા પરમાત્મા, સ્તુતિ કરવા માટે પ્રારંભ કરતા એવા મારી સ્તુતિના વિષયમાં આવ્યા. જેમની સ્તુતિ ઇંદ્રની પણ વાણીનો વિષય ન બને, અર્થાત્ ઇંદ્ર પણ જેમની સ્તુતિ ન કરી શકે તેવા પરમાત્માની મંદ બુદ્ધિવાળો હું ઘણા કાળથી એકઠા કરેલા પુણ્યથી સ્તુતિ કરી શક્યો. એથી અહો ! મારું પણ અગણ્ય પુણ્ય છે.

**મોટોઓથી પણ મોટા**— તિર્યંચો અને મનુષ્યો વગેરેની અપેક્ષાએ સુરપતિ અને અસુરપતિ વગેરે દેવો મોટા છે. ભગવાન દેવાધિદેવ હોવાથી દેવોથી પણ મોટા છે=સર્વોત્કૃષ્ટ છે.

**મહાત્માઓને પણ પૂજનીય**— ત્રિપદીના આધારે અંતર્મુહૂર્ત માત્રમાં દ્વાદશાંગીની રચના કરનારા ગણધરો અને બીજા પણ વિવિધ લબ્ધિધારી મુનિઓ મહાત્માઓ છે. ભગવાન એ મહાત્માઓથી પણ અધિક ગુણવાન હોવાથી એ મહાત્માઓને પણ પૂજનીય છે. (૮)

# द्वादशप्रकाशः

**આ પ્રમાણે મહિમાસ્તવને કહીને હવે જેના કારણે અરિહંતોના વીતરાગત્વની પ્રસિદ્ધિ છે તે જ વૈરાગ્યની વૈરાગ્યસ્તવથી પ્રશંસા કરે છે—**

**पट्वभ्यासादरैः पूर्वं, तथा वैराग्यमाहरः ।**
**यथेह जन्मन्याजन्म, तत्सात्मीभावमागमत् ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે વૈરાગ્યનિધિ ! આપે **पूर्वं**-પૂર્વભવોમાં, **वैराग्यं**-વૈરાગ્યને, **पट्वभ्यासादरैः**-સારી રીતે સતત સેવનથી, **तथा**-એવી રીતે, **आहरः**-આત્મસાત્ કર્યો કે, **यथा**-જેથી, **इह जन्मनि**-તીર્થંકરના ભવમાં, **तत्**-તે વૈરાગ્ય, **आजन्म**-જન્મથી, **सात्मीभावं**-આત્મસાત્, **आगमत्**-બની ગયો.

દૃઢ વૈરાગ્યથી સુંદર હે ભગવન્ ! આપે પૂર્વભવોમાં પ્રકૃષ્ટ વૈરાગ્યને નિર્મલ સતત સેવનથી એવી રીતે આત્મસાત્ કર્યો કે, જેથી તીર્થંકરના જન્મમાં તે વૈરાગ્ય જન્મથી જ [1]સ્વભાવ બની ગયો. જે સાથે ઉત્પન્ન થાય તે જ સાત્મ્ય=સ્વભાવ કહેવાય.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**-ગુણના ઔપાધિક અને સહોત્થ (=વસ્તુની સાથે જ ઉત્પન્ન થનાર) એમ બે પ્રકાર છે. તલનું તેલ અને પાણી વગેરેમાં અન્ય વસ્તુના સંસ્કારથી સુગંધ ઉત્પન્ન કરાય તે ઔપાધિક ગુણ છે. ચંદનની શીતલતા અને સુગંધ સહોત્થ છે. આ પ્રમાણે ભગવાનનો પણ વૈરાગ્ય ઔપાધિક નથી, કિંતુ જન્મથી સહોત્થ (=સાથે જ ઉત્પન્ન થયેલો) છે. માટે અહીં "સ્વભાવ બની ગયો" એમ કહ્યું. (૧)

**તથા આ જગતમાં આ વ્યવહાર છે કે-ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, બાંધવમૃત્યુ, ધનનાશ વગેરે દુઃખ હેતુઓ ઉપસ્થિત થતાં વૈરાગ્ય પ્રગટે છે, અને સુખનાં કારણોમાં રાગ જ જાગ્રત બને છે. પણ જગતથી જુદા એવા ભગવાનને તો આ વિપરીત હતું. તે આ પ્રમાણે—**

૧. શીલ એટલે સ્વભાવ. શીલ શબ્દને સ્વાર્થમાં પ્રત્યય લાગીને સ્ત્રીલિંગમાં શૈલીશબ્દ બન્યો છે.

**दुःखहेतुषु वैराग्यं, न तथा नाथ ! निस्तुषम् ।**
**मोक्षोपायप्रवीणस्य, यथा ते सुखहेतुषु ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ :—

**नाथ**-હે નાથ, **मोक्षोपायप्रवीणस्य**-મોક્ષના (સમ્યગ્જ્ઞાનાદિ) ઉપાયમાં તત્પર, **ते**-આપનો, **निस्तुषम्**-તાત્ત્વિક, **वैराग्यं**-વૈરાગ્ય, **सुखहेतुषु**-સુખનાં કારણોમાં, **यथा**-જેવો છે, **तथा**-તેવો, **दुःखहेतुषु**-દુ:ખનાં કારણોમાં, **न**-નથી. આપને ઇષ્ટ વિયોગ આદિ દુ:ખનાં કારણો કરતાં સ્ત્રી આદિ સુખનાં કારણોમાં વિશેષ વૈરાગ્ય હોય છે. આથી જ આપનો વૈરાગ્ય તાત્ત્વિક હોય છે.

વૈરાગ્યના [1]પ્રવાહથી યુક્ત હે નાથ ! આપનો [2]તાત્ત્વિક વૈરાગ્ય પૂર્વોક્ત દુ:ખનાં કારણોમાં તેવો નથી, જેવો પૂર્વોક્ત દુ:ખનાં કારણોથી વિપરીત સુખમાં છે, અર્થાત્ સુખનાં કારણો સ્ત્રી આદિ સ્વાધીન હોવા છતાં તેમાં આપનો વૈરાગ્ય અતિશય વધે છે. કારણ કે આપ મોક્ષના ઉપાયોને વિસ્તારવામાં [3]કુશળ છો.

**અહીં આશય આ પ્રમાણે છે**—દુ:ખના હેતુઓની ઉત્પત્તિમાં જે વૈરાગ્ય થાય તે વાનરના વૈરાગ્યની જેમ ક્ષણિક જ હોય. સુખ હેતુઓના એકાંત અનિત્યતાના [4]ચિંતનથી (=આ સુખ હેતુઓ અવશ્ય જવાના સ્વભાવવાળા હોવાથી અનિત્ય છે એવા ચિંતનથી) જે અત્યંત દઢ વૈરાગ્ય પ્રગટે છે તે જ વૈરાગ્ય મોક્ષનું કારણ હોવાથી શ્રેષ્ઠ છે એવો અહીં ભાવ છે. (૨)

**વળી**—

**विवेकशाणैर्वैराग्य-शस्त्रं शातं तथा त्वया ।**
**यथा मोक्षेऽपि तत्साक्षा-दकुण्ठितपराक्रमम् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

૧. भङ्गी=પ્રવાહ सनाथ=સહિત
૨. निर्व्याजः=નિષ્કપટ, કોઇ જાતના બહાના વિનાનું. આવો વૈરાગ્ય તાત્ત્વિક કહેવાય. માટે અનુવાદમાં "તાત્ત્વિક" એમ લખ્યું છે.
૩. पन्नम=કુશળ
૪. उद्भावन=ચિંતન.

હે વૈરાગ્યવારિધિ ! **त्वया**-આપે, **विवेकशाणै**:-વિવેક રૂપ શાણથી, **वैराग्यशस्त्रं**-વૈરાગ્ય રૂપ શસ્ત્ર, **तथा**-તેવી રીતે, **शातं**-તીક્ષ્ણ કર્યું કે, **यथा**-જેથી, **साक्षात्**-સાક્ષાત્, **मोक्षेऽपि**-મુક્તિમાં પણ, **तत्**-તે, **अकुण्ठितपराक्रमम्**-અપ્રતિહત સામર્થ્યવાળું રહ્યું. અર્થાત્ મોક્ષમાં પણ તેનું સામર્થ્ય અપ્રતિહત રહ્યું.

સર્વ ઉપાયોમાં પ્રવીણ હે સ્વામી ! આપે વિવેકરૂપ શાણમાં વૈરાગ્યરૂપ શસ્ત્ર તેવી રીતે તીક્ષ્ણ કર્યું કે જેથી, બીજામાં તો ઠીક, કિંતુ બિલકુલ ભેદી ન શકાય તેવા [1]સાક્ષાત્ મોક્ષમાં પણ તે અપ્રતિહત સામર્થ્યવાળું થયું, અર્થાત્ મોક્ષમાં પણ તેનું સામર્થ્ય અપ્રતિહત રહ્યું. ઉગ્રરાગનો નિગ્રહ કરવા માટે વૈરાગ્ય જ [2]કોઇ ન અટકાવી શકે તેવું શસ્ત્ર છે.

શસ્ત્રના પક્ષમાં અર્થ આ પ્રમાણે છે-કોઇક નિપુણ પુરુષે બીજું પણ જે શસ્ત્ર શાણમાં તીક્ષ્ણ કર્યું હોય તે શસ્ત્ર અનેકવાર વાપરવા છતાં (=ઉપયોગમાં લેવા છતાં) બુઠ્ઠું બનતું નથી. (૩)

**હવે સર્વ અવસ્થામાં ભગવાનના વૈરાગ્યને પ્રગટ કરતા સ્તુતિકાર કહે છે—**

**यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते ।**
**यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **त्वया**-આપ, **यदा**-જ્યારે, **मरुन्नरेन्द्रश्री**:-દેવસંપત્તિનો અને રાજ્યસંપત્તિનો, **उपभुज्यते**-ઉપભોગ કરો છો, **तदाऽपि**-ત્યારે પણ, **तव**-આપને, **विरक्तत्वं**-વૈરાગ્યભાવ હોય છે. કારણ કે આપને, **यत्र तत्र रतिर्नाम**-જ્યાં ત્યાં રતિ-સમાધિ હોય છે.

તીર્થંકરપદવી રૂપ લક્ષ્મીથી યુક્ત હે નાથ ! તીર્થંકર નામકર્મના બંધથી મનોહર મનુષ્યભવનું આયુષ્ય પૂર્ણ થતાં તેવા પ્રકારના પુણ્યસમૂહથી [3]પ્રાપ્ત થયેલી

૧. साक्षात्=પ્રત્યક્ષ. કેવલજ્ઞાન પામ્યા પહેલાં મોક્ષ પ્રત્યક્ષ ન હતો. મોક્ષમાં ગયેલા જીવને મોક્ષ પ્રત્યક્ષ હોય છે. માટે અહીં મોક્ષનું साक्षात् એવું વિશેષણ છે.

૨. निरवग्रह=પ્રતિબંધરહિત.

૩. उपनत=પ્રાપ્ત.

દેવલક્ષ્મીનો આપ ઉપભોગ કરો છો, અને દેવલોકની સ્થિતિનો ક્ષય થવાથી ત્યાંથી આવીને અરિહંતના ભવમાં ભોગ્ય ફલવાળાં કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલી રાજલક્ષ્મીનો ઉપભોગ કરો છો, ત્યારે પણ આપને વૈરાગ્ય ભાવ હોય છે. કેમકે આપ જ્યાં જે પ્રમાણે રહ્યા હો ત્યાં જ તે પ્રમાણે આપને સમાધિ હોય છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—દેવસંપત્તિ અને ભોગસંપત્તિનો ઉપભોગ કરતી વખતે ભગવાન એમ વિચારતા નથી કે આ લક્ષ્મી પ્રાપ્ત થઇ તે સારું થયું, હવે એનો કોઇ પણ રીતે વિયોગ ન થાય તો સારું, કિંતુ ફક્ત આ જ વિચારે છે કે-હમણાં ભોગ્ય [1]ફલવાળું મારું આ કર્મ ઉદયમાં આવ્યું છે, અને ભોગવ્યા વિના આ કર્મ નાશ પામે તેવું નથી. આમ રોગ પ્રતિકારની બુદ્ધિથી અનાસક્તપણે જ ભોગવે છે. વિદ્વાનો તે પ્રમાણે કહે પણ છે કે—**''નહિ ભોગવેલું કર્મ અબજો [2]કલ્પોથી પણ ક્ષય પામતું નથી. શુભ કે અશુભ કરેલું કર્મ અવશ્ય ભોગવવું પડે છે.''** આથી તે વખતે પણ ત્રણ જગતના ગુરુને પરમાર્થથી વૈરાગ્ય હોય જ છે. (૪)

**नित्यं विरक्तः कामेभ्यो, यदा योगं प्रपद्यसे ।**
**अलमेभिरिति प्राज्यं, तदा वैराग्यमस्ति ते ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિરાગમૂર્તિ ! **नित्यं**-સદા, **कामेभ्यः**-પાંચ પ્રકારના વિષયોથી, **विरक्तः**-વિરાગ પામેલા આપ, **यदा**-જ્યારે, **योगं**-જ્ઞાન-દર્શન ચારિત્રરૂપ યોગનો, **प्रपद्यसे**-સ્વીકાર કરો છો, **तदा**-ત્યારે, **अलमेभिः**-(દુ:ખહેતુ) આ વિષયોથી સર્યું, **इति**-એમ વિચારતા, **ते**-આપને, **प्राज्यं**-અતિશય ઉત્કૃષ્ટ, **वैराग्यं**-વૈરાગ્ય, **अस्ति**-હોય છે.

જ્યારે ભોગ્યફલવાળા કર્મનો ક્ષય થયે છતે પાંચ પ્રકારના વિષયોથી

---

૧. જેનું ફલ અવશ્ય ભોગવવું પડે તેવું.

૨. બ્રહ્માની રાત્રિ રૂપ અથવા દિવસરૂપ કાળને કલ્પ કહેવામાં આવે છે. એક કલ્પમાં અસંખ્ય-વર્ષો થઇ જાય છે.

[1]સર્વથા વિરાગ પામેલા આપ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ યોગનો સ્વીકાર કરો છો ત્યારે પણ અત્યંત દુરંત વિપાકવાળા આ કામ-ભોગોથી સર્યું એમ વિચારતા આપને નાશ ન પામે તેવો વૈરાગ્ય હોય છે જ. (૫)

**વળી—**

**सुखे दुःखे भवे मोक्षे, यदौदासीन्यमीशिषे ।**
**तदा वैराग्यमेवेति, कुत्र नासि विरागवान् ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે વૈરાગ્યસાગર ! આપ, **यदा**-(દીક્ષા લીધા પછી) જ્યારે, **सुखे दुःखे**-સુખ-દુ:ખમાં અને, **भवे मोक्षे**-સંસાર-મોક્ષમાં, **औदासीन्यं**-મધ્યસ્થભાવ, **ईशिषे**-ધારણ કરો છો, **तदा**-ત્યારે, **वैराग्यं एव**-વૈરાગ્ય જ છે, **इति**-એ પ્રમાણે આપ, **कुत्र**-ક્યાં, **विरागवान्**-વિરાગી, **न असि**-નથી ? આપ જન્મથી આરંભી દરેક અવસ્થામાં વિરાગી છો.

દીક્ષા લીધા પછી ક્ષણે ક્ષણે વિશુદ્ધ બનતા અધ્યવસાયવાળા આપ યોગ સમૃદ્ધિ રૂપ કાર્ય ફલ આપવા માટે તત્પર થયે છતે સુખ-દુ:ખમાં અને સંસાર-મોક્ષમાં મધ્યસ્થ ભાવ ધારણ કરો છો=તેવા પ્રકારના વીતરાગતા રૂપ સ્વભાવથી જ સમાન મનવાળા બનો છો ત્યારે આપને વ્યક્ત જ વૈરાગ્ય છે. આ પ્રમાણે આપ કઇ અવસ્થામાં વિરાગી નથી ? બધી જ અવસ્થામાં વિરાગી જ છો. (૬)

**કદાચ કોઇ એમ કહે કે બીજાઓએ સ્વીકારેલા દેવોમાં પણ વૈરાગ્ય છે જ, તો વીતરાગનું શું અધિક છે ? એના ઉત્તરમાં સ્તુતિકાર કહે છે—**

**दुःखगर्भे मोहगर्भे, वैराग्ये निष्ठिताः परे ।**
**ज्ञानगर्भं तु वैराग्यं, त्वय्येकायनतां गतम् ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **परे**-પરતીર્થિકો, **दुःखगर्भे**-દુ:ખ ગર્ભિત કે, **मोहगर्भे**-મોહગર્ભિત,

---

૧. દીક્ષા પહેલાં અંતરથી વિરાગભાવ હતો, પણ બાહ્યથી ભોગસેવન હતું. દીક્ષામાં બાહ્યથી પણ ભોગસેવન નથી. માટે અહીં एकान्ततः= સર્વથા વિષયોથી વિરાગભાવ પામેલા એમ કહ્યું.

**वैराग्ये**-વૈરાગ્યમાં, **निष्ठिता:**-રહેલા છે, **ज्ञानगर्भं**-જ્ઞાનગર્ભિત, **वैराग्यं**-વૈરાગ્ય, **तु**-તો, **त्वयि**-આપનામાં, **एकायनतां**-એકીભાવને, **गतम्**-પામ્યું છે=આત્મસાત્ બન્યું છે.

[1]અસીમ વૈરાગ્યથી [2]શ્રેષ્ઠ હે ભગવન્ ! બીજાઓએ સ્વીકારેલા આપ્તોનું શરીર રાગ વગેરેનાં ચિહ્ન એવા સ્ત્રી, શસ્ત્ર, જપમાલા વગેરે પદાર્થોથી કલંકિત છે. આથી તેમનામાં વૈરાગ્યની સંભાવના જ નથી. હવે જો એ પ્રમાણે પણ એમનામાં વૈરાગ્યનો સ્વીકાર કરવામાં આવે તો આપનાથી બીજા દેવો વગેરે દુ:ખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં રહેલા છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તો આપનામાં=શ્રી વીતરાગ ભગવાનમાં એકીભાવને પામ્યું છે, પણ અન્ય દેવો વગેરેમાં નથી.

एकायनता=એક જ વીતરાગરૂપ આશ્રયે જાય છે=એક જ વીતરાગરૂપ આશ્રયનો સ્વીકાર કરે છે તે એકાયન. એકાયનનો ભાવ તે એકાયનતા.

ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ વગેરે દુ:ખનાં કારણો ઉપસ્થિત થતાં જે ક્ષણિક વૈરાગ્ય થાય તે **દુ:ખગર્ભિત** વૈરાગ્ય છે. કુતીર્થિકોએ રચેલા અધ્યાત્મ (શાસ્ત્ર)ના અંશના શ્રવણથી કેટલાકોને રાજ્યાદિનો ત્યાગ કરવાની ઇચ્છા થાય છે, અને કેટલાકોને યમ-નિયમ વગેરે કરવાની ઇચ્છા થાય છે, તે પણ અસર્વજ્ઞોએ રચેલા હોવાના કારણે મુક્તિનું કારણ ન હોવાથી **મોહગર્ભિત** વૈરાગ્ય છે=અજ્ઞાનતાથી યુક્ત પરિશ્રમવાળું જ વૈરાગ્ય છે. સત્ય વસ્તુતત્ત્વના ચિંતનથી ઉત્પન્ન થયેલું, અનિત્યાદિ શુભ ભાવનાઓથી વૃદ્ધિ પામેલ બળવાળું, સર્વ સંગના ત્યાગથી દ્વિગુણિત ઉત્સાહવાળું, ત્રણ ભુવનની લક્ષ્મી પ્રાપ્ત થવા છતાં ક્ષોભ ન પામે તેવું વૈરાગ્ય **જ્ઞાનગર્ભિત** છે. (૭)

**औदासीन्येऽपि सततं, विश्वविश्वोपकारिणे ।**
**नमो वैराग्यनिघ्नाय, तायिने परमात्मने ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

૧. निरवग्रह=અસીમ. ૨. परभाग=શ્રેષ્ઠ.

**औदासीन्ये अपि**-મધ્યસ્થભાવ હોવા છતાં, **सततं**-સદા, **विश्वविश्वोपकारिणे**-સમસ્ત જગત ઉપર ઉપકાર કરનાર, **वैराग्यनिघ्नाय**-વૈરાગ્યમાં તત્પર અને, **तायिने**-ભવભયથી દુ:ખી થયેલા જીવોનું રક્ષણ કરનાર, **परमात्मने**-પરમાત્માને, **नमः**-નમસ્કાર હો !

વીતરાગતાની સાથે રહેનારું માધ્યસ્થ્ય હોવા છતાં સતત સઘળાય વિશ્વ ઉપર ધર્મતીર્થના પ્રવર્તનથી ભાવ ઉપકાર કરનારા, જ્ઞાનગર્ભિત વૈરાગ્યની સાથે એકરસ થયેલા, એથી જ ભવભયથી દુ:ખી બનેલા જીવોનું રક્ષણ કરનારા, અને ચિદાનંદસ્વરૂપ પરમાત્મા એવા આપ ભગવાનને પ્રણામ થાઓ ! અન્યને પ્રણામ કરવાથી શું ? એવો અહીં ભાવ છે.

જે મધ્યસ્થ હોય તે ઉપકારી કેવી રીતે હોય તે વિષે પૂર્વે દશમા પ્રકાશના પાંચમા શ્લોકમાં કહ્યું જ છે. (૮)

# त्रयोदशप्रकाशः

**આ જગતમાં સુર-અસુર અને મનુષ્યસહિત સઘળાય જગતની પ્રવૃત્તિ પ્રાય: હેતુપૂર્વક જ હોય છે. હેતુપૂર્વક જ થતી પ્રવૃત્તિ જ ફલવાળી બને છે. હેતુથી રહિત પ્રવૃત્તિ અનિષ્ટ ફળવાળી કે નિષ્ફળ બને છે. જગતથી તદ્દન નિરાળા શ્રી અરિહંત ભગવાનની તો કેટલીક પ્રવૃત્તિ હેતુરહિત હોય છે, તો પણ સર્વ શ્રેષ્ઠ ફલવાળી બને છે. "હેતુ નિરાસસ્તવથી" આ જ વિષયનો પ્રારંભ કરતા સ્તુતિકાર કહે છે—**

**अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सलः ।**
**अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धवः ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે પ્રભુ ! **त्वं**-આપ, **अनाहूतसहायः**-બોલાવ્યા વિના સહાય દાતા છો, **त्वं**-આપ, **अकारणवत्सलः**-સ્વાર્થ વિના વાત્સલ્યભાવવાળા છો, **त्वं**-આપ, **अनभ्यर्थितसाधुः**-પ્રાર્થના વિના સાધુ છો=પરહિત કરનારા છો, **त्वं**-આપ, **असम्बन्धबान्धवः**-સંબંધ વિના બંધુ છો.

આ પ્રકાશમાં પ્રથમ શ્લોકમાં ભગવાનના બધાય વિશેષણો પ્રથમા વિભક્તિ એકવચનાંત છે, બીજા શ્લોકમાં બીજી વિભક્તિ એકવચનાંત છે, એમ યાવત્ સાતમા શ્લોકમાં સાતમી વિભક્તિ એકવચનાંત છે. તેમાં પહેલાં પ્રથમ વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—હે જગદીશ ! આ જગતમાં આપ જ આવા પ્રકારના છો, બીજો કોઇ નથી. ભગવાન કેવા છે તે સ્તુતિકાર કહે છે–આપ બોલાવ્યા વિના સહાય કરનારા છો. (જગતમાં દેખાય છે કે-) જેને જે કાર્યમાં જે સહાય કરે છે તે પ્રાય: તેનાથી (તમે મને આમાં મદદ કરો એમ) આદરપૂર્વક બોલાવાયેલો જ હોય છે. આપ તો મુક્તિમાર્ગમાં પ્રયાણ કરનારાઓને મુક્તિનો ઉપાય ત્રણ રત્ન બતાવવાથી બોલાવ્યા વિના જ સહાય કરનારા છો. તેથી ભગવાનની આ પ્રવૃત્તિ હેતુરહિત હોવા છતાં સર્વોત્તમ ફલવાળી છે. **"ભગવાનની આ પ્રવૃત્તિ હેતુ રહિત હોવા છતાં સર્વોત્તમ ફલવાળી છે"** એમ ભગવાનના બધાં વિશેષણોમાં જોડવું.

આપ આ જગત ઉપર કારણ વિના જ વાત્સલ્યભાવવાળા છો. કારણથી (=સ્વાર્થથી) તો વાઘ વગેરેને પણ પોતાના સંતાન આદિ પ્રત્યે વાત્સલ્યભાવ હોય જ છે. ભગવાન તો પરમ કરુણાવંત હોવાથી કારણ (=સ્વાર્થ) વિના પણ વાત્સલ્યભાવવાળા છે.

તથા જે જેને વેપાર આદિ માટે મૂડી આપે છે તે તેનું હિત કરે છે, અને તેમાં પણ તેને વિનયપૂર્વક પ્રાર્થના કરી હોય તો જ તે તેને આપે છે. ભવ્ય જીવોને મોક્ષરૂપ ઐશ્વર્યનું કારણ એવી જ્ઞાનાદિ મૂડીને પ્રાર્થના કર્યા વિના જ આપનારા આપ તો પ્રાર્થના વિના જ હિત કરનારા છો.

તથા જગતમાં પ્રાય: પિતા અને કાકા આદિના સંબંધી બંધુઓ હોય છે. આપ તો જગતના લોકોનું બંધુનું કાર્ય કરવાથી સંબંધી વિના જ બંધનરહિત બંધુ છો. (સંસારમાં સ્નેહાદિરૂપ બંધનથી બંધુ છે. ભગવાન સ્નેહાદિરૂપ બંધનથી રહિત બંધુ છે. માટે અહીં "બંધન રહિત બંધુ છો" એમ કહ્યું.) (૧)

**બીજી વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**अनक्तस्निग्धमनस-ममृजोज्ज्वलवाक्पथम् ।**
**अधौतामलशीलं त्वां, शरण्यं शरणं श्रये ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિભુ ! **अनक्तस्निग्धमनसं**-(મમતારૂપ સ્નેહથી) લેપાયા વિના સ્નિગ્ધ મનવાળા, **अमृजोज्ज्वलवाक्पथं**-પ્રમાર્જન કર્યા વિના ઉજ્જ્વળ વાણીવાળા, **अधौतामलशीलं**-પ્રક્ષાલન કર્યા વિના નિર્મળ શીલવાળા અને, **शरण्यं**-શરણ સ્વીકારવા યોગ્ય, **त्वां**-આપના, **शरणं**-શરણે, **श्रये**-રહું છું.

હે વિશ્વજનહિતકર ! લેપ વિના સ્નિગ્ધમનવાળા, પ્રમાર્જન કર્યા વિના ઉજ્જ્વળ વાણીવાળા અને પ્રક્ષાલન વિના નિર્મલ શીલવાળા આપના શરણે જાઉં છું. કારણ કે આપ શરણ સ્વીકારવા યોગ્ય છો.

તેલ વગેરે સ્નિગ્ધ વસ્તુના લેપથી સ્નિગ્ધતા થાય છે. આપ તો મમતા રૂપ સ્નિગ્ધ વસ્તુથી લેપ કર્યા વિના જ સ્નિગ્ધ મનવાળા છો. પ્રાય: સાફ કરેલી જ વસ્તુ ઉજ્જ્વળ હોય છે, આપ તો સાફ કર્યા વિના જ ઉજ્જ્વળ વાણીના સંચારવાળા છો. પ્રાય: ધોયેલી જ વસ્ત્રાદિ વસ્તુ નિર્મલ હોય છે. આપ તો પ્રક્ષાલન કર્યા વિના જ નિર્મલશીલવાળા છો.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—ભગવાનનું મન, વચન અને શીલ અનુક્રમે લેપ કર્યા વિના જ, સાફ કર્યા વિના જ અને પ્રક્ષાલન કર્યા વિના જ સ્નિગ્ધ, ઉજ્જ્વળ અને નિર્મલ હોય છે. આંતર શત્રુઓથી ત્રાસ પામેલો હું આવા પ્રકારના આપના શરણે જાઉં છું. કારણ કે આપ શરણ સ્વીકારવા યોગ્ય છો. (૨)

**ત્રીજીવિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**अचण्डवीरवृत्तिना, शमिना समवर्त्तिना ।**
**त्वया काममकुट्यन्त, कुटिलाः कर्मकण्टकाः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીરશિરોમણિ ! **अचण्डवीरवृत्तिना**-ઉદ્ધતાઇ વિના પરાક્રમવાળા, **शमिना**-શાંત, **समवर्त्तिना**-સમભાવવાળા, **त्वया**-આપે, **कुटिलाः**-વક્ર, **कर्मकण्टकाः**-કર્મરૂપ કંટકોને, **कामं**-અત્યંત (=ફરી સંબંધ ન થાય એ રીતે), **अकुट्यन्त**-કુટી નાખ્યા. અર્થાત્ ભગવાને ઉદ્ધતાઇ, ગુસ્સો અને અહંકાર કર્યા વિના જ પરાક્રમથી

કર્મોનો નાશ કર્યો.

હે વિશ્વમાં અસાધારણ વીર ! કોપરહિત પરાક્રમવાળા, શાંત અને સમભાવવાળા આપે કુટિલ (=વક્ર) કર્મરૂપ કંટકોને અત્યંત કુટી નાખ્યા.

જે પરાક્રમી હોય તે કોપરહિત કેવી રીતે હોય ? આપ તો કોપ કર્યા વિના પણ નિર્દંભ પરાક્રમી છો.

**શાંત**=પ્રશમરૂપ અમૃતથી સિંચાયેલ પવિત્ર ચિત્તવાળા.

**સમભાવવાળા**=તૃણ-મણિ અને માટીનાં ઢેફાં-સુવર્ણ (વગેરે હલકી-કિંમતી વસ્તુ) પ્રત્યે સમાનભાવ રાખનારા.

જે કોપરહિત, શાંત અને સમદૃષ્ટિ હોય તે કોઇને પણ કેવી રીતે કુટે ? આપે તો કોપરહિત, શાંત અને સમદૃષ્ટિવાળા થઇને જ્ઞાનાવરણીય વગેરે કર્મ રૂપ કંટકોને અત્યંત કુટી નાખ્યા=પોતાના આત્મપ્રદેશોથી અલગ કરી નાખ્યા.

**અત્યંત**=ફરી સંબંધ ન થાય તે રીતે. કુટીલ શબ્દના અહીં વક્ર અને કામદેવ એમ બે અર્થ છે. કાંટાના પક્ષમાં કુટિલ એટલે વક્ર. કર્મના પક્ષમાં કુટિલ એટલે કામદેવ. કર્મો કામવાસનાને ઉત્પન્ન કરતા હોવાથી કુટિલ છે. સરળ પણ કાંટાઓ કાઢવા મુશ્કેલ છે તો વક્ર કાંટાઓ કાઢવા મુશ્કેલ હોય તેમાં શું કહેવું ? આથી વિશ્વવીર એવા સ્વામીએ કર્મ કંટકોને કુટી નાખ્યા એ સ્થાને છે, અસ્થાને નથી, અર્થાત્ યોગ્ય કર્યું છે. (૩)

**ચોથી વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**अभवाय महेशायागदाय नरकच्छिदे ।**
**अराजसाय ब्रह्मणे, कस्मैचिद्भवते नमः ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે મહેશ ! **अभवाय**-ભવરહિત, **महेशाय**-મહાન ઇશ્વર, **अगदाय**-રોગ રહિત, **नरकच्छिदे**-ભવ્ય જીવોની નરક ગતિને છેદનાર, **अराजसाय**-કર્મરૂપ રજથી રહિત, **ब्रह्मणे**-જ્ઞાનસ્વરૂપ અને, **कस्मैचिद्**-અનિર્વચનીય સ્વરૂપવાળા, **भबते**-આપને, **नमः**-નમસ્કાર હો.

ભગવાન ભવરહિત મહેશ, અગદ નરકગતિને છેદનારા અને અરાજસ બ્રહ્મા છે. ભવરહિત મહેશ વગેરે છ એ પદો પરસ્પર વિરુદ્ધ છે. તે આ પ્રમાણે— અહીં વીતરાગ ભગવાનને શિવ, વિષ્ણુ અને બ્રહ્મા કહેવામાં આવ્યા છે. મહેશ એટલે શિવ, શિવ અને ભવરહિત એ બંને પરસ્પર વિરુદ્ધ છે. કારણ કે શિવને ભવ (=અવતાર લેનાર) કહેવામાં આવે છે, અર્થાત્ ભવ શબ્દ શિવપર્યાયવાચી શબ્દ છે. આથી ભવ એટલે જ શિવ. પણ ભગવાન તો ભવમાં=સંસારમાં અવતાર લેવાના કારણભૂત કર્મોનો અત્યંત ક્ષય થયો હોવાથી ભવરહિત છે, અર્થાત્ ભગવાન ભવરહિત મહેશ છે. ભગવાનના પક્ષમાં મહેશ એટલે મોટા ઇશ્વર. ભગવાન અષ્ટ પ્રાતિહાર્ય વગેરે પરમવિભૂતિરૂપ પરમૈશ્વર્યથી યુક્ત હોવાથી મહાન ઇશ્વર છે.

નરકગતિને છેદનાર એટલે વિષ્ણુ. અગદ એટલે ગદાથી રહિત. અગદ અને વિષ્ણુ એ બંને પરસ્પર વિરુદ્ધ છે. કારણ કે વિષ્ણુ ગદાથી સહિત છે. ભગવાનના પક્ષમાં અગદ એટલે રોગથી રહિત. ભગવાન તો સહજ અતિશયના પ્રભાવથી જ જન્મથી રોગરહિત હોય છે. તથા ધર્મતીર્થને પ્રવર્તાવવાથી ભવ્ય જીવોની નરકગતિને છેદનારા છે.

અરાજસ એટલે રજોગુણથી રહિત. અરાજસ અને બ્રહ્મા એ બંને પરસ્પર વિરુદ્ધ છે. જે બ્રહ્મા હોય તે અરાજસ કેવી રીતે હોય ? કારણ કે રજોગુણથી યુક્ત જ બ્રહ્મા સૃષ્ટિનું=વિશ્વનું નિર્માણ કરે છે. ભગવાન તો કર્મરૂપ રજ દૂર થવાથી અરાજસ છે, અને પરમ બ્રહ્મમાં (=ઇશ્વરમાં) લય પામ્યા હોવાથી બ્રહ્મા છે. અર્થાત્ પરમ બ્રહ્મ (=ઇશ્વર) સ્વરૂપ બની ગયા હોવાથી બ્રહ્મ છે.

શિવ, વિષ્ણુ અને બ્રહ્માથી ભિન્ન અને એથી જ છદ્મસ્થ જીવો જેના સ્વરૂપને ન જાણી શકે તેવા ભગવાન પરમાત્માને નમસ્કાર હો ! (૪)

**પાંચમી વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**अनुक्षितफलोदग्रा-दनिपातगरीयसः ।**
**असङ्कल्पितकल्पद्रोस्त्वत्तः फलमवाप्नुयाम् ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વરકલ્પવૃક્ષ ! **अनुक्षितफलोदग्रात्**-સિંચન વિના ફૂલોથી પરિપૂર્ણ, **अनिपातगरीयस**:-પતન વિના ગુરુ અને, **असङ्कल्पितकल्पद्रो**:-અચિંતિત વાંછિતોને પૂરનાર કલ્પવૃક્ષ, **त्वत्त**:-આપનાથી, **फलं**-અમૃતફળ = મોક્ષ ફળ, **अवाप्नुयाम्**-હું પામું.

હે પ્રેમાળ કલ્પવૃક્ષ ! સર્વ વૃક્ષોના ગુણ-ધર્મથી વિલક્ષણ કલ્પવૃક્ષ એવા આપનાથી ફલને પામું. વૃક્ષના ગુણ-ધર્મથી વિલક્ષણતાને (=ભેદને) કહે છે—વૃક્ષો નિરંતર પાણીનું સિંચન કરવાથી કાળે માત્ર ફળ આપે છે. આપ તો સિંચન વિના આ લોક અને પરલોકના સુખરૂપ ફળોથી પરિપૂર્ણ છો. તથા વૃક્ષો પડવાથી ગુરુ=અધિક ભારવાળા થાય છે, આપ તો પતન વિના જ=સ્વ સ્વરૂપમાં રહેલા જ મહાન ગૌરવને યોગ્ય હોવાથી ગુરુ છો. તથા કલ્પવૃક્ષો મને અમુક વસ્તુ પ્રાપ્ત થાઓ એમ સંકલ્પ કરવામાં આવે તો ફળ આપે છે. આપ તો સંકલ્પ વિના જ ફળ આપો છો. કારણ કે સ્વામીની નિદાનરહિત સેવા વિશષ રૂપે ફળની માળાને ધારણ કરનારી બને છે. આવા પ્રકારના આપનાથી હું જલદી અમૃત=મોક્ષ ફળને પામું. (૫)

**છટ્ઠી વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**असङ्गस्य जनेशस्य, निर्ममस्य कृपात्मनः ।**
**मध्यस्थस्य जगत्त्रातु-रनङ्कस्तेऽस्मि किङ्करः ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે જિનેશ્વર ! **असङ्गस्य जनेशस्य**-સંગરહિત હોવા છતાં સર્વ લોકોના સ્વામી, **निर्ममस्य कृपात्मन**:-મમત્વભાવ રહિત હોવા છતાં કૃપાળુ, **मध्यस्थस्य जगत्त्रातु**:-રાગ-દ્વેષ રહિત હોવા છતાં જગતનું રક્ષણ કરનાર, **ते**-આપનો, **अनङ्क**:-કદાગ્રહરૂપી કલંકથી રહિત, **किङ्कर**:-સેવક, **अस्मि**-છું.

આ શ્લોકના આઠે ય પદો જાણે પરસ્પર વિરુદ્ધ હોય તેવા છે. તે આ પ્રમાણે— (૧) આપ સંગરહિત હોવા છતાં સર્વ લોકોના સ્વામી છો. જે સંગરહિત હોય તે લોકોનો સ્વામી કેવી રીતે હોય ? ભગવાને સર્વસંગનો ત્યાગ કર્યો હોવાથી

સંગરહિત છે, અને ઇચ્છારહિત હોવા છતાં અષ્ટ પ્રાતિહાર્ય વગેરે પરમવિભૂતિના પ્રભાવથી ત્રણ ભુવનના લોકોથી સેવા કરવાને યોગ્ય છે. તથા (૨) આપ મમત્વ રહિત હોવા છતાં કૃપાળુ છો. જે મમતા રહિત હોય તે *કૃપાળુ કેવી રીતે હોય ?* જગદ્ગુરુ ભગવાન તો વીતરાગતાનો સ્વભાવ હોવાથી જ મમતા રહિત છે, અને દુષ્કર્મોથી દુ:ખી કરાતા ત્રણ ભુવનના લોકો ઉપર કૃપાળુ છે. તથા (૩) આપ રાગ-દ્વેષથી રહિત હોવા છતાં જગતનું રક્ષણ કરો છો. જે ઉદાસીન હોય તે જગતનું રક્ષણ કરનારા કેવી રીતે હોય ? સ્વામી તો રાગ-દ્વેષથી રહિત હોવાથી મધ્યસ્થ હોવા છતાં એકાંતે હિતકર ધર્મનો ઉપદેશ આપવાથી આંતર શત્રુઓથી ત્રાસ પામેલા જગતનું રક્ષણ કરનારા છે. (૪) આવા આપનો હું અંકરહિત કિંકર (=સેવક) છું. જે કિંકર હોય તે અંકરહિત કેવી રીતે હોય ? (પૂર્વે સેવકને ઓળખવા માટે સેવકના શરીરમાં અંક (=ચિહ્ન) કરતા હતા. આથી અહીં કહ્યું કે જે કિંકર હોય તે અંકરહિત કેવી રીતે હોય ?) દ્વિપદ વગેરે પરિગ્રહથી રહિત જગદ્ગુરુ તો અંક (=શરીરમાં ચિહ્ન) કરીને કોઇનેય સ્વીકારતા નથી. કેવલ હું સ્વામીનો સેવક હોવાથી જ અંકરહિત છું=કદાગ્રહ રૂપ કલંકથી રહિત છું. (૬)

**હવે સપ્તમી વિભક્તિ એકવચનાંત વિશેષણોને કહે છે—**

**अगोपिते रत्ननिधाववृते कल्पपादपे ।**
**अचिन्त्ये चिन्तारत्ने च, त्वय्यात्माऽयं मयार्पितः ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**अगोपिते रत्ननिधौ**-પ્રકટ રત્નનિધાન, **अवृते कल्पपादपे**-વાડ રહિત કલ્પવૃક્ષ, **च**-અને, **अचिन्त्ये चिन्तारत्ने**-અચિંતિત વાંછિત આપનાર ચિંતામણિ રત્ન, **त्वयि**-આપને, **मया**-મેં, **अयं**-આ, **आत्मा**-આત્મા, **अर्पितः**-સમર્પિત કરી દીધો છે.

આ શ્લોકના પદો પણ વિરોધની છાયાવાળા છે. તે આ પ્રમાણે—(૧) આપ પ્રગટ રત્નનિધાન છો. જે રત્નનિધિ હોય તે પ્રગટ કેવી રીતે હોય ? ભગવાન તો જ્ઞાનાદિ રત્નોના નાશ ન પામે તેવા ભંડાર છે, અને ત્રણ ભુવનના લોકોમાં પ્રગટ=પ્રસિદ્ધ છે. (૨) તથા આપ વાડ રહિત કલ્પવૃક્ષ છો. સામાન્યપણે વૃક્ષ ફલ-પુષ્પોથી પરિપૂર્ણ હોય તો કાંટા આદિની વાડથી વીંટવામાં આવે છે.

તો પછી કલ્પવૃક્ષને વાડ કેમ ન હોય ? પણ સ્વામી તો સકલ સ્નેહી લોકોના માનસિક સંકલ્પને પૂરનાર વૃક્ષ હોવા છતાં કર્મરૂપ વાડથી વીંટળાયેલા નથી. [1]તથા (૩) આપ અચિંત્ય (=અચિંતિત વાંછિત આપનાર) ચિંતામણી રત્ન છો. જે ચિંતામણી રત્ન હોય તે ચિંતવેલું જ ફલ આપે છે. તેથી અચિંત્ય કેવી રીતે હોય ? જગદ્ગુરુ તો સર્વ અચિંતિત વસ્તુ આપનાર ચિંતામણી હોવા છતાં અગણિત પ્રભાવવાળા હોવાથી મન-વચન-કાયાના વિષય નથી. આથી અચિંત્ય છે. અથવા ચિંતારહિત મોક્ષફલ આપનારા હોવાથી અચિંત્ય છે. વિશ્વના લોકોનું હિત કરનારા આવા આપને મેં આ આત્મા સંપૂર્ણપણે સમર્પિત કરી દીધો છે. (૭)

**આ પ્રમાણે આત્માને સ્વામીને આધીન કરીને કંઇક ઉચિત પ્રાર્થના કરતા સ્તુતિકાર કહે છે—**

**फलानुध्यानवन्ध्योऽहं, फलमात्रतनुर्भवान् ।**
**प्रसीद यत्कृत्यविधौ, किङ्कर्त्तव्यजडे मयि ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **भवान्**-આપ, **फलमात्रतनुः**-સિદ્ધત્વમાત્ર કાય (=સિદ્ધત્વ) સ્વરૂપ છો, **अहं**-હું, **फलानुध्यानवन्ध्यः**-સિદ્ધત્વના ધ્યાનમાં અશક્ત છું. સિદ્ધત્વ સ્વરૂપ આપને મેં ક્યારે જોયા ન હોવાથી આપનું ધ્યાન કરવા અસમર્થ છું. આથી, **किङ्कर्त्तव्यजडे**-મારે શું કરવું એ વિષયમાં મૂઢ, **मयि**-મારા ઉપર, **यत्कृत्यविधौ**-મારે જે કરવું જોઇએ તે વિષયમાં, **प्रसीद**-પ્રસન્ન બનો.

હે વિશ્વશરણ્ય ! આપ ફલમાત્રકાય છો (=સિદ્ધત્વ સ્વરૂપ છો). સંગનો ત્યાગ, દુષ્કર તપનું આચરણ, કર્મનો વિનાશ, કેવલજ્ઞાનની ઉત્પત્તિ, તીર્થપ્રવર્તન વગેરેનું ફલ સિદ્ધત્વ જ છે. હમણાં આપ ફલમાત્રકાય છો, એટલે કે કેવલજ્ઞાન-કેવલદર્શન-આનંદ-વીર્યસ્વરૂપ છો, અર્થાત્ સિદ્ધત્વ સ્વરૂપ છો. સિદ્ધત્વરૂપ આપનું ધ્યાન કરવામાં મારો પ્રયત્ન નિષ્ફળ બને છે. કારણ કે જે વસ્તુ જોયેલી કે સાંભળેલી હોય તેનું જ ધ્યાન થઇ શકે. આપ તો મોક્ષ પદે રહેલા પરમાત્મ સ્વરૂપ

---

૧. અથવા अवृत એટલે अप्रार्थित. ભગવાન પ્રાર્થના વિના પણ સ્નેહી લોકો માટે કલ્પવૃક્ષનું કાર્ય કરનારા છે.

છો. એથી આપ સર્વથા જ દર્શનાદિનો વિષય બનતા નથી. આપનું દર્શન વગેરે કાંઇ થઇ શકતુ નથી. આથી "મારે શું કરવું જોઇએ" એ વિષયમાં [1]મૂઢ એવા મારા ઉપર મારે જે કરવું જોઇએ તે વિષયમાં પ્રસન્ન બનો.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—બીજા કાર્યો છોડીને મારું મન આપના ધ્યાનમાં લીન બન્યું છે. આપ ફલમાત્રકાય છો, અને ફલ સિદ્ધત્વ છે. સિદ્ધત્વ માનસિક ધ્યાનનો વિષય નથી. આથી આપ કોઇ પણ રીતે તે રીતે પ્રસન્ન બનો, જેથી ફલમાત્રકાયાવાળા (=સિદ્ધત્વ સ્વરૂપ) આપને હું જોઉં. તે (=સિદ્ધત્વ સ્વરૂપ દર્શન) તો કેવળીને જ સુલભ છે. કેવલજ્ઞાન કર્મક્ષયને આધીન છે. તેથી આપ તે પ્રમાણે અનુગ્રહવાળા બનો કે જેથી હું સકલ કર્મજાળને આપની જેમ રમતથી ઉખેડી નાખું. (૮)

# चतुर्दशप्रकाशः

**હવે જેના કારણે અરિહંતોની આ પ્રસિદ્ધિ છે તે જ યોગની યોગશુદ્ધિ સ્તવથી પ્રશંસા કરે છે—**

**मनोवचःकायचेष्टाः, कष्टाः संहृत्य सर्वथा ।**
**श्लथत्वेनैव भवता, मनःशल्यं वियोजितम् ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે યોગીનાથ ! **कष्टाः**-સાવદ્ય, **मनोवचःकायचेष्टाः**-મન-વચન-કાયાની પ્રવૃત્તિને, **सर्वथा**-સર્વ પ્રકારે, **संहृत्य**-રોકીને, **भवता**-આપે, **श्लथत्वेन**-મનને ઢીલું મૂકવા વડે જ, **मनःशल्यं**-મન રૂપ શલ્ય, **वियोजितम्**-દૂર કર્યું. અર્થાત્ ભગવાને દબાણ કર્યા વિના સમજાવીને મન ઉપર વિજય મેળવ્યો.

યોગરહસ્યોના ઉપાયમાં પ્રવીણ હે ભગવન્ ! આપે મન-વચન-કાયાની કષ્ટ (=સાવદ્ય) પ્રવૃત્તિને સર્વ પ્રકારે રોકીને અને મનને ઢીલું મૂકીને જ મન રૂપ શલ્યને દૂર કર્યું. કારણ કે નિયંત્રણ કરાયેલું મન વિપરીત શિક્ષાને પામેલા અશ્વની

૧. अप्राप्तोपाये એ પદનો શબ્દાર્થ લખવામાં વાક્ય ક્લિષ્ટ બને. આથી અનુવાદમાં મૂઢ એવો ભાવાર્થ લખ્યો છે.

જેમ અતિશય દોડે છે. ઢીલું મૂકાયેલું મન તો જાતે જ સ્થિર થાય છે, અને ક્રમે કરીને કાષ્ઠ રહિત અગ્નિની જેમ વિષય રહિત બનેલું મન જાતે જ વિલીન થાય છે. આ વિષે (ધ્યાનશતકમાં) ભગવાનશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે— **"જેવી રીતે ક્રમશઃ કાષ્ઠસમૂહ દૂર થવાથી અગ્નિ ઓલવાતો આવે છે, અને ઇંધણ થોડા રહે છે ત્યારે અગ્નિ પણ થોડો રહે છે, તે થોડું પણ ઇંધણ ખસેડી લેતાં અગ્નિ શાંત થઇ જાય છે. (૭૩) એવી રીતે વિષય રૂપી ઇંધણ ક્રમશઃ ઓછું થતું આવતાં થોડું રહે ત્યારે મનરૂપી અગ્નિ સંકોચાઇ જાય છે, અને થોડા પણ વિષય રૂપ ઇંધણ ખસેડી લેતાં મન તદ્દન શાંત થઇ જાય છે. (૭૪) જેવી રીતે (કાચી)માટીની ઘડીમાં અથવા તપેલા લોઢાના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ ઓછું થતું આવે છે, તે પ્રમાણે (અપ્રમત્ત) યોગીનું મનરૂપી જળ જાણ." (૭૫)**

સર્વથા મનોનિરોધ વ્યુપરતક્રિયાધ્યાનવાળા કેવલીને શૈલેશી સમયે જ થાય છે. આ પ્રમાણે આપે મનરૂપી શલ્યને આત્માથી જુદું કર્યું, અર્થાત્ નિરુપયોગી હોવાથી હોવા છતાં ન હોવા જેવું કર્યું. કોઇને એમ વિચાર આવે કે ભગવાને મનને કોઇક આલંબનમાં જોડીને જુદું કર્યું હશે. આથી અહીં કહ્યું કે—મનને ઢીલું મૂકીને જુદું કર્યું.

બીજો પણ જે શરીરમાંથી બાણ વગેરે શલ્યને દૂર કરાવે છે, તે બાહ્યપ્રવૃત્તિને રોકીને શરીરને ઢીલું મૂકે છે. તેવી સ્થિતિમાં રહેલા તેનું શલ્ય ચીપીયો વગેરેના પ્રયોગથી સહેલાઇથી દૂર કરી શકાય છે.

કષ્ટનો હેતુ હોવાથી અહીં પ્રવૃત્તિને કષ્ટ કહી છે. સાવદ્ય પ્રવૃત્તિ કષ્ટનો હેતુ હોવાથી કષ્ટપ્રવૃત્તિ એટલે સાવદ્ય પ્રવૃત્તિ. (૧)

**આ પ્રમાણે મનના જયને કહીને ઇંદ્રિય જયને કહે છે—**

**संयतानि न चाक्षाणि, नैवोच्छृङ्खलितानि च ।**
**इति सम्यक्प्रतिपदा, त्वयेन्द्रियजयः कृतः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે યોગીશ ! આપે, **अक्षाणि**-ઇંદ્રિયોને, **न संयतानि**-બળાત્કારે નિયંત્રિત ન કરી, **च**-અને, **नैवोच्छृङ्खलितानि**-ઉચ્છૃંખલ પણ ન જ બનાવી, **इति**-આ પ્રમાણે, **त्वया**-આપે, **सम्यक्प्रतिपदा**-સુંદર બુદ્ધિથી, **इन्द्रियजयः**-ઇંદ્રિયજય, **कृतः**-કર્યો.

હે ભગવન્ ! આપે પોતપોતાના વિષયમાં પ્રવર્તતી સ્પર્શન વગેરે ઇંદ્રિયોને બલાત્કારે નિયંત્રિત ન કરી, ઇંદ્રિયો સ્વયમેવ વિષયોથી હઠી ગઇ. આપે ઇંદ્રિયોને ચાહીને ઉચ્છૃંખલ પણ ન બનાવી.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**— જો વિષયોથી વિમુખ બનેલી જ ઇંદ્રિયોનું બલાત્કારે નિયંત્રણ કરવામાં આવે તો વિષયોનું સ્વરૂપ ન જોવાથી કૌતુકવાળી અને સ્પૃહાવાળી બનેલી ઇંદ્રિયો નિયંત્રણને સ્વીકારતી જ નથી. જો કેટલોક કાળ પ્રતિબંધ વિના વિષયોમાં પ્રવર્તાવવામાં આવે તો વિષયોનું સ્વરૂપ જાણી લેવાથી કૌતુક નિવૃત્ત થાય છે, અને કૃતકૃત્ય બનેલી ઇંદ્રિયો સ્વયમેવ વિષયોથી નિવૃત્ત થાય છે, અને ફરી વિકારને પામતી નથી. સંભળાય છે કે-"જેણે એક વર્ષ જોયું (=અનુભવ્યું) છે અને એકવાર કામનું સેવન કરી લીધું છે, તેણે આ વિશ્વ જોઇ લીધું છે, એટલે કે આખા વિશ્વનો અનુભવ કરી લીધો છે. તેથી હવે તેને આખું જગત પુનરાવર્તન છે." (કારણ કે વર્ષના દિવસો ફરી વાર તેના તે જ આવવાના છે, અને કામનું સેવન ફરી તેનું તે જ થવાનું છે. અહીં કહેવાનો આશય એમ છે કે જાણે અપૂર્વની પ્રાપ્તિ થઇ હોય તેમ કામસેવનમાં ઉત્કંઠા, લાલસા આદિ દોષો તેને રહેશે નહિ.

ઇંદ્રિયજયનો આ પ્રકાર જેમનાં થોડાં જ કર્મો બાકી રહેલાં છે તેવા ચરમ શરીરી જીવો માટે જ છે. ભારેકર્મી જીવોએ તો ઇંદ્રિયોના વિકારને દૂર કરવા માટે આદર પૂર્વક દમનના ઉપાયો કરવા જ જોઇએ.

આ પ્રમાણે સત્ય [1]બુદ્ધિથી ઇંદ્રિયજયના યથાર્થ ઉપાયને જાણનારા આપે ઇંદ્રિયોને વશ કરી. (૨)

**આ પ્રમાણે મન-ઇંદ્રિયવિજય કર્યા પછી અષ્ટાંગયોગમાં પ્રવૃત્તિ કરવી જોઇએ એ પણ માત્ર વ્યવહાર જ છે એમ બતાવતા સ્તુતિકાર કહે છે—**

૧. प्रतिपद्=બુદ્ધિ

**योगस्याष्टाङ्गता नूनं, प्रपञ्चः कथमन्यथा ?**
**आबालभावतोऽप्येष, तव सात्म्यमुपेयिवान् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે યોગેશ ! **योगस्य**-યોગના, **अष्टाङ्गता**-આઠ ભેદો, **प्रपञ्चः नूनं**-પ્રપંચ જેવા લાગે છે, **अन्यथा**-જો તેમ ન હોય તો, **तव**-આપને, **एषः**-આ યોગ, **आबालभावतः**-બાલ્યાવસ્થાથી જ (=જન્મથી જ), **कथं**-શી રીતે, **सात्म्यं उपेयिवान्**-આત્મસાત્ બની ગયો ?

યોગસાગરના પારને પામનારા હે ભગવન્ ! યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એમ યોગનાં આઠ અંગો યોગશાસ્ત્ર વગેરેમાં જે સંભળાય છે, તે પણ સૂક્ષ્મ રીતે જોવામાં આવે તો પ્રપંચ (=પ્રક્રિયાના ગૌરવ) જેવા જણાય છે. કારણ કે જો તેમ ન હોય તો આપને આ યોગ બાલ્યાવસ્થાથી જ શી રીતે [1]સર્વોત્કૃષ્ટ અવસ્થાને પામ્યો ?

**અહીં આશય આ છે**—ત્રણ જ્ઞાનને ધારણ કરનારા ભગવાનનું માતાના ગર્ભમાં આગમન થયું ત્યારથી યોગ ભગવાનની સાથે જ રહેલો હોય છે. યોગનાં જે આઠ અંગો છે તે સામાન્ય યોગીજનોની અપેક્ષાએ છે. જગતનાથ તો યોગીઓના નાથ છે. તેથી તેમને યોગની સર્વોત્કૃષ્ટ અવસ્થા હોય છે. આથી કંઇ પણ અસંગત નથી. (૩)

**આપનો યોગપ્રાપ્તિનો ક્રમ જ અલૌકિક છે એવું નથી, કિંતુ આ પણ અલૌકિક છે એમ કહે છે—**

**विषयेषु विरागस्ते, चिरं सहचरेष्वपि ।**
**योगे सात्म्यमदृष्टेऽपि, स्वामिन्निदमलौकिकम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવેશ ! **ते**-આપને, **चिरं**-અનંતકાલ સુધી, **सहचरेषु**-પરિચિત **अपि**-પણ, **विषयेषु**-વિષયોમાં, **विरागः**-વૈરાગ્યભાવ છે, અને, **अदृष्टे**-નહિ જોયેલા **अपि**-પણ, **योगे**-યોગમાં, **सात्म्यं**-એકીભાવ છે. અર્થાત્ પરિચિત ઉપર

૧. શૈલેશી=યોગીની સર્વોત્કૃષ્ટ અવસ્થા.

તિરસ્કાર=ઉપેક્ષાભાવ છે અને અપરિચિત ઉપર મૈત્રીભાવ છે. આથી, **स्वामिन्**-હે સ્વામી !, **इदं**-આપનું આ ચરિત્ર, **अलौकिकम्**-સામાન્ય લોકોથી ન જાણી શકાય તેવું છે.

હે સ્વામી ! આપે અનાદિ ભવવાસથી પ્રારંભી દરેક ભવમાં વિષયો ઉપર લાડ (=પ્રેમ) કર્યો છે. આમ છતાં પ્રાપ્ત થયેલા પણ શબ્દાદિ ઉત્તમ વિષયોમાં આપને સ્વભાવથી જ વૈરાગ્ય છે. કારણ કે વિષયો ભવનું કારણ છે. યોગનો પૂર્વે પરિચય થયો નથી, અચાનક યોગ થયો છે. આમ છતાં આપને યોગમાં એકીભાવ છે. કારણકે યોગ જ મોક્ષનું કારણ છે. આ પ્રમાણે આ પણ આપનું અલૌકિક છે. (૪)

**તથા કેવલજ્ઞાનની ઉત્પત્તિ પછી યોગફલ પરિપક્વ બની ગયું હોય છે. આથી તે અવસ્થામાં ભગવાનને શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવ હોય એ સમુચિત જ છે, પણ જેમના યોગફલનો પરિપાક હજી થઇ રહ્યો છે તેવા છદ્મસ્થ ભગવાનની પણ સમતા લોકોત્તર જ છે એમ બતાવતા સ્તુતિકાર કહે છે—**

**तथा परे न रज्यन्त, उपकारपरे परे ।**
**यथाऽपकारिणि भवानहो ! सर्वमलौकिकम् ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **परे**-પરતીર્થિકો, **उपकारपरे**-ઉપકાર કરવામાં તત્પર એવા, **परे**-અન્ય સેવક વગેરે ઉપર પણ, **तथा न रज्यन्ते**-તેવો પ્રેમ રાખતા નથી, **यथा**-જેવો પ્રેમ, **भवान्**-આપ, **अपकारिणि**-અપકાર કરનાર (કમઠ, ગોશાળો વગેરે) ઉપર રાખો છો, **अहो**-અહો !, **सर्वं**-આપનું સઘળું ચરિત્ર, **अलौकिकम्**-અલૌકિક છે.

લોકોત્તર ચારિત્રથી ચમકેલા હે ભગવન્ ! યોગતાત્પર્યના વિરામથી રહિત (=યોગતાત્પર્યને નહિ પામેલા) કુતીર્થિકો અધિક અધિક ઉપકાર કરવાની સ્પૃહાથી જેમણે (કુતીર્થિકો ઉપર) ઉપકાર કર્યો છે તેવા બીજાઓ ઉપર તેવો પ્રેમ રાખતા નથી, જેવો પ્રેમ આપ દુ:ખપ્રદ ઉપસર્ગ કરનારા અપકારી ઉપર રાખો છો. અહો ! કર્મક્ષય માટે પ્રવૃત્ત થયેલા મને આ બોલાવ્યા વિના જ સહાય કરનારો થયો એમ વિચારીને આપ અપકાર કરનારા ઉપર પણ પ્રીતિ રાખો છો. અહો ! આ પ્રમાણે આપનું જે જે ચરિત્ર યાદ કરવામાં આવે છે તે તે બધું લોકોત્તર જ છે. (૫)

ફરી ભગવાનની યોગસમૃદ્ધિથી થયેલી સમતાનો ઉત્કર્ષ કરતા સ્તુતિકાર કહે છે—

**हिंसका अप्युपकृता, आश्रिता अप्युपेक्षिताः ।**

**इदं चित्रं चरित्रं ते, के वा पर्यनुयुञ्जताम् ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે અલૌકિક ચરિત્ર ! આપે, **हिंसका अपि**-ચંડકૌશિક વગેરે હિંસકો ઉપર પણ, **उपकृताः**-ઉપકાર કર્યો, અને, **आश्रिताः**-પાસે રહેનારા સર્વાનુભૂતિ, સુનક્ષત્ર વગેરે આશ્રિતોની, **अपि**-પણ, **उपेक्षिताः**-ઉપેક્ષા કરી=આપત્તિથી રક્ષા ન કરી, **ते**-આપના, **चित्रं**-આશ્ચર્યકારી, **इदं**-આ, **चरित्रं**-ચરિત્રને, **के**-કોણ, **पर्यनुयुञ्जताम्**-પૂછે ? આપ આ પ્રમાણે કેમ કરો છો એમ કોઇ પૂછે નહિ.

હે સ્વામી ! પરમકારુણિક આપે દુર્ધર ક્રોધથી આપને મારી નાખવાની બુદ્ધિવાળા થયેલા હિંસક જીવો ઉપર પણ ઉપકાર કર્યો=એમને સમતાના માર્ગે દોર્યા. જેમકે ભગવાન શ્રી મહાવીર સ્વામીએ શૂલપાણિયક્ષ અને ચંડકૌશિક સર્પ વગેરેને શાંત કર્યા. તથા [1]પ્રત્યક્ષ વિશુદ્ધ ભક્તિ કરનારા અને સતત ચરણ કમલની સેવા કરવાની ઉત્કંઠાવાળા આશ્રિતોની પણ આપે ઉપેક્ષા કરી, અર્થાત્ જેવી રીતે અપરિચિત માણસ ઉદાસીનતાથી જુએ, તેમ આપે આવા આશ્રિતોને ઉદાસીનતાથી જોયા. જેમકે શ્રી મહાવીર સ્વામીએ મંખલી પુત્રે (=ગોશાળાએ) મૂકેલી પ્રલયકાળના અગ્નિ સમાન તેજો લેશ્યાથી જેમનું શરીર અત્યંત બળી રહ્યું છે તેવા સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર એ બે મુનિઓની ઉપેક્ષા કરી. (=આપત્તિથી રક્ષણ ન કર્યું.) આવા પ્રકારના આપના આશ્ચર્ય કરનારા અને અલૌકિક આ ચરિત્રને બુદ્ધિશાળીઓ પણ કોણ પૂછે ? અર્થાત્ સ્વામી આ પ્રમાણે કેમ કરે છે એમ પૂછવા માટે કોણ ઉત્સાહિત થાય ? આપની વીતરાગતાની સાથે રહેનારી સમતા અદ્ભુત છે. (૬)

---

૧. निर्निक्त=વિશુદ્ધ, व्यक्ति=સ્પષ્ટ કે પ્રત્યક્ષ, जुष् સેવનારા.

**આપની કેવલ નિંદા-સ્તુતિ અને તિરસ્કાર [1]સત્કારમાં જ ઉદાસીનતા નથી, કિંતુ પોતાના આત્મામાં પણ ઉદાસીનતા છે એમ બતાવતા સ્તુતિકાર કહે છે—**

**तथा समाधौ परमे, त्वयात्मा विनिवेशितः ।**
**सुखी दुःख्यस्मि नास्मीति, यथा न प्रतिपन्नवान् ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિભુ ! **त्वया**-આપે, **परमे**-પરમ, **समाधौ**-સમાધિમાં, **आत्मा**-આત્મા, **तथा**-તેવી રીતે, **विनिवेशितः**-સ્થિર કર્યો કે, **यथा**-જેથી, **सुखी दुःखी अस्मि नास्मि इति**-હું સુખી છું કે દુ:ખી છું એ પ્રમાણે અથવા હું સુખી નથી કે દુ:ખી નથી એ પ્રમાણે જાણ્યું નહિ.

હે ભગવન્ ! આપે આત્માને આપના સિવાય બીજાથી ન જાણી શકાય તેવા પરમ અધ્યાત્મલયમાં તેવી રીતે સ્થિર કર્યો કે જેથી હું સુખી છું કે દુ:ખી છું એ પ્રમાણે અથવા હું છું કે નથી એ પ્રમાણે જાણ્યું નહિ, અર્થાત્ ચિદાનંદ સ્વરૂપમાં લીન બનેલા આપે હું સુખી છું કે દુ:ખી છું ઇત્યાદિ જાણ્યું નહિ. (૭)

**ધ્યાનસમયે જેનાથી સુખ-દુ:ખ અને સત્ત્વ-અસત્ત્વ વિલીન થાય છે તે યોગમહિમાને બોલતા સ્તુતિકાર કહે છે—**

**ध्याता ध्येयं तथा ध्यानं, त्रयमेकात्मतां गतम् ।**
**इति ते योगमाहात्म्यं, कथं श्रद्धीयतां परैः ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે જિનેશ્વર ! **ध्याता**-ધ્યાતા, **ध्येयं**-ધ્યેય, **तथा**-અને, **ध्यानं**-ધ્યાન, **त्रयं**-એ ત્રણે, **एकात्मतां**-આપનામાં એકપણાને, **गतम्**-પામ્યા છે (=એક બની ગયા છે). **इति**-આવા, **ते**-આપના, **योगमाहात्म्यं**-યોગ માહાત્મ્યને, **परैः**-બીજાઓ, **कथं**-કેવી રીતે, **श्रद्धीयतां**-માને ?

યોગરહસ્યમાં રહેલા (=યોગરહસ્યને આચરનારા) હે સ્વામી ! ધ્યાતા, ધ્યેય અને ધ્યાન એ ત્રણે આપનામાં એકપણાને પામ્યા છે=એક બની ગયા છે.

૧. पुरस्कार=સત્કાર.

ક્ષપકશ્રેણિમાં આરૂઢ થયેલ આત્મા ધ્યાતા છે. ષડ્જીવનિકાયના હિતને કરનારું પરમાત્મ તત્ત્વ ધ્યેય છે. ધ્યેયમાં એકજ પ્રકારની [1]ચિત્તવૃત્તિનો પ્રવાહ ચાલે તે ધ્યાન છે. આ ત્રણે પહેલાં ધ્યાનનો પરિપાક થઇ રહ્યો હોય તેવી અવસ્થામાં જુદા હોય છે. ક્રમે કરીને ધ્યાનનો પરિપાક જ્યારે વિકાસ પામે છે ત્યારે એ ત્રણે એકપણાને પામે છે=ધ્યાતા અને ધ્યાન ધ્યેયમાં જ વિલીન થઇ જાય છે. આ અવસ્થામાં આત્મા હું સુખી છું કે દુ:ખી છું અથવા હું છું કે હું નથી ઇત્યાદિ અનુભવતો નથી.

આવા પ્રકારના આપના યોગમાહાત્મ્યને જેમના હૃદયે અધ્યાત્મના સૂક્ષ્મ માર્ગમાં પ્રવેશ કર્યો નથી તેવા બીજાઓ કેવી રીતે માને ?=આ બરોબર છે એમ વિશ્વાસ પૂર્વક કેવી રીતે ધારણ કરે ? તે (=પ્રભુના યોગમાહાત્મ્યની શ્રદ્ધા ન કરવી તે) તેમની અયોગ્યતા છે. આપને તો સ્વાનુભવથી સુંદર વસ્તુમાં બીજાને વિશ્વાસ કરાવવાથી શું ? અર્થાત્ બીજાઓને ખાત્રી કરાવવાનું આપને કોઇ પ્રયોજન નથી. (૮)

## पंचदशप्रकाशः

**ઉત્તરોત્તર ગુણમહિમાવાળા ભગવાન પરમાત્મામાં જેમની ભક્તિ ઉલ્લસિત બની છે તે સ્તુતિકાર હવે અહીંથી ભક્તિ સ્તવનો ઉલ્લેખ કરતા કહે છે—**

**जगज्जैत्रा गुणास्त्रातरन्ये तावत्तवासताम् ।**
**उदात्तशान्तया जिग्ये, मुद्रयैव जगत्त्रयी ।।१।।**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**त्रातः**-હે ત્રાતા !, **तव**-આપના, **जगज्जैत्रा**-જગતને જીતનારા, **अन्ये गुणाः**-અન્ય ગુણો, **तावत् आसताम्**-દૂર રહો, **उदात्तशान्तया**-ઉદાત્ત અને શાંત, **मुद्रया एव**-મુદ્રાએ જ, **जगत्त्रयी**-ત્રણે જગતને, **जिग्ये**-જીતી લીધું છે. ત્રણે જગતમાં બીજા કોઇમાં આપના જેવા આંતરિક ગુણો તો નથી પણ આપના જેવી બાહ્ય મુદ્રા પણ નથી.

હે ત્રાતા ! હે ભવભયથી ઉપદ્રવ કરાયેલા જીવોના પાલક ! આપના

૧. प्रत्ययः=ચિત્તવૃત્તિ.

ગુણો જગતમાં રહેલા ગુણીસમૂહના ગુણોથી અનંતગુણા મહિમાવાળા છે. આથી આપના જગતને જીતનારા અદ્ભુતસ્તવ અને મહિમસ્તવ વગેરે સ્તવોમાં વર્ણવેલા બીજા ગુણો દૂર રહો, કિંતુ આપની ઉદાત્ત અને શાંત મુદ્રાએ પણ પૃથ્વી-પાતાળ-સ્વર્ગ એ ત્રણે જગતને જીતી લીધું છે=અપમાનથી હલકું કરી દીધું છે. કારણકે અરિહંતના જેવા બલ અને લાવણ્ય વગેરે ગુણો બીજા કોઇનામાં નથી.

ઉદાત્ત=જેનો અભિભવ ન કરી શકાય તેવી. શાંત=સર્વ લોકોની આંખોને આનંદ આપે તેવી સૌમ્ય. ઉદાત્ત પણ મુદ્રા કદાચ પરાભવ કરવા યોગ્ય હોય અને એથી પાસે જવા યોગ્ય ન હોય, આથી મુદ્રાનું શાંત એવું બીજું વિશેષણ મૂક્યું. શાંત હોવાથી પાસે જવા યોગ્ય છે. (૧)

**અને એ પ્રમાણે—**

**मेरुस्तृणीकृतो मोहात्, पयोधिर्गोष्पदीकृतः ।**
**गरिष्ठेभ्यो गरिष्ठो यैः, पाप्मभिस्त्वमपोदितः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **यैः**-જે, **पाप्मभिः**-પાપીઓએ, **गरिष्ठेभ्यः गरिष्ठः**-ઇંદ્ર વગેરે મોટાઓથી પણ મહાન, **त्वं**-આપનો, **अपोदितः**-અનાદર કર્યો છે, તેમણે, **मोहात्**-મોહથી, **मेरुः**-મેરુ પર્વતને, **तृणीकृतः**-તૃણ કરી દીધો છે = મેરુની તૃણરૂપે ગણના કરી છે, **पयोधिः**-સમુદ્રને, **गोष्पदीकृतः**-ખાબોચિયું કરી દીધું છે=સમુદ્રને ખાબોચિયા રૂપે જાણ્યો છે.

પાપરૂપ પડલોથી જેમની ચેતના નાશ પામી ગઇ છે તેવા જે પાપીઓએ સુર-અસુર અને મનુષ્યોના નાયકોથી પણ મહાન આપનો અનાદર કર્યો છે=આપને સામાન્ય માણસની જેમ અવજ્ઞાથી જોયા છે, તેમણે મોહથી મેરુપર્વતને તૃણ કરી દીધો છે=મેરુપર્વતની તૃણ રૂપે ગણના કરી છે, સમુદ્રને ખાબોચિયું કરી દીધું છે=સમુદ્રને ખાબોચિયા રૂપે જાણ્યો છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—ખરેખર ! મનુષ્યની આકૃતિમાં પશુ તેમણે મેરુને તૃણરૂપે કર્યો નથી, સમુદ્રને ખાબોચિયા રૂપે કર્યો નથી, પણ આપની

લઘુતા કરી છે. આથી ગુણો ઉપર મત્સર ધારણ કરનારા અને આત્માને નહિ જાણનારા તેઓ નિરર્થક પોતાના આત્માની વિડંબના જ કરે છે.

મેરુ પર્વત લાખ યોજન ઊંચો છે. સંપૂર્ણ મેરુપર્વત સુવર્ણમય છે, અર્થાત્ સુવર્ણનો બનેલો છે. એનું શિખર રત્નોનું બનેલું છે. લોકમાં તે દેવોનો પર્વત કહેવાય છે.

સમુદ્રનો વિસ્તાર લાખ યોજન છે તેમાં રત્નોનો ખજાનો છે. તેમાં પાણીના મોટા મોટા તરંગોના શિખરો ઉછળી રહ્યા છે. ઉછળી રહેલા તરંગોના શિખરોના કલકલ ધ્વનિથી સમુદ્રે પૃથ્વી-આકાશના અંતરાલને વાચાલ કરી દીધો છે. (૨)

**જેવી રીતે આપની અવજ્ઞા દુઃખે કરીને નાશ કરી શકાય તેવા પાપ માટે થાય છે, તેમ આપના શાસનની અવજ્ઞા પણ આવા પાપ માટે થાય છે એમ બતાવતા સ્તુતિકાર કહે છે—**

**च्युतश्चिन्तामणिः पाणेस्तेषां लब्धा सुधा मुधा ।**
**यैस्त्वच्छासनसर्वस्व-मज्ञानैर्नात्मसात्कृतम् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે પરમાત્મા ! **यैः**-જે, **अज्ञानैः**-અજ્ઞાનીઓએ, **ते**-આપના, **शासनसर्वस्वं**-શાસનરૂપ સારદ્રવ્યને, **आत्मसात्**-સ્વાધીન, **न कृतं**-ન કર્યું, **तेषां**-તેમના, **पाणेः**-હાથમાંથી, **चिन्तामणिः**-ચિંતામણિ, **च्युतः**-પડી ગયો, **लब्धा**-મળેલું; **सुधा**-અમૃત, **मुधा**-નકામું ગયું.

હે ભગવન્ ! જે અજ્ઞાનીઓએ પ્રાપ્ત પણ આપના શાસન રૂપ દ્રવ્યને સ્વાધીન ન કર્યું, ભવિષ્યના કલ્યાણથી રહિત તેમના હાથમાંથી મનમાં ચિંતવેલા પદાર્થસમૂહને ભેગા કરવામાં કુશલ ચિંતામણી પડી ગયો, કોઇક ભાગ્યથી મળેલું પણ અજરામરત્વનું કારણ અમૃત ઉપયોગ ન કરવાથી નકામું ગયું.

**અહીં આશય આ છે**—ખરેખર ! ચિંતામણિ, અમૃત અને આપનું શાસન અગણિત પુણ્ય એકઠું થયા વિના મળતું નથી. ભાગ્યથી મળેલાં પણ આ ત્રણને જેઓ આદરપૂર્વક સ્વીકારતા નથી, તેમનાથી અધિક બીજો કોઇ જગતમાં અધમ

નથી. (૩)

**ફરી સ્તુતિકાર ભગવાનમાં ભક્તિની ઉત્કૃષ્ટતાને વ્યક્ત કરે છે—**

**यस्त्वय्यपि दधौ दृष्टि-मुल्मुकाकारधारिणीम् ।**
**तमाशुशुक्षणिः साक्षा-दालप्यालमिदं हि वा ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે નાથ ! **यः**-જેણે, **त्वयि**-આપના ઉપર, **अपि**-પણ, **उल्मुकाकारधारिणीम्**-બળતા અગ્નિની જેવી (ઇર્ષ્યાથી લાલચોળ મુખવાળી), **दृष्टिं**-દૃષ્ટિ, **दधौ**-રાખી છે, **तं**-તેને, **आशुशुक्षणिः**-અગ્નિ, **साक्षात्**-પ્રત્યક્ષ થઇને, **वा**-અથવા, **इदं**-આ, **आलप्य**-બોલીને, **अलं**-શું કામ છે ?

હે સ્વામી ! કષાયથી કલુષિત મતિવાળા જેણે વિશ્વના લોકોનું હિત કરનારા આપના ઉપર પણ બળતા [1]અંગારાના જેવી દૃષ્ટિ રાખી છે, રાખે છે કે રાખશે, તે દુષ્ટાત્માને અગ્નિ જલદી પ્રત્યક્ષ થઇને...અથવા આ બોલીને શું કામ છે ? અર્થાત્ નિર્દયને ઉચિત આ અર્થને બોલવાથી સર્યું.

**ભાવાર્થ—** અહીં સ્તુતિકાર જરા આવેશમાં આવી ગયા છે. આવેશનું કારણ અરિહંત પરમાત્મા જેવા ઉપકારી ઉપર પણ અજ્ઞાનીઓની ઇર્ષ્યાદૃષ્ટિ છે. જે ભગવાન ઉપર પણ બળતા અગ્નિની જેવી દૃષ્ટિ રાખે છે તેને અગ્નિ પ્રત્યક્ષ થઇને બાળી નાખો એવું સ્તુતિકારનું કહેવું છે. ભગવાન ઉપરની ભક્તિના યોગે સ્તુતિકારથી "જે આપના ઉપર બળતા અગ્નિ જેવી દૃષ્ટિ રાખે છે, તેને અગ્નિ પ્રત્યક્ષ થઇને" એટલું બોલી જવાયું. પછી તેઓ બોલતા અટકી ગયા અને મનમાં જ બાળી નાખો એમ વિચાર્યું. આથી મૂળ શ્લોકમાં भस्मीकरोतु પદ નથી. સ્તુતિકાર 'साक्षात्=પ્રત્યક્ષ થઇને'' એટલું બોલ્યા પછી આપના ઉપર દ્વેષ રાખનાર તેને પોતાના દુષ્કૃતનું ફળ અવશ્ય મળશે જ. પરમ કારુણિક ભગવાનના કિંકર એવા મારા માટે તેના પ્રત્યે આક્રોશ ભરેલી આ કઠોરતા કરવી ઉચિત નથી...એમ વિચારીને આગળ નહિ બોલવાની ભાવનાથી કહ્યું કે-आलप्यालमिदं हि वा=અથવા

૧. उल्मुक=ઉંબાડિયું કે અંગારો.

આ બોલીને શું કામ છે ? (૪)

**વળી—**

**त्वच्छासनस्य साम्यं ये, मन्यन्ते शासनान्तरैः ।**
**विषेण तुल्यं पीयूषं, तेषां हन्त ! हतात्मनाम् ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે સર્વજ્ઞ ! **ये**-જેઓ, **त्वच्छासनस्य**-આપના શાસનને, **शासनान्तरैः**-અન્ય દર્શનો સાથે, **साम्यं**-સમાન, **मन्यन्ते**-માને છે, **हतात्मनाम्**-અજ્ઞાનથી હણાઇ ગયેલા, **तेषां**-તેમને, **हन्त**-ખરેખર !, **पीयूषं**-અમૃત, **विषेण**-વિષથી, **तुल्यं**-સમાન છે = અમૃત અને વિષ બંને સરખા જણાય છે.

હે ભુવનપૂજ્યશાસન ! જેઓ આપના મોક્ષપુરીમાં પ્રયાણ કરવા માટે [1]રાજમાર્ગ સમાન શાસનને કુતીર્થિકોમા દીર્ઘ સંસારમાર્ગના ભાતા તુલ્ય તીર્થોની સાથે સમાન માને છે, નિંદિત જીવનવાળા તેમના મતે ખરેખર ! મરેલાને જીવન આપનાર અમૃત જલદી પ્રાણઘાત કરનારા વિષની સમાન છે=અમૃત અને વિષ બંને સરખા જ છે.

**ભાવાર્થ આ છે—** અમૃત અને વિષમાં જેટલું અંતર છે તેટલું જ અંતર આપનું શાસન અને કુશાસનોમાં છે, આથી અહો ! ગુણ-અવગુણના વિચારમાં તે બંનેની સમાનતા કરનારાઓની મતિ સારી સંસ્કાર કરાયેલી છે ! (૫)

**સત્-અસત્‌ના વિચારમાં બીજાઓની બુદ્ધિ સર્વથા ક્ષીણ થઇ ગઇ છે એવું નથી. કેવળ અનાદિ મિથ્યાવાસનાથી ઉછળતા મહાન મત્સરવાળા તેઓ આપના ઉપર અસૂયા કરે છે, તેથી સ્તુતિકાર તેમને મુખથી કઠોર અને ભવિષ્યમાં હિતકર કંઇક કહે છે—**

**अनेडमूका भूयासुस्ते येषां त्वयि मत्सरः ।**
**शुभोदर्काय वैकल्य-मपि पापेषु कर्मसु ।।६।।**

૧. घण्टापथ=રાજમાર્ગ. घण्टापथ इव आचरति=घण्टापथायते ક્રિયાપદ થયું. તેનું વર્તમાન કૃદંત ષષ્ઠી એકવચન घण्टापथायमानस्य થાય.

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે નાથ ! **येषां**-જેમને, **त्वयि**-આપના ઉપર, **मत्सरः**-અસૂયા છે, **ते**-તે લોકો, **अनेडमूकाः**-મૂંગા અને બહેરા, **भूयासुः**-બનો.

**પ્રશ્ન :** આ પ્રમાણે પરનું અહિત ચિંતવવું એ પરમ હિતસ્વી અરિહંત પરમાત્માના સેવકને ઉચિત ગણાય ?

**ઉત્તર :** આ અહિતચિંતન નથી, કિંતુ હિતચિંતન છે. કારણ કે **अयं**-આ, **पापेषु कर्मसु**-પાપકાર્યોમાં, **वैकल्यं**- ઇંદ્રિયોની ખામી, **अपि**-પણ, **शुभोदर्काय**-ભવિષ્યના શુભ ફળ માટે થાય છે.

હે સ્વામી ! જેમને નિષ્કારણ વિશ્વવત્સલ આપના ઉપર પણ અસૂયા છે તે લોકો મુંગા અને બહેરા બનો, જેથી નિર્મલગુણના અનુરાગી અને મધ્યસ્થ એવા સ્તુતિ કરનારાઓથી પ્રશંસા કરાતા આપના ગુણોને સાંભળીને અસૂયાના કારણે અસત્પ્રલાપ કરવા માટે વાચાળ મુખવાળા ન થાય.

**પ્રશ્ન :** આ તેમની નિંદા (=અહિતચિંતા) નથી ?

**ઉત્તર :** ના, હિતચિંતા જ છે. કારણ કે પાપાનુબંધી કર્મનો બંધ થાય તેવાં કાર્યોમાં પ્રવર્તતા ભવાભિનંદી જીવોમાં ઇંદ્રિયોની ન્યૂનતા પણ તેમના શુભ ફલ માટે થાય છે.

**ભાવાર્થ :** ભગવાન ઉપર અસૂયા રાખનારા જીવો પરિપૂર્ણ ઇંદ્રિયોવાળા હોય તો ભગવાનની નિંદા આદિ કરીને અનંત પાપને એકઠું કરે, પણ જો જીભ આદિ ઇંદ્રિયોની ખામીવાળા હોય તો નિંદાદિ પાપોથી બચી જાય. આથી એવા જીવો માટે ઇંદ્રિયોની ખામી ઇચ્છવી એ અહિત ચિંતા નથી, બલ્કે હિતચિંતા છે.(૬)

**આ પ્રમાણે ભગવાન ઉપર અસૂયા કરનારાઓને ઢાંકીને આપના શાસનના અનુરાગીઓની પ્રશંસા કરે છે—**

**तेभ्यो नमोऽञ्जलिरयं, तेषां तान् समुपास्महे ।**
**त्वच्छासनामृतरसै-र्यैरात्माऽसिच्यतान्वहम् ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે અધીશ્વર ! **यैः**-જેમણે, **त्वच्छासनामृतरसैः**-આપના શાસન (=આજ્ઞા) રૂપ

અમૃતરસથી, **आत्मा**-પોતાના આત્માને, **अन्वहम्**-પ્રતિદિન, **असिच्यत**-સિંચન કર્યું છે., **तेभ्यो**-તેમને, **नमः**-નમસ્કાર હો, **तेषां**-તેમને, **अञ्जलिः**-અંજલિ જોડી છે, **तान्**-અમે તેમની (પોતાના આત્માને પ્રતિદિન શાસનરૂપ અમૃતરસથી સિંચન કરનારાઓની), **समुपास्महे**-ઉપાસના કરીએ છીએ.

હે ભગવન્ ! આપ અને આપનું શાસન તો દૂર રહો, જેમણે દુષ્કર્મરૂપ દાવાનળથી બળેલા પોતાના આત્માને આપના શાસન (=આજ્ઞા) રૂપ અમૃત રસથી પ્રતિદિન સિંચન કર્યું છે, અગણિત પુણ્યથી પુષ્ટ બનેલા તેમને નમસ્કાર હો, અક્ષીણ ભાગ્યવાળા તેમને અમોએ આ અંજલિ જોડી છે, શ્રેષ્ઠ આચરણવાળા તેમની જ અમે ઉપાસના કરીએ છીએ. કારણ કે આપના શાસનરૂપ અમૃતરસોથી કરેલું સિંચન જ સંસારના સંતાપને શમાવવા માટે તત્પર (=સમર્થ) છે.

(આ સ્તુતિથી એ જણાવ્યું કે ભગવાન અને ભગવાનનું શાસન તો નમસ્કરણીય અને ઉપાસ્ય છે જ, કિંતુ શાસનના આરાધકો પણ નમસ્કરણીય અને ઉપાસનીય છે.) (૭)

**અથવા આપના પ્રવચનરૂપ અમૃતમાં જેમનું મન કૂદી પડ્યું છે અને જેઓ સ્પષ્ટ ચેતનાવાળા છે તેઓ તો નમસ્કરણીય છે જ, કિંતુ—**

**भुवे तस्यै नमो यस्यां, तव पादनखांशवः ।**
**चिरं चूडामणीयन्ते, ब्रूमहे किमतः परम् ? ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગત્પ્રભુ ! **यस्यां**-જે ભૂમિમાં, **तव**-આપના, **पादनखाङ्शवः**-ચરણ નખનાં કિરણો, **चिरं**-લાંબા કાળ સુધી, **चूडामणीयन्ते**-ચૂડામણિની જેમ શોભે છે, **तस्यै भुवे**-તે (પવિત્ર) ભૂમિને, **नमः**-નમસ્કાર હો !, **अतः**-આનાથી, **परं**-વધારે બીજું, **किं ब्रूमहे**-શું કહીએ ? અર્થાત્ આપના ચરણના સંબંધથી પૃથ્વી પણ નમસ્કાર કરવા યોગ્ય બની જાય છે, તો પછી બીજા ગુણો માટે શું કહેવું ? બીજા ગુણો તો સુતરાં નમસ્કરણીય છે.

જે ભૂમિમાં આપના ચરણનખનાં કિરણો લાંબા કાળ સુધી મસ્તકમણિના

મહિમાને ધારણ કરે છે.-[1]તે ભૂમિને નમસ્કાર હો ! અમે આનાથી વધારે બીજું શું કહીએ ?

**અહીં ભાવાર્થ આ છે**—જો આપના સંબંધથી તીર્થસમાન ભૂમિ પણ નમસ્કાર કરવા યોગ્ય છે, તો આપના ગુણોમાં બીજું શું ગ્રહણ કરવા યોગ્ય નથી ? અર્થાત્ બધું જ ગ્રહણ કરવા યોગ્ય છે. (૮)

**અને એ પ્રમાણે**—

**जन्मवानस्मि धन्योऽस्मि, कृतकृत्योऽस्मि यन्मुहुः ।**
**जातोऽस्मि त्वद्गुणग्राम-रामणीयकलम्पटः ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **जन्मवान् अस्मि**-હું સફળ જન્મવાળો છું, અર્થાત્ મારો જન્મ સફળ છે, **धन्यः अस्मि**-હું પુણ્યશાળી છું, **कृतकृत्यः अस्मि**-હું કૃતાર્થ છું. **यद्**-કારણ કે, **मुहुः**-વારંવાર, **त्वद्गुणग्रामरामणीयकलम्पटः**-આપના મનોહર ગુણ સમૂહમાં આસક્ત, **जातः अस्मि**-થયો છું.

આ પ્રમાણે થયે છતે હે સ્વામી ! મારો જ જન્મ સફળ છે. પુણ્યવાન પણ હું જ છું, અને કૃતકૃત્ય પણ હું જ છું. કારણ કે હું પ્રતિક્ષણ આપના મનોહર ગુણ સમૂહમાં આસક્ત થયો છું.

**અહીં આશય આ છે**—સમગ્ર સામગ્રીથી યુક્ત આ જન્મનું ફલ આ જ છે, પરમાર્થથી ધન્યતા આ જ છે, નિશ્ચિત કૃતકૃત્યતા આ જ છે કે, એકાંતે મનોહર આપના ગુણસમૂહના વર્ણનમાં મારું મન એકતાન બન્યું છે. (૯)

## षोडशप्रकाशः

**આ પ્રમાણે ભક્તિસ્તવથી ભગવાન પ્રત્યે સ્વભક્તિ પ્રગટ કરીને હવે આત્મગર્હાસ્તવથી [2]રાગની પીડાને જણાવતા સ્તુતિકાર કહે છે**—

---

૧. ચૂડામણી લાલ હોય છે, ભગવાનના નખ પણ લાલ હોય છે. આથી પૃથ્વી ઉપર પડેલા નખ જાણે કે પૃથ્વીનો ચૂડામણી (=મસ્તકનો મણિ) હોય તેમ શોભે છે.

૨. क्षीणता=આસક્તિ કે રાગ.

**त्वन्मतामृतपानोत्था, इतः शमरसोर्मयः ।**
**पराणयन्ति मां नाथ !, परमानन्दसम्पदम् ॥१॥**
**इतच्चानादिसंस्कार-मूर्च्छितो मूर्च्छयत्यलम् ।**
**रागोरगविषावेगो, हताशः करवाणि किम् ? ॥२॥**

૧-૨) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **इत**:-એક તરફ, **त्वन्मतामृतपानोत्था**-આગમરૂપ અમૃતના પાનથી ઉત્પન્ન થયેલી, **शमरसोर्मय**:- સમરસની લહરીઓ, **मां**-મને, **परमानन्दसम्पदम्**-ચિદાનંદ (આત્મસુખ) રૂપ લક્ષ્મી, **पराणयन्ति**-પમાડે છે, (બીજા શ્લોકનો પ્રારંભ), **च**-અને, **इत**:-એક તરફ, **अनादिसंस्कारमूर्च्छित**:-અનાદિ કાળની વાસનાઓથી એકઠો કરેલો, **रागोरगविषावेग**:-રાગરૂપ સર્પના વિષનો વેગ, **अलं**-અતિશય, **मूर्च्छयति**-મૂંઝવે છે. આથી, **हताश**:-હતાશ બનેલો હું, **किं करवाणि**-શું કરું ?

આંતર શત્રુઓનો જેમણે નાશ કરી નાખ્યો છે તેવા હે નાથ ! એક તરફ આપના આગમરૂપ અમૃતના આસ્વાદથી ઉત્પન્ન થયેલી શમરસની લહરીઓ મને ચિદાનંદ (=આત્મસુખ) રૂપ લક્ષ્મી પમાડે છે. પરમ પ્રશમરૂપ અમૃતથી તૃપ્ત થયેલા આત્માને ચિદાનંદના જેવું કંઇક સુખ થાય જ છે. (બીજા શ્લોકનો પ્રારંભ-) અને એક તરફ ઘણા ભવોમાં લાલન કરવાથી વૃદ્ધિ પામેલા રાગ રૂપ સર્પના વિષનો ઓડકાર અતિશય મુંઝવે છે=સત્-અસત્ના વિચારથી રહિત કરી નાખે છે. આમ થતાં હતાશ બનેલો હું શો [2]ઉપાય કરું ?

અહીં હતાશા સ્થાને છે. કારણ કે અમૃતને પીનારા પણ જેને સર્પના વિષનો ઓડકાર વધે છે તેને સર્પના વિષના નિગ્રહનો બીજો શો ઉપાય છે ? અને પરમ વૈરાગ્યની પ્રધાનતાવાળા જિનપ્રવચનનું પરિશીલન કરનારા જેને રાગનો ઓડકાર આવે છે તેને રાગના નિગ્રહનો જિનપ્રવચન સિવાય બીજો કોઇ ઉપાય દેખાતો નથી. એથી એ હતાશ થાય જ છે. (૧-૨)

૨. प्रतिविधान=ઉપાય.

રાગના વિકારને જ પ્રગટ કરે છે—

**रागाहिगरलाघ्रातोऽकार्षं यत्कर्मवैशसम् ।**
**तद्वक्तुमप्यशक्तोऽस्मि, धिग्मे प्रच्छन्नपापताम् ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે સ્વામી ! **रागाहिगरलाघ्रात**:-રાગરૂપ સર્પના વિષથી ઘેરાયેલા મેં , **यद्**-જે, **वैशसम्**-અનુચિત, **कर्म**-કાર્યો, **अकार्षं**-કર્યાં છે, **तद्**-તેને, **वक्तुमपि**-આપની પાસે કહેવાને માટે પણ, **अशक्त**:-અસમર્થ **अस्मि**-છું. **मे**-મારા, **प्रच्छन्नपापताम्**-ગુપ્ત પાપોને, **धिग्**-ધિક્કાર હો.

હે સ્વામી ! રાગરૂપ સર્પવિષના ઓડકારથી આક્રમણ કરાયેલા મેં જે અનુચિત કાર્યો કર્યાં છે, તે અનુચિત સ્વકાર્યોથી હમણાં લજ્જા પામ્યો છું, અને વિશ્વવત્સલ આપની આગળ પણ તે અનુચિત સ્વકાર્યોને કહેવા માટે અસમર્થ છું. મારા ગુપ્ત પાપોને ધિક્કાર હો !

આત્મામાં ધિક્કાર યુક્ત છે. કારણ કે દુષ્કૃત કરીને પણ જો સત્પાત્રમાં પ્રકાશિત કરવામાં આવે તો તેને ઉચિત પ્રાયશ્ચિત્ત વગેરેથી પાપની શુદ્ધિ થાય જ છે. પણ પ્રકાશિત ન કરેલું દુષ્કૃત ગુપ્ત શલ્યની જેમ મરણ સુધી પીડા કરે છે, અને ભવાંતરમાં સાથે આવે છે. (૩)

કેવલ રાગ જ શત્રુ છે એવું નથી, મોહ વગેરે પણ શત્રુ છે તેમ વ્યક્ત કરે છે—

**क्षणं सक्तः क्षणं मुक्तः, क्षणं क्रुद्धः क्षणं क्षमी ।**
**मोहाद्यैः क्रीडयैवाहं, कारितः कपिचापलम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે મોહવિજેતા ! **क्षणं सक्त**:-હું ક્ષણવાર વિષયોમાં આસક્ત બનું છું, તો, **क्षणं मुक्त**:-ક્ષણવાર વિષયોમાં વિરાગ પામું છું, **क्षणं क्रुध**:-ક્ષણવાર ગુસ્સે થાઉં છું, તો, **क्षणं क्षमी**-ક્ષણવાર ક્ષમા રાખું છું. આ પ્રમાણે, **मोहाद्यैः**:-મોહ વગેરે દોષોએ, **क्रीडया एव**-વિનોદ માટે જ, **अहं**-મને, **कपिचापलम्**-વાનર જેવો ચપળ, **कारित**:-

કરી દીધો છે.

હે મોહઘાત કરનારા ! આપના સેવક એવા મને મોહ વગેરે દોષોએ વાનર જેવો ચપળ કરી દીધો છે. કેવી રીતે ચપળ કરી દીધો છે તે સ્તુતિકાર કહે છે-હું ક્ષણવાર મનોહર વિષયોમાં આસક્ત બનું છું, અને દુરંત વિષય વિપાકોના ચિંતનથી ક્ષણવાર વિરામ પામું છું, જાણે કે વિષયોથી મુક્ત બન્યો હોઉં તેવો થાઉં છું. કોઇની પાસે કોઇ વસ્તુની ઇચ્છા કરી અને તેણે એ મારી ઇચ્છા પૂર્ણ ન કરી તો ક્ષણવાર તેના પ્રત્યે ક્રોધવાળો થાઉં છું. ક્રોધના ફલનો અનુભવ થવાથી (ક્રોધના કારણે મેં ભૂતકાળમાં કટુફળો અનુભવ્યાં છે એવું જ્ઞાન થવાથી) ઔદયિક ભાવ નાશ પામ્યો છે એવો હું વસ્તુ સ્વરૂપને વિચારતો ક્ષણવાર ક્ષમાવાળો થાઉં છું. જેમ ધનવાન માણસો ધન આદિના અર્થીને નચાવે છે, તેમ મોહ વગેરે દોષોએ માનસિક વિનોદ માટે મને વાનર જેવો ચપળ બનાવી દીધો છે. જેવી રીતે વાનર પોતાની સહજ ચપળતાથી ક્ષણે ક્ષણે વિષમ ચેષ્ટાવાળો થાય છે, તેમ હું પણ મોહ આદિ શત્રુઓથી વિષમ ચેષ્ટાવાળો કરાયો છું. (૪)

**અથવા હું મોહાદિને નિરર્થક જ ઠપકો આપું છું, કારણ કે આ દુરાચરણ મેં પોતે જ કર્યું છે એમ જણાવતા સ્તુતિકાર કહે છે—**

**प्राप्यापि तव सम्बोधिं, मनोवाक्कायकर्म्मजैः ।**
**दुश्चेष्टितैर्मया नाथ !, शिरसि ज्वालितोऽनलः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **तव**-આપની, **सम्बोधिं**-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન રૂપ સંબોધિને, **प्राप्यापि**-પામીને પણ, **मया**-મેં, **मनोवाक्कायकर्मजैः**-મન-વચન-કાયાથી થયેલા, **दुश्चेष्टितैः**-દુરાચારોથી, **शिरसि**-મારા મસ્તકે, **अनलः**-અગ્નિ, **ज्वालितः**-સળગાવ્યો, અર્થાત્ દુર્ગતિનું દુઃખ ઉભું કર્યું.

સર્વ શુભ શક્તિઓથી યુક્ત હે નાથ ! આપની સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન રૂપ સંબોધિને પુણ્યયોગથી પામીને પણ મન-વચન-કાયાથી થયેલા પાપાનુબંધી દુરાચરણોથી મેં જાતે જ સ્વમસ્તકે અગ્નિ સળગાવ્યો.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જેમ કોઇક દયાળુએ કોઇકને બળતા **ઘરમાંથી** બહાર કાઢ્યો, પણ આત્મવૈરી હોવાથી તે ફરી પોતાના મસ્તકે અગ્નિને **સળગાવે** છે, તે પ્રમાણે લાખો ભવોમાં દુર્લભ અને મોક્ષનગર તરફ પ્રયાણ કરવા **માટે** નિર્વિઘ્ન માર્ગ એવા સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનને પામીને પણ પ્રતિબંધ રહિત **દુષ્ટયોગથી** કરેલા દુરાચરણોથી આત્મામાં દુ:ખને લાવતા મેં પણ જાણે મસ્તકે **અગ્નિ સળગાવ્યો** છે. પરમાર્થથી તો આ પણ ભાવશત્રુઓનો જ વિલાસ છે. (૫)

**આ જ વિગતને ફરી જણાવે છે—**

**त्वय्यपि त्रातरि त्रातर्यन्मोहादिमलिम्लुचैः ।**

**रत्नत्रयं मे ह्रियते, हताशो हा हतोऽस्मि तत् ।।६।।**

૬) **અન્વય સહિત શબ્દાર્થ—**

**त्रातः**-હે ત્રાતા !, **त्वयि अपि त्रातरि**-રક્ષણ કરનારા આપ હોવા છતાં, **मोहादिमलिम्लुचैः**-મોહાદિ ચોરો, **मे**-મારા, **रत्नत्रयं**-સમ્યગ્જ્ઞાનાદિ ત્રણ રત્નો, **ह्रियते**-ચોરે છે, **तत्**-તેથી, **हताशः**-હું નિરાશ બની ગયો છું, **हा**-હાય !, **हतोऽस्मि**-(મોહાદિ ચોરોથી) હું હણાઇ ગયો છું.

હે ત્રાતા ! હે ભાવશત્રુથી વિહ્‌વલ [1]બનેલા ભવ્ય જીવસમૂહના પાલક ! ત્રણ ભુવનના લોકોનું રક્ષણ કરવા માટે કુશળ પરાક્રમવાળા અને રક્ષણ કરનારા આપ મારી સામે હોવા છતાં મોહાદિ ચોરો આપે જ કૃપા કરીને આપેલા મારા સમ્યગ્જ્ઞાનાદિ ત્રણ રત્નોને બલાત્કારે ચોરે છે. તેથી હું નિરાશ બની ગયો છું. હાય ! મોહાદિ ચોરોએ મને મારી નાખ્યો.

હતાશા યુક્ત છે. કારણ કે સ્વામીની ગેરહાજરીમાં જે કંઇ ચોરાય છે ત્યાં પોતાના સ્વામીને જણાવીને હું પોતાની વસ્તુને પાછી લાવીશ એમ આશા રહે જ છે. પણ સ્વામીની સમક્ષ ગયેલી વસ્તુની પાછી મળવાની [2]આશા ક્યાંથી રહે ? (૬)

---

૧. विधुरित=વિહ્‌વલ બનેલ.

૨. प्रत्याशा=કોઇ વસ્તુ વગેરેની ફરીથી આશા રાખવી.

**જો તમારો આ આરાધ્ય વીતરાગ હોવાના કારણે તમારી અવગણના કરે છે તો શું ઉત્સાહના અભાવથી હણાયેલા જીવોથી અન્ય તીર્થની (=અન્ય ઉત્તમ પુરુષની) ઉપાસના ન કરાય ? એવી આશંકા કરીને સ્તુતિકાર કહે છે-**

**भ्रान्तस्तीर्थानि दृष्टस्त्वं, मयैकस्तेषु तारकः ।**
**तत्तवाङ्घ्रौ विलग्नोऽस्मि, नाथ ! तारय तारय ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **भ्रान्तस्तीर्थानि**-હું બૌદ્ધ વગેરે ઘણાં દર્શનોમાં ફર્યો છું, **तेषु**-તેમાં, **मया**-મેં, **त्वं एकः**- એક આપને જ, **तारकः दृष्टः**-તારક તરીકે જોયા છે-જાણ્યા છે, **तत्**-તેથી, **तव**-આપના જ **अङ्घ्रौ**-ચરણે, **विलग्नोऽस्मि**-વળગેલો છું. આથી, **नाथ**-હે નાથ !, **तारय तारय**-મને સંસાર સાગરથી તાર-તાર.

હે સ્વામી ! હું ઉત્સાહના અભાવથી હણાયેલો નથી, અર્થાત્ હું નિરુત્સાહ બન્યો નથી, કિંતુ પૂર્વે જ બૌદ્ધ વગેરે સઘળાંય દર્શનોમાં ફર્યો છું. તેમાં મેં એક આપને જ સંસાર સમુદ્રથી તારવા માટે સમર્થ તીર્થ જાણ્યા છે. તેથી હું આપના જ ચરણ કમળના મૂળને વળગેલો છું. તેથી જ હે નાથ ! મને આ સંસાર સમુદ્રથી જલદી તાર તાર, અને મોક્ષરૂપ સામે કિનારે પહોંચાડ.

અહીં અત્યંત પીડા જણાવવા માટે તાર તાર એમ બે વખત કહ્યું છે. (૭)

**હું સર્વથા જ આપના અનુગ્રહને અયોગ્ય નથી. કારણ કે—**

**भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ।**
**औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે કૃપાલુ ! **भवत्प्रसादेन एव**-આપની મહેરબાનીએ જ, **अहं**-મને, **इयतीं भुवं**-આટલી સારી અવસ્થાએ, **प्रापितः**-લાવી મૂક્યો છે, આથી, **इदानीं**-હવે, **औदासीन्येन**-મધ્યસ્થ ભાવથી, **उपेक्षितुम्**-ઉપેક્ષા કરવી એ, **तव**-આપના માટે, **नं युक्तम्**-ઉચિત નથી.

હે ભગવન્ ! આપની મહેરબાનીએ જ મને આપની ઉપાસનાને યોગ્ય

આટલી સારી અવસ્થાએ લાવી મૂક્યો છે. તેથી હમણાં પણ મધ્યસ્થ ભાવથી ઉપેક્ષા કરવી એ વિશ્વ ઉપર અસાધારણ વાત્સલ્ય કરનારા આપને માટે યોગ્ય નથી. આશ્રિતોની ઉપેક્ષા કરવી એ સુસ્વામીનો ધર્મ નથી. (૮)

**મને મોહાદિ વિડંબના પમાડી રહ્યા છે એમ આપ જાણતા નથી એવું નથી કારણ કે—**

**ज्ञाता तात ! त्वमेवैकस्त्वत्तो नान्यः कृपापरः ।**
**नान्यो मत्तः कृपापात्रमेधि यत्कृत्यकर्मठः ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

**तात**-હે તાત !, **त्वमेवैकः**-આપ જ એક (સર્વ ઉપાયોના), **ज्ञाता**-જ્ઞાતા છો, **त्वत्तः**-આપનાથી, **अन्यः**-અન્ય કોઇ, **कृपापरः**-કૃપામાં તત્પર **न**-નથી, **मत्तः**-મારાથી, **अन्यः**-અન્ય કોઇ, **कृपापात्रं**-કૃપાપાત્ર **न**-નથી. આથી હે દયાળુ !, **यत्कृत्य**-આપનું જે કર્તવ્ય છે તેમાં **कर्मठः**-તત્પર, **एधि**-થાઓ. અર્થાત્ કૃપાપાત્ર ઉપર કૃપા કરવી એ આપનું કર્તવ્ય છે. આથી આપ કૃપાપાત્ર મારા ઉપર કૃપા કરો, જેથી હું સર્વ દુ:ખોથી મુક્ત બનું.

હે તાત ! હે સંયમરૂપ શરીરના જનક ! અપ્રતિહતજ્ઞાનદષ્ટિવાળા આપ જ એક મારી દુર્દશાના જ્ઞાતા છો. જાણનારો પણ જો કરુણાથી રહિત હોય તો કેવી રીતે બીજા ઉપર અનુગ્રહ કરે ? માટે સ્તુતિકાર કહે છે-જગતમાં આપનાથી અન્ય કોઇ નિષ્કારણ દયાળુ નથી. મારાથી બીજો કોઇ આપના જેવાની કૃપાને પાત્ર નથી. તેથી એક આપના જ શરણે રહેલા સેવક એવા મારા વિષે સુસ્વામી એવા આપનું જે કર્તવ્ય છે તે કાર્યમાં આપ શૂર બનો. આપની જેમ હું પણ જે રીતે ભવભયોનું સ્થાન ન બનું તે રીતે આપ પ્રસન્ન બનો. (૯)

## सप्तदशप्रकाशः

**આ પ્રમાણે આત્મગર્હાસ્તવથી રાગની પીડાને જણાવીને હવે સંપૂર્ણપણે પરમાત્માનું શરણ સ્વીકારવાની ઇચ્છાવાળા સ્તુતિકાર શરણાસ્તવને કહે છે—**

**स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।**
**नाथ ! त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

**नाथ**-હે નાથ !, **शरणोज्झितः**-શરણ રહિત હું, **स्वकृतं**-મારા કરેલાં, **दुष्कृतं**-દુષ્કૃત્યોની, **गर्हन्**-ગર્હા કરતો, **च**-અને, **सुकृतं**-સુકૃત્યોની, **अनुमोदयन्**-અનુમોદના કરતો, **त्वच्चरणौ**-આપના ચરણોના, **शरणं**-શરણે, **यामि**-જઉં છું.

હે નાથ ! હે યોગક્ષેમકારક ! ભાવશત્રુનો અતિશય ત્રાસ હોવાથી શરણ રહિત બનેલો હું અનાદિ સંસારમાં મિથ્યાત્વ વગેરે બંધહેતુઓના સાંનિધ્યથી [૧]બદ્ધ-નિધત્ત આદિ રૂપે બાંધેલાં પ્રાણાતિપાત વગેરે અઢાર પાપસ્થાન રૂપ દુષ્કૃતોની ગર્હા કરતો=''આ કાર્ય મેં ખોટું કર્યું'' એ પ્રમાણે પશ્ચાત્તાપ પૂર્વક નિરંતર સ્મરણ કરતો અને પોતે જ કરેલાં આશ્રવદ્વારોના સંવરણરૂપ સુકૃતોને આનંદપૂર્વક અંતરમાં વિચારતો આપના ચરણોનું શરણ સ્વીકારું છું. (૧)

---

૧. કર્મના સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત એમ ચાર પ્રકાર છે.

**સ્પૃષ્ટ** : પરસ્પર અડકેલી સોયો સમાન. જેમ પરસ્પર અડીને રહેલી સોયોને છૂટી કરવી હોય તો અડવા માત્રથી છૂટી કરી શકાય, તેમ કર્મો વિશેષ ફળ આપ્યા વિના સામાન્યથી (=પ્રદેશોદયથી) ભોગવાઇને આત્માથી છૂટા પડી જાય તેવો બંધ સ્પૃષ્ટ બંધ છે. જે જીવ પાપ કરવાની ઇચ્છા ન હોવા છતાં ચાલે તેમ ન હોવાથી દુભાતા દિલે પાપ કરે તેનો બંધ અત્યંત શિથિલ હોય છે. આવાં કર્મો હૃદયના પશ્ચાત્તાપથી નાશ પણ પામી જાય.

**બદ્ધ** : દોરામાં પરોવેલી સોયો સમાન. જેમ દોરામાં પરોવેલી સોયોને છૂટી કરવી હોય તો જરા પ્રયત્ન કરવો પડે તેમ, કર્મો થોડું ફળ આપીને છૂટા થાય તેવો બંધ બદ્ધબંધ છે. ઇચ્છાથી કરેલાં પાપોથી આ બંધ થાય.

**નિધત્ત** : દોરામાં પરોવેલી અને કટાઇ ગયેલી સોયો સમાન. આવી સોયોને છૂટી પાડીને ઉપયોગમાં લેવી હોય તો તેલમર્દન આદિ ઘણી મહેનત કરવી પડે છે, એ પ્રમાણે કર્મો ઘણું ફળ આપીને છૂટાં થાય તેવો બંધ તે નિધત્ત બંધ. ઇચ્છાથી અને રાજી થઇને કરેલાં પાપોથી આવો કર્મબંધ થાય.

**નિકાચિત** : ઘણથી કુટીને એકમેક બનાવેલી સોયો સમાન. જેમ આવી સોયો ઉપયોગમાં ન લઇ શકાય, તેમાંથી નવી સોયો બનાવવાની મહેનત કરવી પડે, તેમ કર્મો પોતાનું અત્યંત ઘણું ફળ આપીને જ વિદાય થાય તેવો બંધ નિકાચિત બંધ. અત્યંત રાચી-માચીને રસપૂર્વક, આનંદ અને ઉત્સાહથી કરેલા પાપથી આવો બંધ થાય.

પ્રથમ ત્રણ પ્રકારના બંધના ફળમાં શુભાશુભ અધ્યવસાયના આધારે ફેરફાર (=વધારેમાંથી ઓછું અને ઓછામાંથી વધારે) થઇ શકે, પણ નિકાચિત બંધમાં કોઇ જાતનું પરિવર્તન ન થાય. સામાન્ય રીતે જેવી રીતે બાધ્યું હોય તેવી જ રીતે ભોગવવું જ પડે.

દુષ્કૃતોની ગર્હાને જ કહે છે—

**मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।**
**मिथ्या मे दुष्कृतं भूया-दपुनः क्रिययान्वितम् ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે ભગવંત ! **कृतानुमतिकारितैः**-કરણ-કરાવણ-અનુમોદનથી, **मनोवाक्कायजे**-મન-વચન-કાયાથી થયેલા, **पापे**-પાપ વિષે, **मे**-મારાં, **दुष्कृतं**-જે દુષ્ટ કૃત્યો હોય તે, **अपुनःक्रिययान्वितम्**-ફરીથી નહિ કરવાની ભાવનાપૂર્વક, **मिथ्या**-મિથ્યા, **भूयात्**-થાઓ.

હે ભગવન્ ! કરણ-કરાવણ-અનુમોદનથી અને મન-વચન-કાયાથી થનારા દુશ્ચિંતન, દુર્ભાષણ અને દુરાચરણ રૂપ પાપમાંથી મેં પૂર્વે જે દુષ્કૃતો કર્યાં હોય તે આપના અચિંત્ય મહિમાના સામર્થ્યથી ફરીથી ન કરવાની ભાવનાપૂર્વક મિથ્યા થાઓ=કરેલું પણ ન કરેલા જેવું થાઓ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જે પાપનું મિથ્યાદુષ્કૃત રૂપ (=મિચ્છા મિ દુક્કડં) પ્રાયશ્ચિત લીધું તે પાપ જો ફરી પણ કરાય તો તે મિથ્યાદુષ્કૃત કુંભારના મિથ્યાદુષ્કૃતની જેમ નકામું જ થાય. માટે અહીં "ફરીથી ન કરવાની ભાવના પૂર્વક" એમ કહ્યું. (૨)

સુકૃતના અનુમોદનને કહે છે—

**यत्कृतं सुकृतं किञ्चिद्, रत्नत्रितयगोचरम् ।**
**तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **मार्गमात्रानुसारी**-(મોક્ષ)મોર્ગને અનુસરનારું **अपि**-પણ, **रत्नत्रितयगोचरम्**-સમ્યગ્જ્ઞાનાદિ ત્રણ રત્નો સંબંધી, **यत्**-જે કંઇ, **किञ्चित्**-અલ્પ, **सुकृतं**-સુકૃત, **कृतं**-મેં કર્યું હોય, **तत् सर्वं**-તે સઘળું સુકૃત, **अहं**-હું, **अनुमन्ये**-અનુમોદું છું.

હે સ્વામી ! તેવા પ્રકારની શુભ સામગ્રીના સંયોગથી જ્ઞાન-દર્શન-ચારિત્ર સંબંધી અલ્પ પણ જે કાંઇ સુકૃત મેં કર્યું હોય તે સઘળું સુકૃત જ્ઞાનાદિયુક્ત માર્ગમાં માત્ર પ્રવેશેલો પણ હું હર્ષપૂર્વક અનુમોદું છું.

"જ્ઞાનાદિયુક્ત માર્ગમાં પ્રવેશેલો પણ" એમ કહેવામાં આશય આ છે- જ્ઞાનાદિ જ્યારે ઘણા આચર્યા હોય ત્યારે જ અનુમોદનાથી પુણ્યને એકઠું કરે છે. હું તો રત્નત્રયરૂપ માર્ગને માત્ર અનુસરનારો જ છું, નહિ કે યથોક્ત કરનાર છું. યથોક્ત કરવામાં આવે તો મોક્ષ જ થાય. તો પણ (=યથોક્ત કરનારો ન હોવા છતાં) જ્ઞાનાદિ સંબંધી અલ્પ પણ જે સુકૃત કર્યું હોય તેને અનુમોદું છું.

(પહેલા નંબરમાં જ્ઞાનાદિ ઘણા આચર્યા હોય તો તેની અનુમોદનાથી પુણ્ય એકઠું થાય. બીજા નંબરમાં જ્ઞાનાદિ થોડા આચર્યા હોય તો પણ તેની અનુમોદનાથી પુણ્ય એકઠું થાય. સ્તુતિકાર અહીં પોતાને બીજા નંબરમાં મૂકીને સુકૃતની અનુમોદના કરી છે.)

અથવા मार्गमात्रानुसार्यपि એ પદ सुकृतं પદનું વિશેષણ છે. (૩)

**ફરી સુકૃતની અનુમોદનાને કહે છે—**

**सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।**
**अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે પ્રભુ ! **अर्हदादीनां**-અરિહંતાદિ, **तेषां**-તે, **सर्वेषां**-સઘળા, **महात्मनाम्**-મહાત્માઓના, **अर्हत्त्वादिक**:-અરિહંતપણું વગેરે, **यः यः**-જે-જે, **गुण**:-ગુણ છે, **तं तं**-તે-તે, **सर्वं**-સઘળા ગુણોની, **अनुमोदयामि**-હું અનુમોદના કરું છું.

નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર ભેદવાળા, ભૂતકાળમાં થઇ ગયેલા, વર્તમાનમાં થતા અને ભવિષ્યમાં થનારા, બધી ય કર્મભૂમિઓમાં ઉત્પન્ન થયેલા અરિહંત વગેરે તે સઘળા મહાત્માઓના અરિહંતપણું વગેરે જે જે ગુણો છે તે તે સઘળાય ગુણોની હું અનુમોદના કરું છું. ગુણીઓના ગુણોનું અનુમોદન મોક્ષમાર્ગનું મૂલ્ય વિનાનું ભાતું છે. આથી જેનું કીર્તન પણ પુણ્યરૂપ છે, એવા તે મહાત્માઓના

ગુણોને હું પણ અનુમોદું છું.

અરિહંતોનો ગુણ અરિહંતપણું છે. સિદ્ધોનો ગુણ સિદ્ધાવસ્થા છે. આચાર્યોનો ગુણ પાંચ પ્રકારના આચારમાં કુશળતા છે. ઉપાધ્યાયોનો ગુણ સિદ્ધાંતના સૂત્રોનો ઉપદેશ કરવો એ છે. સાધુઓનો ગુણ રત્નત્રયીની સાધના કરવી એ છે. (૪)

**આ પ્રમાણે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના કહીને પ્રસ્તુત શરણગમનને કહે છે—**

**त्वां त्वत्फलभूतान् सिद्धान्, त्वच्छासनरतान्मुनीन् ।**
**त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે શરણ્ય ! હું, **त्वां**-આપના, **त्वत्फलभूतान्**-આપના ફલરૂપ, **सिद्धान्**-સિદ્ધોના, **त्वच्छासनरतान्मुनीन्**-આપની આજ્ઞામાં રત મુનિઓના, **च**-અને, **त्वच्छासनं**-આપના પ્રવચનના, **शरणं**-શરણને, **भावतः**-ભાવથી, **प्रतिपन्नो अस्मि**-પામેલો છું, અર્થાત્ સ્વીકાર્યું છે.

હે ભગવન્ ! હું ભાવ અરિહંત સ્વરૂપ આપના, આપના ફલરૂપ સિદ્ધોના, આપની આજ્ઞામાં રત મુનિઓના અને આપના પ્રવચનના શરણે ભાવથી રહ્યો છું. હું ભાવથી શરણે રહ્યો છું, પરના દબાણ આદિથી નહિ. ભાવ વિના કરેલું જિનશાસન આદિનું અનુશરણ અફલ કે અલ્પ ફલવાળું બને છે. જેવી રીતે વ્યાપન્ન દર્શન જીવોને જિનશાસન આદિનું અનુસરણ અફલ કે અલ્પફલવાળું બને છે તેમ ભાવ વિના કરેલું જિનશાસન આદિનું અનુસરણ અફલ કે અલ્પ ફલવાળું બને છે. (જેમનામાં પૂર્વે સમ્યક્ત્વ હતું પણ હમણાં નથી તેવા જીવો વ્યાપન્નદર્શન છે. આવા જીવો જિનશાસનની ક્રિયાઓ કરનારા હોય છે. પણ તેમને એ ક્રિયાઓથી ફલ મળતું નથી, કે અલ્પફલ મળે છે.)

સિદ્ધો સકલકર્મરૂપ મલસમૂહનો વિનાશ થઇ જવાથી હળવા થયેલા છે. હળવા થવાના કારણે લોકના અગ્ર ભાગે રહેલા હોય છે. અરિહંતોનું ફલ સિદ્ધત્વ જ છે, અર્થાત્ અરિહંતો પણ સર્વ કર્મોનો ક્ષય થતાં સિદ્ધ બને છે. અરિહંતની

આજ્ઞા (=શાસન) કુવાસનારૂપ પાપને છેદનારી છે. અરિહંતનું શાસન (=આજ્ઞા) અપાર સંસારરૂપ સમુદ્રના સામે પાર પહોંચાડનાર વહાણ સમાન છે. (૫)

**આ પ્રમાણે દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદના-શરણાગમનને કહીને જીવક્ષમાપનાને કહે છે—**

**क्षमयामि सर्वान् सत्त्वान्, सर्वे क्षाम्यन्तु ते मयि ।**
**मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે ક્ષમાસાગર ! **सर्वान्**-સઘળા, **सत्त्वान्**- જીવોને, **क्षमयामि**-હું ખમાવું છું, **ते सर्वे**-તે સઘળા જીવો, **मयि**-મને, **क्षाम्यन्तु**-ક્ષમા કરો, **त्वदेकशरणस्य**-એક આપના જ શરણે રહેલા, **मे**-મને, **तेषु सर्वेषु**-તે સઘળા જીવો ઉપર, **मैत्री अस्तु**-મૈત્રી ભાવ હો.

હે ક્ષમાપ્રધાન ! સર્વ જીવોને હું ખમાવું છું. તે સઘળા જીવો મને ક્ષમા કરો. આ પ્રમાણે થયે છતે આપના ચરણોનું સ્મરણ જ શરણ છે જેને એવા મને તે સઘળાય જીવો ઉપર મૈત્રીભાવ હો.

**સર્વજીવો**=એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના શત્રુ-મિત્રો, જોયેલા-ન જોયેલા, પરિચિત-અપરિચિત (વગેરે) ભેદવાળા.

**ખમાવું છું**=પોતાના અપરાધનો સ્વીકાર કરીને ક્ષમાને ગ્રહણ કરાવું છું, અર્થાત્ ક્ષમાવાળા બનાવું છું.

**ક્ષમા કરો**=મારા ઉપર કલુષતાને છોડીને સહન કરવાના શુભ મનવાળા બનો, અર્થાત્ મારો અપરાધ સહન કરો=માફ કરો.

મૈત્રીનું સ્વરૂપ પૂર્વે (ત્રીજા પ્રકાશના પંદરમાં શ્લોકમાં) કહી દીધું છે. (૬)

**એ પ્રમાણે જીવક્ષમાપનાને કરીને મમતાનો ત્યાગ કરવા માટે એકત્વ ભાવનાને ભાવતા સ્તુતિકાર કહે છે—**

**एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचित् ।**
**त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किञ्चन ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વેશ ! **अहं**-હું **एकः**-એકલો છું, **मे**-મારું, **कश्चिद्**-કોઇ, **नास्ति**-નથી, **च**-અને, **अहमपि**-હું પણ કોઇનો નથી, **त्वदङ्घ्रिशरणस्थस्य**-આપના ચરણના શરણે રહેલા, **मम**-મને, **किञ्चन**-જરાપણ, **दैन्यं**-દીનતા **न**-નથી.

હે વિશ્વનું હિત કરનારા ! બહિર્મુખ જીવો વડે જે આ પત્ની, પુત્ર, ધન અને ધાન્ય વગેરે વસ્તુઓ મારી છે એમ કહેવાય છે=વ્યવહાર કરાય છે, તે વસ્તુઓ પણ પરભવથી આત્માની સાથે આવતી નથી, પરભવમાં જતા આત્માની પાછળ જતી પણ નથી. તેથી આ બધી વસ્તુઓ આત્માથી જુદી જ છે. આ પ્રમાણે નિશ્ચિત થયે છતે દ્રવ્યથી હું પરિવાર સાથે હોવા છતાં ભાવથી એકલો જ છું. સ્વકાર્યમાં (=સ્વાર્થમાં) તત્પર આ વસ્તુઓમાં અને બાંધવો આદિમાં મારો કોઇ સંબંધ નથી. પોતે કરેલા કર્મના ફળને ભોગવનારો હું પણ એમનો સંબંધી નથી.

આ પ્રમાણે એકાંતે જ એકલા તને ઘણી દીનતા થાય એવી આશંકા કરીને સ્તુતિકાર કહે છે-આપના ચરણોના શરણનો સ્વીકાર કરનારા મને સ્વલ્પ માત્ર પણ દીનતા નથી, બલ્કે આત્મામાં રમણ કરનારા મને સ્વતંત્રતાનું પરમસુખ જ છે. (૭)

**यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।**
**तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે શરણાગત વત્સલ ! **यावद्**-જ્યાં સુધી, **त्वदनुभावजाम्**-આપની કૃપાથી થનારી, **परां**-પ્રકૃષ્ટ, **पदवीं**-મુક્તિરૂપ પદવીને, **न आप्नोमि**-હું પામું નહિ, **तावद्**-ત્યાં સુધી, **शरणं श्रिते मयि**-આપના શરણે રહેલા મારા વિષે, **शरण्यत्वं**-શરણ્યભાવનો, **मा मुञ्च**-આપ ત્યાગ કરશો નહિ. અર્થાત્ કૃપાદષ્ટિનો ત્યાગ કરશો નહિ.

હે વિશ્વવત્સલ ! જ્યાં સુધી આપના સર્વાદ્ભુત પ્રભાવથી થનારા પરમાનંદરૂપ મુક્તિપદને પામું નહિ ત્યાં સુધી આપના ચરણતલમાં લીન બનેલા મારા વિષે શરણ્યભાવનો=શરણે આવેલા જીવો પ્રત્યે ઉચિત પાલકપણાનો આપ ત્યાગ ન કરો. (૮)

# अष्टादशप्रकाशः

**આ પ્રમાણે ત્રણ જગતના ગુરુના શરણનું અનુસરણ કરીને આશ્રયવાળા બનેલા, અને અરિહંતથી અન્ય દેવોનો શાંતિથી ઉપહાસ કરવાની ઇચ્છાવાળા તથા પરિણામે સુકોમલ હોવા છતાં પ્રારંભમાં કઠોર વાણીથી ભગવાનની સ્તુતિ કરવાની ઇચ્છાવાળા સ્તુતિકાર 'કઠોરોક્તિ' સ્તવને કહે છે. તેનો પ્રારંભનો શ્લોક આ છે—**

**न परं नाम मृद्वेव, कठोरमपि किञ्चन ।**
**विशेषज्ञाय विज्ञप्यं, स्वामिने स्वान्तशुद्धये ।।१।।**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે ત્રિભુવનસ્વામી ! **विशेषज्ञाय**-વક્તાના અભિપ્રાયને વિશેષરૂપે જાણનાર, **स्वामिने**-સ્વામીને, **परं**-કેવળ, **नाम मृदु एव न**-કોમળ જ નહિ, કિંતુ, **किञ्चन**-કંઇક, **कठोरमपि**-કઠોર પણ, **स्वान्तशुद्धये**-પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે, **विज्ञप्यं**-કહેવું જોઇએ.

વિશેષજ્ઞ સ્વામીને કેવલ કોમળ નહિ, કિંતુ વચ્ચે કંઇક કઠોર=કઠોર જેવું પણ પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે (અંતઃકરણમાં થતા કુવિકલ્પોની કલ્પનાને દૂર કરવા માટે) કહેવું જોઇએ.

વિશેષજ્ઞ એટલે વક્તાના અભિપ્રાયને વિશેષથી જાણનાર. અહીં આશય આ છે-જે સ્વામી સ્થૂલમતિવાળા હોવાથી જેવું સાંભળ્યું હોય અને જેવું જોયું હોય તેવા જ અર્થને ગ્રહણ કરે (=તાત્પર્યને પકડે નહિ) તે સ્વામીને તેના મનના આનંદ માટે સુકોમલ કહેવું જોઇએ. પણ જે સ્વામી દેશ, કાલ, પ્રસંગ, ઔચિત્ય, પુરુષ અને પુરુષના આશય વિશેષનો જાણકાર હોય તે સ્વામીને યથાર્થ કહેનારા સેવકોએ શુદ્ધભાવથી અનુકૂળ અને પ્રતિકૂળ પણ કહેવું જોઇએ. તથા સેવકના ભાવને જાણનારા સુસ્વામીએ પણ સેવકના કથનનું અવધારણ કરવું જોઇએ. કારણ કે જે સેવક પોતાના સ્વામીને હિતકર વચન કહેતો નથી તે કુસેવક છે, અને જે સ્વામી સેવકની હિતકર વાણીને સાંભળતો નથી તે કુસ્વામી છે. (૧)

**સ્તુતિકાર-"न पक्षि" ઇત્યાદિ કઠોર વચનને જ પ્રગટ કરે છે. તેનો (=न पक्षि ઇત્યાદિનો "तदेवम्" એ પ્રમાણેના પાંચમા [1]શ્લોકમાં સંબંધ છે. હે ભગવન્ ! પરીક્ષકો આપને દેવ તરીકે કેવી રીતે સ્થાપે ? કારણ કે આપ સર્વ દેવોથી જુદા છો. કેવી રીતે જુદા છો ? આ પ્રમાણે (=હવેથી) કહેવાતા પ્રકારથી આપ સર્વ દેવોથી જુદા છો. તેને જ બતાવે છે—**

**न पक्षिपशुसिंहादि-वाहनासीनविग्रहः ।**
**न नेत्रवक्त्रगात्रादि-विकारविकृताकृतिः ॥२॥**

૨) અન્વય સહિતં શબ્દાર્થ—

હે સ્વામી ! આપ **न पक्षिपशुसिंहादिवाहनासीनविग्रहः** પક્ષી, પશુ અને સિંહ વગેરે ઉપર આરૂઢ થયા નથી. **नेत्रवक्त्रगात्रादिविकारविकृताकृतिः न**-આપ નેત્ર, મુખ, શરીર વગેરેના વિકારોથી વિકૃત આકૃતિવાળા નથી.

આ લોકમાં જે દેવો અમારા જોવામાં આવ્યા છે તે પક્ષી વગેરે વાહન ઉપર આરૂઢ થયા છે. તે આ પ્રમાણે- બ્રહ્મા, વિષ્ણુ અને કાર્તિક સ્વામી (=શિવ-પાર્વતીનો પુત્ર) અનુક્રમે હંસ, ગરુડ અને મોર ઉપર બેસીને જતા હોવાથી પક્ષી વાહનવાળા છે. મહાદેવ, અગ્નિદેવ અને વાયુદેવ અનુક્રમે બળદ, બકરો અને હરણ ઉપર બેસીને જતા હોવાથી પશુવાહનવાળા છે. ભવાની (=પાર્વતી) દેવી સિંહવાહનવાળી છે. આદિ શબ્દથી મનુષ્યવાહનવાળા અને મેઘવાહનવાળા વગેરે દેવો ગ્રહણ કરવા. આપ તો પક્ષી વગેરે એક પણ વાહન ઉપર આરૂઢ થયા નથી. તેથી જ આપ બીજા દેવોથી જુદા છો. તથા નેત્ર, મુખ, શરીર વગેરે વિકારોથી ભરેલા જ દેવો અમારા જોવામાં આવે છે. જેમકે—શિવને ત્રણ નેત્રો છે. બ્રહ્માને ચાર મુખ છે. કાર્તિક સ્વામીને છ મુખ છે. વિષ્ણુને ચાર ભુજા છે. ગણપતિનું મુખ હાથીના મુખ જેવું છે, અને પેટ લાંબું=મોટું છે. આપ તો નેત્ર, મુખ અને શરીર વગેરેના વિકારોથી વિકૃત આકારવાળા નથી, કિંતુ વિકાર રહિત સર્વ અવયવોથી સુંદર છો. આ પ્રમાણે પણ આપ અન્ય દેવોથી જુદા છો. (૨)

---

૧. પ્રકાશના શ્લોક નંબરની અપેક્ષાએ છઠ્ઠા શ્લોકમાં.

તથા—

**न शूलचापचक्रादि-शस्त्राङ्ककरपल्लवः ।**
**नाङ्गनाकमनीयाङ्ग-परिष्वङ्गपरायणः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વવંદ્ય ! **शूलचापचक्रादिशस्त्राङ्ककरपल्लवः न**-આપના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય, ચક્ર વગેરે શસ્ત્રો હોતાં નથી. **अङ्गनाकमनीयाङ्गपरिष्वङ्गपरायणः न**-આપ કામિનીની કમનીય કાયાનું આલિંગન કરવામાં આસક્ત નથી.

દેવોના હાથો રૂપ [1]પલ્લવો ત્રિશૂલ, ધનુષ્ય અને ચક્ર વગેરેના ચિહ્નવાળા કરાયેલા હોય છે, અર્થાત્ દેવોના હાથમાં ત્રિશૂલ, ધનુષ્ય અને ચક્ર વગેરે શસ્ત્રો હોય છે. જેમ કે—શિવના (=મહાદેવના) હાથમાં ત્રિશૂલ અને ધનુષ્ય છે. વિષ્ણુના હાથમાં ધનુષ્ય અને ચક્ર છે. કાર્તિકકુમારના હાથમાં શક્તિ નામનું અસ્ત્ર છે. ગણપતિનું ફરસી (=કુહાડી) અસ્ત્ર છે. આપના તો હાથ રૂપ પલ્લવો રેખારૂપ જ ધનુષ્ય અને ચક્ર વગેરેના ચિહ્નવાળા છે, નહિ કે બીજા શસ્ત્રોના ચિહ્નવાળા, અર્થાત્ આપના હાથમાં ધનુષ્ય અને ચક્ર વગેરેના આકારની રેખાઓ છે, પણ શસ્ત્રો નથી.

તથા તે દેવો કમનીય કામિનીના મનોહર શરીરના આલિંગનથી પ્રિય થનારા છે. તે આ પ્રમાણે- મહાદેવ ગંગા અને ગૌરીથી, બ્રહ્મા ગાયત્રી અને સાવિત્રીથી, કૃષ્ણ રાધા અને રૂક્મિણીથી સદા આલિંગન કરાયેલો જ બેસી રહે છે કે આરામ કરે છે. આપે તો સ્વપ્નમાં પણ સુંદર સ્ત્રીજનનો [2]સ્પર્શ કર્યો નથી. (૩)

તથા—

**न गर्हणीयचरित-प्रकम्पितमहाजनः ।**
**न प्रकोपप्रसादादि-विडम्बितनरामरः ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

૧. पल्लव= નવું પાંદડું કે કુંપળ. करौ एव पल्लवौ=करपल्लवौ, अङ्कितौ करपल्लवौ येषां ते अङ्कितकरपल्लवाः ।

૨. परिशीलित=સ્પર્શ.

હે નાથ ! **गर्हणीयचरितप्रकम्पितमहाजनः न**-આપે નિંદ્ય કાર્યોથી ઉત્તમ માણસોને ભયભીત કર્યા નથી. **प्रकोपप्रसादादिविडम्बितनरामरः न**-આપે પ્રકોપ અને પ્રસાદ આદિથી મનુષ્યોને અને દેવોને વિડંબણા પમાડી નથી.

તે દેવો સામાન્ય લોકોથી પણ અતિશય અધમ ગણાય એવા પોતાની પુત્રીની સાથે કામક્રીડા કરવાની ઇચ્છા કરવી, ઋષિપત્નીની સાથે પ્રેમ કરવો, બ્રહ્માના મસ્તકનો છેદ કરવો, ગાયનો વધ કરવો વગેરે નિંદનીય આચરણોથી ભયભીત કર્યા છે=શિષ્ટ જનના હૃદયને "અરર ! અકૃત્યનું આ મોટું સાહસ છે" એમ ભયવાળું કર્યું છે. આપે આવા પ્રકારનું આચરણ કર્યું નથી.

તથા તેવા પ્રકારના અપરાધમાં જાગેલો જે દુર્ધર ક્રોધ, એ દુર્ધર ક્રોધથી શરૂ કર્યું છે [1]કર્મનું કાર્ય જેમણે એવા તે દેવો દેવ-મનુષ્યોને ક્યારેક શાપ અને વધ આદિથી વિડંબના પમાડે છે. મસ્તક રૂપ કમલનું ભેટણું આપવું, તીવ્ર તપ પૂર્વક ધ્યાન કરવું ઇત્યાદિથી પ્રસન્ન બનેલા તે દેવો ક્યારેક વરદાન આપવું વગેરે મહેરબાનીથી અનુગ્રહ કરીને દેવ-મનુષ્યોને ફરી વિડંબના પમાડે છે. આપ તેવા નથી. (૪)

**તથા—**

**न जगज्जननस्थेम-विनाशविहितादरः ।**
**न लास्यहास्यगीतादि-विप्लवोपप्लुतस्थितिः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિભુ ! **जगज्जननस्थेमविनाशविहितादरः न**-આપે સૃષ્ટિનું સર્જન, પાલન અને વિનાશ કરવામાં આદર કર્યો નથી. **लास्यहास्यगीतादिविप्लवोपप्लुतस्थितिः न**-આપે નટ આદિને ઉચિત નૃત્ય, હાસ્ય, ગીત આદિ વિલાસોથી આપની મુદ્રાને વિકૃત=વિકારવાળી બનાવી નથી.

તે દેવો ચરાચર આ જગતનું સર્જન, સ્થિરતા અને વિનાશમાં પ્રયત્ન

---

૧. પ્રધાન એટલે સાંખ્યદર્શનના મત પ્રમાણે પ્રકૃતિ. સાંખ્યો જેને પ્રકૃતિ કહે છે તેને જ જૈનો કર્મ કહે છે. એથી પ્રધાન એટલે કર્મ. વિધિ એટલે કાર્ય. કર્મનું કાર્ય સુખ-દુઃખ આપવું એ છે. અથવા અહીં પ્રધાન એટલે મુખ્ય. વિધિ એટલે કાર્ય. તે દેવોનું બીજાને સુખ-દુઃખ આપવું એ મુખ્ય કાર્ય છે.

કરનારા છે. એક દેવ જગતનું સર્જન કરે છે, બીજો દેવ જગતનું પરિપાલન કરે છે, બીજો દેવ જગતનો વિનાશ કરે છે. આપ તો તેમાં પણ ઉદાસીન જ છો.

તથા તે દેવોએ નટ [1]વિટને ઉચિત નૃત્ય-હાસ્ય-ગીત આદિ ચેષ્ટાઓથી પોતાની મુદ્રાને વિકારવાળી બનાવી છે. પણ આપ તો બીજાઓએ શરૂ કરેલા પણ નૃત્ય આદિને જોવામાં પણ આળસુ જેવા છો. (૫)

**तदेवं सर्वदेवेभ्यः, सर्वथा त्वं विलक्षणः ।**
**देवत्वेन प्रतिष्ठाप्यः, कथं नाम परीक्षकैः ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગત્પ્રભુ ! **एवं**-આ પ્રમાણે, **त्वं**-આપ, **सर्वदेवेभ्यः**-સઘળા દેવોથી, **सर्वथा**-દરેક રીતે, **विलक्षणः**-જુદા છો, **तत्**-તેથી, **परीक्षकैः**-પરીક્ષકો, **देवत्वेन**-આપને દેવ તરીકે, **कथं नाम**-કેવી રીતે. **प्रतिष्ठाप्यः**-સ્થાપે ?

તેથી હે ભગવન્ ! પૂર્વોક્ત રીતે આપ વિષ્ણુ અને મહાદેવ વગેરે બધાય દેવોથી સર્વથા=સઘળાય ચિહ્નોથી જુદા છો. આ પ્રમાણે નિશ્ચિત થયે છતે પરીક્ષકો આપને "આ દેવ છે" એવી બુદ્ધિથી હૃદયમાં કેવી રીતે સ્થાપે ? (લોક પ્રસિદ્ધ દેવનાં શસ્ત્રાદિ લક્ષણો આપનામાં ન દેખાવાથી પરીક્ષકો આપને "આ દેવ છે" એમ દેવ તરીકે કેવી રીતે ઓળખે ? જો દેવ તરીકે ઓળખે જ નહિ તો હૃદયમાં કેવી રીતે સ્થાપે ?) (૬)

**આ જ વિષયને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે—**

**अनुश्रोतः सरत्पर्ण-तृणकाष्ठादि युक्तिमत् ।**
**प्रतिश्रोतः श्रयद्वस्तु, कया युक्त्या प्रतीयताम् ? ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**पर्णतृणकाष्ठादि**-પર્ણ, તૃણ, કાષ્ઠ આદિ વસ્તુ, **अनुश्रोतः**-પ્રવાહ પાછળ, **सरत्**-તણાય છે એ વાત, **युक्तिमत्**-યુક્તિયુક્ત છે. પણ, **वस्तु**-તૃણ, કાષ્ઠ વગેરે વસ્તુ, **प्रतिश्रोतः**-પ્રવાહની સામે, **श्रयत्**-વહે છે એ વાતનો, **कया**-કઇ, **युक्त्या**-

૧. વિટ=વ્યભિચારી પુરુષ.

યુક્તિથી, **प्रतीयताम्**-નિર્ણય થઇ શકે ? એ પ્રમાણે લૌકિક દેવના લક્ષણોથી વિલક્ષણ આપનામાં દેવત્વબુદ્ધિ શી રીતે થાય?

પર્ણ, તૃણ, કાષ્ઠાદિ વસ્તુ પાણીના પ્રવાહ પ્રમાણે તણાય છે એ યુક્તિ-યુક્ત છે. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે (=બધાને પ્રત્યક્ષ દેખાય છે), તથા બધાયને અનુભવ સિદ્ધ છે. પણ પર્ણ અને તૃણ વગેરે વસ્તુ પાણીના પ્રવાહની સામે વહે છે એ કયા પ્રમાણબળથી નિર્ણય થઇ શકે ? એ પ્રમાણે વર્તમાન કાળના દેવોના લક્ષણથી જુદા આપનામાં દેવત્વબુદ્ધિ (=આ દેવ છે એવી બુદ્ધિ) કેવી રીતે થાય ? (૭)

**આ પ્રમાણે સ્તુતિકાર ભગવાનનું સ્વરૂપ જાણે જાણતા ન હોય તેમ [1]બહિર્મુખ પરીક્ષકોનો પક્ષ સ્વીકારવા વડે કંઇક કઠોર જેવું કહીને ફરી સ્વાભાવિક વચનને પ્રગટ કરે છે—**

**अथवाऽलं मन्दबुद्धि-परीक्षकपरीक्षणैः ।**
**ममापि कृतमेतेन, वैयात्येन जगद्गुरो ! ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

**जगद्गुरो**-હે વિશ્વગુરુ !, **अथवा**-અથવા, **मन्दबुद्धिपरीक्षकपरीक्षणैः**-અલ્પબુદ્ધિવાળા પરીક્ષકોની પરીક્ષાઓથી=વિચારણાઓથી, **अलं**-સર્યું, અને, **ममापि**-મારે પણ, **एतेन वैयात्येन**-આ (આપની પરીક્ષા સંબંધી) ધૃષ્ટતાથી, **कृतं**-સર્યું.

અથવા હે જગદ્ગુરુ ! હે વિશ્વપૂજ્ય ! વિશિષ્ટ ચિંતનથી રહિત વિચારકોના આ વિચારપ્રકારોથી (=તત્ત્વનિર્ણયના પ્રકારોથી) સર્યું. કારણકે તે વિચારપ્રકારો આપનામાં સર્વથા જ ઘટતા નથી. તથા મારે પણ પૂર્વોક્ત સામાન્ય જનને ઉચિત પરીક્ષાસંબંધી હોંશિયારીની ધિટ્ઠાઇથી સર્યું. આ પ્રમાણે આપના વિષે મનથી પણ અસત્પ્રલાપનું ચિંતન કરવું એ ઉચિત નથી. (૮)

**જો પૂર્વોક્ત દેવલક્ષણો તે રીતે ઘટી શકે તેવા નથી તો દેવને ઓળખવા માટે બીજુ લક્ષણ કયું શોધવું ? એમ સ્તુતિકાર કહે છે—**

---

૧. બહિર્મુખ=આત્મસ્વરૂપથી વિમુખ બનેલા.

**यदेव सर्वसंसारि-जन्तुरूपविलक्षणम् ।**
**परीक्षन्तां कृतधियस्तदेव तव लक्षणम् ॥९॥**

૯) અન્વય સહિત શબ્દાર્થ—

હે જિનેશ્વર ! **सर्वसंसारिजन्तुरूपविलक्षणम्**-સર્વ સંસારી જીવોના સ્વરૂપથી વિલક્ષણ, **यद्**-જે કંઇ છે, **तदेव**-તેને જ, **कृतधियः**-વિદ્વાનો, **तव**-આપનું, **लक्षणं**-લક્ષણ, **परीक्षन्तां**- વિચારે. આપનામાં રહેલી સર્વ સંસારી જીવોના સ્વરૂપથી વિલક્ષણતા જ આપને દેવ તરીકે ઓળખવાનું લક્ષણ છે.

હે સ્વામી ! સંસારી સઘળા ય જીવોના શરીરોથી [1]વિલક્ષણ (=જુદું) જે કંઇ છે તેને જ વિદ્વાનો આપનું લક્ષણ વિચારે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—બીજાઓ પક્ષીવાહન અને પશુવાહન વગેરે જેને દેવના ચિહ્ન તરીકે ઓળખે છે,' તે દેવચિહ્નો સંસારી જીવોમાં સાધારણ છે. અને દેવપણું અસાધારણ ગુણોથી ઘટે છે. આથી જ ભગવાન સર્વ સંગોથી મુક્ત હોવાથી પક્ષી અને પશુ વગેરે ઉપર આરૂઢ થતા નથી. તેથી જ ભગવાન મુક્ત છે=સંસારી નથી. વાહન ઉપર આરૂઢ થયેલાઓ પરિગ્રહથી યુક્ત હોવાથી સંસારી જ છે. તથા ભગવાન સર્વોત્તમ સમચતુરસ્ર સંસ્થાનવાળા જ છે. નેત્રાદિના વિકારવાળા નથી. [2]દ્વેષરહિત હોવાથી ત્રિશૂલ વગેરે શસ્ત્રોથી રહિત છે. વીતરાગ હોવાથી શરીર સ્ત્રીના આલિંગનથી રહિત છે. નિંદનીય આચરણ કરનાર ન હોવાથી સંપૂર્ણ વિશ્વને આનંદ આપનારા છે. પરમ સમભાવથી ભાવિત હોવાથી પ્રકોપ અને પ્રસાદ આદિથી વિડંબના કરાયેલા નથી. કૃતકૃત્ય હોવાથી વિશ્વનિર્માણ આદિમાં વ્યગ્ર નથી. મોહરહિત હોવાથી નૃત્ય અને હાસ્ય આદિથી વિકૃત મુદ્રાવાળા નથી. બીજા દેવો પૂર્વોક્ત સ્વરૂપવાળા છે. આવા પ્રકારનું જે આ ''સંસારી સઘળાય જીવોના શરીરોથી વિલક્ષણ'' જે કંઇ છે તે જ આપનું લક્ષણ છે. (૯)

**આ જ વિષયને સ્પષ્ટ કરતા સ્તુતિકાર ઉપસંહાર કરે છે—**

૧ ટીકામાં રહેલ लोकोत्तरत्वेन પદનો અર્થ સ્વયં સમજી લેવો.

૨. प्रोषितद्वेषत्व શબ્દનો શબ્દાર્થ આ પ્રમાણે છે-પ્રોષિત એટલે પરદેશ ગયેલ. પરદેશ ગયો છે દ્વેષ જેમનો તે પ્રોષિતદ્વેષ. પ્રોષિત દ્વેષનો ભાવ તે પ્રોષિતદ્વેષત્વ.

**क्रोधलोभभयाक्रान्तं, जगदस्माद्विलक्षणः ।**
**न गोचरो मृदुधियां, वीतरागः कथञ्चन ॥१०॥**

૧૦) અન્વય સહિત શબ્દાર્થ—

**जगत्**-સંસારી જીવો, **क्रोधलोभभयाक्रान्तं**-ક્રોધ, લોભ ને ભયથી ઘેરાયેલા છે, **अस्मात्**-એ જીવોથી, **विलक्षणः**-વિરુદ્ધ સ્વરૂપવાળા, **वीतरागः**-વીતરાગ, **कथञ्चन**-કોઇ પણ રીતે, **मृदुधियां**-અલ્પબુદ્ધિવાળા લોકોના, **गोचरः**- જોવામાં આવતા **न**-નથી.

આ જગત ક્રોધ-લોભ-ભય વગેરે પ્રસિદ્ધ આંતર શત્રુઓથી ઘેરાયેલું છે. ભગવાન તો ક્રોધાદિથી ઘેરાયેલા ન હોવાથી જ આ જગતથી વિલક્ષણ છે. આથી જ અલ્પબુદ્ધિવાળા બહિર્મુખ જીવો ભગવાનને કોઇપણ ઉપાયથી 'વીતરાગ' તરીકે જોઇ શકતા નથી, અર્થાત્ જે વીતરાગ હોય તે જ ભગવાન કહેવાય એમ જાણી શકતા નથી. કારણ કે ભગવાનથી અનુગ્રહ કરાયેલા અંતર્મુખ જીવો જ ભગવાનને 'વીતરાગ' તરીકે જોઇ શકે છે. (૧૦)

## एकोनविंशतितमप्रकाशः

**આ પ્રમાણે જગતથી વિલક્ષણ લક્ષણોથી ઓળખાયેલા પણ ભગવાન જેની આરાધનાથી સારી રીતે આરાધેલા થાય છે તે જિનાજ્ઞાને સ્તુતિકાર 'આજ્ઞા સ્તવથી' શરૂ કરે છે. તેનો પહેલો શ્લોક આ છે—**

**तव चेतसि वर्त्तेऽह-मिति वार्तापि दुर्लभा ।**
**मच्चित्ते वर्त्तसे चेत्त्व-मलमन्येन केनचित् ॥१॥**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે પરમાત્મા ! આપના ચિત્તમાં હું ખરેખર વસું એ તો દુર્લભ છે જ, પણ **तव**-આપના, **चेतसि**-ચિત્તમાં, **अहं**-હું, **वर्त्ते**-વસું, **इति**-એવી, **वार्ता**-વાત, **अपि**-પણ, **दुर्लभा**-દુર્લભ છે. એટલે એની આશા રાખવી નકામી છે. હા આપ મારા ચિત્તમાં વસો એ સુશક્ય છે. આથી, **चेत्**-જો, **त्वं**-આપ, **मच्चित्ते**-મારા ચિત્તમાં, **वर्तसे**-વસો તો મારે, **अन्येन केनचित्**-બીજા કશાથી, **अलं**-સર્યું=બીજું કંઇ જોઇતું નથી.

હે વિશ્વનું હિત કરનાર ! અકૃત્રિમ ભક્તિ કરનાર સેવક ક્રમે કરીને સ્વામીના ચિત્તમાં પ્રવેશે છે જ=વસે છે જ એવી લોકસ્થિતિ છે. પણ લોકોત્તર ચરિત્રવાળા આપનામાં તો આ દુ:ખે કરીને ઘટી શકે તેવું છે, એમ સ્તુતિકાર કહે છે- આપના રાગરહિત ચિત્તમાં હું વસું એવી વાત પણ દુર્લભ જ છે. કેવળ મારે આધીન મારા ચિત્તમાં જો આપ નિરંતર વસો તો મારે ''આપના ચિત્તમાં મારો વાસ થાય'' ઇત્યાદિ અન્ય કોઇ પણ મનોરથથી સર્યું. મારા ચિત્તમાં આપનો નિવાસ થાય એટલા માત્રથી જ હું કૃતકૃત્ય છું એવો અહીં ભાવ છે. (૧)

**આટલાથી શા માટે કૃતકૃત્ય છો એમ કોઇ પૂછતું હોય તો સ્તુતિકાર તેનો જવાબ આપે છે—**

**निगृह्य कोपतः काँश्चित्, काँश्चित्तुष्ट्याऽनुगृह्य च ।**
**प्रतार्यन्ते मृदुधियः, प्रलम्भनपरैः परैः ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે નાથ ! **प्रलम्भनपरैः**-છેતરવામાં તત્પર, **परैः**-કુતીર્થિક દેવો, **कांश्चित्**-કોઇને, **कोपतः**-કોપથી, **निगृह्य**-નિગ્રહ કરીને, **च**-અને, **कांश्चित्**-કોઇને, **तुष्ट्यानुगृह्य**-પ્રસાદથી ખુશ કરીને, **मृदुधियः**-અલ્પબુદ્ધિવાળા લોકોને, **प्रतार्यन्ते**-છેતરે છે. પણ આપ જેના ચિત્તમાં વસો છો તેને એ દેવો છેતરી શકતા નથી. આથી આપ મારા ચિત્તમાં વસો તો હું એમની છેતરામણીથી બચી જઉં. આથી જ મારા ચિત્તમાં આપના વાસ સિવાય મારે બીજું કંઇ જોઇતું નથી. આ પ્રમાણે બીજા શ્લોકનો પ્રથમ શ્લોક સાથે સંબંધ છે. પ્રથમ શ્લોકમાં કરેલી માગણીનું કારણ બીજા શ્લોકમાં જણાવ્યું છે.

હે સ્વામી ! છેતરવા માટે પ્રપંચ કરવામાં કુશળ એવા બીજા રાગી-દ્વેષી દેવો જેમના ચિત્તમાં આપ વસ્યા નથી તેવા આ અલ્પબુદ્ધિવાળા જીવોને છેતરે છે=દુ:ખી કરે છે. પોતાને પ્રતિકૂળ હોય તેવા કોઇકને ક્રોધ જાગ્રત થવાથી શાપ આપવો, મારી નાખવા ઇત્યાદિ નિગ્રહ કરીને અને પોતાને અનુકૂળ હોય તેવા કેટલાકને મહેરબાનીથી વરદાન આપવું ઇત્યાદિથી અનુગ્રહ કરીને છેતરે છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—ખરેખર ! અલ્પ બુદ્ધિવાળા જીવો ભવિષ્યનો વિચાર કર્યા વિના તેમને તત્કાલ ફલ આપનારી નિગ્રહ-અનુગ્રહની શક્તિને વિચારીને ભયથી અને પ્રેમથી તેમને અનુસરે છે, અને અગાધ સંસાર સમુદ્રમાં પડે જ છે. વિશ્વવત્સલ આપનાથી અલંકૃત ચિત્તમાં તેમની છેતરપિંડી સમર્થ બનતી નથી, આથી આપ મારા ચિત્તમાં વસો એટલે હું [1]કૃતકૃત્ય જ છું. (૨)

**જો તમારા આ આપ્ત એકાંતે વીતરાગ જ છે તો નિરંતર પણ કરેલા સ્તુતિ-સ્તોત્રોથી પ્રસન્ન નહિ થાય. જો સ્તુતિ-સ્તોત્રોથી પ્રસન્ન થાય છે તો નક્કી વીતરાગ નથી. જે પ્રસન્ન ન થાય તે કેવું ફળ આપશે ? એથી વીતરાગ સંબંધી તમારા આ સ્તુતિવાદનું = તમોએ કરેલી વીતરાગની સ્તુતિનું ફલ ગળાનો અને તાળવાનો શોષ જ છે. આ પ્રમાણે પ્રલાપ કરનારા બીજાઓને સ્તુતિકાર કહે છે—**

**अप्रसन्नात्कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।**
**चिन्तामण्यादय: किं न, फलन्त्यपि विचेतना: ? ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

**પ્રશ્ન :** જે પ્રસન્ન થાય તે જ વાંછિત ફળ આપે. વીતરાગ દેવ રાગ-દ્વેષ રહિત હોવાથી પ્રસન્ન થતા નથી. એટલે **अप्रसन्नात्**-અપ્રસન્ન વીતરાગ પાસેથી, **फलं**-વાંછિત ફળ, **कथं**-કેવી રીતે, **प्राप्यम्**-મળે ?

**ઉત્તર : एतद् असङ्गतम्**-જે પ્રસન્ન થાય તે જ વાંછિત ફળ આપે એ કથન અસંગત છે. **चिन्तामण्यादय**:-ચિંતામણિ વગેરે, **विचेतना**:-ચેતના રહિત=જડ હોવા છતાં, **किं न फलन्ति**-શું ફળ આપતા નથી ? જેમ ચિંતામણિ વગેરે પ્રસન્ન ન થતા હોવા છતાં વિધિપૂર્વકની ઉપાસનાથી ફળ આપે છે, એમ વીતરાગ દેવ પણ વાંછિત ફળ આપે છે.

૧. ટીકામાં રહેલા यत: कारणात् એ પદોનો સંબંધ આ પ્રમાણે છે-જે કારણથી આપ મારા ચિત્તમાં વસો તો હું બીજા દેવોથી છેતરાઉં નહિ તે કારણથી "આપ મારા ચિત્તમાં વસો" તેટલા માત્રથી હું કૃતકૃત્ય છુ. ટીકામાં રહેલા तत्समक्षं પદોનો સંબંધ આ પ્રમાણે છે- બીજા દેવો નિગ્રહ-અનુગ્રહથી છેતરે છે તે પ્રત્યક્ષ છે.

હે પોતાને વિદ્વાન માનનારાઓ ! વીતરાગ હોવાથી જ સેંકડો સ્તુતિઓથી પણ પ્રસન્ન ન થનારા આ દેવથી તમે ઇષ્ટ ફલને કેવી રીતે પ્રાપ્ત કરી શકો ? એમ તમે જે કહો છો તે અસંગત છે=તમોએ કહેલું આ વચન સર્વથા જ યુક્તિરહિત છે. કારણ કે સેવ્ય પ્રસન્ન થાય તો જ સેવાના ફલને આપે એવો નિયમ નથી. આ વિષયનું દૃષ્ટાંતથી ખંડન કરે છે—લોકમાં ચિંતામણિ અને [1]મહૌષધિ વગેરેના વિશેષ (શક્તિ) ને જાણનારાઓ કોઇક ઇચ્છાથી તેની પ્રકૃષ્ટ સાધના કરે છે. વિધિપૂર્વક આરાધાયેલા ચિંતામણિ અને મહૌષધિ વગેરે શું વાંછિત ફળોથી ફળતા નથી ? અર્થાત્ ફળે જ છે. ચિંતામણિ વગેરે વિશિષ્ટ ચેતનાથી રહિત હોવા છતાં ફળે છે. પ્રસન્નતા જ્યાં વિશિષ્ટ ચેતના હોય ત્યાં જ હોય છે, અર્થાત્ જ્યાં વિશિષ્ટ ચેતના ન હોય ત્યાં પ્રસન્નતા ન હોય. આથી વિશિષ્ટ ચેતનાથી રહિત પણ ચિંતામણિ વગેરેની આરાધના જો નિષ્ફળ થતી નથી તો અમારા જ્ઞાનસમૂહ વીતરાગ ભગવાનની પણ આરાધના કેવી રીતે નિષ્ફળ થાય ? આથી વીતરાગની આરાધના નિષ્ફળ થાય એ કથનનું કોઇ મહત્ત્વ નથી. (૩)

**ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય પણ અલ્પબુદ્ધિવાળાઓને આધીન નથી. કારણ કે આ દેવ બીજા દેવોની જેમ પૂજા, પ્રણામ અને સ્તુતિ વગેરેથી પ્રસન્ન થતા નથી, કિંતુ આજ્ઞાની આરાધનાથી પ્રસન્ન થાય છે, અને આજ્ઞા જ પૂજા વગેરેથી વિશેષ ફળવાળી છે, એમ જણાવતા સ્તુતિકાર કહે છે—**

**वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।**
**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

**वीतराग**-હે વીતરાગ !, **तव**-આપની, **सपर्यायाः**-પૂજાથી, **आज्ञापालनं परं**-આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે=અધિક ફળ આપે છે. કારણ કે, **आराद्धा-आज्ञा**-આરાધેલી આજ્ઞા, **शिवाय**-મોક્ષ માટે થાય છે, **च**-અને, **विराद्धा (आज्ञा)**-

૧. મહૌષધિ=વીર્યવૃદ્ધિ કરે તેવી ઔષધિ.

વિરાધેલી આજ્ઞા, **ભવાય**-સંસાર માટે થાય છે.

હે વીતરાગ ! આપની પૂજાથી આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે=અધિક ફળ આપે છે. કારણે કે પૂજા દ્રવ્યસ્તવરૂપ છે અને આજ્ઞાની આરાધના ભાવસ્તવરૂપ છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ એ બેમાં પરસ્પર મેરુ અને સરસવ જેવું મોટું અંતર છે. કહ્યું છે કે—"**જે મણિજડિત સુવર્ણના પગથીયાંવાળું, હજાર સ્થંભવાળું, ઊંચું, સોનાના તળીયાવાળું શ્રીજિનમંદિર કરાવે, તેનાથી પણ તપસહિત સંયમ વિશેષ ફળ આપે છે.**"

**વળી**—ત્રિકરણશુદ્ધિથી સારી રીતે આરાધેલી જિનાજ્ઞા મોક્ષ માટે થાય છે, અને અજ્ઞાન, પ્રમાદ વગેરેથી વિરાધેલી (=અવજ્ઞા કરાયેલી) જિનાજ્ઞા સંસાર માટે થાય છે. આથી કયો વિદ્વાન તેની આરાધનામાં અવજ્ઞા કરે ? અર્થાત્ કોઇ [1]જ વિદ્વાન તેની આરાધનામાં અવજ્ઞા ન કરે. (૪)

**હવે આજ્ઞા શી છે તે કહેવાય છે—**

**आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।**
**आश्रवः सर्वथा हेयं, उपादेयश्च संवरः ॥५॥**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે તીર્થંકર ! **आकालं**-સદા, **ते**-આપની, **हेयोपादेयगोचरा**-હેય-ઉપાદેય સંબંધી, **इयम्**-આ, **आज्ञा**-આજ્ઞા છે કે, **आश्रवः**-આશ્રવ તત્ત્વ, **सर्वथा**-સર્વ પ્રકારે **हेयः**-ત્યાગ કરવા લાયક છે, **च**-અને, **संवरः**-સંવર, **सर्वथा**-સર્વ પ્રકારે, **उपादेयः**-સ્વીકારવા યોગ્ય છે.

હે ભગવન્ ! ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ સદા માટે આપની હેય-ઉપાદેય સંબંધી આ આજ્ઞા છે કે—આશ્રવ સર્વથા હેય છે અને સંવર સર્વથા ઉપાદેય છે.

**આશ્રવ**— જેનાથી આત્મામાં પાપ આવે તે આશ્રવ. કષાય, વિષય,

૧. અહીં इव અવ્યય અવધારણ અર્થમાં છે.

દુષ્ટયોગ, પ્રમાદ, અવિરતિ, મિથ્યાત્વ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન આશ્રવ છે.

**સર્વથા—** મન-વચન-કાયાથી તથા કરણ-કરાવણ-અનુમોદનથી એમ નવ પ્રકારથી.

**સંવર—** પૂર્વોક્ત આશ્રવથી વિરુદ્ધ સંવર છે. ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સંયમ, ત્રણ ગુપ્તિ, અપ્રમાદ, વિરતિ, સમ્યક્ત્વ અને શુભધ્યાન સંવર છે. (૫)

**હવે શા માટે આશ્રવના ત્યાગમાં અને સંવરના સ્વીકારમાં આટલો આગ્રહ છે તે કહે છે—**

**आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।**
**इतीयमार्हती मुष्टि-रन्यदस्याः प्रपञ्चनम् ॥६॥**

૬) અન્વય સહિત શબ્દાર્થ :

**आश्रवः**-આશ્રવ, **भवहेतुः**-સંસારનું કારણ **स्यात्**-છે, **संवरः**-સંવર, **मोक्षकारणम्**-મોક્ષનું કારણ છે, **इति**-આ પ્રમાણે, **इयं**-આ આજ્ઞા, **आर्हती मुष्टिः**-અરિહંતના સઘળા ઉપદેશનો સાર છે, **अन्यद्**-અંગ-ઉપાંગ આદિમાં કહેલું બીજું બધું, **अस्याः**-એ સારનો, **प्रपञ्चनम्**-વિસ્તાર છે.

કારણ કે આ આશ્રવ સંસારનું કારણ છે. કષાય આદિથી કલુષિત બનેલો જ આત્મા સંસારમાં ભમે છે, માટે આશ્રવ હેય છે. સંવર મોક્ષનું કારણ છે. મોક્ષ સર્વસંવરરૂપ હોવાથી સંવર ઉપાદેય છે. આવી આજ્ઞા અરિહંતોની મૂલ ગુંથણી છે, અર્થાત્ અરિહંતોના સઘળા ઉપદેશનો જે અર્થસમૂહ, એ અર્થ સમૂહનો જે સાર, એ સારના સંગ્રહ રૂપ મૂલ ગુંથણી=રચના છે. અંગો, ઉપાંગો, મૂલ ગ્રંથો, છેદ ગ્રંથો વગેરે જે કંઇ છે તે બધુંય આ આશ્રવત્યાગ-સંવરસ્વીકારરૂપ જિનાજ્ઞાનો વિસ્તાર જ છે. (૬)

**ફરી જિનાજ્ઞાના જ પ્રભાવને પ્રગટ કરતા સ્તુતિકાર કહે છે—**

**इत्याज्ञापालनपरा, अनन्ताः परिनिर्वृताः ।**
**निर्वान्ति चान्ये क्वचन, निर्वास्यन्ति तथाऽपरे ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

**इत्याज्ञाराधनपरा:**-આવી આજ્ઞાના પાલનમાં તત્પર, **अनन्ता:**-અનંત જીવો, **परिनिर्वृता:**-ભૂતકાળમાં મોક્ષ પામ્યા છે, **च**-અને, **अन्ये**-બીજાઓ, **क्वचन**-ક્યાંક, **निर्वान्ति**-વર્તમાન કાળમાં મોક્ષ પામે છે, **तथा**-તથા, **अपरे**-બીજાઓ, **निर्वास्यन्ति**-ભવિષ્યકાળમાં મોક્ષ પામશે.

હે સ્વામી ! આવી આપની આજ્ઞાના પાલનમાં (=સમ્યગ્ આસેવનમાં) તત્પર અનંતા ભવ્ય જીવો ભૂતકાળમાં સર્વ કર્મસમૂહનો ઉચ્છેદ કરવા પૂર્વક મોક્ષસુખના ભાજન થયા છે. તથા વર્તમાન કાળમાં પણ જે કોઇ મોક્ષ પામે છે તે પણ આજ્ઞાપાલનથી પામે છે. તથા ભવિષ્યકાળમાં બીજાઓ પણ જે કોઇ મોક્ષ પામશે, તે પણ આપની આજ્ઞા પાલનથી પામશે. આ પ્રમાણે સર્વથા જિનાજ્ઞા જ મોક્ષસુખનું સંપૂર્ણ કારણ છે. (૭)

**આ પ્રમાણે થયે છતે જે નિશ્ચિત થયું તે કહે છે—**

**हित्वा प्रसादनादैन्य-मेकयैव त्वदाज्ञया ।**
**सर्वथैव विमुच्यन्ते, जन्मिन: कर्मपञ्जरात् ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે વીતરાગ ! **प्रसादनादैन्यं**-દેવને પ્રસન્ન કરવા માટે કરવી પડતી દીનતા (કે ખુશામત)ને **हित्वा**-છોડીને, **एकयैव त्वदाज्ञया**-એક આપની આજ્ઞાથી જ, **जन्मिन:**-જીવો, **कर्मपञ्जरात्**-કર્મરૂપ પાંજરામાંથી, **सर्वथैव**-ફરી ન પૂરાય તે રીતે, **विमुच्यन्ते**-મુક્ત બને છે.

હે વિશ્વસ્વામી ! પરમાર્થને નહિ જાણનારા બીજાઓથી આ કહેવાય છે કે—પ્રસન્ન થયેલા પ્રભુથી જ ફલ સુલભ બને. આ વિષયનું ચિંતામણિ આદિના દૃષ્ટાંતથી પહેલાં જ ખંડન કર્યું છે. તેથી બીજાઓએ મૂકેલી=જણાવેલી આ પ્રસન્નતારૂપ દીનતાને છોડીને, અર્થાત્ પ્રસન્ન કરવા માટે કરવી પડતી ખુશામતને છોડીને, નિષ્કપટ સમ્યગ્ આરાધેલી એક આપની આજ્ઞાથી જ ભવ્ય જીવો ફરી ન બંધાય તે રીતે કર્મરૂપ પાંજરામાંથી મુક્ત બને છે. સકલ કર્મોના બંધનનો નાશ થવાથી મોક્ષપદનો આશ્રય કરે છે. આથી આપની આજ્ઞાની પ્રધાનતા સિવાય બીજા મોક્ષના

ઉપાયોના [1]પરિશીલનોથી સર્યું (૮)

# विंशतितमप्रकाश:

**આ પ્રમાણે વીતરાગ ભગવાનની વિવિધ વાણીપ્રવાહના તરંગોવાળી સ્તુતિ કહીને હવે તેનો ઉપસંહાર કરવા માટે અને સમાપ્તિ મંગલ માટે આશી:સ્તવ કહેવાની ઇચ્છાવાળા સ્તુતિકાર જાણે પોતાની આગળ રહેલા હોય તેમ સ્વામીને ઉદ્દેશીને અતિશય ભક્તિથી કહે છે—**

**पादपीठलुठन्मूर्ध्नि, मयि पादरजस्तव ।**
**चिरं निवसतां पुण्यपरमाणुकणोपमम् ।।१।।**

૧) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વવંદ્ય ! **पादपीठलुठन्मूर्ध्नि मयि**-આપના પાદપીઠમાં નમતા મારા લલાટમાં, **तव**-આપની, **पुण्यपरमाणुकणोपमं**-પુણ્યપરમાણુના કણિયા સમાન, **पादरज:**-ચરણરજ, **चिरं**-મારો સંસારમાં વાસ થાય ત્યાં સુધી, **निवसतां**-સ્થિર રહો.

વિશ્વવંદનીય હે સ્વામી ! આપના પાદપીઠમાં અતિશય ભક્તિથી આળોટતા મારા મસ્તકમાં આપના પુણ્ય પરમાણુના કણ (કણિયા) સમાન ચરણરજ મારો સંસારમાં વાસ થાય ત્યાં સુધી સ્થિર રહો.

**પુણ્ય પરમાણુના કણ સમાન**—કર્મો પૌદ્ગલિક છે. આથી કર્માણુઓના જે કણ પુણ્યપ્રકૃતિબંધના હેતુ બને છે તે પુણ્યપરમાણુના કણ અહીં વિવક્ષિત છે, અર્થાત્ જીવને પુણ્યબંધ થાય છે ત્યારે કર્માણુઓના જે કણોનો આત્માની સાથે ક્ષીરનીરવત્ સંબંધ થાય છે તે પુણ્યપરમાણુના કણ અહીં વિવક્ષિત છે.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે**—જેમના ભક્તિથી નમેલા મસ્તકમાં સ્વામીની ચરણરજ લાગી જાય છે તે જીવો પ્રાય: પુણ્ય કર્મનો જ બંધ કરે છે. પાદપીઠ ઉપર ભગવાનના ચરણ કમલનો સ્પર્શ થાય છે. આથી એ પાદપીઠ એટલી બધી પવિત્ર થઇ જાય છે કે જેથી એ પાદપીઠને જે જીવ સ્પર્શે તેને એ પાદપીઠ પવિત્ર

૧. કોઇ પણ કાર્યમાં વારંવાર પ્રવૃત્તિ કરવી તે પરિશીલન.

કરે છે. (૧)

તથા—

**मद्दृशौ त्वन्मुखासक्ते, हर्षबाष्पजलोर्मिभिः ।**
**अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं, क्षणात्क्षालयतां मलम् ॥२॥**

૨) અન્વય સહિત શબ્દાર્થ—

હે દેવાધિદેવ ! **त्वन्मुखासक्ते**-આપનું મુખ જોવામાં લીન, **मद्दृशौ**-મારી આંખો, **अप्रेक्ष्यप्रेक्षणोद्भूतं**-નહિ જોવા લાયક જોવાથી ઉત્પન્ન થયેલા, **मलं**-પાપને, **हर्षबाष्पजलोर्मिभिः**-હર્ષાશ્રુના જળની ઉર્મિઓથી, **क्षणात्**-ક્ષણવારમાં, **क्षालयतां**-ધોઇ નાખો !

વિશ્વમાં અદ્વિતીય દર્શનીય હે પ્રભુ ! આપનું મુખકમલ જોવામાં લીન બનેલી મારી આંખો રાગ-દ્વેષ-મોહનું કારણ હોવાથી નહિ જોવા લાયકને અકસ્માત્ કે ચાહીને જોવાથી ઉત્પન્ન થયેલા પાપને હર્ષાશ્રુના જળની ઊર્મિઓથી ક્ષણવારમાં (=જલદી) ધોઇ નાખો !

જલતરંગોથી મળનું પ્રક્ષાલન થાય અને પ્રભુમુખના દર્શનથી લાંબાકાળથી એકઠો કરેલો પાપસમૂહ [1]ગળી જાય એ સુયોગ્ય છે. (૨)

વળી—

**त्वत्पुरो लुठनैर्भूयान्मद्भालस्य तपस्विनः ।**
**कृतासेव्यप्रणामस्य, प्रायश्चित्तं किणावलिः ॥३॥**

૩) અન્વય સહિત શબ્દાર્થ—

હે સર્વજ્ઞ ! **कृतासेव्यप्रणामस्य**-સેવા નહિ કરવા લાયકને પ્રણામ કરનારા, **तपस्विनः**-બિચારા, **मद्भालस्य**-મારા લલાટને, **त्वत्पुरः**-આપની આગળ, **लुठनैः**-આળોટવાથી=નમસ્કાર કરવાથી થયેલી, **किणावलिः**-ચિહ્ન (આંક) શ્રેણી, **प्रायश्चित्तं भूयात्**-પ્રાયશ્ચિત રૂપ હો ! અર્થાત્ અસેવ્યને પ્રણામ કરવાથી લાગેલા પાપોને દૂર કરો !

૧. विगलन=પાણી વગેરેનું ગળવું કે ટપકવું.

હે પરમેષ્ઠિઓમાં અગ્રેસર ! જે ભવાભિનંદી હોવાના કારણે ઉપાસના કરવા યોગ્ય ન હોય તેને પ્રણામ કરનારા દયાપાત્ર મારા [1]લલાટને આપની આગળ અતિશય ભક્તિથી અનેકવાર પૃથ્વીતલમાં [2]આળોટવાના કારણે પૃથ્વી પીઠમાં ઘસાવાથી થયેલી [3]વ્રણશ્રેણિ પ્રાયશ્ચિત્ત હો ! અર્થાત્ પાપનો નાશ કરનારી થાઓ.

જે અપરાધ કરે છે તે અવશ્ય અપરાધના ફલને અનુભવે છે. (મસ્તકમાં થયેલી ક્ષતશ્રેણિ મસ્તકના અપરાધનું ફલ છે. કયા અપરાધનું ? પૂર્વે અસેવ્યને કરેલા પ્રણામરૂપ અપરાધનું.)

દયાપાત્ર=પૂર્વે પ્રભુના પ્રણામથી વંચિત રહેવાથી લલાટ દયાપાત્ર છે. (૩)

**અને બીજું—**

**मम त्वद्दर्शनोद्भूताश्चिरं रोमाञ्चकण्टकाः ।**
**तुदन्तां चिरकालोत्था-मसद्दर्शनवासनाम् ॥४॥**

૪) અન્વય સહિત શબ્દાર્થ—

હે પુરુષોત્તમ ! **त्वद्दर्शनोद्भूताः**-આપના દર્શનથી થયેલા, **मम**-મારા, **रोमाञ्चकण्टकाः**-રોમાંચ રૂપ કંટકો, **चिरकालोत्थां**-અનાદિ ભવભ્રમણથી થયેલી=પુષ્ટ બનેલી, **असद्दर्शनवासनाम्**-કુદર્શનની કુવાસનાને, **चिरं**-જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી, **तुदन्तां**-પીડા કરો, અર્થાત્ પીડા પેદા કરીને બહાર કાઢી નાખો !

નિર્મલશિરોમણિ હે પ્રભુ ! અતિશય આનંદથી અને નિષ્કંપ નયનોથી આપના દર્શનથી થયેલા મારા રોમાંચ રૂપ [4]કંટકો અનાદિ ભવભ્રમણથી થયેલી =પુષ્ટ બનેલી અસર્વજ્ઞોએ રચેલા કુશાસનોની કુવાસનાને અત્યંત પીડા કરો, અર્થાત્ પીડા પેદા કરીને બહાર કાઢો. કાંટાઓથી પીડા થાય, અને પીડા પામેલો કાંટાઓને બહાર કાઢે એ સુસંગત છે. (૪)

---

૧. ललाटपट्ट=લલાટ (ललाटं पट्टमिव विस्तीर्णत्वाद्)

૨. तालन=અથડાવું, ઠોકાવું.

૩. ઘસાવાથી મસ્તકમાં શુકા વ્રણ જેવું દેખાય છે.

૪. ટીકામાં कण्टक ના સ્થાને कोरक શબ્દ છે. કોરક શબ્દના ફૂલની કળી વગેરે અર્થો થાય છે. પણ એ અર્થો અહીં બંધબેસતા નથી. આથી અનુવાદમાં કંટક અર્થ લખ્યો છે.

વળી બીજું—

**त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु, निपीतासु सुधास्विव ।**
**मदीयैर्लोचनाम्भोजैः, प्राप्यतां निर्निमेषता ।।५।।**

૫) અન્વય સહિત શબ્દાર્થ—

હે જિનેશ્વર ! **सुधासु इव**-અમૃત જેવી, **त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु**-આપની મુખકાંતિની જ્યોત્સ્ના, **निपीतासु**-પીવામાં આવતાં, **मदीयैः**-મારા, **लोचनाम्भोजैः**-લોચન રૂપ કમળો, **निर्निमेषता**-નિર્નિમેષપણાને, **प्राप्यतां**-પામો=સ્થિર બનો !

જગતનાં (લોકોનાં) નેત્રોને લોભાવનાર મુખવાળા હે પ્રભુ ! અમૃતના પૂર જેવી આપની મુખકાંતિરૂપી જ્યોત્સ્નાનો તૃપ્તિ પર્યંત આસ્વાદ લીધે છતે મારા નયનરૂપ કમળો નિર્નિમેષપણાને પામો=સ્થિરતાનો અનુભવ કરો.

જ્યોત્સ્નાના પાનથી ચંદ્રવિકાસી કમળો સ્થિર બને છે, અને અમૃત પીનારાઓનાં નેત્રો અનિમેષ=સ્થિર બને છે, એ યોગ્ય છે. અનિમેષપણું એટલે અમરપણું.

(અમૃતનું પાન કરનાર અનિમેષ=અમર બને છે એવી લોકોક્તિ છે. અમરની આંખો અનિમેષ હોય છે. આથી અહીં મુખકાંતિરૂપ જ્યોત્સ્નાને અમૃત જેવી કહી છે. ચંદ્રની જ્યોત્સ્નાના પાનથી ચંદ્રવિકાસી કમળો અનિમેષ=વિકસ્વર બને છે. આથી અહીં આંખને કમળની ઉપમા આપી છે.)

તથા—

**त्वदास्यलासिनी नेत्रे, त्वदुपास्तिकरौ करौ ।**
**त्वद्गुणश्रोतृणी श्रोत्रे, भूयास्तां सर्वदा मम ।।६।।**

૬) અન્વય સહિત શબ્દાર્થ—

હે જગદાનંદન ! **मम**-મારા, **नेत्रे**-નેત્રો, **सर्वदा**-સદા, **त्वदास्यलासिनी**-આપનું મુખ જોવાની લાલસાવાળાં, **भूयास्तां**-બનો, **करौ**-મારા હાથ, **त्वदुपास्तिकरौ**-સદા આપની સેવા કરનારા બનો, **श्रोत्रे**-મારા કાન, **त्वद्गुणश्रोतृणी**-સદા આપના

ગુણો સાંભળનારા બનો.

વિશ્વના અદ્વિતીય મિત્ર હે પ્રભુ ! મારાં નેત્રો સદા આપના મુખ ઉપર સુખપૂર્વક વાસ કરવાની [1]લાલસાવાળા બનો. કારણ કે આપનું મુખ જ જોવા લાયક સર્વ પદાર્થોમાં રહસ્યભૂત=શ્રેષ્ઠ છે. તથા મારા હાથ પણ સદા આપના [2]ચરણ કમળની પૂજામાં તત્પર=આસક્ત બનો. કારણ કે આપ જ ઉપાસના કરવા લાયક સર્વના રહસ્યની સીમા છો, અર્થાત્ આપનાથી અધિક કોઇ ઉપાસના કરવા લાયક નથી. તથા મારા કાન પણ સદા આપના મનોહર ગુણસમૂહના શ્રવણમાં સાવધાન બનો. કારણ કે આપના ગુણો જ સાંભળવા લાયક સર્વમાં સારભૂત છે. બીજું કંઇ સારભૂત નથી. (૬)

**વળી—**

**कुण्ठापि यदि सोत्कण्ठा, त्वद्गुणग्रहणं प्रति ।**
**ममैषा भारती तर्हि, स्वस्त्येतस्यै किमन्यया ? ॥७॥**

૭) અન્વય સહિત શબ્દાર્થ—

હે વિશ્વવિભુ ! **कुण्ठापि**-કુંઠિત=જાડી પણ, **मम**-મારી, **एषा भारती**-આ વાણી, **यदि**-જો, **त्वद्गुणग्रहणं प्रति**-આપના ગુણોનું ગ્રહણ=વર્ણન કરવા, **सोत्कण्ठा**-ઉત્કંઠિત છે, **तर्हि**-તો, **एतस्यै**-એનું, **स्वस्ति**-કલ્યાણ હો !, **किमन्यया**-બીજી વાણીનું શું કામ છે ?

હે વિશ્વપૂજ્ય ! આપની સ્તુતિ કરવામાં વપરાતી મારી વાણી ચૌદપૂર્વધર, દશપૂર્વધર અને પૂર્વધર વગેરે પૂર્વપુરુષોરૂપ સિંહોની વાણીની અપેક્ષાએ અને સૂક્ષ્મ અર્થસમૂહને બોલવામાં સમર્થ ન હોવાથી તીક્ષ્ણ નથી=જાડી છે, તો પણ તે વાણી જો આપના ગુણોનું કીર્તન કરવા માટે ઉત્કંઠિત છે તો આવી જાડી પણ મારી વાણીનું કલ્યાણ હો ! આપના ગુણોનું કીર્તન કરવામાં પરાઙ્મુખ તીક્ષ્ણ પણ વાણીનું શું કામ છે ? અર્થાત્ કંઇ કામ નથી. કારણ કે તેવી વાણી કુમતોને પ્રવર્તાવવાથી સ્વ-પરના અનર્થ ફલવાળી છે. પૂર્વોક્ત સ્વરૂપવાળી સ્વવાણીથી જ હું

૧. दुर्ललित=લાલસા.
૨. त्वच्चरणसरोजसपर्यायां पर्यवसितं=तत्परता ययोस्तौ त्वच्चरणसरोजपर्यवसितौ ।

કૃતકૃત્ય છું. (૭)

**આ પ્રમાણે ઉત્તરોત્તર ભક્તિરાગથી ભાવિત થયેલા અને પોતાને સંપૂર્ણ-પણે જ પૂજ્ય પરમાત્માને અર્પિત કરી દેવાની ઇચ્છાવાળા સ્તુતિકાર અવશિષ્ટ (=અંતિમ) સ્તુતિને કહે છે—**

**तव प्रेष्योऽस्मि दासोऽस्मि, सेवकोऽस्म्यस्मि किङ्करः ।**
**ओमिति प्रतिपद्यस्व, नाथ ! नातः परं ब्रुवे ॥८॥**

૮) અન્વય સહિત શબ્દાર્થ—

હે નાથ ! હું **तव**-આપનો, **प्रेष्यः**-પ્રેષ્ય (=સંદેશવાહક ખેપિયો) **अस्मि**-છું, **दासः**-દાસ (ગુલામ) **अस्मि**-છું, **सेवकः**-સેવક, **अस्मि**-છું, **किङ्करः**-નોકર, **अस्मि**-છું, **नाथ**-હે નાથ !, **ओम्**-'હા' **इति**-એમ કહીને 'તું મારો છે' એમ મારો, **प्रतिपद्यस्व**-સ્વીકાર કરો, **अतः**-આનાથી, **परं**-વધારે, **न ब्रुवे**-હું કંઇ કહેતો નથી.

સર્વ આશ્ચર્યોથી સહિત હે નાથ ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું, કિંકર છું. આવા પ્રકારનો હું તમારો જ છું. સેવકો સેવાને અનુરૂપ ફલને ઇચ્છે છે. તો પણ ત્રણભુવનની લક્ષ્મીનું દાન કરવાનું મહાન સ્થાન એવા પણ આપની પાસેથી અધિક કંઇ માગીશ નહિ. કેવલ 'હા' એવા માત્ર અક્ષરને બોલીને "તું મારો છે". એમ મારો સ્વીકાર કરો. હવે પછી આનાથી અધિક કંઇ જ વિનંતિ નહિ કરું. કારણકે આપે કરેલા મારા સ્વીકારમાત્રથી જ હું કૃતકૃત્ય છું.

**અહીં આશય આ છે**—આપ જાતે અયોગ્યનો સ્વીકાર કરીને તેના ઉપર અનુગ્રહ કરતા નથી. આથી મારો સ્વીકાર કરો એટલે હું યોગ્ય છું એમ નિશ્ચિત થયું. એથી સઘળાંય કલ્યાણો મારી સામે આવેલાં જ છે. તેથી અધિક શું માગવું ?

**પ્રેષ્ય**— સ્વામી વડે પોતાના કાર્યની સિદ્ધિ માટે જ્યાં ત્યાં જેને મોકલવામાં આવે તે પ્રેષ્ય. (प्रेष्यते (प्र + इष्) इति प्रेष्यः)

**દાસ**—કિંમતથી ખરીદેલો હોય અને તેને ચિહ્ન કર્યું હોય તે દાસ.

**સેવક**—સ્વામીના ચિત્તને અનુરૂપ સેવા કરવામાં નિપુણ હોય તે સેવક.

**કિંકર**—પ્રતિક્ષણ "શું કરું" એમ બોલતા મુખવાળો કિંકર છે. (૮)

**સમાપ્ત**

## પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા લેખિત-સંપાદિત-અનુવાદિત-વિવેચિત-સંશોધિત-સંકલિત પ્રાપ્ય પુસ્તકો-ગ્રંથો.

**અનુવાદિત :-** યોગબિંદુ, ધર્મબિંદુ, યોગદષ્ટિ સમુચ્ચય, વીતરાગ સ્તોત્ર, ગુરુતત્ત્વ વિનિશ્ચય ભાગ-૧-૨, શ્રાવકધર્મ-વિધિ પ્રકરણ, શ્રાદ્ધદિનકૃત્ય, પંચાશક પ્રકરણ ભાગ-૧-૨, ઉપદેશમાલા (પુષ્પમાલા) ભાગ-૧-૨, પરિશિષ્ટ પર્વ, યતિલક્ષણ સમુચ્ચય, ચૈત્યવંદન મહાભાષ્ય, શીલોપદેશમાલા, ભવ ભાવના ભાગ-૧-૨ (મુનિ સુમતિશેખરવિજયજી દ્વારા અનુવાદિત.)

**સંપાદિત :-** હીર પ્રશ્ન, શ્રાદ્ધદિનકૃત્ય (પ્રત) સિરિસિરિવાલ કહા (પ્રત) શીલોપદેશમાલા (પુસ્તકાકારે)

**સંશોધિત :-** સિદ્ધહેમશબ્દાનુશાસન મધ્યમવૃત્તિ ભાગ-૧-૨-૩.

**લેખિત :-** ભાવના ભવ નાશિની, મમતા મારે સમતા તારે, જીવન જીતવાની જડીબુટ્ટીઓ, ચિત્ત પ્રસન્નતાની જડીબુટ્ટીઓ, નવકારનો જાપ મિટાવે સંતાપ, જૈન ધર્મની પ્રાચીનતા અને સમ્રાટ સંપ્રતિની શાસન પ્રભાવના, તપ કરીએ ભવજલ તરીએ.

**વિવેચિત :-** તત્ત્વાર્થાધિગમ સૂત્ર.

**સંકલિત :-** નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ.

***અરિહંત આરાધક ટ્રસ્ટના આગામી પ્રકાશનો***

ટીકાના સંપૂર્ણ અનુવાદવાળા પુસ્તકો

ઉપદેશપદ, આત્મ પ્રબોધ, શ્રાદ્ધવિધિ પ્રકરણ, ઉપદેશ રત્નાકર.



RAJUL ✆ 514 9863, 511 0056